સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી

પ્રત-૫ મી

●

શ્રી આચારાંગના વ્યાખ્યાનો

ભાગ-૨

नमोऽत्थु णं समणस्स भगवओ महावीरस्स

## સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી - પ્રત-૫ મી

# શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો

## ભાગ-૨


• સંપાદક •

પ.પૂ. આચાર્ય વિજય નરવાહનસૂરિ મ.





• પ્રકાશક •

પદાર્થ દર્શન ટ્રસ્ટ

આશ્રમરોડ, અમદાવાદ.

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી
પ્રત-૫ મી

●

શ્રી આચારાંગના વ્યાખ્યાનો ભાગ-૨

**પુસ્તક - ૨૯મું**

**સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી**

**પ્રત-૫ મી**

# શ્રી આચારાંગ સૂત્રના વ્યાખ્યાનો

**ભાગ-૨**


વીર સં. ૨૫૨૪ - સને ૧૯૯૮

સંવત - ૨૦૫૪ ભાદ્રપદ સુદી-૧૧



સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન



ટાઈપ સેટીંગ : ભવાની ગ્રાફિક્સ
અમદાવાદ-૧૩. ફોન : ૭૪૪૧૧૩૪

મુદ્રક : યુનીક ઓફસેટ
તાવડીપુરા, અમદાવાદ.


## ● સંપાદક

કર્મ સાહિત્ય નિષ્ણાત સિદ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય પ્રેમસૂરિશ્વરજી મહારાજાના પટ્ટધર, પરમશાસન પ્રભાવક પરમ તારક, સૂચિચક્ર ચક્રવર્તિ, સુવિશાળ ગચ્છાધિપતિ, પ્રચંડ પુણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી, વ્યાખ્યાન વાચસ્પતિ દિક્ષાના દાનવીર સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજાના પરમ વિનેય શિષ્યરત્ન કર્મ સાહિત્ય જ્ઞાતા પરમ પૂજ્ય આચાર્ય વિજય નરવાહન સૂરિશ્વરજી મહારાજ સાહેબ.

# • પ્રકાશકીય •

આ શ્રી જૈન શાસનમાં આચાર એ મુખ્ય વસ્તુ છે. આચારની શુધ્ધિ વિના - ઉંચી કોટીના આચારના આલંબન વિના આ શાસનમાં કોઈપણ આત્મા મુક્તિ પામ્યો નથી, પામતો નથી અને પામવાનો પણ નથી.

આ વાત જે અંગસૂત્રમાં ભારપૂર્વક કહેવામાં આવી છે તે શ્રી આચારાંગ સૂત્રના છઠ્ઠા પ્રકરણને લઈને જે વ્યાખ્યાનો વર્ષો પૂર્વે શાસન શિરતાજ - વ્યાખ્યાન વાચસ્પતિ સ્વ. આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજાએ આપેલા તે ત્રુટક ત્રુટક વ્યાખ્યાનો એકત્રિત કરીને અમને પ્રગટ કરવા માટે આપેલા જેનો ભાગ-૧ પ્રગટ થઈ ચૂક્યો છે આ ભાગ-૨ હવે પ્રગટ થાય છે. આવું સાહિત્ય તૈયાર કરી આપવા બદલ પૂ.આ.વિ. નરવાહનસૂરિ મહારાજ સાહેબનો આભાર માનીએ છીએ. તેમજ જે ભાગ્યશાળી સંઘે ભાગ-૧ ના આર્થિક સહયોગ તરીકેનો લાભ લીધેલ છે તે જ સંઘે આ ભાગ-૨ ના પ્રકાશનનો પણ લાભ લઈ ખૂબ જ અનુમોદનીય કાર્ય કરેલ છે તે બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

ભવિષ્યમાં પણ આવો સુંદર સહકાર આ ટ્રસ્ટ તરફથી અમને મળતો રહેશે તે અપેક્ષા સાથે આ સંઘના ટ્રસ્ટી મંડળનો ખૂબજ આભાર માનીએ છીએ.

**એજ લિ.**

**પદાર્થ દર્શન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ**

સૂરિરામની
વાણી :
જ્ઞાનરત્નોની
ખાણી
**પ્રત-૫ મી**

●

**શ્રી**
**આચારાંગના**
**વ્યાખ્યાનો**
**ભાગ-૨**

# પ્રાપ્તિ સ્થાનો

**પદાર્થ દર્શન ટ્રસ્ટ**
ભરતભાઈ બી. શાહ
એ/સરિતા દર્શન, જયહિંદ પ્રેસ સામે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯.
ફોન : ૬૫૮૨૩૩૭

**અશ્વિનભાઈ એસ. શાહ**
C/o. નગીનદાસ છગનલાલ
ઠે. પાંચકુવા દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન : ૨૧૪૪૧૨૧

**જયંતિલાલ પી. શાહ**
ઠે. ૬૯૬, નવા દરવાજા રોડ,
મયાભાઈની બારી પાસે, ડી. વાડીલાલ
એન્ડ કું. ના મેડા ઉપર, ખાડિયા ચાર રસ્તા,
અમદાવાદ-૩૮૦૦૦૧. ફોન : ૩૮૦૩૧૫

**સુરેશભાઈ એચ. વખારીયા**
ઠે. ડી/૫૩, સર્વોદયનગર,
૫ મે માળે- પાંજરાપોળ રોડ,
મુંબઈ નં.-૪૦૦૦૦૪.
ફોન : ૩૭૫૩૮૪૮

**સુનીલભાઈ કે. શાહ**
૧૦૩, વિમલવિલા, પહેલે માળે,
દીપા કોમ્પ્લેક્ષ,
અડાજણ રોડ,
સુરત-૩૯૫૦૦૯.

**● આર્થિક સહયોગ ●**

**શ્રી ગોવાલીયા ટેંક**
**જૈન સંઘના**
**શ્રી જ્ઞાન ખાતામાંથી**



# શ્રી આચારાંગ સૂત્રનાં વ્યાખ્યાનો

(ભાગ-૨)

✱ ૧૮ ✱

**આગમ વિરૂદ્ધ બોલનારાથી દૂર રહો.**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી ફરમાવી ગયા કે-આ શાસન જયવંતુ વર્તે છે. કારણ કે આમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી, તેમજ એક પણ સુંદર વિચારનો ઈન્કાર નથી. એક પણ સુંદર વિચાર એમાં નથી એમ નથી. એના સિદ્ધાંતો બધી અપેક્ષાએ એવી રીતે સિદ્ધ થયેલા છે કે-એને સેવનાર કર્મ મલથી રહિત થઈ નિયમા મુક્તિપદે જાય જ. એથી જ તે શાશ્વત છે, અનૂપમ છે, અને સઘળા શ્રી તીર્થંકરદેવોથી નમસ્કાર કરાયેલું છે. આ તીર્થમાં આચાર એ મુખ્ય વસ્તુ છે. આ તીર્થના આચારને જીવનમાં ઉતારવા હોય તો ભાવના બહુજ મજબૂત જોઈએ. એ ભાવનાની મજબૂતી માટે રોજના પ્રાર્થનાસૂત્ર ઉપર વીચારણા કરી રહ્યા છીએ. એ પ્રાર્થનાસૂત્ર જો હૃદયપૂર્વક થાય, તો ગોઠવણ એવી મજેની

છે કે-જરૂર ભાવના મજબૂત થાય. પ્રાર્થનાની શરૂઆતમાંજ 'ભવનિર્વેદ'ની માગણી છે. સંસાર પર નિર્વેદ ન થાય, ત્યાં સુધી આગળના એક પણ ગુણની વાસ્તવિક પ્રાપ્તિ થઈ શકે તેમ નથી. દુર્ગંધ જાય નહિ, ત્યાં સુધી સુગંધિ ન આવે. દુર્ગંધિનાં પરમાણુ નાસિકામાં મૂકી ફરનારને, ગુલાબની સુગંધિ ન આવે એમાં કાંઈ બગીચાનો દોષ છે ? સુગંધિનો ખપ હશે, તેણે દુર્ગંધિ કાઢવીજ પડશે. એ દુર્ગંધિ એવી રીતે નીકળવી જોઈએ, કે એનું સ્મરણ પણ ન થાય, તો પછી એની વાતચીત, ઉપદેશ વિગેરે તો હોયજ શાના ?

**પ્રાસંગિક -**

આચારની કમીના હોય તો હજુ પણ નભે. 'સંવિજ્ઞ પાક્ષિક'ને શાસનમાં સ્થાન છે, એનું કારણ શું ? કારણ એજ કે-તે પુણ્યાત્મામાં આચારની ન્યૂનતા છે, પણ ભાવ સંવેગનો છે. એ સાચાને ખોટું તો નજ કહે. સંયમને પરિપૂર્ણપણે નહિ પાળી શકનાર સંવિજ્ઞ પાક્ષીને જરૂર પડે તો (જરૂર પડે તો, એ શબ્દો યાદ રાખો) સાંભળવાની છૂટ, અરે પાસથ્થો કે જેનામાં સંયમની શિથિલતા છે, પણ વસ્તુ માર્ગને અનુસરતી કહેતો હોય, તો વખતે (વખત આવે તો, હોં !) એના વચનને સાંભળવાની છુટ છે.

(પ્રશ્ન- રૂપીઆ આપીને સાંભળતા અને સંભળાવતા માટે શું ?)

એટલી હીન કોટિની વાત હું નથી કરતો. અને આને માટે પણ, કદાચ, કદાચ હો, ખપ પડે તો, સાંભળ્યા વિના વસ્તુનો નાશ થતો હોય તો સાંભળે. કદાચ શબ્દ બરાબર યાદ રાખવાના છે. પાસથ્થાને સાંભળવાની છુટ દીધી, એનું કારણ શું ? આચારમાં ઢીલો ખરો, પણ આને-એટલે કે આગમને-શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને માથે ધરનારો-હૈયે રાખનારો માટે ! એ દેશના આપે તો એજ આપે, પણ વિરૂદ્ધ ન આપે. તેથી આચારમાં ચાહ્ય તેવો પ્રવીણ હોય, પણ જો આનો (આગમનો) અનુયાયી ન હોય, એટલે કે આગમથી વિરૂદ્ધ બોલનાર હોય, તો એના આચારની પણ કીંમત નથી, એને સાંભળવું એ પણ યોગ્ય નથી.જેના યોગે આ બધું મળ્યું, તેનો ઈન્કાર કરે તો મળેલું પણ નકામું. (પ્રશ્નકાર-નિહ્નવ?)

જે કહો તે ! અરે નિહ્નવ તો એકજ વચન ઉત્થાપે એને કહેતા : પણ સઘળું ઉત્થાપે ત્યાં શું કહેવું ?

આ આચાર બહુ કિંમતી છે, માટે એના જિજ્ઞાસુને સંસાર ઉપરથી નિર્વેદ તો થવોજ જોઈએ. દુર્ગંધનાં પરમાણુ એવાં નીકળી જવાં જોઈએ, કે સુગંધનો પરિચય થાય. ભવની વાસના ન ગઈ હોય તો ભવ છોડ્યો તોય શું ? ભવની વાસના ગઈ હોય, તે કોઈ વખત તીવ્ર કર્મના ઉદયથી ગબડે, તો પણ વિચારે કે-હું ભૂલ્યો અને બીજાને પણ કહે કે-હું ભૂલ્યો

છું, તેમજ સાચો માર્ગ તો આજ છે. ભવનિર્વેદ તો ધર્મસાધનાની જડ (મૂળ) છે. આખી દુનિયા, સંસારને પોષવા, ચલાવવા, ખીલવવા, વખાણવા બેઠી છે, કદાચ બસેં પાંચસેં જણા ન વખાણે, ન પોષે, ન ખીલવે તો બગડી શું જાય ? નાશ શો થઈ જાય ? વાત એ છે કે-પેલી (ભવની) વાસના એવી ઘુસી ગઈ છે કે, એકદમ કાઢવી મુશ્કેલ થઈ પડી છે. માટે જ પ્રાર્થનાની શરૂઆતમાં ભવનિર્વેદ છે. એ ન આવે ત્યાં સુધી આત્મા સમ્યક્ત્વમાં પણ ટકી શકતો નથી, તો વિરતિની તો વાતજ શી કરવી ! મૂળ જાય ત્યાં શાખાઓ ક્યાંથી હોય? આથી જ આપણે કહીએ છીએ કે-ભવ ઉપર નિર્વેદભાવની જાગૃતિ છતાં કર્મના ઉદયથી કદાચ પાલનમાં શિથિલતા આવી હોય, પણ સત્યને સત્ય તરીકે કહેનારો શાસનમાં સ્થાન પામી શકે છે. પરંતુ આગમથી વિરૂદ્ધભાષી તો સ્વપર-ઉભયનો નાશક છે, માટે આગમવિહિત માર્ગના વિરોધીઓથી તો દૂરજ રહેવું જોઈએ.

**અંગારમર્દકાચાર્યનું દ્રષ્ટાંત**

કુમાર્ગનો પ્રરૂપક તો સુયોગ મળે તો કદાચ બચી જાય, પણ અજ્ઞાનના યોગે ઉન્માર્ગગામીની પુંઠેજ જનારાઓની શી દશા ? એ તો ભારે દુરાગ્રહી જ બની જાય છે. તેઓ તો પોતાની સત્ય સાંભળવાની શક્તિને પણ ગુમાવી બેસે છે. ઉન્માર્ગ કહેનાર પણ સુધરે

તો ભાગ્યેજ, પણ યોગ મળે તો શક્તિ છે એટલે કદાચ સરલતા અંગીકાર કરે તો સુધરી જાય, પણ પેલા પુંઠે જનારા તો એવા આગ્રહી બની જાય છે કે-તું જાય પણ અમે ન જઈએ. કેમકે આબરૂ જાય. આવા પ્રસંગો ઘણા બન્યા છે. એકવાર નહિ પણ અનેકવાર બન્યા છે. સન્માર્ગની જિજ્ઞાસાવાળો તો ઉન્માર્ગની દેશના સાંભળે પણ નહિ. જ્યાં ત્યાંથી હીરા લાવવા, એ કામ તો ઝવેરીનું, બધાનું નહિ : તેમ છએ દર્શનનાં શાસ્ત્રો વાંચવા-વિચારવાનું કામ તો એવી તાકાત ધરાવનારનું ! શક્તિહીનો માટે તો શાસ્ત્રે મિથ્યાદૃષ્ટિના પરિચયને પણ નિષેધ્યો છે. કારણ કે-શક્તિહીનો તો અજ્ઞાનના યોગે પોતેજ ઉન્માર્ગે ઘસડાઈ જાય. તાકાતવાળો તો પહોંચેલો હોય, એટલે સામાને પોતાની દિશામાં લાવે : ત્યારે શક્તિહીન તો સામાની દિશામાં દોડ્યો જાય. ત્યારે હાલત શી થાય ? એ વિચારો. કોરો ત્યાગ, તપ, સંયમ એની કિંમત નથી. તામલિ તાપસે છઠ્ઠના પારણે છઠ્ઠનો તપ સાઠ હજાર વર્ષ સુધી કર્યો, પણ એ તપનું પરિણામ શું ? એ તપ ન હતું એમ નહિ, તપ તો ઉગ્ર હતું, છતાં પણ શાસ્ત્રે એ તપને અજ્ઞાન કષ્ટ તરીકે ઓળખાવ્યો. અભવિમાં સંયમ કેટલું ? ઘણું મજેનું ! જ્ઞાન સાડા નવ પૂર્વનું. પામે તો એટલું પામે. દેશનાશક્તિ એવી અજબ, કે એને સાંભળીને સંખ્યાબંધ આત્માઓ સંયમ લઈને મોક્ષે જાય, પણ પોતાને તેવો લાભ નહિ.

(સભામાંથી॰ એને કાંઈ લાભ નહિ ?) લાભ એટલો, કે દેવલોકે જાય, અને એટલા માટેજ એ આ બધું કરે. શ્રી તીર્થંકરદેવની ઋદ્ધિ જુએ, સમવસરણ જુએ, દેવતાઓને પ્રત્યક્ષ જુએ, એટલે એને એમ થાય કે-આવું બધું મળે, લોકપૂજા પમાય, દેવલોક મળે, સુખસાહ્યબી મળે, એ માટે સંયમ સેવે અને ઉગ્ર તપ વિગેરે કરે : પણ શ્રદ્ધા નહિ. અંગારમર્દકાચાર્ય નામના આચાર્ય પાંચસેં શિષ્યના ગુરૂ હતા. એ અભવ્ય હતા. એ પોતાના પરિવાર સાથે જે નગર તરફ ચાલ્યા આવતા હતા, તે નગરમાં પણ એક આચાર્ય હતા. એમને સ્વપ્ન આવ્યું કે-આજે પાંચસેં હંસના ટોળા સાથે માલીક તરીકે એક કાગડો આવે છે. સ્વપ્નાનુસારે નિર્ણય કર્યો કે-જરૂર કોઈ અભવિ આત્મા આવે છે. પાંચસેં જણ ભવિ પણ નાયક કોઈ અભવિ હોવો જોઈએ. એ ગુરૂ ગીતાર્થ હતા. એમણે બીજા સાધુઓને જણાવી દીધું કે:- 'આજે આવનારા સાધુઓ તમામ ભવ્ય છે, પણ આચાર્ય અભવિ છે.' પેલા આવ્યા. એમના શિષ્યોને પણ ખાનગી રીતે આ ગીતાર્થ ગુરૂએ જણાવી દીધું કે :- 'તમે જેની સેવામાં રહ્યા છો, તે આત્મા યોગ્ય નથી તમે નહોતા જાણતા ત્યાં સુધી તો તમે લાભ ઉઠાવી શકતા હતા. પણ હવે જાણ્યા પછી તમારે ત્યાગ કરી દેવો જોઈએ.' શિષ્યોએ પૂછ્યું કે- 'ખાત્રી શી ?' ગીતાર્થ ગુરૂએ કહ્યું કે- 'તમે રાત્રે ઉંઘશો મા. જાગતા રહેજો ને જે થાય તે જોજો.' આમણે જવા

આવવાના અમૂક માર્ગ પર કોલસાની કાંકરી પથરાવી, કે જેનો અવાજ ચૂં ચૂં થાય. રાત્રે બધા સૂતા. પેલા પાંચસેં સાધુઓ જાગે છે. જેને શંકા માટે જવું પડે, તે સાધુઓએ જવા માંડ્યું, પણ જરા અવાજ થતાં પાછા ફર્યા કે રખે જીવો તો ન હોય ! કોઈથી ન રહેવાયું, તે સાચવી સાચવીને ગયા, પણ તે કંપતે હૃદયે. રાત્રે પેલા આચાર્ય ઉઠ્યા : ચાલ્યા : અવાજ થયો. જોયું કે-કોઈ જાગતું નથી. તરત બોલી ઉઠ્યા કે-જ્ઞાનીનાં જીવડાં કેવું ચૂં ચૂં બોલે છે ! પગ સારી રીતે મૂકીને ચાલવા લાગ્યા. હવે આજ ગુરૂ, જ્યારે જીવદયાનું નિરૂપણ કરે, ત્યારે હૃદય પીગળાવે તેવું કરે. શિષ્યોએ આ જોયું, સાંભળ્યું. સવારે કહી દીધું કે-આજથી અમે આપથી જુદા છીએ. કોઈ પૂછે કે-એ સંયમી ખરા કે નહિ ? શાસ્ત્ર કહે છે કે-એ સંયમ, એ વિરાગ, અને એ તપની કિંમત અંકાતી હોત, તો દુનિયામાં નિષ્પરિગ્રહી ઘણાએ છે. કપડાં વગરના કંઈ થોડા ફરે છે ? એ સંયમ, ચારિત્ર્ય, તપ, વિરાગ, બધું દેખાવમાં-પણ અહીં (હૈયામાં, શ્રદ્ધામાં) કયાં ? એ અભવિ પણ આટલો લાભ શાથી કરી શકે ? આગમાનુસારી કહે છે માટે, એટલો પણ ઉપકાર કરી શકે. આગમથી ઉલટું કહેનાર માટે તો પૂછવું જ શું ? એ તો આઘોજ સારો.

**સુદર્શન શેઠના પૂર્વભવનું વૃત્તાંત**

શ્રી જિનેશ્વરના અનુયાયી માત્રને ભવનો નિર્વેદ તો હોવો જોઈએ ને ! એ સંસારને સારો કે યોગ્ય તો નજ માને. એ માનીએ કે-સંસારને પૂરો કારાગર ન સમજે, જેટલે અંશે સમકિતની નીર્મળતા તેટલે અંશે સમજે. પણ સંસારને સારો તો ન જ માને. સંસારમાં આનંદ તો નજ માને. એ એમ કલ્પે કે-દેખાય તો છે આનંદ, પણ છે આફત : કારણ કે-પરિણામે આફત છે. શ્રાવકની ખ્યાતિ કેવી હોવી જોઈએ, એ વિચારો ! શેઠ સુદર્શનની ખ્યાતિ કેવી હતી ? શ્રાવકની ખ્યાતિ સર્વત્ર કેવી હોય ? જેને આ વસ્તુ જચે અને શ્રાવક બની જાય, તેની સર્વત્ર ખ્યાતિ કેવી હોય ? તમારો વ્યવહાર, આચાર, અને પ્રવૃત્તિ એવાં અને એટલાં સુંદર અને શુદ્ધ હોવાં જોઈએ કે-ગમે તેવા જોનારને એમ લાગે કે, આ આત્મા નિર્મળ છે, સંસારથી લગભગ નિરાળા જેવો છે. અત્યારે તો વિષયાસક્તિથી ઉંચો ન આવતો હોય, પાંચે ઈંદ્રિયોની આધીનતામાંથી બહાર ન નીકળતો હોય, એમાંથી પરવારતો જ ન હોય, તે સુંદર વિચાર પણ શી રીતે કરે ? દુનિયામાં પડેલાને તો મોજમજાહ, રંગરાગ, રિદ્ધિસિદ્ધિ, એ બધાનાજ વિચાર આવે. ત્યાં અવાજ કયાં થાય ? એ અવાજમાં આ ઘુસે શી રીતે ? 'ભવનિવ્વેઓ' વિગેરે બોલે બધું, પણ અંદર જુદું. નહિ તો આવું બોલનારને છાયા સરખી

પણ ન હોય ? પૂરો અમલ તો ન હોય, પણ છાયા એ ન હોય, તે કેમ ચાલે ? જો છાયાયે ન પડે તો સમજવું કે-બહુજ અધમ કોટિનો આત્મા છે. શ્રી સુદર્શનના પૂર્વભવમાં એ કશું ન પામ્યા એમ કહીએ તો ચાલે. માત્ર શ્રદ્ધાના યોગેજ આટલે ઉંચે આવ્યા હતા. પૂર્વભવમાં એ એક શેઠને ત્યાં પશુ ચારનાર હતા. એક વખત અટવીમાંથી પશુ ચારીને સાંજે આવતા હતા, ત્યારે એ અટવીમાં એક મુનિને કાયોત્સર્ગ ધ્યાને ઉભેલા જોયા. ઋતુ શિયાળાની હતી. ઠંડી એટલી બધી હતી કે-જેનો સુમાર નહિ. આ પશુ ચારનારને એ વિચાર થયો કે-આ મુનિ આવી ઠંડીમાં રાત્રી કયી રીતે પસાર કરશે ? કોઈ પૂજ્ય મહાત્મા છે, ધન્ય છે, એમને પગે લાગીએ. આખી રાત એને આજ ચિંતા અને આજ ઉદ્ગાર થયા. સવારે ફેર અટવીમાં આવ્યો અને મુનિવરને જોયા. પગે લાગ્યો. મુનિવર પણ 'નમો અરિહંતાણં' કહી આકાશમાં ઉડી ગયા. પેલો પશુ ચારનારો તો સમજ્યો કે-આ 'નમો અરિહંતાણં'માં તાકાત છે. એનાથી જ આ મુનિ આકાશમાં ઉડી ગયા. એ પશુ ચારનારો તો હવે એજ પદ ગોખ્યા કરે. ખાતાં પીતાં, ઉઠતાં બેસતાં, જ્યાં જાય ત્યાં, એજ ગોખે. એના શેઠે પૂછ્યું કે-આ તને કોણે શીખવ્યું ? શેઠના પૂછવાથી તેણે સઘળી હકીકત શેઠને કહી. શેઠે આ વાત સાંભળીને તેને કહ્યું કે-હે ભદ્ર ! આ વિદ્યા એકલા આકાશગમનમાંજ હેતુ નથી, પણ સ્વર્ગ અને મોક્ષમાં

પણ હેતુભૂત છે. આ ભુવનત્રયમાં જે કોઈ સુંદર વસ્તુ છે, તે આનાથી સુખપૂર્વક મળી શકે છે. આનો મહિમા અપરિમિત છે. ભાગ્યના યોગેજ તને આ વસ્તુની પ્રાપ્તિ થઈ છે. પરંતુ આ મહામંત્ર તારે અશુચિપણે ન બોલવો જોઈએ. ઉત્તરમાં પશુ ચારનાર કહે છે કે-મને તો એનું વ્યસન પડ્યું, એના વિના મારે ન ચાલે, હું તો ક્ષણ પણ બોલ્યા વિના રહી શકું તેમ નથી.' આથી ખૂશ થયેલા શેઠે પૂરો નવકાર શીખવાડ્યો. પછી એતો પૂરો નવકાર જ્યાં હોય ત્યાં બોલવા લાગ્યો. આથી તેની ક્ષુધા તૃષ્ણા આદિની વેદના નાશ પામવા લાગી. એકવાર નદીમાં પૂર આવ્યું. 'નમો અરિહંતાણં' કહી-ઉડું, એમ ધારી ઉડ્યો, નદીમાં પડ્યો, ખીલો વાગ્યો અને પ્રાણ ચાલ્યા ગયા : પણ એ જાપના યોગે શ્રીસુદર્શન થયો. એવા ઉંચા કુળમાં પેદા થયો, કે જ્યાં સર્વસ્વ આવી મળે. પણ નવકારની શ્રદ્ધામાં સર્વસ્વ હતું ત્યારેને ! ભોળો જીવ હતો અને કશુંજ જ્ઞાન ન હતું, પણ શ્રદ્ધા અપૂર્વ હતી. અર્થના જ્ઞાન વગરનું શ્રુતજ્ઞાન પણ ભારે કામ કરે છે. વીંછીના મંત્રનો અર્થ પૂછો જોઈએ. વીંછીનું ઝેર ઉતારનારને કે એના ગુરૂને પણ ખબર ન હોય. એતો છુ, છુ કરે, પણ વીંછી ઉતરે તો ખરોને ! અર્થજ્ઞાન છે તો અનુપમ, એનો ઈન્કાર નથી, પણ એ ન હોય, તોય માત્ર શબ્દો, એ પણ મંત્રાક્ષરો છે. શુદ્ધ શ્રદ્ધા હોવી જોઈએ. એની ટીકા કરનારા વિરાધકો છે. ઉત્તમ શબ્દોનું શ્રવણ પણ

આત્માના વિષને ઉતારનાર છે. શરત એટલી જ કે-શ્રદ્ધા નિર્મલ જોઈએ.

**શ્રી સુદર્શન અને કપિલા**

નવકારના પ્રતાપે એ પશુ ચારનારો શ્રી સુદર્શન થયો. ઉત્તમ કુળ અને ધર્મને યોગ્ય સઘળી સામગ્રી મળી. 'ભવનિવ્વેઓ' વિગેરે માગણી કરનારના આચાર, વિચાર, તથા પ્રવૃત્તિ એવી હોવી જોઈએ, કે જેથી દુનિયા ઉપર ઉંચામાં ઉંચી એની છાપ પડે. શ્રી સુદર્શન શેઠના શીલનો મહિમા ગવાય છે. શીલના દૃષ્ટાંતમાં એમનું દૃષ્ટાંત લેવાય છે, શ્રી સુદર્શન કેવલ પોતાના માતાપિતાને જ હર્ષ માટે ન હતા, પણ સર્વ લોકને હર્ષને આપનારા હતા. જે નગરમાં 'શ્રી સુદર્શન' ઉત્પન્ન થયા હતા, તે નગરમાં રાજાને પ્રિય અને વિદ્યાનિધિ 'કપિલ' નામનો પુરોહિત હતો. તેને શ્રી સુદર્શનની સાથે કદી પણ નાશ ન પામે તેવી ગાઢ પ્રીતિ થઈ ગઈ હતી, અને એથી તે પુરોહિત ઘણો કાલ મહાપુરૂષ શ્રી સુદર્શન શેઠની સાથે જ રહેતો. એવા પુણ્યશાલિ અને પરમ શીલસંપન્ન એવા શ્રી સુદર્શન શેઠ ઉપર પણ આપત્તિ આવી હતી, અને ધીરપણે તે આપત્તિને તે પુણ્યપુરૂષે સહી લીધી હતી. એવા પણ પુણ્યનિધિ ઉપર આપત્તિ કેમ આવી, એ ખાસ જાણવા જેવી બીના છે. જે પુરોહિત પ્રાયઃ સઘળો સમય શ્રી સુદર્શન પાસે ગાળે છે, તેની કપિલા નામની પત્નીએ એક વાર તે પુરોહિતને પૂછ્યું કે-

'નિત્યકર્મોને પણ ભૂલી જઈ આટલો સમય કયાં બેસી રહો છો ?' ઉત્તરમાં કપિલે કહ્યું કે- 'હું શ્રી સુદર્શનની પાસે રહું છું.' કપિલાએ પૂછ્યું કે-'એ સુદર્શન કોણ છે ?' આ પ્રશ્નના ઉત્તરમાં કપિલ કહે છે કે :-

**''मम मित्रं सतां धुर्य, विश्वैकप्रियदर्शनम् ।**
**सुदर्शनं न चेद्वेत्सि, तत्त्वं वेत्सि न किञ्चन ॥१॥''**

સત્પુરૂષોના આગેવાન અને વિશ્વમાં એક છે પ્રિયદર્શન જેનું એવા મારા મિત્ર 'સુદર્શન'ને જો તું જાણતી નથી, તો તું કોઈ તત્ત્વને જાણતી નથી.

આ પ્રમાણે સાંભળી કપિલા કહે છે કે-'તે સુદર્શનને હવે જણાવો. આથી તેની ઓળખાણ આપતાં પુરોહિત કહે છે કે :-

**असावृषभदासस्य, श्रेष्ठिनस्तनयः सुधीः ॥१॥**
**एष स्मरेण पञ्चेषुः कान्त्येन्दुस्तेजसा रविः ।**
**गाम्भीर्येण महाम्भोधिः क्षमया मुनिसत्तमः ॥२॥**
**दानैक चिन्तामाणिक्यं, गुणमाणिक्यरोहणः ।**
**प्रियालापसुधाकुण्डं, वसुधामुखमण्डनम् ॥३॥**

**खलूक्त्वा खलु यद्वाडस्य, निखिलानपरान् गुणान् ।**
**गुणचूडामणेः शीलं, यस्य न स्खलति क्वचित् ।।४।।''**

આ સુદર્શન, ઋષભદાસ શ્રેષ્ઠિનો બુદ્ધિશાલી પુત્ર છે. તે રૂપે કરીને કામદેવ છે, કાંતિએ કરીને ચંદ્રમાં છે, તેજે કરીને સૂર્ય છે, ગાંભીર્યે કરીને મહાસાગર છે, ક્ષમાએ કરીને મુનિસત્તમ છે, દાન દેવામાં એક ચિંતામાણિક્ય છે, ગુણોરૂપી માણિક્યો માટે રોહણચલ પર્વત છે, પ્રિય આલાપો માટે સુધાકુંડ છે. અને પૃથ્વીના મુખનું મંડન છે, અથવા જે ગુણ ચૂડામણિનું શીલ કોઈ પણ સ્થળે વિચલિત નથી થતું, એવા તે પુણ્યશાલિના બીજા ગુણોને કહેવાથી સર્યું.

આ પ્રમાણેના ગુણવર્ણનને સાંભળી પુરોહિતની પત્ની કપિલા કામવિહ્વલ થાય છે. 'આવા ઉત્તમ ગુણને સાંભળવાથી વિકાર જાગે ?'-આ પ્રશ્ન અસ્થાને છે, કારણ કે એ તો આત્માની યોગ્યતા ઉપર આધાર રાખે છે. જેવો આત્મા ! જેના ગુણો જગત્‌ને સન્માર્ગે દોરવાનું કામ કરતા, તેજ ગુણોએ કપિલાને કામવિહ્વલ બનાવી દીધી. કામવિહ્વલ કપિલા સુદર્શન ઉપર અનુરાગિણી બની ગઈ. કપિલા નિરંતર એક સુદર્શનના સંગમની જ ચિંતા કર્યા કરે છે. એકવાર રાજાની આજ્ઞાથી પુરોહિત બહાર ગામ ગયો. આ તકનો લાભ લઈ પુરોહિતની સ્ત્રી સુદર્શનને ત્યાં જઈ કહેવા લાગી - ''આપના મિત્ર બીમાર છે, આપને તેડવા

મને મોકલી છે, આપ નહિ આવો તો એમની બીમારી વધી જશે. માટે જરા આપ ત્યાં પધારો, બીમારીને લઈને એ અહીં આવી શક્યા નથી.'' સરલ સ્વભાવી શ્રી સુદર્શન તેજ વખતે કપિલને ઘેર ગયા, કારણ કે તેમને કપટની ખબર નહિ. ઘરમાં પેસતાં જ 'મિત્ર કયાં છે ?'-એમ શ્રી સુદર્શને પૂછ્યું. કપિલાએ ઉત્તરમાં કહ્યું કે-'આગળ ચાલો, તમારા મિત્ર સુતેલા છે.' કંઈક આગળ જઈને શ્રી સુદર્શન બોલ્યા કે-'અહીં પણ કપિલ નથી, શું તે કોઈ બીજે સ્થળે ગયેલ છે ?' ઉત્તરમાં કપિલાએ જણાવ્યું કે-'શરીરની અસ્વસ્થતાથી તે પવન વિનાના સ્થાનમાં રહેલા છે, માટે મૂળ કમરામાં જાઓ, અને મિત્રને જુઓ.' આથી સરલ આશયવાળા શ્રી સુદર્શન તે મૂલ કમરામાં પણ પેઠા અને ત્યાં પણ પોતાના મિત્રને ન જોવાથી પૂછ્યું કે-'હે કપિલે ! કપિલ ક્યાં છે ?' આ પ્રશ્નના ઉત્તરમાં બારણું બંધ કરીને કામને ઉદ્દીપન કરનારી ચેષ્ટાઓને કરતી કપિલાએ કહ્યું કે-'અહીંયાં કપિલ નથી, માટે કપિલા સાથેજ આનંદ કરો. આપને કપિલ અને કપિલામાં ભેદ શો છે ?' શ્રી સુદર્શન પૂછે છે કે : 'કપિલા સાથે મારે શું આનંદ કરવાનો હોય ?' આના ઉત્તરમાં કપિલા કહે છે કે-'જ્યારથી તમારા મિત્રે મારી પાસે તમારા ગુણોનું વર્ણન કર્યું છે, ત્યારથી કામજ્વર મને પીડા કરે છે, માટે હે નાથ ! તમને હું નાથ તરીકે ઈચ્છું છું અને વિનવું છું કે-કામથી વિહ્વલ બનેલી મને આપ શાંત

કરો.' આ સાંભળી પરમ શીલસંપન્ન શ્રી સુદર્શન વિચારે છે કે-
''**प्रपंचा कोडप्यसावस्या, दुर्विचिन्त्यो विधेरपि । धिक स्त्रीरिति ।**''

'વિધિ માટે પણ દુર્વિચિન્ત્ય એવો આ સ્ત્રીનો પ્રપંચ કેવો ? ધિક્કાર છે સ્ત્રીઓને !' આ પ્રમાણે વિચારી તે બુદ્ધિશાલીએ અપેક્ષાપૂર્વક કહ્યું કે-

''**यूनां यूक्तमिदं किन्तु, पण्डकोडहमपण्डिते ! ।
मुधा पुरूषवेषेण, मदीयेनासि वञ्चिता ॥१॥**''

હે અપણ્ડિતે ! આ વાત યુવાનો માટે યુક્ત છે, પણ હું તો નપુંસક છું. ફોગટ તું મારા પુરૂષવેશથી વંચિત થઈ છું. આ સાંભળી એકદમ વિરક્ત બની ગયેલી તેણીએ-'જા, જા'-એમ કહીને બારણું ઉઘાડી નાખ્યું અને શ્રી સુદર્શન ચાલી નીકળ્યા. 'હું નપુંસક છું'-એમ કહીને સુદર્શન છુટ્યા અને વાત પણ સાચીજ હતી, કારણ કે શ્રી સુદર્શન પરનારી પ્રત્યે તેવાજ હતા, પરનારી પ્રત્યે તેમને કદી વિકારની વાસના જાગેજ નહિ, એવા તે દૃઢ મનોબલી હતા. આ રીતે છુટ્યા પછી-'થોડાજ પ્રયત્નથી હું નરકના દ્વારમાંથી છુટ્યો.' એમ વિચારતા શ્રી સુદર્શન પોતાના ઘર પ્રતિ પહોંચી ગયા, અને સ્ત્રીઓના સ્વરૂપને વિચારતા અને તેઓના તેવા સંસર્ગથી બચી જવાને ઈચ્છતા શ્રી સુદર્શન શેઠ એવો અભિગ્રહ કર્યો કે-

" नातः परं परगृहे, यास्यामि क्वचिदेककः ।"

આજથી આરંભીને હવે કોઈ પણ વખત એકલો હું પારકાના ઘરમાં નહિ જાઉં. વિચારો! શ્રાવકની, એટલે કે શ્રી જિનેશ્વરદેવના શાસનમાં વર્તતા પુણ્યશાલી આત્માઓની મનોભાવના કેવી હોય છે ! અયોગ્ય સંસર્ગોથી અને પાપમય આચારોથી બચવા માટે તેઓ કેટલા અને કેવા સાવધાન હોય છે ? તે પુણ્યશાલી નિરંતર ધર્મકર્મમાં તત્પર રહેવા સાથે પાપની આચરણાથી દૂર રહે છે, કારણ કે એમનામાં શ્રી જિનશાસનની રસિકતા છે.

**સુદર્શન અને અભયા રાણી**

એક વખત ઈંદ્રમહોત્સવ હતો. રાજા, પુરોહિત તથા સુદર્શન સાથે ઉદ્યાનમાં ગયા. પાછળ 'અભયા' રાણી પણ કપિલાની સાથે ઉદ્યાનમાં ગઈ. શ્રી સુદર્શનની ભાર્યા પણ પોતાના છ પુત્રોની સાથે વાહનમાં બેસી ઉદ્યાનમાં આવી. શ્રીમતી મનોરમા પણ મહાસતી હતી. શ્રીમતી મનોરમાને જોઈને પુરોહિતની પત્ની કપીલાએ અભયા રાણીને પૂછયું કે-'આ કોણ છે ?' રાણીએ જણાવ્યું કે-'આ સુદર્શનની સ્ત્રી છે. આ સાંભળીને વિસ્મિત થયેલી કપિલા કહે છે કે-'તેને પુત્રો કયાંથી ? કારણ કે સુદર્શન તો નપુંસક છે.' રાણીએ કહ્યું કે:- 'એ વળી શું ? એ કોણે કહ્યું ?'-પુરોહિતની સ્ત્રીએ બધી વાત જણાવી. એટલે રાણીએ

જણાવ્યું કે-હે મૂઢ ! જો એમજ છે, તો તું જરૂર ઠગાઈ ગઈ, કારણ કે-તે પરસ્ત્રીઓને માટે નપુંસક છે, પણ પોતાની સ્ત્રીને વિષે તેવો નથી.' આથી વિલખી બનેલી કપિલા, ઈર્ષ્યાથી કહે છે કે-'હું તો મૂઢ હતી માટે ઠગાઈ, પણ બુદ્ધિશાલીની એવી તું. અધિક શું કરવાની?' અભિમાનમાં આવેલી અભયા કહે છે કે- 'જો હું રાગથી પથ્થરને પકડું તો અચેતન એવો તે પણ પીગળી જાય, તો પછી સચેતન પુરૂષની વાતજ શી ?'- આ સાંભળી વધુ ઈર્ષ્યાળુ બનેલી કપીલાએ કહ્યું કે-'હે દેવિ ! આવા પ્રકારના ગર્વને ધારણ ન કર, અને જો એવો ગર્વ રાખતી જ હો, તો તું સુદર્શનને સ્વાધીન કર !' અભયા રાણી પણ અહંકાર પૂર્વક બોલી કે : 'હે સખિ ! મેં સુદર્શનને સ્વાધીન કર્યો જ એમ માન. ચતુર રમણીઓએ કઠોર અને વનવાસી તપસ્વીઓને પણ રમાડ્યા તો કોમળ મનવાળા ગૃહસ્થની શી વાત ? જો હું એની સાથે ન રમું તો અગ્નિમાં પેસું.'- આ પ્રકારની પ્રતિજ્ઞા કરી અભયા પણ પોતાના આવાસે આવી. જોઈ દશા ! બેની વાતો અને ભોગ ત્રીજાનો ! તેનો આ એક અજોડ નમુનો છે. પુરોહિતની સ્ત્રીનું કે અભયા રાણીનું સુદર્શને કાંઈ બગાડ્યું હતું ? નહિજ. છતાં વાતો એ બેની અને ધાડ શ્રી સુદર્શન પર ! અભયાએ આ વાત પોતાની 'પંડિતા' નામની ધાવમાતા, 
કે જે સર્વવિજ્ઞાનમાં પંડિત હતા તેને કહી જણાવી. આ સાંભળી તે ધાવમાતા કહે છે કે :-

"पंडिताऽवोचदाः पुत्रि !, न युक्तं मन्त्रितं त्वया ।
अज्ञेऽद्यापि न जानासि, धैर्यशक्तिं महात्मनाम् ॥१॥

હા પુત્રિ ! તેં આ યોગ્ય વિચાર નથી કર્યો. હે જ્ઞાનહીન ! તું હજુ સુધી પણ મહાત્માઓની ધૈર્યશક્તિને જાણતી નથી. આ પ્રમાણે સામાન્ય વાત કહીને સુદર્શનની વિશેષતા બતાવતાં તે 'પંડિતા' નામની ધાવમાતા કહે છે કે :-

"जिनेन्द्रमुनिशुश्रूषा-निष्कम्पीकृतमानसः ।
सुर्दशनः खल्वसौ, तत्प्रतिज्ञां धिगिमां तव ॥१॥
अन्योऽपि श्रावको नित्यं, परनारीसहोदरः ।
किमुच्यते पुनरसौ, महासत्त्वशिरोमणिः ॥२॥
ब्रह्मचर्यधना नित्यं, गुरवो यस्य साधवः ।
कथं कार्येत सोऽब्रह्म, गुरूशीलाद्युपासकः ॥३॥
सदा गुरूकुलासीनो, ध्यानमौनाश्रितः सदा ।
आनेतुमभिसर्तुं वा, स कथं नाम शक्यते ॥४॥

**वरं फणिफणारत्न-ग्रहणाय प्रतिश्रवः ।**
**कदापि न पुनस्तस्य, शीलोल्लङ्घनकर्मणे ॥५॥**

ખરેખર આ સુદર્શન શ્રી જિનેંદ્રદેવ અને નિર્ગ્રંથ મુનિવરોની શુશ્રુષાથી નિષ્કંપ હૃદયવાળો છે, તે કારણથી તારી આ પ્રતિજ્ઞાને ધિક્કાર છે. બીજો પણ શ્રાવક હંમેશાં પરનારી સહોદર હોય છે, તો પછી મહાસત્ત્વશાલિ પુરૂષોમાં શિરોમણિ સમાન આ શ્રી સુદર્શન માટે તો કહેવું જ શું ? હમેશાં 'બ્રહ્મચર્ય' રૂપ ધનથી ધનવાળા બનેલા જેના ગુરૂઓ છે, અને ગુરૂ અને શીલાદિ ધર્મનો જે ઉપાસક છે, તેની પાસે અબ્રહ્મચર્યનું સેવન શી રીતિએ કરાવી શકાય ? જે હમેશાં ગુરૂકુલમાં રહેવાવાળો છે, અને જે સદા ધ્યાન અને મૌનનો સેવક છે તેને લાવવો અને રમાડવો, એ કેમ શક્ય થાય ? ફણિધરની ફણા ઉપર રહેલા રત્નને ગ્રહણ કરવાની પ્રતિજ્ઞા કરવી એ સહેલી છે, પણ તે શ્રી સુદર્શનના શીલને ખંડિત કરવાની પ્રતિજ્ઞા કરવી એ સહેલી નથી.

વિચારો કે, શ્રાવકોની અને તેમાં પણ શ્રી સુદર્શનશેઠની કેવી અનુપમ ખ્યાતી હતી ? શ્રાવકો તો પરનારી સહોદરજ હોય. 'શ્રી જિનેશ્વરદેવના અને નિર્ગ્રંથગુરૂના સેવકને અનાચારમાં જોડવો એ અશક્ય છે.'-આ જેવી તેવી ખ્યાતિ ગણાય ? 'બ્રહ્મચારી ગુરૂઓના સેવકોને

અબ્રહ્મચર્ય તરફ કેમ કરીને દોરી શકાય ?'- આવા વિચારો ઠેઠ રાજ્યના અંતઃપુર સુધી પહોંચી જાય, એ નાનીસુની વાત નથી. શ્રી સુદર્શન માટે 'ફણીધરની ફણા ઉપર રહેલા રત્નને લેવાની પ્રતિજ્ઞા કરવી એ સહેલી છે, પણ તેના શીલને ખંડિત કરવાની પ્રતિજ્ઞા કરવી એ સહેલી નથી'- આ વાત ધાવમાતા કેવા જોરપૂર્વક કરે છે, એ સમજાય છે ? 'શ્રી સુદર્શન એટલે નિરંતર ગુરૂઓની જ સેવામાં રહેનાર અને જ્ઞાનીએ બતાવેલી આત્મકલ્યાણની ક્રિયાઓમાં જ રક્ત, એટલે એને અનાચારના માર્ગે ઘસડી જવો, એ કોઈપણ રીતિએ શક્ય નથી.'-આવી ખાત્રી રાણીની ધાવમાતા આપે, એ શું ઓછી વાત છે ? પૂર્વના અશુભોદયથી કે પાપીની કાર્યવાહીથી ભલે આપત્તિ આવી, પણ એમની જાત માટે વિશ્વાસ કેવો એ સોચો. ખરેખર ધર્મિનું જીવન ધર્મપરાયણ જ હોવું જોઈએ. એના જીવનમાં અધમ પ્રવૃત્તિઓને સ્થાન ન જ હોવું ઘટે. એની એકેએક પ્રવૃત્તિ આત્મકલ્યાણકરજ હોવી જોઈએ. પાપથી તે હંમેશાં ડરતો જ રહેવો જોઈએ. વિષયકષાયને વધારનારી પ્રવૃત્તિઓથી તે દૂરજ ભાગનારો હોવો જોઈએ. ઈંદ્રિયો ઉપર તેનો વિશિષ્ટ કાબુ હોવો જોઈએ. એના જીવનમાં નાટક ને ચટક ન હોય. નાટક ચેટકની રૂચિ, એ આત્માની વિષયાધીનતા સૂચવે છે. જે આત્માને આ આખો સંસારજ ભયંકર નાટકરૂપ ભાસતો હોય, તેને કૃત્રિમ અને વિષયવાસનાને ઉત્તેજિત કરનાર નાટક ચેટક

તરફ રસ પણ કેમ જાગે ?

**સુદર્શનની ખ્યાતિ**

જો ઈન્દ્રિયોની આધીનતા નથી, તો કહો કે-પૈસા ખરચી, ઉંઘ વેચી, ઉજાગરો કરી, નાટક ચેટક શું કામ જોવાય છે ? હૈયામાં કે ઘરમાં શું કમ નાટક થાય છે ? તો પછી શું જોવા જાઓ છો ?, એતો કહો ! જરા આત્માને પૂછજો. રાજા રાણી અને ધમાચકડી. પડદાના પાઠ તો કહો ! એવી રીતે નાટક જુઓ. રાત્રે ચાહ, આઈસ્ક્રીમ વાપરો, અયોગ્ય આદમીઓનો સંસર્ગ થાય. કેટલાક તો એવા આદમી આવે, કે જેના શબ્દો સાંભળતાં પણ કંટાળો આવે. આ નાટક શા માટે જોવા જાઓ છો ? વિષયશક્તિને પોષવા, રૂપરંગને જોવા, એમ કહોને ! પછી તમારાં મન ઉછળે, પછી કયી દશા થાય એ તમારા આત્માને પૂછજો! આજના સંસર્ગો, આજનું વાતાવરણ, આજની દુનિયાની હવા,-એ બધાએ તમને એવા ઘેર્યા છે કે, તમારા ઉપર મોટા અંકુશની જરૂર છે. એ બધામાંથી તમે મુક્ત ન થાઓ, ત્યાં સુધી આ વસ્તુનો સ્વાદ ન આવે. ચાર મહિના શીલ પાળવામાં તમને શો વાંધો છે ? તમારો આત્મા અનેક રીતે, અનેક સ્થાને વેચાઈ ગયો છે. તમારી ઈંદ્રિયો પછવાડે તમારી દોડાદોડ છે. તમારી લાલસાનો અંત ક્યાં છે ? તમારી જાતને તમે વિચારોને ! ધર્મી તરીકે ફરવું

હોય તો આ દશા ચાલે ? તમને જે કહું છું તે બરાબર સમજો. બહારનાને કહો કે, અહીં શું કહેવાય છે. શ્રી સુદર્શન શેઠ તો ઘણા સારા હતા, પણ આપણને શું કામ લાગે ? એમનું જીવન જાણી, સાંભળી, આપણે આચારમાં ઉતારીયે તો કામ લાગે ને ? તમે શ્રી સુદર્શનની ખ્યાતિનો ખૂબ વિચાર કરો અને તેવી ખ્યાતિ થાય તેવા જીવનને જીવી જાણો. શ્રી સુદર્શન શેઠના શીલને ખંડન કરવાની પ્રતિજ્ઞા કરનાર રાજરાણીને તેની ધાવ માતા ધિક્કારે છે, અને કહે છે કે- 'તે શ્રી જિનેશ્વરદેવનો અને નિર્ગ્રંથ ગુરૂઓનો સેવક છે, બ્રહ્મચર્યરૂપ ધનથી ધનવાન બનેલા ગુરૂઓનો અને શીલાદિ ધર્મનો ઉપાસક છે, એટલે પોતાની પાસે જે ભોગાદિની સામગ્રી છે, તેને પણ તજવા ઈચ્છે છે અને નિરંતર ગુરૂકુલમાં રહેનાર તેમજ સદા સુક્રિયાઓમાં રક્ત રહેનાર છે, એટલે તેને પાપક્રિયામાં કયી રીતિએ જોડી શકાય ?' વિચારો ! હવે ચોવીસે કલાક તમારી પ્રવૃત્તિ કયી ? અર્થ-કામની પ્રવૃત્તિ શ્રાવક ન છુટકે કરે, આ વિધિ છે. ન છુટકે કરો છો ? આ દશાનો વિચાર કરો તો, આરીસામાં મુખ જુઓ અને જેમ દેખાય તેમ, બધું દેખાય. મુખ પર ડાઘ હોય તો તો કોઈ કહે કે-નાહ્યો નહિ હોય. પણ અહીં આચારમાં ડાઘ હોય, એનું શું થાય ? એ તો ભયંકર કલંક કહેવાય. ખોટા કલંકથી ગભરાવું નહિ, કોઈ ખોટું કલંક દે તો ગભરાવું નહિ, પણ તે કલંક હોવું ન ઘટે. દુર્જનોનો સ્વભાવ

છે કે-સજ્જનોને, કલંક આપે. સજ્જને વિચારવું કે-‘કલંક છે ?’ હોય તો કાઢવું, ન હોય તો કહેવું કે જીવો કર્માધીન છે, ભલે બોલે. આપણે ખોટા હોઈશું તો કોઈના સારા કહેવાથી મુક્તિ મળશે નહિ, અને સારા હોઈએ તો ચિંતા પણ શી છે ? એક કવિ કહે છે કે-ખોટું કહેનારાનો તો ઉપકાર માનો ! એ તો સાવધ રાખે, ચેતવે, ભલે એની ભાવના ગમે તે હોય, પણ તેમાં આપણને વાંધો શો ? અસ્તુ. ધાવમાતા પાસેથી-‘સુદર્શન ગુરૂકુલમાં કાયમ રહેનારો, બને એટલો કાલ ધર્માનુષ્ઠાનમાં ગાળનારો, ત્રિકાળ પૂજન, ગુરૂવંદન, વ્યાખ્યાન શ્રવણ, વારંવાર અધ્યયનાદિ, દાન, શીલ, તપ, ભાવનાદિમાં નિમગ્ન, ધ્યાનમગ્ન, મૌનમાં રહેનારો, એને અહીં લાવવો અને રીઝવવો, એ બને કેમ ? ફણીધરની ફણાપરનું રત્ન લેવાનો પ્રયત્ન શક્ય, પણ સુદર્શનનું શીળ ખંડવાનો પ્રયત્ન શક્ય નથી. જો કે ફણીધરનો મણિ પણ શક્ય નથી, છતાં કોઈ બળવાન ધારે તો લાવી શકે, પણ સુદર્શનના શીળને ખંડિત કરવાનો પ્રયત્ન કેવળ અશક્ય છે.’-આ પ્રમાણે સાંભળી રાણી તો ગાભરી બની ગઈ, પણ જો તે કામ ન થાય, તો અગ્નિમાં પ્રવેશ કરવાની પ્રતિજ્ઞા છે, એટલે થાય શું ? આથી ‘અભયા’ ધાવ માતાને કહે છે કે-



‘ગમે તેમ થાય, પણ એકવાર તું ગમે તે રસ્તે લાવ પછી હું જોઈ લઈશ.’ ધાવમાતા

અંતે તો એને આધીન છે ને ! એણે કહ્યું કે- 'એક રસ્તો છે, પર્વતીથિએ એ પૌષધ કરે છે, અને રાત્રે કોઈ પણ સંયોગ વગરના શૂન્ય મકાનમાં કાયોત્સર્ગ ધ્યાને રહે છે. એ વખતે ઉંચકી લવાય, પરંતુ એ કંઈ સમજાવીને કે ભોળવીને લવાય તેમ નથી.''

**શ્રી સુદર્શન શેઠની નિશ્ચલતા**

સુદર્શન શેઠ તો પર્વતીથિએ રાત્રે પૌષધ કરતા, પણ તમે શું કરો ? શનિવાર હોય તો નાટક જુઓ. તે દિવસે તો નવો ખેલ, ખાસ ખેલ હોયને ! સુદર્શનને પકડી જવાની યોજના રચાય છે, પણ તમને પકડી જવા પડે તેમ નથી. તમે તો દોડ્યા જાઓ. પતાસાંથીયે તમે તો પલળી જાઓ. પૈસા ખાતર કુદેવ, કુગુરૂ કે કુધર્મની સેવામાં જતાંયે વાર નહિ, તૈયાર. સ્વાર્થ ખાતર ગમે ત્યાં જવામાં વાંધો નહિ. અર્થકામના રસીયાને અહિંથી ખસેડતાં, ધર્મથી પરાઙ્મુખ કરતાં વાર કેટલી ? રાજાની રાણી તુષ્ટમાન થઈ જતાં વાર લાગે ? પણ શ્રી સુદર્શન શેઠને એની કીંમત નહોતી. ચક્રવર્તીની રાણી હોય તો પણ શું થયું ? તેમને તો પોતાના ધર્મની કીંમત હતી. જ્યારે શ્રી સુદર્શન પોતાની સાધનામાં રક્ત હતા, ત્યારે અભયાના આગ્રહથી ધાવમાતા તેને ફસાવવાની યોજનામાં હતી ! કેટલાક દિવસો પછી કૌમુદી મહોત્સવ આવ્યો અને તેજ દિવસે ચોમાસી પર્વ હતું. રાજાએ આખા નગરને એ

ઉત્સવ ઉજવવાની આજ્ઞા કરી, પણ શ્રી સુદર્શને અનુમતિ મેળવી અને ભક્તિપૂર્વક શ્રી જિનેશ્વરદેવની સ્નાત્ર વિલેપન આદિ પૂજા કરી- ચૈત્ય પરિપાટી કરી. અને રાત્રિએ પૌષધ અંગીકાર કરી, કોઈ નગરના ચોરા ઉપર કાયોત્સર્ગમાં રહ્યા. આ વખતે પંડિતાએ અભયા રાણીને કહ્યું કે-'કદાચ આજે તારા મનોરથ પૂરા થાય તો થાય, માટે આજે તું પણ ઉદ્યાનમાં જતી ના !' રાણી પણ માથાની પીડાનું નિમિત્ત કાઢીને ઉદ્યાનમાં ન ગઈ. કેટલું અને કેવું કપટ રચવું પડે છે ? રાણી ન ગઈ અને રાજા ગયા. અહીં સુદર્શન પણ રાત્રે શૂન્ય ચોરામાં કાઉસગ્ગ ધ્યાનમાં ઉભા રહ્યા છે, ધાવમાતાએ કપટપ્રબન્ધ શરૂ કર્યો, કારણ કે-ચોકીદાર તો હોયને ! એટલે પહેલાં તો જુદી જુદી મૂર્તિઓ લાવવા લઈ જવા માંડી, અને કહ્યું કે-રાણીજી જઈ શક્યાં નથી, તો તેઓ અહીં દેવતાનું આરાધન કરશે.' આ રીતે બે ત્રણ વાર કર્યા પછી જ્યારે ચોકીદારોની ઉપેક્ષા જોઈ, કે શ્રી સુદર્શનને યાનમાં બેસાડી અને વસ્ત્રથી ઢાંકીને લાવી. રાણીની પાસે ઉભો રાખ્યો. રાણીએ દીન મુખે ઘણી ઘણી પ્રાર્થના કરી, પરંતુ શ્રી સુદર્શન તો પોતાના કાયોત્સર્ગમાં નિશ્ચલજ રહ્યા. આથી ફેર પણ રાણીએ સમજાવ્યા અને શરીરની સાથે આલિંગનાદિ કરવા લાગી. તે છતાં પણ આ મહાપુરૂષ જરા પણ ચલિત ન થયા, અને અભિગ્રહ કર્યો કે - 'જો હું આ ઉપસર્ગમાંથી છુટું, તોજ કાયોત્સર્ગ પારૂં, નહિ તો

મારે અનશન છે. એટલે કે-બોલવું ચાલવું બધુંજ બંધ.' આ પછી રાણીએ જેમ જેમ કદર્થના કરી, તેમ તેમ તેઓ પોતાના ધ્યાનમાં સ્થિર થવા લાગ્યા. રાણીથી આખી રાત્રિ પર્યંત થઈ એટલી કદર્થના કરી, પણ રાણીનું કંઈ વળ્યું નહિ, છેવટે પ્રભાતકાલ થવા આવ્યો. રાણીએ જ્યારે જાણ્યું કે-વળે તેમ નથી, અને હમણાં રાજા પણ આવી પહોંચશે, માટે જે નવા જુની કરવી હોય તેમ કરી લેવી. તરત પોતાના હાથે પોતાના શરીર ઉપર નખોના ઘા કર્યા અને બુમ મારી કે-''આ કોઈ મારા ઉપર બલાત્કાર કરે છે.'' આથી સંભ્રાન્ત થયેલા દ્વારપાલો દોડી આવ્યા, અને કાયોત્સર્ગમાં રહેલા શ્રી સુદર્શનને જોયા, અને વિચાર્યું કેઃ-

**''अस्मिन् न सम्भवति एतत्''**

આ શ્રી સુદર્શન શેઠમાં આ સંભવતું નથી.

**શ્રી સુદર્શન શેઠ અને મહાસતી મનોરમાની નિશ્ચળતા**

શ્રી સુદર્શન શેઠની કેવી ખ્યાતિ ! સેવક રાણીના, પણ રાણીનુંય માનવા તૈયાર નથી. રાજાના દ્વારપાલો પણ શ્રી સુદર્શનને ખરાબ માનવાને તૈયાર ન હતા. દ્વારપાલોએ પોતાની ફરજને અદા કરવા માટે, રાજાને આ વાત જણાવી. આથી રાજા પણ ત્યાં આવ્યા અને અભયાને પૂછ્યું, અને રાણીએ પોતાને ફાવતી વાતો કરીને, શ્રી સુદર્શન શેઠ ઉપર બલાત્કાર

કરવાનો ભયંકર આરોપ મૂક્યો. શ્રી સુદર્શન શેઠની ખ્યાતિથી પરિચિત રાજા પણ-

**"अस्मिन् इदं असम्भाव्यम्"**

'આ મહાપુરૂષમાં આ ન સંભવે'-એમ માનીને રાજાએ ઘણી વાર શ્રી સુદર્શન શેઠને પૂછ્યું, પણ દયાથી શેઠ કંઈ પણ બોલ્યા નહિ. આથી રાજા પણ શંકિત થયો. અને માન્યું કે-બોલતો નથી માટે દોષિત હોવો જોઈએ, એમ સંભવે છે. તરત હુકમ કર્યો કે: 'આખા નગરમાં દોષની પ્રસિદ્ધિને કરી પાપીને મારી નાખો !'-આથી આ રક્ષકોએ તેને ઉપાડ્યો અને એને મુખ ઉપર મશી ચોપડી ગધેડે બેસાડ્યો. છત્ર તરીકે માથે સુપડું ધર્યું. વિગેરે વિગેરે કરી નગરમાં ઉદ્‌ઘોષણા કરી કે-આમાં રાજાનો દોષ નથી, પણ અંતઃપુરમાં અપરાધ કરવાનો આ પાપીનો દોષ છે, માટે આનો વધ કરવામાં આવે છે. શ્રી સુદર્શન તો મૌનજ છે. લોકોમાં પણ એજ હાહારવ થયો કે-

**"न युक्तं सर्वथा ऽप्येत-न्नेह सम्भवतीदृशम् ।"**

'આ કોઈપણ પ્રકારે યોગ્ય નથી. અને આ પુણ્ય પુરૂષમાં આવું સંભવતું નથી. આ પછી આ રક્ષક પુરૂષોથી ભ્રમણ કરાવાતા શ્રી સુદર્શન પોતાના ઘર આગળ આવ્યા, અને મહાસતી મનોરમાએ પોતાના પતિને જોયા, અને વિચાર્યું કે-મારા પતિ સદાચારી છે. દોષ

સંભવિત નથી, પણ મારા પતિને જરૂર પૂર્વના કોઈ અશુભનો ઉદય આવ્યો. આથી તે મહાસતીએ પણ અભિગ્રહ કર્યો કે-પતિની આપત્તિ ન ટળે, ત્યાં સુધી ચારે આહારનો ત્યાગ! અનશન !-એમ કરી કાયોત્સર્ગ અંગીકાર કર્યો. પતિ ઉપર પત્નિનો કેવો વિશ્વાસ ? આવો વિશ્વાસ પરસ્પર ક્યારે જામે ? આચારશુદ્ધિ હોય તો ને ? આ બાજુએ આ રક્ષક પુરૂષોએ શ્રી સુદર્શન શેઠને શૂળી ઉપર ચઢાવ્યા. શૂળી પણ આ મહાત્માના પ્રભાવથી સુવર્ણકમલના આસનપણાને પામી. શ્રી સુદર્શનનો વધ કરવા માટે તીક્ષ્ણ તલવાર ચલાવી, તે પણ શીલશાલી તે શ્રેષ્ઠિના કંઠમાં પુષ્પમાલા થઈ ગઈ. આ જોઈને ચકિત થઈ ગયેલા આ રક્ષકોએ રાજાને વિનંતિ કરી, રાજા પણ હાથિણી ઉપર બેસીને શ્રી સુદર્શન શેઠ પાસે આવ્યો અને તેને ભેટી પડીને કહ્યું કે-'હે શ્રેષ્ઠિન્ ! તું તારા પ્રભાવથી વિનાશ નથી પામ્યો, બાકી મેં પાપીએ તો નાશ કરીજ નાખ્યો હતો. ખરેખર, અનાથ એવા સત્પુરૂષોના નાથ તરીકે ધર્મ એ જાગતોજ હોય છે. માયાપ્રધાન સ્ત્રીના વિશ્વાસથી, તારો નાશ કરનાર મારાથી બીજો કોઈ પાપી નથી. પણ ખરી રીતે મારી પાસે આ પાપ તો તેંજ કરાવ્યું છે. હે સત્પુરૂષ ! મેં વારંવાર પૂછ્યું છતાં પણ તું તે વખતે ન બોલ્યો.' આ પ્રમાણે કહેતા રાજાએ હાથીણી ઉપર બેસાડી, પોતાના મકાને લઈ જઈ, સ્નાન કરાવી, ચંદનથી વિલેપન કરાવી, અને વસ્ત્ર,

અલંકાર આદિ પહેરાવી, રાત્રીની હકીકત પૂછી, અને શ્રી સુદર્શન શેઠે સત્ય હકીકત કહી. આથી રાણી પ્રત્યે ક્રોધ પામેલો રાજા, રાણીનો નાશ કરવા તૈયાર થયો, પણ શ્રી સુદર્શન શેઠે રાજાના ચરણમાં શિર મૂકી, તેમ કરતાં રાજાને અટકાવ્યો. આ પછી ન્યાયશીલ રાજાએ શ્રી સુદર્શન શેઠને હાથી ઉપર બેસાડી, મોટી ઋદ્ધિ સાથે નગરની અંદર ફેરવીને, પોતાને ઘેર મોકલ્યા. રાણીએ ગળે ફાંસો ખાઈ પ્રાણોનો ત્યાગ કર્યો, અને ધાવમાતા ભાગી ગઈ, તથા મનોરમા સતીએ પણ કાયોત્સર્ગ પાર્યો. આપણો મુદ્દો એ છે કે-પરમશીલસંપન્ન શ્રી સુદર્શન શેઠની ધર્મવૃત્તિ અને ખ્યાતિ કેવી ?

જયવીયરાયમાં આપણે કયાં સુધી આવ્યા ?

''भवनिव्वेओ'' થી આરંભીને ''तव्वयणसेवणा आभवमखण्डा-''- સુધીની પ્રાર્થનાને બરાબર સમજનારો આત્મા અને હૃદયથી અવિછિન્નપણે એવું ઈચ્છનારો આત્મા પાપથી કંપ્યા વિના રહેજ નહીં, પછી યાવત્ મુક્તિ ન થાય ત્યાં સુધી માગ્યું કે-'હે વીતરાગ ! તારા શાસનમાં જોકે નિયાણાનો નિષેધ છે, તો પણ મને ભવોભવ તારા ચરણની સેવા હો.' કારણ કે-એ નિયાણું કાંઈ પાપરૂપ નથી, પણ લાભરૂપ છે. આ પછીની માગણી કરતા આ પ્રાર્થનાસૂત્રમાં કહેવાય છે કે-

''दुखक्खओ कम्मक्खओ समाहिमरणं च बोहीलाभो अ ।
संपज्जउ मह एअं, तुह नाह ! पणामकरणेणं ॥''

હે નાથ ! આપને પ્રણામ કરવાથી મને 'દુઃખોનો ક્ષય, કર્મોનો ક્ષય, સમાધિમરણ અને બોધિનો લાભ'-આ ચાર વસ્તુની પ્રાપ્તિ હો.

❋ ૧૯ ❋

**અર્થીપણું જાગ્રત કરો !**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી, મંગલાચરણમાં ફરમાવી ગયા કે-આ શાસન સદાને માટે જયવંતુ વર્તે છે, કારણ કે એમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી, તેમજ એક પણ સુંદર વિચારનો ઈન્કાર નથી : એના સિદ્ધાંતો અનેક અપેક્ષા અને યુક્તિએ એવા સિદ્ધ છે કે-એને સેવનાર આત્મા કર્મમળથી રહિત થઈ મુક્તિપદને પામી શકે જ, એટલા માટેજ એ શાશ્વત છે, અનુપમ છે, અને સઘળા જિનેશ્વરોથી આદિમાં નમસ્કાર કરાયેલું છે. આ તીર્થમાં આચાર એ મુખ્ય વસ્તુ છે. આચારની શુદ્ધિ વિના-ઉંચી કોટિના આચારના આલંબન વિના, આ તીર્થમાં કોઈ પણ આત્મા મુક્તિ પામ્યો નથી, પામતો નથી, અને પામવાનો પણ નથી. એના આચારો એટલા બધા કઠીન છે કે, ભવાભિનંદી આત્માને તો તે સ્હેલા લાગેજ

નહિ. આથીજ હંમેશ કરાતી પ્રાર્થનાને વિચારી રહ્યા છીએ. એ પ્રાર્થનાને લગતી ભાવના હૃદયમાં મજબૂત બનાવવી જોઈએ. જો એ બને તો આચાર બહુ સ્હેલા લાગે અને આચાર સ્હેલા લાગે તો, આચાર અમલમાં મૂકવાના પરિણામ પણ સ્હેલાઈથી થાય, અને એમ થાય તો પ્રવૃત્તિને આવતાં પણ વાર લાગે નહિ. પ્રાર્થના કરતી વખતે, તેમજ ઘેર ગયા બાદ પણ જો તે વિચારાય તો ભાવનામાં જરૂર મોટામાં મોટું અંતર પડી જાય. એ રીતે ભાવના શુદ્ધ થાય તો આચાર મીઠા લાગે-સાંભળવાની ઈચ્છા થાય, સંભળાય, રૂચે, લેવાની ઈચ્છા થાય અને તેવા સુયોગ્ય અવસરની રાહ પણ જોવાય. પણ એ બધું એ ભાવના દૃઢ થાય અને અર્થિપણું આવે તો બને. અર્થી ગમે તેવા કઠીન કામને પણ કરે છે. અર્થીપણું ન હોય એની તો વાતજ નથી. અર્થી બનીએ તો આ વસ્તુ કઠણ લાગે નહિ. અર્થી બનાય તો કહેનાર પ્રત્યે પણ પ્રેમ જાગે, આપનાર પ્રત્યે બહુમાન થાય, કોઈ પણ ભોગે આપનાર પ્રત્યે તો ભક્તિ જાગે, હૃદય ઉછળે. આ વસ્તુ તો વ્યવહાર સિદ્ધ છે. જે ચીજની જરૂર જણાય તે મેળવવા કેટલી મહેનત કરો છો ? જરૂરી વસ્તુ મેળવવા કોઈ પ્રેરણા કરે, સલાહ આપે, સહાય કરે, કોઈ પણ ભોગે મેળવી આપે અને મળી જાય તો કેવો આનંદ થાય ! સામાનો કેટલો ઉપકાર માનો ? કોઈ પૂછે કે-તમે પ્રાર્થના શા માટે કરો છો ? એક બે દિવસ નહિ.

પણ રોજ શા માટે કરો છો ? દિવસમાં સાત સાતવાર પ્રાર્થના કરવાનું વિધાન શું કામ ? એટલાજ માટે કે-આ પ્રાર્થના કરી કરીને અર્થીપણું પેદા કરવા : અર્થીપણું પેદા થશે તો કામ પાર થઈ જશે. અર્થીપણું આવ્યા પછી તો પોતે ત્યાં જશે. કોઈ સલાહ આપવા નહિ આવે તોયે પોતે સલાહ લેવા જશે, કોઈ શીખામણ આપવા નહિ આવે તોયે જાતે જઈ-હાથ જોડી-શીખામણ માગશે, પણ એ બધુંએ અર્થીપણું આવે તો. અર્થીપણું પેદા કરવા માટે હૃદય દૃઢ ને નિર્મળ બનાવવું જોઈએ, અને તે પણ એવું કે-પ્રાર્થના વખતે, ભાવના ન આવે તો આંખમાંથી પાણી ટપકવું જોઈએ. ભાવના આવી ગઈ એટલે એમાં ગણાવેલા ગુણોની પ્રાપ્તિ સહજ થશે.

**વૃક્ષના મૂળમાં જળનું સંચન કરો !**

'ભવનિર્વેદ'થી 'તવ્વયણસેવણા આભવમખંડા' સુધી આપણે વિચારી ગયા. હવે 'હે વીતરાગ ! તારા શાસનમાં નિયાણાના બંધનનો નિષેધ છે તોયે, હું માગણી કરૂં છું કે-હે નાથ ! જ્યાં સુધી હું સંસારમાં રહું ત્યાં સુધી ભવોભવ તારા ચરણની સેવા હો !' તારા ચરણની સેવામાં તકલીફ કે જોખમ જે કાંઈ હોય તે ભલે હો, પણ મને તો તારા ચરણની સેવાજ જોઈએ. જીવનનું સર્વસ્વ મૂકી દેવા વખત આવે તો ભલે, પણ મારે તો તારી

ચરણસેવા જોઈએ. તારી સેવા મળી એટલે હું રંક છું જ નહિ : ધર્મીને મન ધર્મ એજ ધન છે, ધર્મીની ત્યાંજ ધનબુદ્ધિ હોય, અને એજ આદમી ધર્મનું સંરક્ષણ કરી શકે. ધર્મમાં રહેલી ધનબુદ્ધિ નાશ પામે તો, ધર્મભાવના ટકી શકે નહિ : એ હોય તોજ બધું ! મૂળ હોય તો છોડ થાય, મૂળ વિના વૃક્ષ ન થાય. છોડ, ડાળાં, પાંખડાં અને વૃક્ષ વિગેરે મૂળને આધારે, તેમજ અહીં પણ કહો આ બધાનું મૂળ શું ? તમે સુખી છો, સામગ્રીવાળા છો, એનું મૂળ શું ? ધર્મ. વ્યવહારમાં કોઈ દરિદ્રી રહે તો તમે શું કહો ? પુણ્ય પરવારી ગયું. ધર્મ જાય તો દશા કેવી થાય ? જેના યોગે આ બધું છે, તે સાચવવા મહેનત કે આ બધું મળ્યું છે તે સાચવવા ? માળીને પૂછો કે-પાણી કયાં રેડે ? ઉંચે છોડવા પર રેડે કે મૂળમાં ? આખું વૃક્ષ લીલું છમ રહે તે શાથી ? મૂળમાં પાણી રેડાય એથી કે ઉપર રેડાય એથી ? મૂળમાં એ ગુણ છે કે-જરૂર મુજબ બધે પાણી પહોંચે : મૂળમાંથી લીલું રહી બહાર લીલું રાખે. જો બહારજ પાણી રેડાય, તો મહીં સુકાય એટલે પરિણામે બધું જ સુકાય. અહીં પણ આ બધું (આ બધી સામગ્રી) સાચવવું હશે તો પણ સેવા તો ધર્મનીજ કરવી પડશે. બગીચાનો માળી વનરાજીને ટકાવવા, ખીલવવા, મૂળમાં પાણી સીંચે, તેમજ સુખના અર્થીએ બહારની સામગ્રીમાં ન રાચતાં મૂળ રૂપ ધર્મમાંજ રાચવું-માચવું જોઈએ. એમ થાય તો આ બધું તો

જીવનપર્યંત, અરે મુક્તિપદે જાવ ત્યાં સુધી બન્યું રહે. શ્રી તીર્થંકરદેવોએ એ ધર્મમૂળને એવું સીંચ્યું કે-દેવતાઓ પાસે ને પાસે. ધર્મમૂળને એવું સીંચીને આવ્યા કે-ગર્ભમાં આવતાંજ-જન્મતાંજ દેવતાઓ હાજર. એ જન્મે, એ દીક્ષા લે, એમને કેવળ થાય અને નિર્વાણ પામે, એ બધા પ્રસંગોની ચિંતા દેવેંદ્રોને. એમને ચલાવવા હલાવવાની, એમના શરીરની બધી ચિંતા દેવેંદ્રો રાખે. એમનું મૂળ એવું મજબુત કે-ચીજ ઈચ્છવી ન પડે, માગવી ન પડે, મનોરથ કરવા ન પડે, ઈચ્છયા પહેલાં તો સામે આવી હાજર થાય. આજ તો કહે છે કે-માથાફોડ કરતાં છતાંએ મળતું નથી. મળે શી રીતે ? મૂળ સડેલું. ધર્મમાં કચાશ-આરાધના કરી નથી, તો મળે ક્યાંથી ? મુક્તિ તો મળે ત્યારે ખરી, પણ ત્યાં સુધીએ સુખી થવું છે કે દુઃખી ? જવું તો છે પરમ સુખ (સ્થાન)માંને ! ત્યાં જવાય ત્યારે ત્યાં તો પરમ સુખ છે જ, પણ ધર્મમૂળને સીંચાય તો અહીં પણ બાદશાહી. ત્યાં તો સુખ છે જ. વસ્તુ એવી સીંચો કે બેય ઠેકાણે આનંદ આવે. જેને સંતોષ છે, જેઓ વિષયથી પરાઙ્મુખ છે, તેને તો અહીં પણ મોક્ષ છે.

**દુઃખ ટાળવાનો ઉપાય**

દુઃખ કોને ? પર વસ્તુને પોતાની માને તેને ! જોઈએ તે ન મળે, મારૂં માનેલું જાય ત્યારે તેને દુઃખ થાય. જોઈએ તે ન મળે, અધુરૂં મળે, વિપરીત મળે, અથવા મારૂં માનેલું

જાય, બગડે, ત્યાં દુઃખ. જે મારૂં માને જ નહિ એને દુઃખ શું ? ધર્મ, ઈચ્છાનો લોપ કરવાનું શીખવે છે. ઈચ્છા ઉડે કે ચિંતા ગઈ, પછી તો લક્ષ્મી આવે તો આવો, જાય તો જાઓ ! આવે તોયે ભલે અને જાય તોયે ભલે. આ ભાવનાવાળાને ચિંતા કે દુઃખ ન થાય. આ ભાવના ન થાય તો માનો કે- ધર્મ બરાબર સમજાયો નથી : ધર્મ, ધર્મ રૂપે પરિણામ પામેલ નથી. વ્હાલામાં વ્હાલો પણ કોઈ જાય, તો પણ એમજ કહે કે-મારે પણ જવાનું છે, પરંતુ શોક ન કરે. સામગ્રી આવે ત્યારે કહે કે-પુણ્યનો યોગ, મૂકો ઠેકાણે, બનતો સદુપયોગ કરો. વચમાંથી ઉપડે તો કહે કે-પુણ્યમાં ખામી હતી તેથી ગઈ, ભલે ગઈ, ઉપાધિ ટળી, સાચવવાની ચિંતા મટી. 'ક્યારે મેળવું અને ક્યાં મૂકું ?'-એ વીચાર કરનારની હાલત છતે પૈસે, છતી સામગ્રીએ, છતે પરિવારે દુઃખીજ છે. ચિંતાની સગડી કાયમ ખાતે સળગતી જ છે. આ દુઃખ કમ છે ? સુખી રહેવાની રીત ધર્મ શીખવે છે. ધર્મમૂળને ખૂબ સીંચો, એવું સીંચો કે-સામગ્રી, લક્ષ્મી વિગેરે આવે તોય ઉન્માદ ન થાય, જાય તોય દુઃખ ન થાય. આવે તોય એની નમ્રતા, લઘુતા, ઢબ છબ એજ અને જાય તોયે એની પ્રસન્નતા એજ. એવું મન કાબુમાં ક્યારે આવે ? વસ્તુતત્ત્વ હૃદયમાં જચે ત્યારે. એ આદમી પોતાપણાને ભૂલે નહિ. રોજ પોતાના દોષ જુએ. દોષ કાઢવાની કોશિષ કરે. ધર્મ પોષાય, દોષ કઢાય, તો દુઃખ

થાય શી રીતે ? મોક્ષનો અર્થી સંસારમાં પણ દુઃખી નથી અને સંસારનો અર્થી સંસારમાં સુખી નથી. 'ભવે ભવે તારા ચરણની સેવા હો'-આ ભાવના ઘણી ઉંચી છે. શ્રી વીતરાગની સેવાનો મહિમા અને તાકાત અજબ છે. એ સેવાના પ્રતાપે આ સઘળું પણ મળેજ. માત્ર સેવા કરતાં આવડવું જોઈએ. હાથમાં ચિંતામણી છતાં ભીખ માગનારા ઘણાયે છે. કારણ કે-ચિંતામણીને ઓળખે નહિ, ઓળખે તો આરાધતાં આવડે નહિ, એ આવડે તો માગવું શી રીતે એની ખબરજ ન હોય. સેવા કરતાં આવડે તો તો વાંધો જ નહિ. ધર્મી દુઃખી હોય જ નહિ. ધર્મી કોણ ? મોક્ષને જ ઈચ્છે તે, સંસારને ઈચ્છે તે નહિ. ને ધર્મી સદા સુખી. મહેલમાં-ઝુંપડીમાં અને અટવીમાં બધેય સુખી. શ્રી કુમારપાળ મહારાજાને અંતે ઝેર અપાયું. એમના ભંડારમાં એક બુટ્ટી હતી, કે જેથી ઝેર દૂર થાય. ભંડારીને લાવવા કહ્યું. કાવતારાખોરોએ પ્રથમથી જ ન મળે તેવી વ્યવસ્થા કરી હતી. ભંડારીએ કહ્યું કે-'મહારાજ ! બુટ્ટી મળે તેમ નથી.' શ્રી કુમારપાળ મહારાજાએ કહ્યું : ''ચિંતા નહિ, હોત તો ઉપયોગ કરત, નથી તો મુંઝવણ નથી, મરવા પણ તૈયાર છીએ, કેમકે અરિહંતને આરાધ્યા છે, ગુરૂને સેવ્યા છે, ધર્મ પાળ્યો છે.' કોઈનું ભૂડું ઈચ્છયું નથી, એટલે શું થશે એની ચિંતા તેઓને શાની હોય ? બુટ્ટી હોત તો ઉપયોગ કરત. ન મળી એથી પણ નારાજ ન થયા. ઉલ્ટા સાવધ થઈને શ્રી રામચંદ્ર

મુનીશ્વરની હાજરીમાં અંતિમ આરાધના કરી અને પરલોક સુધાર્યો. આવી તાકાત ક્યારે આવશે ? માગણી તો એ છે કે-તારા ચરણની સેવા ભવે ભવે હોજો. એ સેવાજ એવી છે કે-દુ:ખ ન થાય. 'દુ:ખ ન થાય'-એનો અર્થ એ નથી કે, દુ:ખના પ્રસંગોજ ન આવે, પણ દુ:ખના પ્રસંગોને તે દુ:ખ રૂપ માને નહિ. નવકાર ગણનારો, દુ:ખી ન હોય, એનો ભાવ આ છે. બાંધેલ કર્મ ઉદયમાં ન આવે, નિકાચિત કર્મો ભોગવવાં ન પડે એમ નહિ, પણ એ સમયે ચિંતવે કે-અશુભોદય છે. સારૂં થયું કે, આ સ્થિતિમાં આવો ઉદય આવ્યો, કે જેથી હું સારી રીતે ભોગવી શકીશ. દેવું ઘટ્યું એથી આત્મા હલકો થશે, એટલે ઉંચે જવાશે, અને ઉંચે જવાની તો ભાવના તે ગળા સુધી (સંપૂર્ણ) ભરેલી જ છે.

**સંસારમાં સુખી કોણ ?**

''दुक्खक्खओ'' એટલે દુ:ખનો ક્ષય. શ્રી તીર્થંકરદેવને પણ ઉપસર્ગ આવે કે નહિ ? ભગવાન્ શ્રી મહાવીરદેવને પારાવાર પીડા થઈ છે : સાડાબાર વર્ષમાં દુનિયાએ માની લીધેલી શાંતિનો એક પણ દિવસ નહિ, એમ કહીયે તો ચાલે. કઠીન સંયમ, ધ્યાનમગ્ન અવસ્થા, ઘોર તપશ્ચર્યા, અને તેમાં આવા ઉપસર્ગોની પરંપરાને સહવી. એમના જેવાને કર્મના ઉદયે અનેક ઉપસર્ગ આવે, તો આપણા જેવા સામાન્યને આવે એમાં નવાઈ શી ? એવા ભયંકર

ઉપસર્ગોના પ્રસંગે પણ એ તારકે દુ:ખ માન્યું ? નહિજ. સંગમ નામનો દેવ લગભગ છ મહિના સુધી પીડા કરી જ્યારે પાછો જાય છે ત્યારે ભગવાન્ શું વિચારે છે ? એજ કે- સંસારને તારવાની ભાવનાવાળા અમારા સંસર્ગમાં આવીને પણ, આ પાપાત્મા સંસારમાં રખડી જશે. એ જે પીડા દઈ ગયો એનો પાર નથી. પણ શું આ દુ:ખ દઈ ગયો, એમ એમણે માન્યું ? એ તો મારૂં દુ:ખ લઈ ગયો, એના નિમિત્તે તો આત્મા હલકો થયો. એજ ભાવના આવી. જિનેશ્વરદેવની સેવા કરનારની ભાવના આ હોય. શ્રી જિનેશ્વરદેવના અનુયાયી વસ્તુમાત્ર ઉપર શાંત ચિત્તે વિચાર કરીને જ વર્તે. તે આત્માને લક્ષ્મી આવે તો મદ ન થાય અને જાય તો કહે કે-જવા દો, એનો જવાનો સ્વભાવ છે. સાચવવાની પંચાત ઓછી. આવું માનો તો? મનાય ? આવું ન મનાય ત્યાં સુધી, ધર્મ રૂપી મૂળ સીંચાય નહિ, અને એમ ન થાય ત્યાં સુધી સંસારમાં સુખ ન મળે સંસારમાં સુખી તે, કે જે મોક્ષને ઈચ્છે. કાંતો મોક્ષના આત્મા સુખી અને કાંતો મોક્ષે જવાની ઈચ્છાવાળા સુખી. તે શિવાય આખું જગત્ દુ:ખી. સંસારને ન ઈચ્છે, અને મોક્ષને ઈચ્છે તે સાચો ધર્મી. સમ્યગ્દૃષ્ટિ આત્મામાં સમજ ન હોય એમ નહિ. સમજે બધું જ : દુ:ખને દુ:ખ તરીકે અને સુખને સુખ તરીકે માને, સમજે, જુએ, જાણે, અનુભવે પણ મુંઝાય નહિ. જો એ ન જાણે તો તો અજ્ઞાનતા. વસ્તુને વસ્તુસ્વરૂપે

ઓળખે તો ખરો જ. મુનિ હીરાને તથા પથરાને બેયને ઓળખે અને ઉપેક્ષા પણ બેયની કરે. ગૃહસ્થ ઉપેક્ષા પથરાની કરે પણ હીરાની ? ન કરે, કેમ ? તો કે હજી તે હીરાની અસારતા સમજી શક્યો નથી અને અસારતા સમજી શક્યો છે, તો મમતા નથી તજી શક્યો. મુનિ હીરાની અસારતા સમજ્યા, પણ હીરામાં લાખની કિંમત છે, એ તો સમજે જ છે. એમજ દુ:ખને દુ:ખ માને, દુ:ખ તરીકે અનુભવે, પણ કહે કે-એ દુ:ખના પરિણામે સુખ છે, માટે એ દુ:ખ એ દુ:ખ જ નથી, કિન્તુ સુખનું સાધન છે. પૌદ્‌ગલિક ભાવમાં લીન રહેવાથી દુ:ખ નહિ જાય. દુ:ખ આવે તો પણ ન લેપાઉં, કે જેથી આરાધી શકું. માગનાર આત્મગુણના અર્થી જોઈએ. એ ન હોય તો કંઈને બદલે કંઈ માંગી લે. આખો ક્રમ વિચારો. મુનિ ભિક્ષાએ જાય તો પણ બુદ્ધિ એ કે-મળે તો સંયમપુષ્ટિ, ન મળે તો તપોવૃદ્ધિ. એને ગમે તે ચીજ મુંઝવે નહિ. લુખું, સુક્કું, ચોપડ્યું કે મિષ્ટાન્ન-જે મળે તે બધાનો ઉપયોગ સંયમપુષ્ટિ માટે. માગણી એ છે કે-સંયોગ રીબાવે એવા ન હોય, તો સ્હેજે આરાધી શકું. ધ્યેય તો મુક્તિનું જ. નીસરણી મજેની, પણ પગથીયું ચૂકે તો કઠેડો, સાંકળ, બધું હોય છતાંય પડે. શ્રી જિનેશ્વરદેવની સેવા માગરનારને દુ:ખ સહન કરવાની શક્તિ વધે. એનો અર્થ એજ કે-દુ:ખને દુ:ખ ન માને. દુ:ખને દુ:ખ માને, કે શક્તિહીન થઈ જાય. યુદ્ધમાં એ કાયદો કે-સામેથી

ધસારો ગમે તેવો આવતો હોય, પણ સૈનિકે તો સેનાપતિના વાવટાનેજ જોવો. ભલે ધસારો આવે, પણ વાવટો કહે કે-સામે જાઓ, તો સામે જવાનું. સામેથી આવતા ઘા, હથીયારો, કાંઈ જોવાનું નહિ. સેનાપતિના ઑર્ડર (હુકમ) મુજબ વર્તવાનું. જેમ ચકરડું ફેંકે તેમ ધસે, તો વિજય મેળવે-પણ જો ઓ બાપરે-એમ થયું તો હથીયાર હાથમાં રહે. દુશ્મનનો ધસારો જોઈને ભૂલ્યો, લેવાયો તો બળવાન પણ હાર્યો. આપત્કાલ વખતે આપત્ આત્માને હાનિ નથી કરતી, એ નક્કી થવું જોઈએ. એ વખતે આત્મા મજબૂત રહે તો આપત્, આત્માને હાનિ ન કરે. આપત્તિમાં લેવાઈ ન જવાય, તે ધ્યાનમાં રાખવું જોઈએ.

**સમ્યગ્દ્રષ્ટિ ત્યાગની તૈયારીવાળો હોય-**

સમ્યગ્દૃષ્ટિ આત્મા કદાચ મોહની તીવ્રતાના યોગે ત્યાગ કરી શકતો ન હોય, તો પણ તે ત્યાગની તૈયારીવાળો તો હોવોજ જોઈએ. અવસરે તેને ત્યાગ કરતાં મુંઝવણ ન થવી જોઈએ. આ ઉપર એક વ્યવહારિક દૃષ્ટાંત ખાસ યાદ રાખવા જેવું છે : ‘એક વખત એક સ્ત્રીએ પોતાના સસરાને, જમીનપર પડેલા, તેલને લઈ શરીરે તથા જોડા ઉપર ઘસતાં જોયા. પુત્રવધૂ ઘણીજ વિચક્ષણ હતી, પણ નવી હોવાના કારણે સસરાના ગુણોની એને ખબર ન હતી. આથી તેણીએ વિચાર્યું કે-ધૂળવાળું તેલ શરીરે ઘસે છે, આ કૃપણતા કેટલી ? કૃપણતા

એ મહાદોષ છે અને જો એ દોષ મારા સસરમાં હોય તો ખરાબ. ખાત્રી કરવી જોઈએ કે-આ તે કૃપણતા છે, કે કેવલ કરકસરજ છે ? પ્રસંગે તેણી એકદમ ચીસ પાડી પથારીમાં પડી અને બૂમાબૂમ કરવા મંડી પડી. બધા ભેગા થયા, અને પૂછવા લાગ્યા કે-શું થાય છે ? માથું દુઃખે છે. કેવું ? ન રહેવાય એવું. સસરો ઘેર આવ્યો, વહુ તો બુમાબુમ મારે છે. સસરા પૂછે છે કે-શું થાય છે ? આના ઉત્તરમાં તો તેણીએ બૂમાબૂમ કરીને કહ્યું કે-મારૂં માથું દુઃખે છે, મારાથી રહેવાતું નથી. સસરો પૂછે છે કે-પહેલાં આવું કોઈ વખત થયું હતું કે આજ જ આ થયું ? વહુએ કહ્યું કે-મારા બાપને ત્યાં એક વખત આવું થયું હતું.

સસરો૦ ત્યારે કયી રીતે મટયું હતું ? કંઈ ઉપાય ?

વહુ૦ ઉપાય તો છે, પણ અહીં એ ઉપાય ક્યાંથી થાય ? મારા બાપને ત્યાં તો એક ઉપાયથી તરત મટ્યું હતું.

સસરો૦ કહે તો ખરી, થાય ન થાયની શી ખબર પડી.

વહુ૦ થાય તેમ દેખાતું નથી, ત્યાં શું કહું ?

સસરો૦ તું કહે તે પછી એ જોવાનું કે-થાય છે કે નહિ ?

વહુ૦ સાચા મોતીને લસોટી, મારે માથે ભર્યાં હતાં. એથી માથું દુઃખતું મટ્યું હતું.

સસરાએ તરત તીજોરી ઉઘાડી. સાચાં મોતી કાઢ્યાં અને ઢગલો કર્યો. વાટવાને પથરો હાથમાં લીધો. વાટવા જાય છે કે તરત વહુનું માથું દુઃખતું મટી ગયું.

વહુ૦ પિતાજી, ક્ષમા કરો, હવે મારૂં માથું નથી દુઃખતું.

સસરો૦ બેટા. તું કહે કે-તેં આ કર્યું શું ?

વહુ૦ તે દિવસે જમીન પર પડેલા ધૂળવાળા તેલને શરીરે ચોપડતા જોઈ મેં આપને કૃપણ માનેલા અને એની પરીક્ષા માટે આ કર્યું હતું. મને મારી ભૂલ સમજાઈ. આજે સમજાયું કે-મારો સસરો કૃપણ નથી, પણ વસ્તુનો રક્ષક છે, વસ્તુને કુમાર્ગે જવા દેનાર નથી પણ જરૂર પડે ત્યારે ગમે તેવી ચીજને જતી કરવા તૈયાર છે.

સમ્યગ્દૃષ્ટિ આત્મા પણ કદાચ આમ છોડવાને તૈયાર ન હોય, તે છતાં પણ જો ધર્મના રક્ષણ માટે છોડવાનો પ્રસંગ આવે, તો સર્વસ્વ છોડવાને માટે સજ્જ હોવોજ જોઈએ.

**વૈયાવચ્ચ વખતે સ્વાધ્યાય ન હોય-**

શહેરમાં મરકી ફેલાઈ હોય, ત્યારે ત્યાં સંયમીને ચોમાસામાં પણ વિહાર કરવાની છુટ છે-કારણ કે, ચેપી રોગોના પ્રભાવે સોપક્રમી આયુષ્ય તુટી પણ જાય, માટે સંયમના સંરક્ષણ માટે મુનિ ચોમાસામાં પણ વિહાર કરી શકે. પણ શરીર સંયમને બદલે અસંયમમાં જતું હોય,

તો મુનિ તે શરીરનો ત્યાગ કરતાં પણ ન અચકાય. મુનિ બીમાર પડે, તે વખતે મધપુડાની આગળ જેમ માખીઓ ભેગી થાય, તેમ સંયમધર બધા મુનિઓ તે સંયમીની સેવા-ભક્તિ કરે. એ સેવા શરીરની કે સંયમની ? સંયમની ! સંયમનું સાધન શરીર. તે આપત્તિમાં પડે માટે એની સેવા મુનિઓ કરે. એ વખતે-વૈયાવચ્ચની વખતે, કોઈ મુનિ એમ કહે કે, હું તો સ્વાધ્યાય કરૂં છું-તો એ સ્વાધ્યાય નથી, પણ સંયમની અવગણના છે. આ સેવા શા માટે? સંયમ પ્રતિ અધિક પ્રેમ જાગે તે માટે. સંયમી આત્માને આપત્તિ હોય ત્યારે સ્વાધ્યાય આદિના બ્હાને આપત્તિમાં પડેલા મુનિવરની રક્ષા ન કરે, તો માનવું કે-એને સંયમની કિંમત નથી.

મુનિથી તપ ન બને તો આહાર ભલે કરે, પણ વસ્તુનો સ્વાદ થતો હોય તે તો ન જ કરે. આહારના અભાવે શુભધ્યાનમાં ટકવાની તાકાત નથી. પણ સ્વાદથી તો ઈંદ્રિયો લેપાતી જાય. ઈંદ્રિયો લેપાતી જતી હોય એ તો કોઈ વખત મારી નાખે.

**"दुक्खक्खओ कम्मक्खओ"**

આપણે આ માગીએ છીએ, શ્રી વીતરાગ પાસે ! માટે એ નક્કી કરો કે, એ માગણી વીતરાગ થવા માટે છે. સામગ્રી એવી મળે, કે જેથી વીતરાગ થવાય, ત્યાં બીજી ભાવના

આવે ? નજ આવવી જોઈએ. ચરણસેવા ભવોભવ શાને માટે માગી ? દુ:ખક્ષય માટે ! આ દુ:ખક્ષય કયારે થાય ? કર્મનો ક્ષય થાય ત્યારે ! શુભ કર્મનો ઉદય શુભ સંયોગો-તથા અશુભ કર્મનો ઉદય અશુભ સંયોગો ઉત્પન્ન કરે. પણ આત્મા સાવધ હોય તો વાંધો ન આવે. આધીન ન થવું. એ તો આત્માની સત્તાની વાત છે. ઉદયનું કામ તો સંયોગો ઉત્પન્ન કરવાનું, પણ આત્મા આધીન ન થાય તો કર્મ કરે શું ? જો કર્મ કરે એજ થતું હોય, ફુલ સત્તા કર્મની જ હોય, તો આત્મા મુક્તિ જાયજ કયાંથી ? કોઈને મુક્તિ જવા દેજ નહિ. આત્માને રમાડ્યા જ કરે. જે આત્મા શુભ તથા અશુભ સંયોગોને આધીન ન થાય, તેજ કર્મક્ષય કરી શકે અને મુક્તિ મેળવી શકે.

**શુભ-અશુભ સંયોગોને આધીન ન બનો**

પ્રાર્થનાસૂત્ર દ્વારા કરવામાં આવતી માગણી, મુક્તિ માટે છે-એ ભૂલવું જોઈએ નહિ : એમાં વિષય કષાય ન ઘુસે, એ ખ્યાલ રાખવો. આખું ચિત્ર, ચિત્રકારે મહેનત કરી કરી છ મહીને સારામાં સારૂં કર્યું હોય, પણ કોઈ જરા કાજળના છાંટા નાખે તો શું થાય ? કલંકિત થાય : પચાસ હજારની કિંમતનું હોય તોય નકામું થાય : કિંમત રદ થાય. પેલો કહે કે-મેં કર્યું શું ? ચિત્રકાર કહે કે-ભાઈ ! તેં એવું કર્યું કે, મારી બધીજ મહેનત પાણીમાં ગઈ.

કોઈને સુધારવા સહેલા કે બગાડવા ? કોઈને ચઢાવવા સહેલા કે પાડવા ? સન્માર્ગે લઈ જવા સહેલા કે ઉન્માર્ગે લઈ જવા સહેલા ? ઉત્તમ જીવો પણ ખરાબ નિમિત્તથી ખસી જાય, તો સામાન્ય જીવોની વાત શી ? મંગલ ક્રિયામાં મંગલની જરૂર છે, પણ અપમંગલની ક્રિયામાં નહિ : કારણ કે તે ક્રિયા જ અપમંગલરૂપ છે. તેમ બધો ગુંચવાડો જ સાચામાં છે. ખોટાનો તો આત્મા અનાદિ કાલથી અભ્યાસી છે, અરે અભ્યાસ તે કેવો-કે વાત વાતમાં જુઠું બોલે, અને એને ભાન પણ ન હોય કે-હું જુઠું બોલ્યો, કારણ કે, એવી ટેવ પડી ગઈ.

(સભા૦ આ તરફ એવી ટેવ પાડે તો ?)

પાડે તોને ! પાડ્યા પછી સહેલાઈથી થાય ને ! અહીં આવ્યા પછી સહેલાઈ થાય એ વાત સાચી ! ઉત્તમ સંસ્કાર પડ્યા પછી તો આત્મા એવો બનશે કે-આપત્તિ સહેવાનું પણ અપૂર્વ બળ આવશે. પરિણામે તે સત્ય ખાતર આપત્તિની પણ દરકાર નહિ કરે. મુનિ મોક્ષની સાધના માટે પ્રાણની આપત્તિ પણ સહે-હવે એ દુઃખના ક્ષય માટે કર્મનો ક્ષય કર્યા વિના છુટકો જ નથી. કર્મ માત્ર ન જોઈએ. શુભ તથા અશુભ બન્ને ન જોઈએ. પણ અશુભ આવતાં હો તો એ ન આવો, શુભ ભલે આવો, શુભ આવો તો પણ શુભાનુબંધી આવો. એનું નામજ પુણ્યાનુબંધી પુણ્ય. પુણ્યાનુબંધી પુણ્યવાળો આત્મા પણ, એનાથી મળેલા ભોગને

માને તો હેયજ ! ત્યાગ કરવા લાયક જ. પુણ્યાનુબંધી પુણ્યથી મળતા ભોગો આત્માને ફસાવે નહિ. આત્મા જાગૃત થવો જોઈએ. જાગૃત આત્મા અશુભના ઉદયને પણ નિષ્ફલ કરે છે. શ્રી રાવણ અને શ્રી લક્ષ્મણ નરકમાં પણ યુદ્ધ કરતા હતા. પૂર્વનું વૈર સાથે લઈને આવ્યા હતા, પણ સીતાજીનો જીવ જે બારમા દેવલોકનો ઈંદ્ર છે, અચ્યુતેંદ્ર છે, તે ત્યાં આવીને કહે છે કે-હજી આ દશા ? તરત તે જાગૃત થયા. સમ્યગ્દૃષ્ટિ આત્મા નરકમાં વેદના વેદે, બૂમ પણ પાડે, ચીસો પણ પાડે, પણ સમતાથી સહે. શાથી ? આત્મા જાગૃત થયો એથી. શુભ અને અશુભના સંયોગોને આધીન ન થવાનું કામ આત્માનું છે. આત્મા એને આધીન ન થાય તો એ બેય સંયોગો વાંઝીયા (નિષ્ફળ) બની જાય.

**શુભ અને અશુભ કર્મોની સત્તા ક્યાં સુધી ?**

પુણ્યયોગે એકને શુભ સંયોગો પણ અનેક મળી જાય અને પાપના યોગે એકને અશુભ સંયોગો પણ અનેક મળી જાય : પણ એ બેય તે તે સંયોગોને છોડે તો મુક્તિ જાય-શુભવાળો શુભને છોડે તો મુક્તિ જાય, અશુભવાળો અશુભને છોડે તો મુક્તિ જાય. શુભ અને અશુભ કર્મોની સત્તા ક્યાં સુધી ? આત્મા ઉંઘતો હોય ત્યાં સુધી. જાગે એટલે જરાયે નહિ. આત્મા કર્માધીન થઈ પ્રવૃત્તિ કર્યે જાય તો બગડે પણ એમ કહે કે-શુભને આવવું હોય

તો પણ ભલે આવો, અશુભને આવવું હોય તો પણ ભલે આવો, પણ બેમાંથી એકેના પણ ફંદમાં હું નહિ આવું : તો બેયને સીધું ને સટ ચાલ્યું જવું પડે. આત્મા પરનું પુદ્‌ગલનું આવરણ ખસી જાય ત્યારે સ્વરૂપ પ્રગટે અને તે પછી તે આત્મા સંસારમાં રહેજ નહિ. કારણ કે-કર્મમાત્ર જાય એટલે લોકાગ્રે (મોક્ષે) જ જાય. કાદવથી લેપાયેલી અને કાંકરાથી ભરેલી તુંબડી હોય, સાગરને તળીયે પડી હોય, કાંકરા નીકળી જાય, અને કાદવ ધોવાઈ જાય, તો એ તુંબડી સીધી ઉપર, જલની સપાટીએ આવે. એથી ઉંચે જાય ? ના, તાકાત નથી? તાકાત તો છે, પણ સાધન નથી. તેમ આત્મા પુદ્‌ગલના સંગથી રહિત થાય એટલે લોકાગ્રે જાય, ઉપર નહિ. ઉપર આકાશ તો છે, પણ અલોક છે. તેમાં ધર્માસ્તિકાયાદિકનો અભાવ છે. ધર્માસ્તિકાય વિના જીવ ગતિ કરી શકે નહિ. સ્વેચ્છાથી ગમનાગમન કરતા જીવ અને પુદ્‌ગલને ગમનમાં સહાય રૂપ થાય, તે ધર્માસ્તિકાય અને સ્થિતિમાં સહાય રૂપ થાય તે અધર્માસ્તિકાય. સ્વેચ્છાએ ગમનાગમન કરતા જીવને ગતિમાં સહાયક દ્રવ્ય, તે ધર્માસ્તિકાય અને સ્થિતિમાં સહાયક તે અધર્માસ્તિકાય. જ્ઞાનીએ જોયું કે-લોકમાં બે વસ્તુ છે, જેના યોગે જીવો તથા પુદ્‌ગલો ગમન તથા સ્થિતિ કરી શકે છે. એ ધર્માસ્તિકાય તથા અધર્માસ્તિકાય-બન્ને અરૂપી દ્રવ્યો છે. આત્મા જડથી એટલો બધો દબાઈ ગયો છે, કે જેથી જડ રમાડે તેમ

રમે છે. જડમાં પણ અનંતી શક્તિ છે. આત્માના અનંત ધર્મો પુદ્‌ગલના યોગે દબાઈ ગયા છે. નિગોદમાં જીવોનું ચૈતન્ય કેટલું ? અક્ષરના અનંતમા ભાગ જેટલું ! ત્યાં વેદના પણ અવ્યક્ત. નિગોદમાંથી ભવિતવ્યતાના યોગે બહાર આવે, યથાપ્રવૃત્તિકરણના યોગે ગ્રંથી દેશનિકટ આવે, વીર્યોલ્લાસ થાય અને અપૂર્વકરણ આવે તો તે અપૂર્વકરણથી ગ્રંથી ભેદી અનિવૃત્તિકરણાદિક કરે અને સમ્યક્ત્વ પામે ત્યારે આત્માના સ્વરૂપની ઝાંખી થાય ! વસ્તુ પામ્યા પછી ઉદ્યમની જરૂર. આત્મા અને જડ અલગ છે માટે જડથી બચવું. જડથી છુટવાના જ પ્રયત્ન કરવાના, કે જેથી મુક્તિપદે પહોંચાય. જડથી દબાયેલા આત્માને જડથી અલગ કરવાના પ્રયત્ન કરવા જોઈએ. આત્માને વળગેલાં જડરૂપ કર્મોનો ક્ષય ત્યારે જ થાય, કે જ્યારે તેના યોગે ઉપસ્થિત થયેલ શુભ અને અશુભના સંયોગને આત્મા આધીન ન થાય. સંપૂર્ણપણે આત્માથી કર્મનો સંયોગ ક્ષીણ ન થાય, અને આ સંસારમાં જન્મ અને મરણ કરવાં જ પડે, તો મરણ સમાધિથી હો અને જ્યાં ત્યાં બોધિનો લાભ થાઓ, કે જેથી મારો આત્મા પરિણામે મુક્તિપદને સાધી શકે, અને તે સિદ્ધ ન થાય ત્યાં સુધી આ સંસારમાં પણ મારા આત્માને દુનિયાનાં દુઃખો અને કર્મોનો સંયોગ સતાવે નહિ.

## ❋ ૨૦ ❋

### સમાધિમરણ અને બોધિલાભ

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મંગલાચરણ કરતાં ફરમાવી ગયા કે-આ તીર્થ હંમેશને માટે જયવંતુ વર્તે છે. કારણ કે-એમાં એકપણ અયોગ્ય વિચારને સ્થાન નથી, અને એક પણ સુંદર વિચારનો ઈન્કાર નથી : એના સિદ્ધાંતો અનેક ભઙ્ગીથી એવી રીતે સિદ્ધ થયા છે કે-તેને સેવનાર આત્મા, કર્મમળથી રહિત થઈ, જરૂર મુક્તિપદે પહોંચે : માટે જ એ શાશ્વત છે, કેમકે સત્યને શાશ્વત રહેવાનો હક્ક છે : એથી જ એ અનૂપમ છે અને સઘળા શ્રી જિનેશ્વરદેવોથી શરૂઆતમાં નમસ્કાર કરાયેલું છે. આ તીર્થમાં આચાર, એ મુખ્ય વસ્તુ છે. એ આચારને જીવનમાં ઉતારવા માટે આપણામાં ભાવના બહુ સ્થિર હોવી જોઈએ : જો ભાવના સ્થિર ન હોય, તો આ આચાર જીવનમાં ઉતરવા બહુ કઠીન છે. અનાદિકાલથી જેનો સંગ કર્યો, તેને તજીએ તોજ આચાર જીવનમાં ઉતરે : એને મૂક્યા વિના ઉતરી શકે તેમ નથી, માટે આપણે પ્રાર્થનાસૂત્ર (જયવીયરાય) વિચારીએ છીએ. એ સૂત્રમાં જેની માગણી કરીએ છીએ, તેને ભાવનારૂઢ બનાવવી જોઈએ : એ ભાવનામાં એવા તન્મય બનવું જોઈએ કે-પરિણામની ધારા પ્રગટે, કે જેથી સહેજે પ્રવૃત્તિ આવીને ઉભી રહે-આચાર સહેજે આવે.

ભવનિર્વેદ, એ પહેલી માગણી : એ પણ ટકે ક્યારે ? માર્ગાનુસારિતા વિગેરે બધા પાછળના, ભવનિર્વેદ પછી આવે : કિન્તુ ભવનિર્વેદ પણ ટકે ક્યારે ? સદ્‌ગુરૂના વચનની સેવા અખંડપણે ટકે તો ! એ સેવા હોય તોજ બધી વસ્તુ ટકે. ભવનિર્વેદ, એ પાયો છે : વચનસેવા એ સાધન છે. ભવનિર્વેદ વિના વચનસેવાનો ભાવ પણ ન થાય. સદ્‌ગુરૂની અખંડિત વચનસેવા માગ્યા પછી, પ્રાર્થનાસૂત્રમાં એ માગણી છે કે :- 'હે ભગવન્ ! તારા શાસનમાં નિયાણાના બંધનનો તો નિષેધ છે, તો પણ હું નિયાણું કરૂં છું કે-જ્યાંસુધી સંસારમાં રહું, ત્યાં સુધી ભવે ભવે મને તારા ચરણની સેવા હો ! શ્રી જિનેશ્વરદેવની ચરણસેવા મળે, એટલે બીજા બધા ગુણો તો સહજ છે. ત્યાર પછીની છેવટની માગણી દુઃખનો ક્ષય ! એના માટે કર્મનો ક્ષય ! અને જ્યાં સુધી મરવાનું છે, ત્યાં સુધી સમાધિમરણ, તથા જ્યાં જાઉં ત્યાં બોધિલાભ! સમાધિ મરણ કોને થાય ? જેવો આત્મા તેવું મરણ. શાસ્ત્ર મુનિના મરણને 'પંડિત મરણ' કહે છે, શ્રાવકના મરણને 'બાલ પંડિત મરણ' કહે છે, અને બીજાના મરણને 'બાલ મરણ' કહે છે. પંડિતાઈ કયી ? જેટલા પ્રમાણમાં પાપથી વિરામ પામ્યા હોય તે. જે વસ્તુ આત્માને મુંઝવતી હતી, તેના સંગથી સર્વથા મુનિ ખસ્યા, માટે એમનું મરણ-તે 'પંડિત મરણ' : દેશવિરતિ શ્રાવક અંશે ખસ્યા, માટે એમનું મરણ-તે અંશે 'પંડિત મરણ તથા બાકીના અંશે

બાલ મરણ !' અને બીજા બધા સંસારના સંગમાં બેઠા છે, માટે એમનું 'બાલ મરણ !' આપણો મુદ્દો એ છે કે-પંડિતાઈ શું ચીજ છે, એ સમજો. કોરી બુદ્ધિ એ શુષ્ક બુદ્ધિ છે : બુદ્ધિ સંસ્કારી અને ફલવતી જોઈએ : અસંસ્કારી અને ફળ વગરની બુદ્ધિ કામની નથી. જેટલી ચીજો આત્માને ઘાતક છે, તે બધાથી આત્માએ અલગ થવાનું છે. બુદ્ધિના ઉપયોગની ત્યાં જરૂર છે. અલગ થવું પડે, એમાં કિંમત નથી-પણ આત્મા સ્વયં અલગ થાય, એમાં કિંમત છે. સમ્યગ્દૃષ્ટિ આત્મા પણ ધારે તો 'સમાધિ મરણ' સાધી શકે છે : કારણ કે-તે એ બધી વસ્તુને તજવા યોગ્ય તો માને છે. સમાધિ મરણ શા માટે ? એટલા જ માટે કે-ભલે આ જીંદગીમાં તો મમત્વ ન છુટ્યું, પણ પરંપરા સાથે ન આવે. મોહની આધીનતાના યોગે આત્મા જીંદગી સુધી તો ત્યાગ ન કરી શક્યો, અને લેપાયો : પણ જતી વખતે તો એ લેપ છોડવો છે, કે સાથે લઈ જવો છે ? બધી સામગ્રી તો અહીં રહેવાની છે : તો એના યોગે નિરર્થક લેપ સાથે આવે એવી મૂર્ખાઈ કોણ કરે ? મહેનત કરવા છતાંય, એ ચીજો તો સાથે ન આવે-તો વળી પાછળના પાપની ભાગીદારી કાયમ રાખવાની મૂર્ખતા કોણ કરે ? પણ એ ક્યારે બને ? એ હેય છે, એના સંસર્ગથી અહિત છે-એવી બુદ્ધિ થાય તોને! ત્યારે માગણી એ કે-જ્યાં સુધી સંસારમાં રહું, ત્યાં સુધી ભવે ભવે તારા ચરણની સેવા :

એને માટે દુ:ખક્ષય-કર્મક્ષય-સંપૂર્ણ કર્મક્ષય ન થાય, ત્યાં સુધી જે વારંવાર મરણ થાય, તે સમાધિયુક્ત થાઓ અને જ્યાં જઉં ત્યાં બોધિનો લાભ થાઓ ! જ્યાં જઈએ ત્યાં જે સામગ્રી મળે, તેના સદુપયોગની બુદ્ધિ થાય, તે બોધિલાભ ! બોધિલાભ, સંસારના હેતુને મોક્ષનો હેતુ બનાવે છે. સંસારના હેતુને પણ ત્યાંથી ખસેડી, મોક્ષના હેતુમાં યોજે છે : કોઈ ક્રિયા સાધતાં સંસારનો હેતુ નડતો હશે તો તેને ઉલટાવી, હાનિકર નહિ થવા દે : માટે બોધિલાભ હો. બોધિલાભ વિનાની આર્યદેશ, આર્યુકળ, આર્યજાતિ-વિગેરે સામગ્રી નકામી ! એ વિના એ કામ પણ શું આપે ? એ બધી સામગ્રી ફળે ક્યારે ? બોધિલાભ હોય ત્યારે. બોધિલાભ જલ્દી મળે ! એમાં તન્મય થવાય, શ્રી જિનેશ્વરદેવના વચનમાં ઓતપ્રોત થવાય, તો તો મળેલી બધી સામગ્રી સફળ ! શ્રી જિનેશ્વરદેવના વચન ઉપર પ્રીતિ થવા પહેલાં પણ, પાપની ભીરૂતા આવવી જોઈએ. પાપનો ભય ન હોય, તો શ્રી જિનેશ્વરદેવનાં વચન ગમેજ નહિ.જેને પાપનો ભય નથી, જેને ભવનો ડર નથી, અને જેને સંસારના રંગરાગ તરફ અરૂચિ નથી, તેને શ્રી જિનેશ્વરદેવની વાણી ન ગમે, શ્રી જિનેશ્વરદેવની વાણી તો ક્યારે ગમે ? જ્યારે ભવની અરૂચિ થાય ત્યારે ! શ્રી જિનેશ્વરદેવનું વચન બધાને રૂચતું હોત, તો તો પછી જોઈએ શું ? શ્રી જિનેશ્વરદેવના વચન ઉપર રૂચિ કેળવવા માટે તો આ બધા પ્રયત્ન છે.

**ઉપકાર પણ, યોગ્યનો જ થઈ શકે છે**

હવે શ્રી આચારાંગસૂત્રના મંગલાચરણના બીજા શ્લોકને લઈએ છીએ. ભગવાન્ શ્રી વીરદેવે જગત્ના હિતની ખાતર, જરાય શંકાને સ્થાન ન મળે તેવા-આ આચારશાસ્ત્રને કહ્યું છે. જગતના હિતની ખાતર-પ્રાણી માત્રના ભલાની ખાતર કહ્યું છે. આરાધક બુદ્ધિને ધરનાર, કોઈ પણ પ્રાણી એવો નથી-કે જેનું આ આચારશાસ્ત્રથી હિત ન થાય : કારણ કે, આ આચાર ઉત્તમ છે, કે જે જે આરાધક બુદ્ધિથી સેવે, તેને તેને પવિત્ર બનાવે અને તે સેવનારના સહવાસીઓને પણ પવિત્ર બનાવે. આ આચારને સંપૂર્ણપણે જીવનમાં ઉતારનાર તરફથી પ્રાણીમાત્રને અભયદાન મળે. આ આચારને સંપૂર્ણપણે અંગીકાર કરનાર તરફથી-એટલે સર્વવિરતિથી પ્રાણી માત્રને અભયદાન મળે : એ પવિત્ર આત્મા તરફથી એકેંદ્રિયો પણ નિર્ભય બને, એકેંદ્રિય જીવો માટે પણ એવી કાળજી છે. ભલે એનું ભલું આપણે ન કરી શકીએ, પણ આપણાથી તે જીવોને પીડા તો નજ થાય : કેમકે, ભલાનો આધાર તો સામાની યોગ્યતા ઉપર છે. એમાં ભલું કરનારનું એકલાનું ચાલતું નથી. શ્રી તીર્થંકરદેવ જેવા ઉપકારી પણ, સાંભળવાની તાકાત વગરના અસંજ્ઞીપર, તેમજ દુર્ભવી કે અભવિ ઉપર, શો ઉપકાર કરી શકે ? ભલું કરવાની ભાવના તો ઉંચામાં ઉંચી, પણ સામામાં યોગ્યતા હોય તો ભલું

સૂરિરામની વાણી : જ્ઞાનરત્નોની ખાણી
પ્રત-૫ મી
●
શ્રી આચારાંગના વ્યાખ્યાનો ભાગ-૨

કરી શકાય. અકિંમતી ચીજને કારીગર કિંમતી બનાવે, પણ ચીજમાં યોગ્યતા તો હોવી જોઈએ ને ? લાકડાની ગાંઠ લાવીને કારીગર પાસે મૂકે, તો કારીગરનાં હથીયાર પણ ભાંગી જાય ! ત્યાં કારીગર શું કરે ? સામો આત્મા ઉપકારને યોગ્ય હોય તો ઉપકારી ઉપકાર કરી શકે. 'सर्वेषां शुभं भवतु-સર્વનું શુભ થાઓ !' ભાવનામાં તો આ હોય, પણ એ ભાવનાનો અમલ અયોગ્ય ઉપર કદી થયો નથી, થતો નથી અને થવાનો પણ નથી. જો એમ અમલ થતો હોત, તો શ્રી તીર્થંકરદેવ કોઈને છોડીને જાતજ નહિ. બધાને મુક્તિએ પહોંચાડવા જ, એ તો ઈચ્છતા હતા-પણ એમણે જોયું કે, ઉપકાર તો અમૂક ઉપર જ થાય : યોગ્યતાના પ્રમાણમાં જ થાય. ગણધર અગિયારને જ કેમ બનાવ્યા ?-બીજાને કેમ નહિ ? ઉત્તર એજ કે-અન્યમાં તેવી યોગ્યતા નહોતી. અમૂકને મુનિ બનાવ્યા, અમૂકને કેમ નહિ ? અહીં પણ એજ ઉત્તર કે-યોગ્યતા નહોતી. એ ખરૂં કે, યોગ્યતાને ખીલવવા માટે શ્રી તીર્થંકરદેવ અપૂર્વ નિમિત્ત છે : એવું નિમિત્ત દુનિયાભરમાં બીજું એક પણ નથી : જેટલાં નિમિત્તો છે, તેને સેવવાં જોઈએ અને તે દ્વારાએ યોગ્યતા કેળવવી જોઈએ. શ્રી તીર્થંકરદેવ કાંઈ હાથોહાથ કેવલજ્ઞાન આપતા નથી. એટલા માટે તો કહેવાય છે કે-કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, પ્રગટ થયું, પણ 'કોઈએ આપ્યું'-એમ નથી કહેવાતું : ઔપચારિક ભાષાથી 'આપ્યું'-એમ પણ કહી

શકાય. કેવલજ્ઞાન આત્મામાં છે, પણ જડ કર્મના સંસર્ગથી દબાયેલું છે, અને તેને કર્મના સંસર્ગથી રહિત થઈ પ્રગટ કરવાનું છે, તેથી તેને માટે યોગ્ય નિમિત્તોની ઘણીજ આવશ્યકતા છે : માટે ઉત્તમ નિમિત્તો સેવવાં જ જોઈએ અને યોગ્યતા કેળવવી જોઈએ. નોકર મહેનત કરે તો શેઠ પગાર આપે, મહેનત વિના પગાર ન આપે, છતાં જેમ નોકર શેઠને દાતા કહે-એ ઉપચાર છે, તેમ જ્ઞાનીના નિમિત્તે કેવલજ્ઞાન મળે-તેના દાતા જ્ઞાનીને કહેવાય, એમાં વાંધો નહિ-પણ એ ઔપચારિક ભાષા. વસ્તુતઃ તો ગુણો છે, તેજ પ્રગટ કરવાના છે. તે પ્રગટ કરવા માટે જેટલાં નિમિત્તો અને સાધનો જે રીતે સેવવાં જોઈએ, તે રીતે ન સેવાય, તો તે પ્રગટ ન થાય. સ્વાભાવિક શ્વેત વસ્ત્ર જો મલિન થયું હોય, તો તેના ઉપરનો મલ-જો થોડો હોય તો-એકલા પાણીથી જાય,-અધિક લાગ્યો હોય તો-સાબુથી જાય, અને-એથી પણ અધિક લાગ્યો હોય તો-ખારમાં બાફવાથી જાય. કોઈ એમ કહે કે-'આત્માના ગુણો આત્મામાં છે, તો પછી બાહ્ય આલંબનની જરૂર શી ?' - તો એ આત્મા સમ્યગ્દર્શનથી ખસી જાય છે. માટે જે સાધનોથી કચરો ભરાયો હોય, તેનાં પ્રતિપક્ષી સાધનો દ્વારા કચરો ન કઢાય, તો આત્મા મલીન રહે, અને એ મલીનતા વધે. આપણો મુદ્દો એ છે કે-ઉપકારને યોગ્ય આત્મા ન હોય તો ઉપકારીની ભાવના ગમેતેવી હોય, પણ થાય શું ? પણ જેનો ઉપકાર ન થઈ

શકે તેનું એ 'ભૂડું' થાઓ'-એમ તો ભાવનામાંયે ન હોવું જોઈએ.

**પૂર્વાચાર્યોની અપૂર્વ લઘુતા**

ટીકાકાર મહર્ષિ કહે છે કે-પ્રાણી માત્રના ભલા માટે આ આચાર શાસ્ત્રને ભગવાન્ શ્રી મહાવીરદેવે જેવી રીતિએ કહ્યું, તેવીજ રીતિએ કિંચિત્ હું કહું છું. મૂળ આ શાસ્ત્ર કહ્યું કોણે? ભગવાને. એમણે કહ્યું કેટલું બધું ? પારાવાર. માત્ર ત્રણ પદથી દ્વાદશાંગી રચવાની શક્તિ ધરનારા ગણધરદેવો પણ પ્રભુના કથનને ઝીલાય તેટલું ઝીલે છે. શ્રી ગણધરદેવોનું સામર્થ્ય કેટલું ? એ આત્માઓ પૂર્વે એવી આરાધના કરીને આવેલ હોય છે, એવો જ્ઞાનનો ખજાનો સાથે લઈને આવેલ હોય છે, એમનો આત્મા એવો નિર્મળ બની ગયેલો હોય છે, કે માત્ર ત્રણ પદ ઉપરથી જ એક અંતર્મુહૂર્તમાં એઓ શ્રી દ્વાદશાંગી રચે છે. પ્રભુના અગીઆરે ગણધરોએ એ મુજબ શ્રી દ્વાદશાંગીની રચના કરી છે.

(પ્રશ્ન° બ્રાહ્મણમાંથી આવેલાને !)

હા, ભણેલા ઘણું હતા : માત્ર ખામી ચાવીની હતી ! જ્ઞાનની દિશા પલટાઈ ગઈ : ત્રણ પદમાં વસ્તુ માત્રનું સ્વરૂપ જાણી લીધું : પૂર્વની સામગ્રીના યોગે એવા તૈયાર હતા કે-આ ત્રણ પદ સાંભળે, કે બધાં દ્વાર ઉઘડી જાય. ભગવાન્ 'उपन्नेइ वा, विगमेइ वा, धुवेइ

વા'-આ ત્રણ પદ કહે, એ ઉપરથી શ્રી ગણધરદેવો અંતર્મુહૂર્તમાં દ્વાદશાંગી રચે. સંપૂર્ણ વિવેચન કરવાની તાકાત તો ચૌદ પૂર્વીની પણ નથી હોતી. શ્રી ગણધર ભગવાનનું જ્ઞાન અતિશાયી હોય છે. ટીકાકાર મહર્ષિ કહે છે કે-મારે કહેવાનું તો એજ પણ હું કાંઈ બધુંય કહી શકું ? ના. કહેલું તે ત્યાંનું, પણ જેટલું કહ્યું તેટલું કહેવાની મારી તાકાત નથી-પણ જે કંઈક કહું છું, તે મારૂં નથી : કારણ કે, મારામાં જે આવ્યું છે, તે ત્યાંથી આવ્યું છે. વાત પણ ખરી છે કે-'હવાડામાં પાણી આવે ક્યાંથી ?' કહેવું જ પડે કે-'કુવામાંથી.' હવાડો એમ કહે કે-હું પાણીનું ઘર, તે કાંઈ ચાલે ? કુવાને બંધ કરો અને પછી હવાડામાં જુઓ, એટલે માલૂમ પડી જશે કે-'પાણી હવાડામાનું છે કે કુવામાનું ?' આથી જ ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે-હુ કહું છું, તે મારૂં નથી-પણ પ્રભુનું કહેલું છે-એટલું જ નહિ પણ પ્રભુએ કહેલામાંથી પણ કિંચિત્ માત્ર જ છે ! કહો કેટલી લઘુતા ? મહાપુરૂષોમાં આજ સદ્‌ગુણ હતો. આ સદ્‌ગુણથી જ જૈનશાસનની તેઓ સેવા કરી શક્યા છે. હરેક મહાપુરૂષે પૂર્વપુરૂષોને જ ભળાવ્યું : પોતાનું ઉમેરણ જરા પણ ન કર્યું. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં દોઢડાહ્યા ન ખપે : ડાહ્યા ખપે ! બહુ ડાહ્યા ન હોય તે પણ ખપે : પણ દોઢ ડાહ્યા તો નજ ખપે, કારણ કે એ તો મારી જ પાડે. ડાહ્યો તો હોય તેવું જ કહે, ન સમજે તો હોય તે સાચવી રાખે,

પણ પેલો તો ડહોળવાનું જ કામ કરે : એટલે એ ન પાલવે. જૈનશાસનની સુંદરતા જળવાઈ રહી છે, તેનું કારણ ઉપર કહી આવ્યા તે સદ્ગુણ જ છે. પૂર્વના મહાપુરૂષો તો કહેતા કે-કયાં એ મહાપુરૂષો અને કયાં અમે ! શ્રી જિનેશ્વરદેવો તો રાગદ્વેષરહિત ! એ શા માટે જૂઠું કહે ? ન સમજાય તો અમારી મતિની મંદતા અને એ મતિની મંદતાના યોગે ન સમજાય, માટે એ ખોટું-એમ કહેવાનો અમને અધિકાર નથી જ !-આવી ભાવનાવાળા આત્મા સાંભળે, વિચારે, મનન કરે અને પછી બીજાને આપે. પૂર્વાચાર્યોએ આવી સુંદરતા ન રાખી હોત, તો આ ટકત નહિ. જો કે ગયું ઘણું, પણ રહ્યું તે તો એ ઉપકારી પુરૂષોએ શાસનને એવું સાચવ્યું છે કે-ન પૂછો વાત ! જરા બુદ્ધિભેદ પડ્યો ત્યાં ડહોળ્યું નહિ, પણ 'तत्त्वं ते विदन्ति' તત્ત્વ તેઓ જાણે-કેવળી મહારાજ જાણે, એમ કહી ત્યાં ભળાવ્યું. કહો, કેટલા નિરભિમાની ? એને એ અભિમાન-રહિતપણું હોવું જ જોઈએ, નહિ તો કેવળજ્ઞાનથી જોવાયેલી વસ્તુને છદ્મસ્થો ડહોળે, તે ક્યાં સુધી ચાલે ? કેવળ આગમથી જ જ્ઞેય એવા પદાર્થો, હેતુથી જણાવવા માંગે-તે પણ મિથ્યાદૃષ્ટિ. કેટલાય પદાર્થોમાં યુક્તિ ન ચાલે, ત્યાં યુક્તિ કરવાનું ડહાપણ ન કરાય.

ટીકાકાર મહર્ષિ કહે છે કે-જે કાંઈક કહેવાય છે, તે તેજ કહેવાય છે-કે જે ભગવાન્

શ્રી મહાવીરદેવે કહેલું છે. ટીકાકાર મહર્ષિ વધુમાં કહે છે કે-ભગવાન્ શ્રી મહાવીરદેવે કહેલું કહું છું, માટે મારી વાણીને ભગવાન્ પોતે જ પાવન કરો ! આથી સ્પષ્ટ જ છે કે-શ્રી જિનેશ્વરદેવના શાસનમાં મતિકલ્પનાને સ્થાન નથી. મતિનો ઉપયોગ પદાર્થોને સમજવા માટે છે, પણ આપણી મતિકલ્પનામાં ગોઠવાયેલા પદાર્થો એમાં ઘાલવાના નથી. સઘળા જ જૈન ગણાતા આ ભાવનાવાળા થઈ જાય, તો કેવો આનંદ આવે ? વસ્તુને જાણવા માટે, બુદ્ધિનો ઉપયોગ કરવામાં વાંધો નથી. વસ્તુને સમજવા-નિશ્ચિત કરવા, બુદ્ધિનો ઉપયોગ થાય, પણ શાસ્ત્રને ઉલટું સુલટું કરવા માટે ન જ થાય.

વધુમાં ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે-

**''शस्त्रपरिज्ञाविवरणमतिबहुगहनं च गन्धहस्तिकृतम् ।**
**तस्मात् सुखबोधार्थं, गृह्णाम्यहमञ्जसा सारम् ॥१॥''**

શ્રી ગન્ધહસ્તિજીએ કરેલું 'શસ્ત્રપરિજ્ઞા વિવરણ' અતિશય ગંભીર છે : તેમાંથી હું સુખપૂર્વક બોધ થાય, તે માટે યોગ્ય રીતિએ સાર ગ્રહણ કરૂં છું. કેવી અને કેટલી લઘુતા ! આ લઘુતા આવવી સ્હેલી નથી. શાસ્ત્રના વચનમાં, સિદ્ધાંતના વચનમાં, આ લઘુતા લાવ્યા વિના છુટકો નથી. અહીં **'अहं अहं'** આવ્યું, તો ખલાસ !

**જગત્‌ને અંધ બનાવનારો મોહરાજાનો મહામંત્ર-**

મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવર ફરમાવે છે કે-

"**अहं ममेति मंत्रोऽयं, मोहस्य जगदांध्यकृत् ।**"

ખરેખર '**अहं**' અને '**मम**' - આ મોહરાજાનો મંત્ર જગત્‌ને અંધ બનાવનાર છે. આ મોહમંત્રમાં જગત્‌ને અંધ કરવાની અપૂર્વ તાકાત છે. આખું વિશ્વ એમાં મુંઝાએલું છે. એ મોહ જો અહીં ઘુસે, તો પરિણામ ઘણુંજ ભયંકર આવે. ઉપકારી ગણાતો જ્ઞાની જો વિનીત ન બને, તો અપકારી જેટલું ભૂંડું કરી શકે, તેથી પણ અધિક, જો તે ઉંધે માર્ગે જાય તો બૂરૂં કરે, મૂર્ખ તો જેમ ભલું ન કરી શકે, તેમ બહુ બૂરૂં પણ ન કરી શકે. પણ ડાહ્યો, ભણેલો-ગણેલો, વાંકો થાય તો તો ગજબ કરે. માટે શાસ્ત્રકાર મહર્ષિઓ કહે છે કે-જ્ઞાની વિનીત જોઈએ !-એટલે કે અષ્ટકર્મના ક્ષયમાં પ્રયત્નશીલ જોઈએ. જેને પોતાના આત્માને લાગતાં કર્મબંધનોનો ભય નથી, તેને જ્ઞાની કોણ કહે ? જેને પોતાના આત્માનું ભાન નથી, પોતાના આત્માની દયા નથી, પોતાના હિતાહિતની ખબર નથી, તે જ્ઞાનીજ નથી. જેની પ્રાપ્તિથી રાગાદિ દોષ વધે તે જ્ઞાનજ નથી : જ્ઞાની તો 'અહં' અને 'મમ'થી વેગળો થતો જાય. (હું શાસનનો અને મારૂં શાસન-એમ કહેવાય કે નહિ ?) એ જરૂર કહેવાય. 'અહં' અને 'મમ'

ભાવની વાત, તે પૌદ્‌ગલિક ભાવની છે અને અહીં પૌદ્‌ગલિક ભાવનોજ નિષેધ ચાલે છે. આત્મીય ભાવનો વાંધો નથી. 'ભવમાં અને મોક્ષમાં સમાન સ્થિતિ'-એ દશા તો ઘણી દૂર છે : એ દશા ન આવે ત્યાં સુધી તો પ્રશસ્ત વસ્તુઓ તરફનું મારાપણું અખંડિત જ હોવું જોઈએ. સમ્યગ્‌દૃષ્ટિ આત્મામાં તે મારાપણું અસ્થિમજ્જાવત્‌ હોય, એમાં જરાપણ શંકા નહિ. એ સર્વત્ર ભળે નહિ, એનામાં ખોટું હાજીયાપણું હોયજ નહિ. તે બધે 'હાજી હાજી' કરનાર બનેજ નહિ, અને એવા હાજીયાઓની સજ્જન સમાજમાં એક ફુટી કોડી જેટલી પણ કિંમત નથી-એ વાત નક્કી છે. ખોટી 'હાજી' કરનારો પોતે તો હણાય છે, અને બીજાને પણ હણે છે. ખોટી હાજી કરનાર ભલે મનથી માને કે-મને ખુરશી મળી, મને માન મળ્યું, પણ બધા એને મનમાં ઓળખે કે-આ 'હાજીયા' છે, પણ વિશ્વાસપાત્ર નથી, સમ્યગ્‌દર્શન, એ એવી વસ્તુ છે-કે જે વસ્તુનું વસ્તુ તરીકે ભાન કરાવે ! ત્યાં ખોટું હાજીયાપણું હોય જ નહિ.

**સાચું સમજાય તો ધાર્યું કામ થાય-**

સમ્યગ્‌દર્શન, આત્મગુણનાશક દુશ્મનને દુશ્મન તરીકે ઓળખાવે ! એની પાસે રહેવા જેવું નથી-એવું સાચું ભાન કરાવે : સમ્યગ્‌જ્ઞાન દુશ્મનનું સ્વરૂપ સ્પષ્ટપણે સમજાવે : અને સમ્યક્‌ચારિત્ર દુશ્મનથી દૂર ખસેડે ! સમ્યગ્‌દર્શન, સમ્યગ્‌જ્ઞાન અને સમ્યક્‌ ચારિત્ર-એ ત્રણે

મોક્ષનો માર્ગ છે ! પૌદ્‌ગલિક ભાવ, એ આત્માનો દુશ્મન છે, એ ઝાંખી સમ્યગ્‌દર્શન કરાવે: જ્ઞાન, જ્ઞાનનું તથા જ્ઞાની પુરૂષોની નિશ્રાનું સ્વરૂપ સ્પષ્ટ સમજાવે : અને ચારિત્ર, દુશ્મનને ઝાપટીને દૂર કાઢે. આ રીતિએ ત્રણે, આત્મા સાથે વળગેલ આઠે કર્મનો ક્ષય કરી મુક્તિપદે પહોંચાડે. સમ્યગ્‌દર્શન, દુનિયાની સારી કે નરસી સઘળી વિષયકષાયને વધારનારી સામગ્રીને ખરાબ તરીકે ઓળખાવે, એટલે સમ્યગ્‌દૃષ્ટિ આત્માને તો બંગલા પણ કેદખાનાં લાગે. સમ્યગ્‌દૃષ્ટિ આત્મા દુનિયાના સ્નેહીસંબંધી સાથે બોલે, ચાલે, વર્તે, પણ હૈયામાં-'એ અમારાં નહિ અને હું એમનો નહિ,'-આવી બુદ્ધિ આવીજ જાય : આ બુદ્ધિ આવ્યા વિના રહેજ નહિ. દેખતા આદમીને દીવો સળગ્યા પછી ખાડો કે ટેકરો ન દેખાય, એ બને ? સમ્યગ્‌દર્શન આત્માને હાનિ કરનારી વસ્તુનું નિઃશંક ભાન કરાવે : આથી સમ્યગ્‌દૃષ્ટિ આત્માને દુનિયાના સઘળા પદાર્થો તરફ અરૂચિ થાય ! સમ્યગ્‌દૃષ્ટિ આત્મા સ્વપરનું ભલું કરી શકે છે, કારણ કે-એનો વિવેક ઉમદા હોય છે. એક રાજાનો સુબુદ્ધિ મંત્રી હતો. તે વિચાર કરે છે કે-પગાર ખાઈને રાજકારોબાર વિગેરે કામકાજ તો બધા કરે, એમાં નવાઈ નથી : પણ હું સમ્યગ્‌દૃષ્ટિ સેવક છતાં મારો માલીક મિથ્યાદૃષ્ટિ રહી જાય, તો મને કલંક. રાજાની મંત્રી પ્રત્યેની અને મંત્રીને રાજા પ્રત્યેની, સંતાનની માબાપ પ્રત્યેની, માબાપની સંતાન પ્રત્યેની તથા પતિની

પત્નિ પ્રત્યેની અને પત્નિની પતિ પ્રત્યેની, સાચી ફરજ શી છે ?-તે બરાબર સમજો. સાચી ફરજ કોણ સમજી શકે ? જે આત્મા સમ્યગ્દૃષ્ટિ બને તે. પરસ્પરની વાસ્તવિક ફરજ જો સમજાઈ જાય, તો ધાર્યું કામ થઈ જાય.

**શ્રી મૃગાવતીજી માફક ફરજ બજાવવી જોઈએ**

સમ્યગ્દૃષ્ટિ આત્મા પોતાના આશ્રિત પ્રત્યેની, વડિલ પ્રત્યેની, અને પૂજ્ય પ્રત્યેની બધી ફરજ વિચારે. ભગવાન્ શ્રી મહાવીરદેવના શાસનમાં પહેલાં જ સાધ્વી શ્રીમતી ચંદનબાલાજીએ પોતાની શિષ્યા શ્રીમતી મૃગાવતીજીને એક વખત ઠપકો દીધો. શ્રીમતી મૃગાવતીજીએ બુદ્ધિપૂર્વક ગુન્હો કર્યો ન હતો, પણ એ વાત ખરી કે-અનુપયોગથી પણ ગુન્હા જેવું બની ગયું : એ દૃષ્ટિએ ગુન્હો ગણાય. ગુન્હો હતો નહિ, ગુન્હો કર્યો હતો નહિ, ગુન્હાની બુદ્ધિ પણ ન હતી, સ્થાન પણ ગુન્હો થાય તેવું નહોતું, ખૂદ ભગવાન્ સમવસરણમાં વિદ્યમાન હતા, ત્યાં વિકાર તો સંભવે નહિ. વિકાર હોય તે પણ જાય, છતાં આચાર તો હોય તે જ ઘટે : માટે એ ગુન્હાનો ઉપાલંભ દેવામાં આવ્યો. શ્રીમતી ચંદનબાલાજી ગુરૂણી છે, અને શ્રીમતી મૃગાવતીજી શિષ્યા છે. ચંદ્ર-સૂર્ય મૂળ વિમાને પ્રભુને વાંદવા આવ્યા, એ પ્રસંગની આ વાત છે. શ્રીમતી ચંદનબાલાજીએ શ્રી મૃગાવતીજીને ઠપકો દીધો. એ ઠપકો એટલા પૂરતો

હતો કે-ફરીને આવો પ્રમાદ ન થાય. શ્રીમતી ચંદનબાલા તો બે શબ્દ કહેવા જોગા કહી નિદ્રાગ્રસ્ત થઈ ગયાં. કેમકે-એમના મનમાં બીજું કંઈ હતું જ નહિ : પણ મૃગાવતીજીને એમ લાગ્યું કે-ગુરૂણી ગુસ્સે થયાં, માટે મારાથી બોલતાં નથી. હું શિષ્યા, મારી ફરજ કયી ? જુઓ, ફરજનો વિચાર સમજો. ગુરૂણીને કષાયમાં જોડવાની મારી ફરજ હોય ? મારી ખાતર ગુરૂણીજીની આ દશા ? ગુરૂણીજીને મારે, તેમના સંયમમાં સહાયક યા સેવક બનવું, કે આવી રીતે કષાય ઉત્પન્ન કરાવવો ? બસ, જ્યાં સુધી ગુરૂણી બોલે નહિ, ત્યાં સુધી એમના પગમાંથી મારે માથું ઉંચકવું નહિ. પગમાં માથું મૂકી ક્ષમાપના કરવા માંડી. એવી ક્ષમાપના કરી કે-ક્ષપકશ્રેણિએ ચઢી કેવલજ્ઞાન પામ્યાં. આ ફરજ અને ફરજનું આ પરિણામ. સમ્યગ્દૃષ્ટિને ફરજ બજાવતાં બીજાને લાભ થાય કે ન થાય, પણ પોતાને તો અવશ્ય થાયજ. સામો આત્મા પણ જો સુયોગ્ય હોય, તો સામાને પણ જરૂર લાભ થાયજ. આતો સામે પણ શ્રીમતી ચંદનબાલાજી છે, એટલે પછી પૂછવાનું જ શું ? શ્રી મૃગાવતીજી ગુરૂણીના ચરણ કમલમાં જ સ્થિર છે. એટલામાં જ ગુરૂણી તરફ આવતા કૃષ્ણ સર્પને જોયો : તે સર્પ શ્રી ચંદનબાલાજીના હાથે ડસી ન જાય, માટે હાથ ઉંચકીને સંથારામાં મૂક્યો, કે તરત જ શ્રી ચંદનબાલાજી જાંગી ગયા અને પૂછયું-''કેમ મારો હાથ ઉંચક્યો ?'' શ્રી મૃગાવતીજીએ

સર્પ હોવાનું જણાવ્યું.

શ્રી ચંદનબાલા- આવી અંધારી રાત્રિમાં સર્પ જોયો શી રીતે ?

શ્રી મૃગાવતી- આપની કૃપાથી.

જુઓ, કેટલી મર્યાદા ! કેવલજ્ઞાન થયું છે, પણ કહેતાં નથી. ઉલટું કહે છે કે-આપની કૃપાથી ! કેવી સુંદર મર્યાદા છે.

શ્રી ચંદનબાલા- શું જ્ઞાન થયું ?

શ્રી મૃગાવતી- એમજ.

શ્રી ચંદનબાલા- કયું જ્ઞાન ? પ્રતિપાતિ કે અપ્રતિપાતિ ?

શ્રી મૃગાવતી- અપ્રતિપાતિ.

તરત શ્રીમતી ચંદનબાલાજી ઉભાં થઈ જાય છે, અને કેવલીની આશાતના કરી, તે બદલ ક્ષમા માગે છે : અને ક્ષમાપનામાંથી ભાવનાએ ચઢતાં ક્ષપકશ્રેણિના યોગે કેવલજ્ઞાન ઉપાર્જે છે. ફરજનું સ્વરૂપ સમજો. ઉદ્વેગને શમાવવાની ફરજ બજાવી, તો કેવો લાભ થયો! આનું નામ ફરજ. સમ્યગ્દૃષ્ટિ આત્મા, આશ્રિત, વડિલ અને પૂજ્ય પ્રત્યેની ફરજ સમજીને તે મુજબ વર્તે. ફરજ સમજ્યા વિના વેઠની જેમ કામ કરે, એ કાંઈ ફરજનું પાલન નથી.

**માતા, પિતા, અને સંતાનની પરસ્પર ફરજ શી ?**

સમ્યગ્દૃષ્ટિ એટલે સાચી દૃષ્ટિવાળો કે દોષ વિનાની દૃષ્ટિવાળો ! ખોટાથી આઘો રહેનાર અને સાચાની નજીક જવાનો પ્રયત્ન કરનાર : તથા ખોટાના ફંદામાં ફસાયો હોય, ખોટાની જાળમાં જકડાયો હોય તો પણ ત્યાંથી નીકળવાની ભાવના રાખનાર, એ સમ્યગ્દૃષ્ટિ! અરે કહોને, ઘરમાં રહેતો હોય છતાં ઈચ્છા તો છોડવાનીજ. આ ભાવના વિના સમ્યક્ત્વની સ્થિતિ નથી ટકી શકતી, સમ્યક્ત્વ સ્થિર નથી બનતું, અને શુદ્ધ નથી થતું. આ ભાવના વિના સમ્યક્ત્વનો વાસ્તવિક અનુભવ નથી થતો. હેય અને ઉપાદેયની ભાવનામાં જોઈતી લીનતા-એકતાનતા થઈ જાય, તો પૌદ્ગલિક પ્રવૃત્તિ એકદમ થવા માંડે. દુનિયાના પદાર્થો પ્રતિ થતી દૃષ્ટિ અહીં થાય, તો તુરત કામ થઈ જાય. વ્યવહારનો અનુભવ પણ કહે છે કે- દુનિયામાં જે વસ્તુને પોતાની માની, તેના પોષક અને સહાયક પ્રત્યે ભાવ જુદો, અને તે વસ્તુ પ્રત્યે વાંકી નજરે જોનાર પ્રત્યે પણ ભાવ જુદો ! આ કોણે કરાવ્યો ? કોઈએ કહ્યું હતું ? તમને માલુમ પડે કે-કોઈ પૈસા લઈ જવા આવવાનો છે, તો તરત પોલીસને ખબર આપો. આ કોણે સમજાવ્યું ? કહો ને કે-પૈસાના મોહે સમજાવ્યું. એ દૃષ્ટિ અહીં થાય, તો કાંઈ બાકી રહે ? માતાપિતા, મિત્ર, વડિલ, આશ્રિત,-બધા પ્રત્યેની ફરજને સમજી સમ્યગ્દૃષ્ટિ

તે તે મુજબ વર્તે ! ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા ફરમાવે છે કે-

**"सति चास्मिन्नसौ धन्यः सम्यग्दर्शनसंयुतः ।**
**तत्त्वश्रद्धानपुतात्मा, रमते न भवोदधौ ॥१॥**

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા પછી, આ આત્મા ધન્ય બને છે અને તત્ત્વશ્રદ્ધાનથી પવિત્ર થયો છે આત્મા જેનો એવો સમ્યગ્દર્શનથી સહિત થયેલો તે આત્મા ભવસાગરમાં રમતો નથી. તીવ્ર અંતરાયના ઉદયથી ન નીકળી શકાય તો વસે, પણ રમે તો નહિ જ : એ આત્માને સંસારમાં લ્હેર ન આવે, સંતોષ ન થાય, રંગાય નહિ. રમવા અને રહેવાનો ભેદ સમજો. કેદમાં કેદી રહે ખરા, પણ હૃદયથી આનંદ પામે ખરા ? નહિજ, ઉલ્ટા છુટવાના દહાડા ગણે. કહો, તમે શાના ગણો છો ? આજે બાળક અભક્ષ્ય ખાય, કંદમૂળ ખાય, નાટક ચેટક સીનેમા જુએ, જુઠું બોલે, દગલબાજી કરે, હોટલમાં જાય, સીગરેટ ફુંકે-આ બધા માટે ઘણાં માબાપને દરકાર નથી. કમાતાં શીખ્યો એટલે કહે કે-હુંશીયાર. વિચારો એવા બદલાઈ ગયા છે કે-જ્યાં લક્ષ્ય અપાવું જોઈએ, ત્યાં બીલકુલ અપાતું નથી. કોઈ કહે કે-તારો બાળક આમ કરે છે, તો કહી દે કે-બાળક છે. અરે ભલા આદમી, જેનાથી એનો આ લોક અને પરલોક બગડે અને તારૂં બાળક સંસારમાં રખડે, એની તને ચિંતા નથી અને હું

માબાપ ! આ કઈ જાતનું માબાપપણું ? એ માબાપને જૈનશાસન સાચાં માબાપ તરીકે શી રીતે લેખે ? વ્યવહારથી જન્મદાતા અને શરીરના પાલક તરીકે માબાપ કહેવાય, પણ હિતૈષી તરીકે માબાપમાં ભાવના કઈ હોવી જોઈએ ? બાળક જુઠું બોલે, ચોરી કરે, ટંટો ફીસાદ કરે, અને એની દરકાર ન કરે-એ માબાપ ? માસ્તર છોકરો રમે છે કે ભણે છે, એની દરકાર ન કરે અને ખુરશીપર બેઠો હવા ખાય-એ માસ્તર, એ ખુરશી ઉપર કયાં સુધી ટકે ? બહુ ટકે તો બાર મહિના : પરીક્ષક આવે અને પરિણામ ખરાબ દેખે કે તરત ડીસમીસ કરે. ત્યાં તો ડીસમીસ કરનાર છે, પણ આવાં માબાપને ડીસમીસ કોણ કરે ? આજનાં માબાપ ઉપર કોઈનો અંકુશ છે કે નહિ ? જે અંકુશ છે, તેને તો માનવો નથી-ત્યાં શું થાય ? શાસ્ત્ર કહે છે કે-સાચી સ્વતંત્રતા શું છે, તે સમજો. દબાણ મૂકવું, ત્યાં દુઃખી કરવાનો આશય નથી. દુઃખી ન થાય એ હેતુએ થતું દબાણ-એ દબાણ જ નથી. કુપથ્યને ખાતા દરદીથી કુપથ્ય સંતાડવું પડે, અગર પ્રસંગે દરદીને બાંધી પણ રાખવો પડે, તો તે દરદીને હેરાન કર્યો કહેવાય ? નહિજ. કોઈ પૂછે કે-કેમ બાંધ્યો છે ? તરત હિતૈષી કહે કે-ભાઈ, દરદી એવો છે કે, દોડી દોડીને કુપથ્ય ખાય છે, માટે એના ભલા માટે બાંધ્યો છે. ફરજ સમજાતી નથી એનું જ આ દુષ્ટ પરિણામ છે. દરદી રૂએ, છતાં કુપથ્ય ન આપે-એ માબાપ ઘાતકી કહેવાય?

દરદીનાં આંસુ ખાતર કુપથ્ય ખવરાવે તો, એ માબાપને કેવાં કહેવાય ? કહોને, તમે તો માબાપ છો ? માબાપ માબાપપણું ભૂલે અને સંતાન સંતાનપણું ભૂલે, તો પરિણામ શું આવે? આ બધું શાથી ? સમ્યક્ત્વ શિથિલ થવા માંડ્યું માટે : સ્વપરનો વિવેક ભૂલાવા લાગ્યો એથી : જૈનપણાના સંસ્કાર ઢીલા પડી ગયા માટે : જૈનપણું આવી જાય તો આ દશા હોય? જૈનના ચોવીસે કલાક ખ્યાલ કેવા હોય ? જાતે જૈન ખરા, પણ ભાવના કયી ? સાચા દીકરા તો વિચારે કે-'અમારા જેવા દીકરા અને માબાપ વિષય કષાયમાં લીન રહી ધર્મ ન આરાધે, તો અમે દીકરા શાના ? એઓ ધર્મ કરે એવી યોજના અમારે કરી આપવી જોઈએ.' અને સાચા હિતૈષી માબાપ પણ વિચારે કે-'અમારા દીકરા વિષયકષાયમાં લીન રહે, શ્રી જિનેશ્વરદેવના અનુયાયી ન બને, ગુરૂને કે આગમને માને નહિ, વ્યાખ્યાન સાંભળે નહિ, અને ધર્મારાધન કરે નહિ, તો અમને કલંક !'

પણ કહો કે-આજે શી દશા છે ? કોઈ કહે કે, તમારો દીકરો પૂજા કરવા જાય છે? તો તરત કહે કે-ક્યાં જાય : બાપડો લેસન કરે છે, લેસન ? વારૂ, પૂજા એ લેસન નહિ? એ ફુરસદની રકમ હશે કેમ ? અરે કોઈ દિવસ નવરાશ હોય ને પૂજા કરવા કે સાધુ પાસે આવે, તોય કોઈ કોઈ માબાપ તો કહે કે-પૂજા કરજે, સાધુ પાસે જજે, પણ રંગાતો ના :

રંગે કોણ ? માબાપ જ આમ કહે ત્યાં રંગાય ક્યાંથી ? હા, એનાં ભાગ્ય હોય અને એકજ વાર મૂર્તિનાં દર્શનથી કે સાધુના સહવાસથી એ પામી જાય, તે વાત જુદી-પણ માબાપે શું કર્યું ? માબાપે તો કહેવું જોઈએ કે-શ્રી જિનેશ્વરદેવના પૂજન વિના, સંયોગ હોય તો સાધુનાં દર્શન-સમાગમ વિના, ને નિરંતર ભગવાનની વાણીના શ્રવણ વિના રહેવાય નહિ ! આ સંસ્કારો બાલ્યકાલમાં માબાપ નાખે, તો એ બાળક જો ત્યાગી થાય, તો શાસનદીપક થાય અને ઘરમાં રહે તોયે કુલદીપક થાય. પણ આ સંસ્કાર ન નાખ્યા અને મરજી મુજબ ચાલવા દીધા, તો અહીં (સાધુપણામાં) તો ન જ આવે, પણ યાદ રાખજો કે-એ આડો ગયો તો તમને પણ સુખે જંપીને બેસવા નહિ દે. ધર્મસંસ્કાર વિનાનાં સંતાનો તરફથી માબાપને કેટલી તકલીફ વેઠવી પડે છે,-તે જરા તપાસ કરજો, પૂછજો ! ભયંકર દુઃખી થાય છે અને છેવટે કંટાળીને એમ બોલે છે કે-'અમે છતે દીકરે વાંઝીયા જેવાં છીએ.' આ તો તમારા અનુભવની વાતો છે ને ? અરે, કોઈ બોલતું હોય તો માબાપ કહી દે કે-હમણે ન બોલશો, આવશે તો બેની ચાર ગાળ દેશે, એ તો બે વખત ખાઈને બહાર ગયો સારો, શું કરીએ ? મહીને પચીસ પચાસ લાવે છે અને અમે ખાઈએ છીએ. બહારગામ હોય તો કહે કે-મહીને પચીસ મોકલે છે, બાકી એનું નામ દેવા જેવું નથી. દેવ, ગુરૂ અને ધર્મને પણ માનતો નથી. જે

દેવ, ગુરૂ ધર્મને ન માને તે માબાપને કેવાંક માને ? હા, કાગળમાં શિરછત્ર, તીર્થસ્વરૂપ, બધું લખે-કારણ કે આ કાળની એ કારમી સભ્યતા છે. વીસમી સદીની સભ્યતા, પોઝીશન અને માર્મિક વાગ્જાળ-એ બધાં એટલાં ભયંકર છે કે, એમાંથી બચ્યા તે ભાગ્યવાન્ : એમાં ફસ્યા એના ભોગ ! સલામ નીચે ઝૂકી ઝૂકીને કરે, પણ હૈયામાં તો પાણીદાર કાતર ! તમારાં સંતાનોને સેવા કરનારાં બનાવવાં હોય, તો તમે એમને શ્રી જિનેશ્વરદેવના તથા નિર્ગ્રંથગુરૂદેવોના પૂજારી બનાવો : આગમના શ્રદ્ધાલુ બનાવો, અને ધર્માનુષ્ઠાનની પ્રીતિવાલાં બનાવો : તમે એમ કહો કે-ભૂખ્યા રહો, અમે પણ ભૂખ્યા રહીશું, પણ તમે આત્મહિતનાશક અનીતિ ન કરો. ગાડી મોટરની જરૂર નથી. શ્રી જિનેશ્વરના અનુયાયી બનો. કાચું કોરૂં ખાઈ ચલાવાય તે નભે. પણ ધર્મના વિરોધી બનો તે સહન ન થાય. શ્રાવકનો દીકરો રાતે ખાવા માગે ? રાતે પાન ચાવે ? હોટેલમાં જાય ? બીડી સીગારેટ ફૂંકે ?-એ કેવી ભયંકર વાત છે ? અહીં આવવાની બાબતમાં કહે કે-ટાઈમ નથી, પણ નાટકમાં જવાને ટાઈમ મળે-હોટેલમાં જવાનો ટાઈમ મળે. આ બધું શાથી ? માબાપ ફરજ ચૂક્યાં માટે ! શ્રાવકના દીકરાથી તો રાત્રે પાણી પણ ન પીવાય, આજે ચોવિહાર કરનારા કેટલા ?

**જૈનપણાના સંસ્કાર જાગૃત કરો !**

શ્રી સુદર્શન શેઠની વાત અને એમની ખ્યાતિ સાંભળી, શિર તો હલાવ્યા પણ શ્રાવક તરીકે તમારી કઈ ખ્યાતિ ? પરનારીસહોદરપણું શ્રાવકને ન હોય ? હોય જ. શ્રી જિનેશ્વરદેવોનો પૂજારી, નિર્ગ્રંથગુરૂદેવનો ભક્ત, જૈન ધર્મનો અનુયાયી-એમાં અનાચારનો દોષ હોય ? એ પરનારીસહોદર ન હોય ? એમાં અભક્ષ્યભક્ષણનો દોષ હોય ? વિચાર કરો કે-વર્તન શાં છે. જુઓ ઠામ ઠામ કે-આ શાથી ? સમ્યગ્દૃષ્ટિપણાના સંસ્કાર ગયા-ફરજ ગઈ એથી ! પહેલાં ઘરમાં જિનમંદિર હતાં, સવારે દરેક ઉઠીને પ્રભુનાં દર્શન કરેજ-ઘેર પૌષધશાળા હતી, સામગ્રી બધી તૈયાર, દરેકને ક્રિયા કરવાની જ ? માબાપો, વડીલો કહે કે-'પહેલું એ.' પછી બીજું બધું-એવી પ્રેરણા કરે. સંસ્કારનાશ પામ્યા એથી આ બધું થયું. રાત્રે પાન ચાવે, હોટલમાં જાય, ફાવે તેમ વર્તે. અને કહેવાય પણ નહિ ? ત્યારે બધું ખાઓ-પીઓ એમ કહેવું ? ઓછામાં ઓછી સવારે નોકારશી અને સાંજે ચોવિહાર પણ ન બને ? જૈનકુલમાં ન છાજતા આચારો બંધ થાય અને છાજતા આચારોનું પાલન થાય, તો બધાજ અનાચારો બંધ થઈ જાય. આંખો ફાડીને જરા શ્રાવકકુલોમાં જુઓ, શું શું થાય છે ? જૈનશાસનથી વિપરીત વસ્તુઓના પરિણામનો અભ્યાસ કરો, તો દોષો હસ્તામલકવત્ દેખાય.

મુનીમ ગમે તેવો હોય, પણ જ્યારે જમા ઉધારમાં ગોટાળો કરે, પોતાના નામે રકમોની ભેળસેળ કરે, તો તરત શેઠ બોલાવીને કહી દે કે-ભાઈ ! તું મુનીમ હુંશીયાર, પણ મારે હવે ખપ નથી : કાલથી પેઢી પર આવીશ મા ! છોકરો પણ રૂપીયા લોકો પાસેથી લાવી દેવું કરતો હોય, તો માબાપ નોટીસ છપાવે છે કે-એને ધીરશો મા. તો જૈનકુલથી વિરૂદ્ધ આચરણ કરતા છોકરાઓ ઉપર માબાપ નોટીસ કાઢે કે નહિ ? મતલબ, દુનિયાના વ્યવહારની ગરજ છે-પણ ધર્મની ગરજ નથી. ગરજ નથી, એમ તમને કહેવાય ? તમારા દોષ સાંભળવાને તમે સહિષ્ણુ ન બનો, તો હાલત શી થાય ? સંવત્સરી પ્રતિક્રમણમાં પણ સાધુને ફીકર રાખવી પડે કે-ક્યારે વહેલા ઉઠાડાય, કારણ કે-અંધારૂં પડે તો તો ગજબ કરે. કોઈ સારો માણસ બીચારો, જો એવાની પાસે ફસાય, તો એની તો બુરી દશા થાય. એનું કારણ ક્રિયાનો રાગ નથી. 'મિચ્છામી દુક્કડં'-આવે એટલે ખોટો ઘોંઘાટ મચાવે : રમતીયાળ સ્વભાવ, રસ્તામાં પણ છત્રી ઉલાળતા ચાલવાની ટેવ, પાનની પીચકારી મારવાની આદત, ચારે તરફ જોવાની ખાસીયત, એ આદમીને આજે અણોજો પડ્યો ! ઉપવાસ કર્યો એટલે ઢીલો તો થયો હોય, એમાં ત્રણ કલાક સુધીના પ્રતિક્રમણમાં શાંતિથી બેસાય કેમ ? નક્કી કરીને જ આવે કે-સાંભળવું કરવું નહિ, ટીખળ કરવું. કેટલાક તરફથી તો કટાસણાની પણ

તે દિવસે જ શોધ થાય. કેટલાક ફાટેલાં, તુટેલાં, મેલાં લઈને આવે. લુગડાંના કટકાની મુહુપત્તિ બનાવી દે. ચરવલા તો કેટલાયની પાસે હોય જ નહિ, અને કેટલાની પાસે તો હોય તો એવા હોય કે-પુંજે તો ઉલટી જીવોની હાનિ થાય. ધર્મી આગેવાનોની ફરજ છે કે-આવી સામગ્રી પૂરી પાડવી અને સામાએ સાચવવી કે-ઉધેઈ ન ખાય. માબાપ કહે કે-શું કરીએ ? છોકરો મહીને પચાસ લાવે છે, ડીગ્રીધર છે. ઝટ નોન્સેન્સ બોલતાં આવડે છે,-આટલું વિચારી કંઈ ન કહે, એ છોકરાના હિતૈષી કેટલા પ્રમાણમાં ? જૈન કુલોમાં જો દોષ પ્રત્યે આમ બેદરકારી હોય, તો દુનિયામાં એના જેવો દુ:ખનો વિષય એક પણ નથી. જે જૈનકુલમાં ઉંચામાં ઉંચા સંસ્કાર જોઈએ, ત્યાં આ દશા ? તમારામાં અયોગ્ય વર્તન છે, કે અભક્ષ્યભક્ષણ ચાલે છે-એમ કહેતાં અમને આનંદ થાય એમ ? તમારામાંથી સમ્યગ્દર્શન અને તેને છાજતી પ્રવૃત્તિ જાય, એ જાણીને તો અમને ખેદ જ થાય. અમે કહીએ તે શાના માટે ? કેવલ હિતની ખાતર જ, કદી સંતાનને કહ્યું છે કે-ભાઈ, તું આ ઘરે આવ્યો અને આ સાહ્યબી વિગેરે છે, તે બધું પૂર્વનું પુણ્ય છે, તેના યોગે છે. જો તું ધર્મવિરુધ્ધ વર્તનમાં પડી ગયો, તો તારા ભોગે અમે પણ ભીખ માગવાના ! જેટલી તાકાત હોય તેટલી અજમાવી, તમારાં સંતાનને સુધારો : ન સુધારી શકો તો જાહેરાત કરો કે-માબાપ થવાને અમે લાયક નથી. પૂર્વના

સમયમાં એકી સાથે હજારો સંયમી બનતા, દેશવિરતિ તથા સમ્યગ્દૃષ્ટિ પણ હજારો એકી વખતે બનતા, અરે-હજારોને સાથે કેવળજ્ઞાન થતું અને હજારો એકે સમયે મોક્ષે જતા. શાથી? સંસ્કાર સારા, કે જેથી નિમિત્ત મળે-કે તરત સ્વીકાર અને બેડો પાર ! આજ તો નિમિત્તને પણ લાત મારવા તૈયાર, શાથી ? સંસ્કાર ગયા તેથી ! સમ્યગ્દૃષ્ટિ 'હાજીઓ' ન બને : જેવું કહેવું ઘટે, તેવું હિતને માટે કહે : મધુર પણ કહે, અને કઠોર પણ કહે. દૃષ્ટિ એકજ કે-સામાના આત્માનું કલ્યાણ થાય.

**✻ ૨૧ ✻**

**લોકોત્તર વિશિષ્ટતા**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંગસૂરિજી, મંગલાચરણ કરતાં ફરમાવે છે કે-આ તીર્થ જયવંતુ વર્તે છે, કારણ કે-એનામાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી, તેમજ એક પણ સુંદર વિચારનો ઈન્કાર નથી : એના સિદ્ધાંતો અનેક અપેક્ષાએ એવી રીતિએ સિદ્ધ થયેલા છે કે-એને સેવનારો આત્મા કર્મ મલથી રહિત થઈ મુક્તિ પદને પહોંચી શકે છે. માટે જ એ શાશ્વત છે, અનુપમ છે, અને સઘળા શ્રી જિનેશ્વરદેવોથી શરૂઆતમાં નમસ્કાર કરાયેલું છે. આ તીર્થમાં આચાર, એ મુખ્ય વસ્તુ છે. એ આચારને શુદ્ધ બનાવવા માટે, આપણી ભાવના બહુ

જ ઉચ્ચ કોટિની હોવી જોઈએ. એ ભાવના શુદ્ધ બની રહે માટે, પ્રાર્થના સૂત્ર (જયવીયરાય) દ્વારા હમેશાં, શ્રી વીતરાગદેવ પાસે થતી માગણીઓ બધીએ જોઈ આવ્યા. એ માગણીઓ એટલી બધી ઉમદા છે કે-એ ભાવનાઓને ભાવનારો અશુભ આચારમાં તો પ્રવૃત્તિ ન જ કરે. શુભ આચારમાં પ્રવૃત્તિનો આધાર શક્તિ ઉપર છે, પણ એની પ્રવૃત્તિ અશુભ તો ન જ હોય. એ માગણીમાં પહેલો ભવનિર્વેદ માગ્યો, કારણ કે એના વિના પાછળના ગુણો આવી શકતા નથી. પછી ભવનિર્વેદના ટકાવ માટે માર્ગાનુસારિતા માગી : એમ એક પછી એક માગણી કરી : ઈષ્ટફળસિદ્ધિ, લોકવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ, ગુરૂજનપૂજા, અને પરાર્થકરણ,-એ બધું માગ્યું : એ બધાના ટકાવ માટે શુભગુરૂનો યોગ માગ્યો અને ભવપર્યંત શ્રી સદ્‌ગુરૂના વચનની અખંડ સેવા માગી. ભવાંતરમાં પણ સેવાથી વંચિત ન રહેવાય, તે માટે સંસારમાં રહેવું પડે ત્યાં સુધી, શ્રી વીતરાગદેવના ચરણની સેવા માગી, દુ:ખનો ક્ષય માગ્યો, કર્મનો ક્ષય માગ્યો, અને જ્યાં સુધી મોક્ષ ન થાય, ત્યાં સુધી સમાધિમરણ માગ્યું, તથા સર્વત્ર બોધિલાભની માગણી કરી. આ માગણીથી રંગાયેલો-આ ભાવનાથી તન્મય બનેલો આત્મા વિપરીત આચાર કરે, એ સંભવતું નથી. આટલું થઈ જાય, તો ધૂનન યથાસ્થિત થાય. આત્મા ઉત્તમ ભાવનાથી રંગાય નહિ, ત્યાં સુધી કામ થાય નહિ. અનંત વાર માનવ જીવન

આવ્યું, અને ગયું : શાથી ? સંસ્કાર વિના ! એક વાર શુભ સંસ્કાર પડી જાય, તો આ જીવન અનુપમ છે. આ જીવનમાં જેટલી સામગ્રી છે, તેટલી બીજા જીવનમાં નથી, પણ જ્ઞાનીપુરૂષની આધીનતા સ્વીકાર્યા વિના, તેની સફળતા નથી.

ટીકાકાર મહર્ષિ કહે છે કે-હું જે કહું છું, તે ભગવાન્ શ્રી વીરે કહેલું કહું છું : એ કહેલું બધું નહિ, પણ કિંચિત્ કહું છું. યત્કિંચિત્ જે કાંઈ કહું છું, તે એમણે કહેલું જ કહું છું. આટલું એ જાણ્યું, તે એમના જ પ્રતાપે ! જે આચારશાસ્ત્ર જગત્ના કલ્યાણ માટે ભગવાન્ શ્રી વીરદેવે કહ્યું, તેને કંઈક મારી સ્મૃતિ, શક્તિ, બુદ્ધિ, પ્રમાણે કહું છું. જે વાણીનો પ્રયોગ કરૂં છું, તે ત્યાંથી મળી છે : તેને પણ પાવન એ તારક વિના બીજા કોણ કરે ? એ તો એ જ પાવન કરે. એમની છાયા વિના મારી વાણી નકામી છે : જે વાણીમાં એમની છાયા નથી, એમનો પ્રભાવ નથી, તે વાણી નકામી છે. આ વાણીને, તે જ જ્ઞાનના નિધિ પાવન કરો ! હજી ટીકાકાર પોતાની વધુ લઘુતા જણાવતાં કહે છે કે-હું ગંધહસ્તિ કૃત અતિ ગંભીર વિવરણના સારને ગ્રહણ કરૂં છું. આથી સ્પષ્ટ છે કે-ટીકાકાર મહર્ષિ ભગવાન્ શ્રી મહાવીરદેવની આધીનતા સ્વીકારવા સાથે પૂર્વાચાર્યોની પણ એટલી જ આધીનતાનો સ્વીકાર કરે છે. જૈનદર્શનના ટીકાકારોની એ જ નિરભિમાન વૃત્તિએ આજ સુધી શાસનને અખંડિત

અને અવિચ્છિન્ન સાચવ્યું છે : આથી શ્રી જૈનદર્શનના જ્ઞાતાઓની અનેક વિશિષ્ટતાઓ પૈકીની, આ પણ એક લોકોત્તર વિશિષ્ટતા છે. શ્રી જૈનશાસનમાં કોઈ પણ સાચા અનુયાયિએ સ્વકલ્પનાને સ્થાન નથી આપ્યું. કારણમાં એ એમ માનતા કે-મૂળ કહેનાર શ્રી સર્વજ્ઞદેવ છે, રચનાર વિશિષ્ટ જ્ઞાનીઓ છે, પાછળના કહેનારા પણ એમને જ અનુસરનારા છે. માટે અમારી ફરજ એ છે : કે જ્ઞાની પુરૂષોએ કહેલી વાત, હૃદયમાં ન ઉતરે તો તે ખોટી ન કહેવાય, એ ખામી કથનની નથી, પણ અમારી મતિની છે. આવી સ્થિતિને લઈને જ શાસન ટક્યું છે. આ લક્ષણ કોનું ? સમ્યગ્દૃષ્ટિનું. એને તો એક જ વાત કે-હું પૂર્ણ જ્ઞાની નથી, અધુરો છું, તેથી સંપૂર્ણ જ્ઞાનીની વાત મારી મતિમાં ન ઉતરે, એ ખામી મારી છે-પણ જ્ઞાનીની નથી : સમ્યગ્દૃષ્ટિની પાસે એક સુંદર ચાવી હોય છે. શ્રી જિનેશ્વરદેવ કેવા અને એ કહે શું-એ બરાબર જાણે. અતીન્દ્રિય પદાર્થો એને નિર્ણિત ન થાય, તો એ શ્રદ્ધાથી માને, પણ એના મુખથી બાકીની આજ્ઞા વિગેરેને લગતી વાતો એવી જ નીકળે કે જે શ્રી જિનેશ્વરદેવોના કથનને અનુસરતી જ હોય : ભલે પછી કહેવાનું પ્રમાણ ઓછું કે વત્તું હોય. સમ્યગ્દૃષ્ટિની ભાવના, વિચાર, અને આદર્શ ઘણા જ ઉંચા હોય ! સમ્યગ્દૃષ્ટિ આત્મા ગમે તે સંયોગમાં રહ્યો હોય, પણ પોતાને ફસાયેલો માને : એ વિચારે કે-બંધન તોડવાનું સામર્થ્ય હોત તો

જરૂર તોડત ! બંધનને હાનિકર સમજે. બંધનમાં રહ્યો છતાં, સમ્યગ્દૃષ્ટિ પોતાની ફરજ ન ચૂકે, એટલું જ નહિ પણ બંધનને તોડવાની જ પેરવીમાં હોય.

**ઉપકારના બદલાના નામે અપકાર નજ થવો જોઈએ**

મંત્રીશ્વર શ્રી સુબુદ્ધિની વાત આપણે ગઈ કાલે શરૂ કરી છે, એ બાકી છે. એ એક રાજાના મંત્રી હતા. એમણે વિચાર્યું કે-પગાર લઈને રાજતંત્ર ચલાવવું, એ તો બધા કરતા આવ્યા છે, અને કરે છે, એમાં નવીનતા શી ? હું સમ્યગ્દૃષ્ટિ છતાં જો મારો સ્વામી સન્માર્ગે ન આવે, તો તે ઠીક નહિ. આનું નામ ફરજ. 'ધન લેવું અને કામ કરવું, કામ કરવું અને વખત થયે પગાર લેવો'-માત્ર આ માન્યતા તો દુનિયામાં ફસેલાની જ હોય, પણ આ મંત્રીશ્વર તો દુનિયામાં ફસેલા ન હતા. દુનિયામાં રહેવું પડેલું માટે રહેલા, તેથી તે ફરજ સમજતા. તેમને એમ થયું કે-સ્વામીને સન્માર્ગે ન ચઢાવું તો હું સાચો સેવક શી રીતે કહેવાઉં? કયો ઉપાય કરૂં, કે જેથી મારો માલીક સન્માર્ગમાં જોડાય અને જ્ઞાનીના માર્ગે ચાલતો થાય. રાજા પ્રત્યે મંત્રીની, મંત્રી પ્રત્યે રાજાની, પિતા પ્રત્યે પુત્રની, પુત્ર પ્રત્યે પિતાની, પતિ પ્રત્યે પત્નિની, અને પત્નિ પ્રત્યે પતિની-એમ પરસ્પરની ફરજો સમ્યગ્દૃષ્ટિ આત્મા સમજે. સમ્યગ્દૃષ્ટિ આત્મા પાપ કરે નહિ, કરવું પડે તો કિંચિત-થોડું તે પણ

રાચીમાચીને નહિ, પણ સંકોચાઈને અને કંપતે હૃદયે, આનંદ પામીને તો નહિ જ. કરતી વખતે પણ કંપે : કર્યા પછી પણ તેની નિંદા અને ગર્હા કરે ! આવી સ્થિતિવાળા આત્માને બંધ કેટલો બંધાય ? વિરતિને હાલ બાજુ ઉપર રાખીએ. વિરતિ ન પમાય, મોડી મળે, વ્હેલી મળે, પણ પ્રભુના શાસનમાં આવનારને સમ્યક્ત્વ તો જોઈએ જ ને ! પ્રભુના શાસનમાં આવેલો આત્મા પાપથી વિરામ પામવાની તાકાતવાલો કદાચ ન હોય, પણ પાપથી કંપતો તો હોવો જ જોઈએ ને ! સમ્યગ્દૃષ્ટિની આ સ્થિતિ તો અવશ્ય હોવી જ જોઈએ. પાપ કર્યા પછી પાપની પ્રશંસા તો તે ન જ કરે. જો આ દશા આવે તો પ્રભુના શાસનને ઓળખી શકે. પાપ કરે, એની પ્રશંસા કરે, પાપ કરીને પાપનાં બણગાં ફૂંકે, તો શાસનમાં આવ્યો, અને ન આવ્યો, એમાં તફાવત શું ! દુનિયામાં બધા જેમ ખાય, પીએ, પહેરે, ઓઢે, અને રંગરાગ કરે છે-એમ જ તમે કરો તો તમારામાં વિશેષતા કયી ? વિચાર કરી જુઓ તો ફરજનું ભાન જરૂર થાય. રાજકારોબાર (રાજ કારભાર) કરતાં મંત્રીને રાજાના સન્માર્ગ-ઉન્માર્ગના વિચારની જરૂર શી ? બસ, કામ કરવું અને પગાર લેવો : પણ આ મંત્રીશ્વર સમ્યગ્દૃષ્ટિ હતા, એટલે પોતાની ફરજ સમજતા હતા. એમણે વિચાર્યું કે-સ્વામી કોના ? મારા સ્વામી જો આવા જ રહી જાય, તો મને શોભતું ન ગણાય.જ્યારે સમ્યગ્દૃષ્ટિ સેવક,

સ્વામીની આટલી ચિંતા કરે, તો પછી સમ્યગ્દૃષ્ટિ સ્વામી પોતાના સેવકની કેટલી ચિંતા કરે ? સેવક કરતાં સ્વામીની ફરજ મોટી છે. જૈનશાસનમાં માતાપિતા પણ દુષ્પ્રતિકાર્ય કહેવાય છે : એમના પણ ઉપકારનો બદલો વાળવો સ્હેલો નથી. માતાપિતાને સન્માર્ગે યોજવામાં આવે, તો જ બદલો વાળી શકાય છે. તેમ માતાપિતા ઉપર પણ સંતાનને સન્માર્ગે યોજવાની ફરજ છે. જ્યારે સંતાનની પણ એ ફરજ છે કે-માબાપને સન્માર્ગે યોજે, તો માબાપની સંતાન પ્રત્યે શી ફરજ હોય ?-તે વિચારો. માબાપનો ઉપકાર ન ભૂલાય, એમના બદલાનો ઈન્કાર ન થાય, ઉપકારનો બદલો વાળવો અતિશય જરૂરી, પણ ઉપકારના બદલાના નામે અપકાર થતો હોય તે, જે ન વિચારે તે સમ્યગ્દૃષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ ! સમ્યગ્દૃષ્ટિ આત્માએ એ વાત બરાબર ધ્યાનમાં રાખવી જોઈએ કે-ઉપકારના બદલાના નામેજ અપકાર ન થઈ જાય. સમ્યગ્દૃષ્ટિ આત્મા જ્ઞાન કે જ્ઞાનીની નિશ્રા વિના એક કદમ પણ આગળ ન વધે, અને એથીજ એના જીવનમાં સુધારો-એ સુનિશ્ચિત છે. જેઓ પોતાના જીવનને નથી સુધારી શકતા, અને કેવલ અર્થકામનીજ આરાધનામાં રક્ત બન્યા છે, તેઓના મુખમાંથી નીકળતી સુધારાની વાત, એ વસ્તુતઃ સુધારો નથી, પણ એક જાતનો દંભ છે. સાચો સુધારો તો તેઓજ કરી શકે છે, કે જેઓએ અર્થકામની આસક્તિ તજી પોતાના આત્માને શ્રી જિનેશ્વરદેવોની આજ્ઞાને

આધીન બનાવ્યો છે.

**દુશ્મનનું ભુંડું ન જ થાઓ. એજ ભાવના**

સમ્યગ્દૃષ્ટિ આત્માની ભાવના કયી હોવી જોઈએ, એ જાણો છો ? સમ્યક્ત્વનું, પ્રધાનતાની અપેક્ષાએ પહેલું લક્ષણ ઉપશમ છે અને તેનું સ્વરૂપ જણાવતાં મહામહોપાધ્યાય શ્રી યશોવિજયજી ગણિવર ભાષાની સજ્ઝાયમાં પણ ફરમાવે છે કે-

**"અપરાધિ શું પણ નવિ ચિત્ત થકી,**
**ચિંતવીએ પ્રતિકુલ : સુગુણનર !**
**શ્રી જિનભાષિત વચન વિચારીયે."**

**દુશ્મનનુંય ભલું ચિંતવો-**

આ ઉપરથી સ્પષ્ટ સમજી શકાશે કે-શ્રી જિનેશ્વરદેવના માર્ગથી રંગાયેલો અને નિરંતર શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો જ વિચાર કરનાર આત્મા, પોતાના અપરાધીનું પણ ભુંડું નજ ઈચ્છે. તે આત્મા તો પોતાના દુશ્મનનું પણ હિતજ ઈચ્છે. આત્માને પરમ શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ બનાવવો હોય અને તમારે શુદ્ધ સમ્યગ્દૃષ્ટિ બની રહેવું હોય, તેમજ તમારે સમ્યગ્દર્શનની આરાધના જ કરવી હોય, અને તમારે પ્રભુના શાસનમાં ટકીજ રહેવું હોય, તો આ ભાવના

મજબૂત કર્યા વિના છુટકો જ નથી. દુશ્મનના નાશને જેમ આખી દુનિયા ચિંતે, તેમ પ્રભુના શાસનમાં આવનાર પણ ચિંતે, તો તની વિશેષતા શી ? ઉંચામાં ઉંચા અહિંસક બનવાની ભાવનાવાળામાં હિંસક વિચાર હોય ? પાપ કોઈને છોડે ? જે પાપના યોગે મરી રહેલ છે, એને મારવાનો ધર્માત્મા વિચાર કરે ખરો ? એને તો એનું પાપ જ મારી રહ્યું છે : માટે એની તો દયા ખાવી, એજ સજ્જનનું કામ છે. તમને કોઈ મારવા આવે, તો વિચારો કે-'મારા પાપને ખપાવવા માટે સામો આદમી પોતાના આત્માની દરકાર નહિ કરતાં, પોતાનું બગાડી, પાપની દરકાર કર્યા વગર, સામે આવે છે : એ તે ઉપકારી કે અપકારી ? એ બીચારો કાંઈ સ્વાધીન છે ? એ કર્માધીન આત્મા ભાન ભૂલી, પોતાનું બગાડીને મારૂં ભલું કરવા આવે, ત્યાં ગુસ્સો કેમ આવે ?' જો સામો આદમી સામાનું બગાડી જ શકતો હોય, તો તો દુનિયામાં કોઈને સારૂં હોત જ નહિ. અશુભ કર્મના ઉદય રૂપ નિમિત્ત ન હોય, તો કોઈ કાંઈ કરી શકતું નથી. આથી દરેકે 'બચાવ ન કરવો, સાવધ ન રહેવું' એમ કહેવાનો આશય નથી, પણ 'દુશ્મનનાયે ભુંડાની તો ભાવના નજ હોવી જોઈએ'-એ કહેવાનો આશય છે. 'જરૂર પડ્યે રક્ષણ માટે હાથ દેવાય, હાથ આડા ધરી બચાવ કદાચ કરાય, પણ દુશ્મનનુંય ભૂંડું તો ન જ ઈચ્છાય'-આવી ભાવનાવાળાને દુશ્મન પ્રત્યે ખરાબ ભાવ આવે ક્યાંથી ? આર્ત્ત અને રૌદ્ર

ધ્યાન ન આવે, એની સમ્યગ્દૃષ્ટિ ખૂબ કાળજી રાખે. સમ્યક્ત્વ આવે ત્યારથી જ એ દુર્ધ્યાનના પરિણામ મંદ પડે, ઢીલા થાય, પણ તે ક્યારે થાય ? સમ્યક્ત્વની ભાવનામાં હૃદય ઓતપ્રોત બને તો. એ ભાવનાનો અભાવ હોય, તો આત્મા બહુ બંધાઈ જાય. માટે ખાસ કાળજી રાખવાની જરૂર છે. દુશ્મનને સુધારતી વખતે પણ હૃદયમાં ભાવના કયી હોય ? માતા બચ્ચાને મારે, પણ એને રોતું જોઈ, ઘરમાં જઈને એ રૂએ. કોઈ કહે કે-મારવામાં વેરઝેર હતું? નહિ, હિત બુદ્ધિજ હતી. એનાં આંસુ પહેલાં તો, ડબલ આંસુ માને નીકળે, કારણ કે-બાળકે પ્રત્યે માતાનો દ્વેષભાવ નથી. માતા કદાચ મારે, તો પણ તેનું હૃદય કયું ? માતા, બાળકના હિતને માટે ઉપાય બધા કરે ! તેવું જ હૃદય સમ્યગ્દૃષ્ટિનું, સુધારવા યોગ્ય વ્યક્તિ પ્રત્યે હોય. બાળકને મારતી વખતે માતાનો હાથ કેવો ઉપડે ? તમે તમારા હાથે તમાચો મારો, તો તમારા ગાલ ઉપર તમારો હાથ કેવો ઉપડે ? સામો મારે એવી ધોલ મરાય ખરી ? કહોને કે, હાથ ચાલે જ નહિ ભલેને ખૂબ લાંબો કર્યો હોય અને જોરથી ઉપાડ્યો હોય, પણ ગાલ પાસે આવતાં આવતાં તો તે હળવો થઈજ જાય. કોઈ કદાચ અવાજ માગે, તોયે હાથ પોલો રાખીને અવાજ પણ કરો : પણ વાગે નહિ, એની કાળજી તો રાખો જ : કારણ કે મારાપણું બેઠું છે. તેમ પ્રાણી માત્રનું ભલું કરવાની બુદ્ધિ જેના આત્મામાં હોય, તેજ પારકાનું ભલું

કરવાને લાયક છે : બીજા નાલાયક છે. સમ્યક્ત્વની ભાવના તો આખા વિશ્વ પ્રત્યે મૈત્રીની છે. એકેંદ્રિય જીવો પ્રત્યે પણ સમ્યગ્દૃષ્ટિના હૃદયમાં મૈત્રી ભાવના વર્તે. એ ભાવના જો ઉંડી જાય, તો તો બધું જ ઉંડી જ જાય. મૈત્રી એટલે 'શેકહૅન્ડ' વિગેરે બાહ્યાડમ્બર કરો એજ નહિ, પણ મૈત્રી એટલે તો પરનું હિત ચિંતવવાનું ! સામાના હિત માટે 'શેકહૅન્ડ' પણ કરવી પડે, ન પણ કરાય, આઘા પણ ઉભા રહેવું પડે, પણ ભાવના શુદ્ધ જોઈએ. અયોગ્ય ભાવનાનો અંકુરો પણ ન આવે, એની કાળજી પૂરી રાખે, તે સમ્યગ્દૃષ્ટિ ! ભલાના નામે ખોટી ભાવના આવે, તો કર્મસત્તા ન છોડે. ગમે તે સ્થિતિમાં મૂકાય, છતાં ભાવના એ કે-દુશ્મનનું પણ ભલું થાવ-દુશ્મનનું પણ ભલું હું ક્યારે કરી શકું.

**ઉપકારની ભાવનામાં ફેર ન પડવા દો !**

નાના, મોટા, મિત્ર, શત્રુ પરિચિત, અપરિચિત,-એ બધા પ્રત્યે વર્તાવમાં ભલે ફેર હોય, પણ બધામાં બુદ્ધિ તો હિતની જ હોય. સર્વે સુખી થાઓ-એ ભાવના ! ભાવના બધા સુખી થાઓ એવી, પરંતુ તે માટે કેમ વર્તવું, ત્યાં તો ભેદ પડશે. એના અમલમાં જરૂર ભેદ પડશે. સાતમે ગુણ ઠાણે, છઠે, પાંચમે, ચોથે ગુણઠાણે અને માર્ગાનુસારીની પણ ઈચ્છા તો મુક્તિની, પણ કાર્યવાહીમાં ભેદ જરૂર પડે. સાતમે ગુણઠાણે અપ્રમત્તાવસ્થા છે, જ્યારે છટ્ઠે

પ્રમત્તાવસ્થા છે, અને પાંચમે-ચોથે વળી એથી જુદી દશા છે. ભાવના એક સરખી છતાં, કાર્યવાહી જુદી કેમ ? સરખી શક્તિનો અભાવ ! મુનિ પાસે એક આદમી ચોવીસે કલાક કાયમ રહે, એના ઉપર મુનિ ઘણો ઉપકાર કરી શકે : તેમ બે, ચાર કે છ કલાક આવે ત્યાં એટલો ઉપકાર ન થાય, ઓછો થાય : મહિનામાં બે દિવસ આવે એના ઉપર સાવ ઓછો થાય : કોક વખત જ મળે એના પર નહિ જેવો જ થાય : ન મળે તેના પર ન પણ થાય! એ રીતે ઉપકારની કરણીમાં ફેર, પણ ભાવના તો એકજ. બધાના હિતની જ ભાવના હોવી જોઈએ. પ્રાણીમાત્ર કર્મનો ક્ષય કરી, અનંત સુખના ભાગીદાર થાય, એજ એક ભાવના!-એમાં જરા પણ ફેર નજ પડવો જોઈએ. જેમ જેમ વિદ્યાર્થી હઠીલો, તેમ તેમ શિક્ષા વધુ પણ કરે, છતાં ભાવના કયી ? એકજ ભાવના કે-બધા ટાઈમસર આવે, સીધી રીતે બેસે, એક સરખી રીતે સાંભળે, રીતસર લેસન કરે, અને પરીક્ષામાં સોએ સો ટકા પાસ થાય. યોગ્યતાના પ્રમાણમાં શિક્ષા ફેરફાર હોય, પણ 'બધાજ હુંશીયાર થાઓ !'-આ એકજ ભાવના સર્વ માટે હોવી જોઈએ. રક્ષણની-શિખામણની-શિક્ષાની ક્રિયામાં ફેરફાર હોય, પણ ઉપકારની ભાવનામાં તો ફેર નજ હોવો ઘટે. સમ્યગ્દૃષ્ટિની મનોવૃત્તિ કેવી હોય, એ વાત ચાલે છે. તમે બધા શાસનને ચાહતા હો, શાસનનું હિત ચાહતા હો, તો શાસન કદરૂપું દેખાય એવી ક્રિયા

શાસનપ્રેમીના હાથે ન થવી જોઈએ. જેને માનીએ, સેવીએ, પૂજીએ,-એ કદરૂપું દેખાય એવી કાર્યવાહી ન કરવી જોઈએ. અજ્ઞાની, દોષ-દષ્ટિવાળો, ગમે તે કરે-પણ સમજદારના હાથે થોડું પણ ખરાબ થાય, એ ઈચ્છવા યોગ્ય નથી. જે રીતે સુધારવા ઈચ્છીએ છીએ, તેમાં અયોગ્ય વર્તન કરવાથી ભેદ પડે અને કરવા ધારીયે તે ન કરી શકીએ. હિતૈષીના હાથે અહિત ન થવું જોઈએ. હિતના નામે અહિત ન થાય તેમ વર્તવું અને જો એમ વર્તાય, તો પેલા અજ્ઞાની વર્તે તેના કરતાં, આ ભયંકર કહેવાય. આટલી કાળજી રખાય, તો જે કરવા માગીયે, તે સહેલાઈથી કરી શકાય.

**શ્રી સુબુદ્ધિમંત્રીનું દૃષ્ટાંત**

શ્રી સુબુદ્ધિમંત્રીની ભાવના એ છે કે-મારો માલીક સન્માર્ગે કેમ આવે, કયા ઉપાયથી સન્માર્ગમાં એ જોડાય, પણ પ્રસંગ આવવો જોઈએને ? એકવાર રાજાએ કાંઈ પ્રસંગ હોઈ પોતાના મંડળને પોતાને ત્યાં જમવા નોતર્યું : એમાં મંત્રી તો હોયજ. બધા જમવા આવ્યા, જમવા બેઠા, રસોઈ પીરસાણી, રાજાની રસોઈમાં કમીના શી હોય ? રાજા એક એક વસ્તુ લેતો જાય છે, અને કેવી છે ?-એમ પૂછતો ટેસ્ટ કરતો જાય છે. બધા સારીજ કહે છે : ખોટી હોય તોયે સારી જ કહેવી પડે : રાજાની રસોઈમાં રાજાની સામે દુષણ કોણ કાઢે?

પાછળની વાત જુદી છે. બધા વખાણ કરે છે : મંત્રી કાંઈ બોલતા નથી. રાજા મનમાં વિચારે છે કે-આ બધા 'હાજી' કહે છે, કારણ કે-એ 'હાજીયા' છે : 'નાજી' કહેવાનું શીખ્યા નથી, પણ જ્યાં સુધી મંત્રી સુબુદ્ધિ ન સારી કહે, ન વખાણે, ત્યાં સુધી રસોઈની કિંમત નહિ.

રાજા॰ 'મંત્રી, તું કેમ કંઈ બોલતો નથી ?'

મંત્રી॰ 'આપે મને જમવા બોલાવ્યો છે કે બોલવા ? જે માટે બોલાવ્યો છે, તે કરૂં છું.'

રાજા॰ 'રસોઈ સારી કે ખોટી, તે કહેવામાં વાંધો શું ?'

મંત્રી॰ 'રસોઈ જેવી છે તેવી છે, એમાં કહેવાનું શું ?'

રાજા॰ (જરા ગુસ્સે થઈને કહે છે.) 'પણ કેવી છે ?'

મંત્રી॰ 'જેવી બની છે, તેવી છે.'

રાજા॰ 'પણ ખારી, ખાટી, તીખી, કાંઈ તો કહે !'

મંત્રી॰ 'રાજન્ ! જેવી છે, તેવી છે. એની લપ્પન છપ્પનમાં ફાયદો શો ? ખોટી કહું તો કંઈ સારી બની જવાની છે ? અમુક ઉમદા ચીજની અપેક્ષાએ ખોટી પણ ગણાય, અને એનાથી ઉતરતી ચીજની અપેક્ષાયે સારી પણ ગણાય, એની પંચાતમાં ઉતરવાનું શું કામ ?

રાજા૦ 'તું તો મૂર્ખો છે. તું તારે રાજકારભાર કર. એ તું કરી જાણે, તને આની ખબર ન પડે.'

મંત્રી૦ 'એમ માનો ! મુખત્યાર છો.'

બધા વચ્ચે મૂર્ખો કહ્યો, તે સહન થાય ? થાય. પણ કોનાથી ? પોતાનું સાચવવા ઈચ્છનારથી તથા પોતાનું સાચવીને પારકાનું ભલું કરવા ઈચ્છનારથી, એ પણ સહન થાય. બધા વિખરાયા. હવે એકવાર રાજા તથા મંત્રી બેય ફરવા નીકળ્યા. નગરબહાર ગયા, કે એક ગંધાતી ખાળ આવી : એમાંથી બહુજ ખરાબ દુર્ગંધ છુટે છે. રાજા નાક દાબી, મોઢું મરડી, ઘોડો ઉતાવળે હાંકી દોડી ગયો અને દૂર જઈ ઉભો રહ્યો. મંત્રી તો નાક દાબ્યા વિના, મોઢું મરડ્યા વિના, ચાલે છે : અહીં નાકે લુગડું રાખવાને હરકત નથી, પણ એને તો રાજાને બતાવવું છે, એટલે ખાસ એ મુજબ ચાલે છે. રાજા વિચારે છે કે-'મંત્રી કેવો જંગલી છે? એને દુર્ગંધ પણ નથી આવતી !' મંત્રીને ગંધ નહોતી આવતી, એમ નહિ. ગંધ આવતી હતી, કપડું ધારે તો રાખી શકે, પણ રાજાને સમજાવવાની ખાતર, ઈરાદા પૂર્વક આ મુજબ ધીમે ધીમે ચાલે છે. ગંધ ન સહાય, તો કપડું રાખવામાં વાંધો નહિ. પણ તેના પ્રત્યે મુખ બગાડી, ગુસ્સો વિગેરે કરવાની શી જરૂર ? ખાળ આવી, ખાળ તેવી,-એમ કહેવાથી ખાળ કાંઈ ઉડી

જાય ? આઘો જાય તો બચે. ખસવામાં વાંધો નહિ, પણ ગુસ્સો શું કામ આવે ? મંત્રી રાજા પાસે આવ્યો, એટલે રાજા કહેવા લાગ્યોઃ-

રાજા૰ 'તને ગંધ પણ નહોતી આવતી ?'

મંત્રી૰ 'જેવી હતી તેવી આવતી હતી.'

રાજા૰ 'સહન કેમ થાય ?'

મંત્રી૰ 'જેમ થાય તેમ.'

રાજા૰ 'તું તો ગાંડો છે.'

રાજા મનમાં વિચારે છે કે-મંત્રી ગાંડો છે : એની જોડે વાતચીત શી ? એતો એ ભલો અને એનો રાજકારભાર ભલો. એને બીજી ગમ ન પડે, ત્યાંથી પાછા ફર્યા અને બેય પોતપોતાના મકાને ગયા.

મંત્રીને હવે રાજાને સન્માર્ગે લાવવાનો ઉપાય મળ્યો. નોકર પાસેથી એ ગંધાતી ખાળમાંથી ઘડો ભરીને પાણી મંગાવ્યું. કતક નામનું ચૂર્ણ, કે જે ચૂર્ણનો એવો સ્વભાવ છે કે-જો પાણીમાં નાખે, તો પાણીનો મેલ દૂર થાય. મંત્રીશ્વરે એના યોગે પાણી નિર્મલ બનાવ્યું. પાણીની સૂક્ષ્મતા ન જાય, પાણી જાડું ન થઈ જાય, એટલા પ્રમાણમાં સ્વાદુ અને સુગંધી

દ્રવ્યો એમાં ભરી, એ પાણીને મધુર, ઠંડુ, સુગંધિત, તૃષાને શમાવનાર, તથા ઈંદ્રિયોને સુખદાયક બનાવ્યું. આ પાણીને રાજાના રસોડે પહોંચાડ્યું અને રસોઈયાને કહેવરાવ્યું કે-આજે મહારાજાને આ પાણી આપવું.

આમાં જાનની આપત્તિ છે, હોં ! રાજાની જોડે આ ખેલ છે, પણ એને તો રાજાનું ભલું કરવાની ભાવના છે-એટલે આપત્તિનો ડર નથી. રાજા મહેલ તરફ આવે છે, ત્યારે દૂરથી એને સુગંધિ આવી. વિચાર કરવા લાગ્યો કે-આજે એવી કયી રસોઈ થઈ છે, કે જેની આવી ખુશબો આવે છે : એવી કોઈ રસોઈની આજ્ઞા આપી નથી. રાજા જમવા બેઠા, રસોઈ પીરસાણી, પણ જૂએ છે તો એક પણ એવી ચીજનો પત્તો નથી, અને સુગંધિ તો બહેકી રહી છે. પાણીનો કળશીઓ આવ્યો. એમાંથી સુગંધી ઉછળે છે, એ જણાયું. ઈંદ્રિયાધીન આત્મા કેટલો વખત કાબુમાં રહે ? તરત પાણી પીધું. જમ્યા પહેલાં પીધું. એજ વખતે રાજા રસોયાને કહે છે કે-આટલા દિવસથી તું મારે ત્યાં છે, કોઈ દિવસ તેં આવું પાણી પાયું નથી, આજે જ પાયું, તો રોજ કેમ પાતો નથી ? રસોયાએ કહ્યું કે-સાહેબ ! એતો મંત્રીશ્વરે મોકલ્યું છે. રાજાએ વિચાર્યું કે-હવે હું સમજ્યો. જે મંત્રીના ઘેર આવા પાણીના કુવા હોય, જે મંત્રી પાણી પણ આવાં પીએ, તે મારી રસોઈ શાની વખાણે ? વિષયાધીન આત્માની

હાલત જોઈ ! રાજા વિચારે છે કે-તે દિવસે મારી રસોઈ ન વખાણવાનું કારણ હવે સમજ્યો ! આવું પાણી પીનારને ખાળની દુર્ગંધ આવેજ ક્યાંથી ?

રાજા૦ 'બોલાવો મંત્રીને ! મંત્રીને બોલાવ્યો. મંત્રી આવ્યો.

રાજા૦ 'આવા કુવાનું પાણી તું રોજ પીએ છે અને અમને આજેજ મોકલ્યું : રોજ કેમ નથી મોકલતો ?'

રાજાની બુદ્ધિ ઉપર મંત્રી હસ્યો.

રાજા૦ 'મંત્રી ! આ કયા કુવાનું પાણી છે, એ કહે. !'

મંત્રી૦ 'રાજન્ ! વચન આપો તો કહું. તમે રાજા ઘડીમાં રોષાયમાન થાઓ, તો ઘડીમાં તોષાયમાન થાઓ ! તમારા રોષ કે તોષનો વિશ્વાસ શો ? રાજાની મૈત્રી ક્યાં સુધી ? મને અભયદાન આપો !'

રાજા૦ 'પણ આમાં મરવાની વાત ક્યાં છે ? કયા કુવાનું પાણી, એ કહેવું-એ મરવાની વાત આવી ?'

મંત્રી૦ 'જી હા ! એ આપ ન જાણો, આપ અભયદાન આપો.'

રાજા૦ 'જા મારૂં વચન છે, તને જરા પણ વાંધો નહિ આવે.'

મંત્રી॰ 'રાજન્ ! જે ખાળ આગળ મોંઢે ડૂચો દઈ, આપ ઘોડો હાંકી ગયા હતા, એ ખાળનું આ પાણી છે.'

રાજા॰ 'મારી પણ મશ્કરી કરે છે ?'

મંત્રી॰ 'નહિ, આપની મશ્કરી શું કામ કરૂં ? તેજ ખાળનું આ પાણી છે.'

રાજા॰ 'ત્યાં આવું પાણી ?'

મંત્રી॰ 'ના, પાણી એવું નહિ, પણ એ પાણી પણ આવું પાણી બની શકે છે.'

રાજા॰ 'ન બને.'

મંત્રી॰ 'બનાવી દઉં.'

મંત્રીએ તરત ત્યાંથી પાણી મંગાવી, રાજાની સમક્ષ તે વિધિપૂર્વક પાણીને નિર્મળ કરી બતાવ્યું. રાજા વિસ્મય પામ્યો અને કહ્યું કે-'આ તને કોણે કહ્યું ?'

મંત્રી॰ 'મારા શ્રી જિનેશ્વરદેવના મુનિવરોએ કહ્યું છે. સારી કે નરસી ચીજ એને સંયોગને આધીન છે. ઘઉંના આટાથી મિષ્ટાન્ન પણ બને અને રોટલા પણ બને. જેવા સંયોગ, તેવું રૂપાંતર. સારા અને ખોટાપણાનું કારણ સંયોગ છે, તો ખાલી રાગદ્વેષ કરવાથી ભલું થાય શી રીતે ? રાજન્ ! મેં આ બધી મહેનત આપની દૃષ્ટિ ઉઘાડવા માટે કરી છે. રસોઈનાં

વખાણ ન કર્યા, તેનું પણ કારણ આજ. એક પર રાગ અને એક પર દ્વેષ કરવાથી ફાયદો શો ?'

રાજા° 'બસ, મને સત્વર તારા મુનિવર પાસે લઈ જા. આવા દેવ, આવા મુનિ અને આવો ધર્મ, તો અનૂપમ-કે જ્યાં વસ્તુનું સત્ય જ્ઞાન થાય અને એથી રાગદ્વેષ દૂર થાય.'

મંત્રીએ મુનિનો યોગ પમાડ્યો. પરિણામે રાજા અને મંત્રીશ્વર ઉભયે સંયમ અંગીકાર કર્યું અને આત્મકલ્યાણ સાધ્યું.

❋ ૨૨ ❋

**મંગલાદિક પ્રતિપાદનનો ઉપસંહાર-**

દરેક ગ્રંથની શરૂઆતમાં ૧. મંગલ, ૨. અભિધેય, ૩. સંબંધ અને ૪. પ્રયોજન,-આ ચાર વસ્તુ ખાસ દર્શાવવામાં આવે છે. તેમ આ શ્રી અંગસૂત્રની શરૂઆતમાં આ ચારે વસ્તુ ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજીએ પણ ક્રમસર બતાવી દીધી. પ્રથમ શ્લોકમાં મંગલ માટે તીર્થની સ્તુતિ કરી, અને એમાં કહ્યું કે-આ તીર્થ જયવંતુ છે : કારણ કે એમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી અને એક પણ સુંદર વિચારનો ઈન્કાર નથી. આ તીર્થના સિદ્ધાંતો એવી સુંદર રીતિએ સિદ્ધ થયેલા છે કે-તેની સેવા કરનાર જરૂર કર્મમલથી રહિત

થઈને મુક્તિપદનેય પ્રાપ્ત કરી શકે છે. આથીજ આ તીર્થ શાશ્વત છે, અનૂપમ છે અને સઘળા શ્રી જિનેશ્વરદેવોથી નમસ્કાર કરાયેલું છે. બીજા શ્લોકમાં અભિધેયનું પ્રતિપાદન કરતાં સંબંધ અને પ્રયોજનનું પણ પ્રતિપાદન કરી દીધું : કારણ કે-'આ સૂત્રમાં કહેવા યોગ્ય આચાર છે અને આ આચારસૂત્ર ભગવાન્ શ્રી મહાવીરદેવે જગત્‌ના હિત માટે જે રીતિએ કહ્યું છે, તેજ રીતિએ હું પણ કાંઈક કહું છું.' આ કથનમાં અભિધેય, સંબંધ અને પ્રયોજન-આ ત્રણેનું પ્રતિપાદન થઈ જાય છે. 'આચાર'-એ અભિધેય છે, 'ભગવાન્ શ્રી મહાવીરદેવથી ચાલ્યું આવે છે'-એ સંબંધ છે, અને 'હિત'-એ પ્રયોજન છે. પ્રથમ શ્લોકમાં જેમ ટીકાકાર મહર્ષિએ અદ્‌ભૂત વસ્તુ કહી છે, તેમ બીજા શ્લોકમાં પણ તેવું જ વસ્તુવર્ણન કર્યું છે. પ્રથમ શ્લોકના મંગલાચરણમાં છ વિશેષણોથી પ્રશંસા કર્યા પછી બીજા શ્લોકમાં આ શ્રી આચારાંગ શાસ્ત્ર કહેવાનો હેતુ, કોણે કહ્યું તે, અને મારે આ કહેવાને શા માટે પ્રયત્ન કરવો પડે છે,-એ ત્રણે વસ્તુ ટીકાકાર મહાત્માએ બતાવી છે અને કહ્યું છે કે-આ શ્રી આચારાંગસૂત્ર ભગવાન્ શ્રી મહાવીરદેવે જગત્‌ના કલ્યાણ માટે કહ્યું : એમાંથી કિંચિત્ મારી શક્તિ મુજબ કહું છું. હું તેમની નિશ્રાએ બોલું છું. પૂરૂં કહેવાની તાકાત મારામાં નથી. એમણે કહ્યું છે, એમાંથી લઈને તાકાત છે તેટલું કહું છું.

ત્રીજા શ્લોકમાં ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી મહારાજાએ ફરમાવ્યું કે-શ્રી ગંધહસ્તિએ કરેલું 'શસ્ત્રપરિજ્ઞા-વિવરણ' અતિ-બહુ ગહન છે : તેમાંથી સુખપૂર્વક બોધ થાય, તે માટે હું કાંઈક સાર ગ્રહણ કરૂં છું. શુદ્ધ સમ્યગ્દૃષ્ટિનો આદર્શ પ્રભુના માર્ગમાં સ્થિર રહેવાનો અને તેમાં સ્થિર રહેવા માટે શાસનના ધોરી આચાર્યદેવોની નિશ્રામાં રહેવાનો જ હોય છે ! તે કદીજ પોતાની મતિકલ્પના ઉપર ઝઝુમતો નથી, પણ જ્ઞાનીના વચન તરફજ ઝૂકે છે. એમાંથી મેળવાય તેટલું મેળવે છે અને કલ્યાણની બુદ્ધિએ અપાય એટલું આપે છે.

(પ્રશ્ન-અક્રિય સિદ્ધ પરમાત્મા પાવન શી રીતે કરે ?)

ભલે સિદ્ધ થયેલા અરિહંત પરમાત્મા અક્રિય હોય, પણ એમનાં નામ-ગોત્ર વિગેરેના સ્મરણથી આત્મા પાવન થાય, માટે ઔપચારિક ભાષા એમ કહેવાય કે-આપજ આ વાણીને પાવન કરો. બેશક, આત્માના ગુણો આત્માએ જ પ્રગટ કરવાના છે-કોઈ આપવાનું નથી, પણ જે નિમિત્તે પ્રગટ થાય, તે નિમિત્ત આપનાર તરીકે કહેવાય. વળી બીજી પણ વાત સમજવા જેવી છે. જો એવાજ નિશ્ચય ઉપર જઈએ, તો તો ભાગ્ય ન હોત તો માતા પાલત પણ શાની ? એ તો પુણ્યોદય માટે પાળે છે, તો પછી માતાનો ઉપકાર જ શો ? ઉપકારજ ઉડી જાય. ભલે પળાયો પુણ્યયોગે અને જીવ્યો એ આયુષ્યના યોગે, પણ નિમિત્ત કોણ ? નિમિત્ત

તરીકે માબાપ કહેવાય. તેમ અહીં જ્ઞાન પણ આ આગમના યોગે અને એ પણ સદ્ગુરૂના યોગે. આગમ પણ પૂજ્ય, સદ્ગુરૂ પણ પૂજ્ય, આગમ જેના પર મૂકાય તે સાપડી પણ પૂજ્ય, અરે-લખવાનો કોરો કાગળ પણ પૂજ્ય ! એને પગ ન અડાડાય. જ્ઞાનનાં ઉપકરણ માત્ર પૂજ્ય. પાટી, પોથી, સાપડી, ઠવણી, આ બધાની અવગણનાનો પશ્ચાત્તાપ અતિચારમાં આવે છે કે નહિ ? અને આથીજ શાસ્ત્રમાં કહેવાય છે કે-જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનની અવગણના કરીએ-તે સઘળાનું અપમાન કરીએ, તો જ્ઞાનાવરણીય કર્મ બંધાય : અને ભક્તિ કરીએ-બહુમાન કરીએ અને નમસ્કારાદિ ક્રિયા કરીએ, તો જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય પણ થાય.

(પ્રશ્ન-અક્રિયપદના અર્થિને ક્રિયાના આલંબનની જરૂર શી ?)

આ પ્રશ્ન ક્રિયાને ઉડાવનારાઓ કરે છે, પણ તેઓને ખબર નથી કે-એકલા જ્ઞાનથી કદી જ મુક્તિ મળી શકતી નથી. અક્રિયપદે પહોંચવા માટે પણ ક્રિયાની જરૂર તો છે જ, કારણ કે-અનાદિથી ઉલટી ક્રિયાઓ કરી, આત્મા ઉપર કરેલા બંધનને દૂર કરવા માટે તો ક્રિયાનું આલંબન લેવું જ પડશે. વાત એટલી જ કે-અત્યાર સુધી ઉલટી રીતે સક્રિય હતા તે હવે સીધી રીતે સક્રિય બનવું પડશે. બંધનની ક્રિયા કરી તેટલી ક્રિયા, છુટવા માટે પણ કરવી

જ પડશેને ? છુટવા માટેની ક્રિયા કરી એટલે બંધન ખસવાનાં અને તે ખસશે એટલે ક્રિયા પણ આપોઆપ જ ખસી જશે. આંટા બાંધ્યા છે એટલા ઉલટા ફેરવવા તો પડશેજ ને ! જે વસ્તુને બંધનમાં મૂકી, તેને છોડવાની ક્રિયા તો કરવી જ પડશે. આજ સુધી અયોગ્ય આલંબનના યોગે ઉંધી ક્રિયાઓ થતી હતી, તે હવે યોગ્ય આલંબનના યોગે સીધી ક્રિયા કરીએ, કે જેથી બંધન છુટી જાય અને મુક્તિપદની પ્રાપ્તિ સહેલાઈથી થઈ શકે. આપણે જો આલંબન ન સ્વીકારીએ, તો અનાદિની વિપરીત દશા પલટાતી નથી. અનાદિની ખોટી કુટેવોથી બચવા આ આલંબન છે. પ્રવૃત્તિ સીધી થાય, તો અનાદિની ખોટી કુટેવો છુટી જાય, ઉંધી પ્રવૃત્તિ બંધ થાય અને આક્રમણો ખસી જાય, તો મુક્તિ થાય. યોગ્ય નિમિત્તની અવગણના કરનારા પોતાના આત્માની જ અવગણના કરે છે : નિમિત્તના યોગે તો બધું ચાલે છે. ઉલટાં નિમિત્ત કાયમ રાખવાં અને સીધાં નિમિત્ત ઉભાં ન કરવાં, એ કયાંનો ન્યાય ?

**સંસારી માત્ર માટે મુખ્ય કર્ત્તવ્યનું વિધાન-**

ટીકાકાર મહર્ષિ પીઠિકામાં જ ફરમાવે છે કે-

**“इह हि रागद्वेषमोहाद्यभिभूतेन सर्वेणापि संसारिजन्तुना शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात पीडितेन तदपनयनाय हेयोपादेयपदार्थपरिज्ञाने यत्नो विधेयः ।”**

'આ સંસારમાં રાગ, દ્વેષ અને મોહાદિકથી અભિભૂત થયેલા અને એજ કારણે શારીરિક અને માનસિક અતિકટુક દુઃખોના ઉપનિપાતથી પીડિત થયેલા-સર્વ પણ સંસારી જંતુએ હેય (તજવા યોગ્ય) અને ઉપાદેય (અંગીકાર કરવા યોગ્ય) પદાર્થોના પરિજ્ઞાનમાં યત્ન કરવા યોગ્ય છે.'

આ પ્રમાણે કહીને, ટીકાકાર મહર્ષિ સ્પષ્ટ કરે છે કે-રાગ, દ્વેષ અને મોહ-આ ત્રણે સંસારનાં મૂળ છે અને એનાથી પરાભૂત થયેલા આત્માઓ-પછી તે ગમે તે હોય, પણ તેઓની ઉપર શરીર સંબંધી કે મન સંબંધી અનેક ભયંકર દુઃખો આવ્યા વિના રહેતાં જ નથી. એ ભયંકર દુઃખોથી મુક્ત થવાની જેઓની અભિલાષા હોય તેઓએ હેય અને ઉપાદેય પદાર્થોનું જ્ઞાન મેળવવું જ જોઈએ. તે સિવાય એ દુઃખોથી મુક્ત થવાનો કોઈ ઉપાય જ નથી, કારણ કે-હેય અને ઉપાદેયના જ્ઞાન વિના રાગ, દ્વેષ અને મોહનો નાશ થતો નથી, અને તેના નાશ વિના દુઃખ પણ દૂર થતું જ નથી. દુઃખથી છુટવાનો એજ એક અનૂપમ ઉપાય છે.

રાગ, દ્વેષ અને મોહને આધીન થયેલા આત્માઓ, શારીરિક અને માનસિક અનેક કટુક દુઃખોથી પીડિત હોય, એમાં આશ્ચર્ય પામવા જેવું કશું જ નથી. રાગ, દ્વેષ અને મોહની

આધીનતા છોડવી નહિ અને દુઃખોથી ડરવું-એ ચાલે તેવું છે ? દુઃખ ન જોઈએ, તો એ રાગાદિકનો નાશ કરવા માટે સજ્જ રહેવું જ જોઈએ, અને આ ત્રણની સેવા કરનારે તો દુઃખ સહન કરવા તૈયાર રહેવું જ જોઈએ. શાસ્ત્ર કહે છે કે-એ ત્રણની હયાતિમાં દુઃખ તો આવવાનું જ. મારૂં-મારૂં કરવું અને દુઃખથી આઘા રહેવું, તે ન ભૂતો ન ભવિષ્યતિ. દુઃખ ન જોઈએ, તો આ ત્રણને છોડો અને ન છોડો તો દુઃખ આવે ત્યારે બોલો મા. રાગી, દ્વેષી અને મોહાંધ-એ સુખી હોય એ કદી બન્યું જ નથી : રાગી અને સુખી, દ્વેષી અને સુખી, મોહાંધ અને સુખી-એ બને જ નહિ. રાગી, દ્વેષી અને મોહી કદી સુખી હોય ? ક્ષણવાર સુખ મળતું દેખાતું હોય, તો પણ તે સુખ નથી-કારણ કે, એ સુખ પરિણામે દુઃખ લાવે તેવું છે. ખસ થાય, ચળ આવે, ખણાય ત્યારે લાગે મજેનું, પણ તે કંઈ સુખ છે ? નહિ જ. બચ્ચાંને ખસ થઈ હોય તો તેના હાથ બાંધવા પડે : મોટાને ખસ થઈ હોય તો સમજાવવા પડે અને હઠીલા થાય તો ઉપેક્ષા પણ કરવી પડે. બચ્ચાં તો ડાહ્યાં કે હાથ બાંધવા દે. મોટા સમજે તો ઠીક, નહિ તો ઉપેક્ષાયે ભલી. બાળકમાં એ યોગ્યતા છે કે-એને કરવું હોય, ખણવું હોય તો પણ એને રોકવાની તાકાત છે. ના કહેવાથી કે સમજાવવાથી ન માને, રહેવાય નહિ તેવી દશા હોય, તો કોથળી અગર પાટા બાંધો એટલે બસ. મોટા હઠીલા થાય તો પાટા

બાંધવા જ ન દે. અરે, ગમે તે પ્રકારે બાંધો તોયે કાઢી નાંખે ! બાંધવા જ ન દે એ વાત રાખોને ! પગ, મોઢું, અવાજ, બધું મોટું. એને કોણ બાંધી શકે ? માટે એવાની તો 'उपेक्षा वरम्'-ઉપેક્ષા સારી. ક્ષણિક સુખ આપનારી વસ્તુમાં સુખ માનવું, એજ મોહ : મોહનું સ્વરૂપ જ એ કે-ક્ષણિક સુખમાં શાશ્વત સુખનો ભાસ કરાવે તે : પંડિતને પણ મુંઝવે તે મોહ.

**દ્રષ્ટિરાગ પાપી છે**

રાગ ત્રણ પ્રકારના : કામરાગ, સ્નેહરાગ અને દૃષ્ટિરાગ. આ ત્રણમાં છેલ્લો દૃષ્ટિરાગ ઘણો જ પાપી છે. અને તે સત્પુરૂષો માટે પણ દુરૂચ્છેદ છે. કામરાગ અને સ્નેહરાગ થોડી મુશીબતે દૂર કરી શકાય તેવા છે, પણ દૃષ્ટિરાગ તો સત્પુરૂષો માટે પણ દુઃખથી છેદી શકાય તેવો છે : અર્થાત્ સત્પુરૂષો પણ એના પાશમાં સપડાઈ જાય છે. કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે-

**''कामरागस्नेहरागा-वीषत्करनिवारणौ ।**
**दृष्टिरागस्तु पापीयान्, दुरुच्छेदः सतामपि ॥१॥''**

'હે વીતરાગ ! કામરાગ અને સ્નેહરાગ, એ સહેલાઈથી નિવારી શકાય તેવા છે-જ્યારે પાપી એવો દૃષ્ટિરાગ તો સત્પુરૂષો માટે પણ દુઃખે કરીને છેદી શકાય તેવો છે.

કામરાગ અને સ્નેહરાગ ભાવનાદિકથી દૂર કરી શકાય છ, પણ કુદર્શન ઉપર ચોંટેલો દૃષ્ટિરાગ, એ એવો ભયંકર છે કે-જેના પાશમાંથી સત્પુરુષો પણ નથી છુટી શકતા. આથી કોઈ પણ ખોટી માન્યતાને આધીન ન થઈ જવાય, એની ખાસ કાળજી રાખવાની છે. આપણું જીવન જો આપણે સફળ કરવા માગતા હોઈએ, તો આપણી ફરજ છે કે-આપણે કેવલ વ્યક્તિનાજ અનુયાયી બની જવું જોઈએ નહિ અને કોઈ પણ કુમાન્યતાના ગુલામ પણ બનવું જોઈએ નહિ. ખોટાના રાગમાં પડેલા માણસો, છતા એવા દોષોને પણ જોઈ શકતા નથી.

(પ્રશ્ન-પ્રભુના આગમને આગળ રાખે તો ?)

તો પછી દૃષ્ટિરાગ રહ્યો જ ક્યાં ? એ તો યોગ્ય જ છે. કોઈ કહે કે-મેં માન્યા એ જ દેવ, એમ નહિ, પણ એમ કહે કે-રાગદ્વેષ ન હોય, એકપણ દૂષણ ન હોય તે દેવ, ત્યારે એને પૂછવાનું કે-'આજ સુધી કેમ માનતો ?' ત્યારે જો એ માર્ગે આવવાને યોગ્ય હોય, તો કહે કે-'અજ્ઞાન હતું માટે !' શાસ્ત્ર કહે છે કે-દેવ, ગુરૂ અને ધર્મ બધા 'સુ' જોઈએ. સુદેવ, સુગુરૂ અને સુધર્મ તથા વડીલ પણ 'સુ' અને માબાપ પણ 'સુ' જોઈએ.

(લાલન૰ આપનો કેસ મજબૂત કરતા જાઓ છો.) શ્રી જિનેશ્વરદેવે કહેલું તમારી આગળ મૂકું છું. કોઈ કહે કે-મહાવીરને કેમ માનો છો ? તો કહેવું કે-રાગદ્વેષને જીતી અરિહંત

બન્યા માટે, શ્રી ભગવાન મહાવીરદેવને માનીયે છીએ. કોઈ સાબીત કરે કે-એ અરિહંત નહોતા, તો ન માનીએ અને કહીએ કે-એ મહાવીર બીજા : એ અમારા મહાવીર નહિ. જેનામાં રાગદ્વેષ નહોતા એજ મહાવીર અમારા દેવાધિદેવ, પણ બીજા નહિ. શ્રી ઋષભદેવ ભગવાન્ તથા શ્રી મહાવીર ભગવાન્ અરિહંત હતા માટે જ માનીએ છીએ. ગુરૂ પણ ગમે તે નહિ. ગુરૂ તે કે જે મહાવ્રત પાળે, શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ ચાલે, સામાયિકમાં રહે, ધર્મનોજ ઉપદેશ આપે, સમ્યગ્-દર્શન સમ્યગ્-જ્ઞાન અને સમ્યક્-ચારિત્ર સિવાય બીજું બતાવે નહિ, અને શ્રી જિનેશ્વરદેવે કહેલું જ કહે. ફલાણાજ ગુરૂ એમ નહિ, પણ આ લક્ષણ જેનામાં હોય તે બધાજ ગુરૂ. આ જેનામાં ન હોય તે વોસિરે, વોસિરે. આ રીતે દેવને, ગુરૂને, ધર્મને, વડીલને, અને માબાપ વિગેરે માનવાના બધાને, પણ તે 'સુ' જોઈએ.

**अरिहंतो महदेवो, जावज्जीवं सुसाहुणो गुरुणो,**
**जिणपन्नत्तं तत्तं, इयसम्मत्तं मए गहियं ।**

અર્થ-અરિહંત મારા દેવ, સુસાધુઓ મારા ગુરૂ, અને શ્રી જિનેશ્વરદેવ પ્રણીત તત્ત્વ એ મારો ધર્મ, જાવજ્જીવ આ સમ્યક્ત્વ મેં ગ્રહણ કરેલું છે. આ પ્રમાણે બોલવામાં અને વિચારવામાં આવે છે. જે ત્રણે વસ્તુને સ્વીકારી છે, તેનાં વિશેષણો જુઓ ! દેવ કોણ ?-

તો કે અરિહંત ! ગુરૂ કોણ ?- તો કે સુસાધુઓ ! અને તત્ત્વ કહ્યું ?-તો કે શ્રી જિનેશ્વરદેવોએ કહેલું ! આ રીતે આપણો વસ્તુનો સ્વીકાર હોવો જોઈએ, પણ દૃષ્ટિરાગથી નહિજ.

**ખોટી દાક્ષિણ્યતા એ દોષ છે**

દેવનું કહેલું જ કહે એ ગુરૂ : અગડં બગડં ગપ્પાં મારનાર ગુરૂ નહિ ! મકાનની ધજા જેમ વાયુથી ફરકે, તેમ વાયરે ફરકનારા ગુરૂ નહિ. મારા દેવ, મારા ગુરૂ અને મારો ધર્મ-એ મનુષ્યે કહેવું સ્હેલું છે ? જ્યાં ત્યાં એમ કહે, એ મનુષ્ય અજ્ઞાન છે ! વિવેકી આત્માઓ તો દેવત્વ અને ગુરૂત્વ દેખે ત્યાં ઝુકે, નહિ તો અક્કડ ઉભા રહે. દેવત્વમાં વધુ મુશ્કેલી નહિ આવે, પણ ગુરૂત્વમાં વાંધો આવે છે : કારણ કે આંખ ચાલતી રહે છેને ! આંખની શરમ, ખોટી દાક્ષિણ્યતાના ઉપાસકોનો અવશ્ય નાશ કરે છે. હિતકારી દાક્ષિણ્યતાની ઉપાસના એ ગુણ છે, પણ ખોટી દાક્ષિણ્યતા એ દોષ છે. એ દોષનો તો વ્યવહારમાં પણ સ્વીકાર નથી. વ્યવહારમાં પણ પ્રમાણિક આડતીયા સાથે મેળ રખાય, દાક્ષિણ્યતા રખાય, પણ ક્યાં સુધીની ? બે પાંચ રૂપિયાની છુટ માટે. પણ ચોપડા ઉથલાવવા માટે નહિ ! એ આડતીયો તમારા ચોપડાને પણ ન ગણકારે, તો તો તમે કોર્ટમાં દોડો કે નહિ ? માલ લઈ

જાય અને જવાબ ઉઠાઉગીરીનો આપે, ત્યાં દાક્ષિણ્યતા રાખો ? કહોને કે-નહિજ. કહો છો ને કે-દાક્ષિણ્યતા કેટલા પૂરતી ? પચાસના પીસ્તાલીશ લઈએ એટલા પૂરતી ઠીક છે, બાકી વધુ ન સચવાય : સાથે જમ્યાનો સંબંધ સચવાય તો સારૂં. ચાંલ્લો કયાં કરો ? કહોને કે આવ્યા હોય એને ત્યાં. કોઈને બે, કોઈને પાંચ, કોઈને દશ કેમ ? એને ત્યાંથી આવ્યા એટલા કરવાના ! કોઈને ત્યાંથી ન આવ્યા, તો તમે પણ કહી દો કે-હું પણ ન આવું. તમને પૂછે કે-કેમ નહોતા આવ્યા ? તમે તરત કહો કે-તું કે'દી આવ્યો હતો ! કાંઈ કીધા વિના ઓછાજ રહો છો ? વ્યવહારમાં નહિ જેવા સ્વાર્થ માટે હાનિકર દાક્ષિણ્યતા નથી રાખતા, તો અહીં આત્મકલ્યાણની સાધનામાં ખોટી દાક્ષિણ્યતા કેમ નભાવી લેવાય ? વ્યવહારની બાબતમાં સહુ સમજો છો કે ખોટી દાક્ષિણ્યતા રાખીશું તો ઘર નહિ ચાલે-વેપારમાં ભીખ માગીશું. અહીં ધર્મના પ્રસંગમાં એ વાત માટે બેદરકાર છો માટે પત્તો નથી લાગતો. તમને ખોટું લાગે તો તમે જાણો, પણ જે છે તે કહું છું. ગોશાળાનો પરમ શ્રાવક શકડાલ, જ્યારે ભગવાન્ શ્રી મહાવીરદેવનો પરિચિત બન્યો, પ્રતિબોધ પામ્યો, સમજ્યો, અને સન્માર્ગનો સ્વીકાર કર્યો કે તરત ભગવાન્ મહાવીરનો પરમ શ્રાવક બન્યો. ગોશાળો ફરીને ત્યાં આવ્યો એટલે ગયો નહિ. ગોશાળાએ બોલાવવા શિષ્ય મોકલ્યા. શિષ્ય મોકલવાનું કારણ ? ભગવાન્ શ્રી

મહાવીર કોઈને બોલાવતા નહોતા ! ત્યાં તો એ હતું કે-પુણ્યશાળી હોય તે આવે, ભાગ્યવાન્ હોય તે પામે. અને તરવું હોય તે તરે. ગોશાળાની બુદ્ધિ તો યેનકેન પ્રકારે સંખ્યાવૃદ્ધિ કરવાની હતી. ભગવાન્ વીતરાગ છે અને ગોશાળાને તો ખેંચવા છે ! શિષ્યોને શકડાલે કહ્યું કે-કહેજો કે હું હવે આવવા માગતો નથી. ગોશાળો પોતે આવે છે, એને આવતો જોયો કે તરત આંખ નીચી ઢાળી. ગોશાળો પાસે આવ્યો. પૂછે છે, કેમ ? શકડાળ કહે છે કે-''હવે નહિ.'' આ વખતે પણ આંખ તો નીચે ઢાળેલી જ હતી. રખે એની દૃષ્ટિની અસર મને થાય એ ભય હતો. આંખ મળ્યે શરમ થાય તો ? દાક્ષિણ્યતા આવે તો ? માટે આંખ નીચી ઢાળી હતી. પુણ્યવાન્ આત્માને દાક્ષિણ્યતા ન આવે, પણ સંભવ ખરો, એટલે બચવાનો પ્રયત્ન તો કરવો જ જોઈએ. અમૂકને જ દેવ માનવા, એવો જ શ્રી જિનેશ્વરદેવના શાસનમાં આગ્રહ નથી. શ્રી જિનેશ્વરદેવના શાસનમાં તો અરિહંતને દેવાધિદેવ મનાવવાનો આગ્રહ છે. કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ફરમાવે છે કે-

**''भवबीजांकुरजनना:, रागाद्या: क्षयमुपागता यस्य ।**
**ब्रह्मा वा विष्णुर्वा, हरो जिनो वा नमस्तस्मै ॥१॥''**

'સંસાર બીજના અંકુરને પેદા કરનારા રાગાદિક દોષો જેના ક્ષય પામી ગયા છે, તે

પછી નામથી ચાહે તો બ્રહ્મા હો, વિષ્ણુ હો, હર હો કે જિન હો, તેને અમારો નમસ્કાર હો !'

કેવી અને કેટલી સુંદર મનોવૃત્તિ ! પણ તેમાં પાછું પોલાણ કે અજ્ઞાનતાભર્યું ચાપલ્ય તો નહિ જ કે-'ગમે તેવા પણ દેવ ચાલે !' પણ દેવાધિદેવ તો તેજ, કે જેમાં રાગદ્વેષ નહિ, અઢારે દોષમાંથી એક પણ દોષ નહિ અને સર્વજ્ઞ-વીતરાગ હોય તે ! પછી એમનું નામ ગમે તે હોય. ગુરૂ પણ ફલાણા એમ નહિ, પણ જે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ ચાલનારા હોય, શ્રી જિનેશ્વરદેવનું કહેલું જ કહેનારા હોય, પ્રભુપ્રણીત આચારમાં લીન રહેનારા હોય, સામાયિકને નહિ મૂકનારા અર્થાત્ સામાયિકમાં જ રહેનારા હોય, રત્નત્રયી શિવાય બીજું કંઈ પણ ન બોલનારા હોય તેજ, અને ધર્મ પણ તેજ કે જે કરવાથી વિષયનો વિરાગ થાય, કષાયનો ત્યાગ થાય, ગુણનો અનુરાગ થાય અને ઉત્તમ ક્રિયાઓમાં અપ્રમત્તાવસ્થા આવે. એવો જ ધર્મ આદરણીય. માબાપ તથા વડીલ પણ તે, કે જે પોતાના સંતાનને-વારસને હિતમાર્ગે વાળે ! ઉંધે માર્ગે વાળે તે ન માતા, ન પિતા કે ન વડીલ ! આ માન્યતા હોય તો દૃષ્ટિરાગ આવે જ શી રીતે ? અમૂક જ દેવ, અમૂક જ ગુરૂ, અમૂક જ ધર્મ-પછી તે ગમે તેવા હોય-એ માન્યતા તે દૃષ્ટિરાગ.

**વસ્તુનો જે સ્વભાવ તે ધર્મ**

વસ્તુના સ્વરૂપને અંગીકાર કરી વસ્તુને માનવી, આ બધા ધર્મ તો સાધન ધર્મ, પણ અંતિમ તો 'વથ્થુસહાવો ધમ્મોઃ વસ્તુનો સ્વભાવ તે ધર્મ !' વસ્તુના સ્વભાવને વળગીને જ વસ્તુને માનવી. શરીરના સ્વભાવનો ખ્યાલ હોય તો તેમાં મોહ પામીએ ? નહિ જ. શાસ્ત્ર અને અનુભવ કહે છે કે-શરીર પરિણામે દુર્બલ છે, નાશવંતુ છે, સડવું, પડવું અને નાશ પામવું એ એનો સ્વભાવ છે, શટન-પટન-વિધ્વંસન સ્વભાવવાળું છે. રૂપીયાની રૂપીયાભાર ચીજ ખવરાવો, દશવાર નવરાવી ધોવરાવી સાફ કરો, દરેક રીતે સાફ રાખો, તેલ ફુલેલ લગાવો, કસ્તુરીનો લેપ કરો, પુષ્ટિ કરે તેવા પદાર્થો શરીરમાં નાંખો, પણ અંતે-પરિણામે શું ? વસ્તુના સ્વભાવને ઓળખો, તો વાંધો ન આવે. ગમે તેવી રીતે શરીરને સાચવો તોયે પરિણામે શું? આ જાણીએ તો શરીર માટે પાપ થાય ? નહિ જ. મહર્ષિ ધનાકાકંદી છઠ્ઠને પારણે છઠ્ઠ કરતા. પારણામાં આયંબિલ કરતા. આયંબિલમાં આહાર એવો લેતા, કે જેના ઉપર માખી પણ ન બેસે, ઘી દુધ તો નથી જ, પરન્તુ ખીચડીમાં પણ રસ તો છે ને ! ત્યાં માખી બેસે. કોલસા જેવા થઈ ગયેલા-એટલે ખીચડીના બળેલા પોપડા વિગેરે, એવા એવા આહારથી નિર્વાહ કરતા. બીજા પણ મહર્ષિઓ કેવલ નિર્મમભાવે જે કાંઈ મળે, તેનો સંયમના નિર્વાહ

માટે ઉપયોગ કરતા. ત્યાં એમ મનાય કે-એ આહાર પણ ધર્મ સાધનાર્થે કરતા. પણ વસ્તુના સ્વભાવથી ઉલટા થઈ જેવું કેમ પાલવે ? શરીરને ધર્મસાધન બનાવવા માટે પોષવામાં આવે, એ જુદી વાત છે : પણ જેઓ શરીર પાસે ચોવીસે કલાક પાપ કરાવે અને કહે કે-ધર્મ માટે પોષીએ છીએ, તેઓ કેવા કહેવાય ? બાર મહીનામાં એક બે દિવસ ધર્મ કરાવે અને રોજ પાપ કરાવે અને પાછા ઉપરથી કહે કે-ધર્મ માટે પોષીએ છીએ, તે કેમ ચાલે ? પેઢી માંડી, તે દાન દેવા માટે કે-વેપાર કરવા માટે ? દાનની ભાવના હોય તોયે કેટલી ? કિંચિત્ ! આંગળીના વેઢાનાયે કેટલામે ભાગે ? હા, એ ઠીક છે કે-જેટલું દાન દેવાયું એટલી લક્ષ્મી ફળી, પણ પેઢી કાંઈ દાન માટે છે, એમ કહેવાય ? લક્ષ્મી આદિની મૂર્ચ્છા વિનાના તો સંસારમાં જ શું કામ રહે ? અને ધર્મ માટે લક્ષ્મીની ઈચ્છા, એ તો નિષિદ્ધ જ છે. હોય તો સદુપયોગ કરવાની છુટ છે : પરંતુ સદુપયોગના નામે પાપથી પેદા કરવાની છુટ નથી. એ તો વગર કારણે કપડાંને ધોવા માટે મેલું કરવા જેવી વાત છે.

જેને શરીરનો સ્વભાવ સમજવામાં આવી જાય, તે મુંઝાય નહિ. ભલે ભોજન આપે, રક્ષા કરે, પણ માને કે-અંતે એ મારૂં રક્ષણ કરનાર નથી. સાપને દૂધ પાઈએ તો ઝેર થાય, એ પયઃપાન નકામું જ ને ! શરીરની બહુ પુષ્ટિ, શું કામ આપે ? વસ્તુના સ્વભાવને ઓળખી

વળગે એને દૃષ્ટિરાગ ન થાય. વસ્તુના સ્વભાવને ભૂલે એને દૃષ્ટિરાગ આવે : પછી બચવું ભારે ! માટે દેવ, ગુરૂ અને ધર્મ તે આજ. હું માનું છું તેજ એમ ન કહો, પણ આપણે કહી ગયા તે મુજબ લક્ષણો હોય તેજ, એમ કહો. વડીલ તે, કે જે વારસામાં રહેલા આત્માનું હિત ચિંતવે.

**સંસાર દુ:ખમય જ છે**

સંસારી જીવો જે રાગ, દ્વેષ અને મોહથી પીડિત હોય, તેણે શારીરિક ને માનસિક દુ:ખ સહેવા તૈયાર રહેવું જ જોઈએ, કારણ કે-એના યોગે દુ:ખ શિવાય કંઈ છે જ નહિ. સંસાર તો દુ:ખમય, દુ:ખફલક (દુ:ખ છે ફળ જેનું), અને દુ:ખની પરંપરાવાળો છે, એમાં શંકા જ શી ? એથીજ સંસાર છોડવા જેવો છે, એમ કહેવું પડે છે : અને તે કેવલ સુખને જ માટે છે. સુખ જોઈએ એમાં બે મત નહિ, તો પછી સંસાર છોડવા જેવો છે, એ વાતમાં પણ બે મત કેમ હોઈ શકે ? સંસારનો સંબંધ છુટ્યા વિના આત્માને કદી જ શાશ્વત સુખની પ્રાપ્તિ થતી જ નથી, એ વાત સુનિશ્ચિત છે. જ્ઞાની પુરૂષો જેમ સંસારને દુ:ખમય જણાવે છે તેમ સંસારમાં રહેલા પણ સંસારમાં સુખ છે, એમ જોરપૂર્વક નહિ કહી શકે. એમનો અનુભવ પણ સંસારમાં સુખ હોવાની ના કહે છે. કોઈ કહ્યું-કહાવ્યું કહે તે ન મનાય, અને મારૂંજ સાચું

એવો દુરાગ્રહ રાખનારનું પણ ન મનાય. સંસારમાં કોઈ તો એવા કંટાળે છે કે-ક્યારે છુટીયે એમ એમના મનમાં થયા જ કરે. જ્યારે પથારીએ પડે, લવરી કરે, ત્યારે સાંભળજો ! બહારથી લાલ દેખાય, પણ હૃદયમાં જુદું જ. બહાર ન કહે, પણ એકાંતમાં પૂછજો. નામાંકિત કે શ્રીમાન્‌ને પૂછજો કે-કેમ છે ? તો તે તરત કહેશે કે-જવા દેને ! છે તે ઠીક છે. જે રીતે ઘડાયા, પંકાયા, તે માટે તે રીતે રહેવું પડે, ફરવું પડે. કપડામાં, રીતભાતમાં ફેરફાર ન થાય. મોટરમાં જ ફરાય. બહારનો દેખાવ જરા ગયો તો પાઘડી ઉછળે, માટે ગાડું જેમ ગબડતું હોય તેમ ગબડવા દે, અહીંના તહીં, આમના તેમ કરવા દે, આબરૂ ટકે એટલે બસ! 'સંસાર ભયંકર ચીજ છે'-એનો કોઈ પણ વિચક્ષણથી ઈન્કાર થઈ શકે તેમ નથી. સંસારમાં આસક્ત બનેલાઓ ગમે તે કહે, પણ આત્માને પૂછો અને વિચારો તો સ્પષ્ટ રીતે સમજી શકાશે કે-આ સંસાર દુઃખમય, દુઃખફલક, અને દુઃખની પરંપરાવાળો છે.'-એમ જે જ્ઞાની પુરૂષો કહે છે, તે તદ્દ્‌ન સત્ય છે.

(પ્રશ્ન૰ સંસારને છોડવાથીયે સુખ ક્યાં દેખાય છે ?)

છોડ્યો ? છોડ્યા વિના દેખાય ? ચશ્માથી દેખાય તેવું સુખ થોડું જ છે ? અનુભવ વિના ન દેખાય. 'સાકર કેવી ?' એમ પૂછનારને કહેવું જ પડે કે-'મોઢામાં મૂકી જો !'

'દીક્ષામાં સુખ કેવું ?' અનૂપમ ! અનુભવ કરવો હોય તો લઈ જાુઓ એટલે માલુમ પડે. 'મોક્ષનું અનંત સુખ કેવું ?'-એમ પૂછનારને જ્ઞાની પુરૂષોએ એજ ફરમાવ્યું કે-સંસારના સુખથી અનંત ગુણુ છે, અનૂપમ છે, વચનાતીત છે, એકાંતિક અને આત્યંતિક છે. સંયમનું સુખ કેવું? આવો ને જાુઓ ! પણ મારાપણું મૂકીને આવજો. ત્યાંથી એ સાથે લઈને આવશો તો મારી નાખશો. સંસારની બધી બદબો છૂટે, ત્યારે જ સંયમની ખૂશબો આવી શકે. .

**સંસારના ભય વિના ધર્મપ્રેમ ન જાગે**

'જેટલી સંસારની ભીતિ, તેટલી ધર્મની પ્રીતિ ! જેટલો સંસારનો ભય, તેટલો ધર્મનો પ્રેમ ! જેટલા પ્રમાણમાં સંસારનો ભય થાય, તેટલા પ્રમાણમાં ધર્મનો પ્રેમ થાય ! જેટલા અંશે દુર્ગંધિ જાય, તેટલા અંશે સુગંધિ આવે ! 'જેટલા અંશે દાંડાઈ જાય, તેટલા અંશે આબરૂ વધે !'-આ તો વ્યવહારની વાત છે ને ! દાંડાઈમાં સમજો છો ને ? જેટલા પ્રમાણમાં વચનની એકતા, તેટલા પ્રમાણમાં પ્રતીતિ જામે. જેટલા પ્રમાણમાં વાયદાસર આપવાની ચિંતા, તેટલા પ્રમાણમાં શાહુકારી, દેવાલીયો પૂછે કે-મને કેમ કોઈ ધીરતા નથી ? આના ઉત્તરમાં એજ કહી શકાય કે-લાવો એના દૂધે ધોઈને આપો, આવું પાંચ, દશ, પચીસ વખત કરો, એટલે સહુ કોઈ ધીરશે : બાકી વગર આપ્યે એમને એમ ધીરવાનું કહો તે ચાલી શકે

તેમ નથી. તેમજ જેટલા અંશે ખોટું જાય, તેટલા અંશે સત્ય ઘુસે અને જેટલા અંશે અસંયમ જાય, તેટલા અંશે સંયમ પ્રગટ થાય. આ જ કારણથી પરમોપકારી, ટીકાકાર મહર્ષિએ પીઠિકામાંજ, શરૂઆતમાં જ સંસારની અસારતા બતાવી. ખરેખરી વાત છે કે-સંસારની અસારતા સમજાવ્યા વિના ધર્મ સમજાવી શકાતો નથી. સંસારની અસારતા સમજાય એટલે ધર્મ માગવા આવે, પણ તેને પોતે જ્યાં બેઠો છે, તે ખોટું દેખાવું જોઈએ ! આત્મા આત્માના સુખને ઓળખતો નથી, માટે જ સંસારમાં સુખ માને છે. વિષયના ત્યાગના સુખનો અનુભવ નથી, માટે જ વિષયમાં સુખ લાગે છે. તપશ્ચર્યાનો અભ્યાસી આત્મા, જે એકાંતરે ઉપવાસ કરનારો છે અને અડતાલીસ કલાકે એકવાર ખાનારો છે, તેને દિવસમાં બે વાર ખાવાનું કહો તો ના પાડશે અને કહેશે-'મને તો અડતાલીસ કલાકે એકવારથી અધિક વખત નહિ ખાવામાં જ મજા આવે છે.'-પણ આ વાત ખાનપાનમાં જ રાચી રહેલાઓને ગમે ? જ્ઞાની પુરૂષો તો કહે છે જ, પણ વૈદક શાસ્ત્ર પણ કહે છે કે-રસ એ રોગનું કારણ છે. રસ શું ? વિગઈ! વિગઈ રોગનું કારણ. હવે શાસ્ત્ર એમ કહે એમાં ખોટું શું ? શરીર નિરોગી રાખવું હોય તો રસથી વિરક્ત રહેજો. વિકૃતિ બલાત્કારે આત્માને દુર્ગતિમાં લઈ જાય. વિકૃતિના સેવકને દુર્ગતિમાં ન જવું હોય તો પણ વિકૃતિ લઈ જાય. પાપમાં એ ગુણ કે-પાપ કરનારને હેરાન

ન થવું હોય, તો પણ એ હેરાન કર્યા વિના રહેજ નહિ. સ્વાદિષ્ટ ચીજ આધીન થઈ લેવાય, તો પથારી સેવવી પડે, એમાં કાંઈ આશ્ચર્ય નથી. અસંયમ ઉપરની પ્રીતિ ઘટે તોજ સંયમનું સુખ સમજાય અને સંયમ ઉપર પ્રીતિ થાય. સંસારના ભય વિના ધર્મપ્રેમ ન જાગે. આથી જ જ્ઞાની પુરૂષો પહેલાં સંસારની અસારતા બતાવે છે. ઘણા કહે છે કે-ભવને ભયરૂપ કહેવાય ? પણ શાસ્ત્રકાર કહે છે કે-જેવો હોય તેવો કહેવો જ પડે.

**ચાર પ્રકારના દીકરા-**

આ ટીકાકાર મહાત્મા કહે છે કે-રાગ, દ્વેષ અને મોહથી અભિભૂત હોવાના કારણે શારીરિક અને માનસિક દુઃખથી પીડાતા બધાય સંસારી આત્માઓએ હેય એટલે તજવા યોગ્ય અને ઉપાદેય એટલે અંગીકાર કરવા યોગ્ય પદાર્થોનું જ્ઞાન મેળવવું જોઈએ : એ જ્ઞાન મેળવવા યત્ન કરવો જોઈએ. આ ઉપદેશ કોના માટે અપાય છે ? શાસ્ત્રમાં કહ્યા મુજબ જે સંસારમાં દુઃખ માનતા હોય, એ દુઃખ ન ગમતું હોય અને એથી છુટવું હોય, તેને માટે. જ્ઞાનીનો ઈરાદો એજ કે-બધાનાં દુઃખ દૂર થાય, અને સુખના ભાગી બને, પણ બનવું હોય તેને ને ! ન બનવું હોય તેને માટે શું ? માબાપ બાળકને સુધારવા બંધાયેલા, પણ અવસરસર ખવરાવે તે ખાય, પીવરાવે તે પીએ, બેસાડે તેમ બેસે અને ઉઠાડે તેમ ઉઠે, તેને

માટે કે બીજા માટે ? યથેચ્છાચારિઓને સારાં માતાપિતા પણ કઈ રીતિએ સુધારી શકે ? દીકરા પણ ચાર પ્રકારના હોય છે. ૧. અતિજાત, ૨. સુજાત, ૪. નીચ અને ૪. કુલાંગાર. અતિજાત તે, કે જે બાપની આબરૂ સવાઈ કરે, બાપના નામને ઝળકતું કરે, બાપના ઉદયથી કંઈ ગુણો ઉદય કરે ! સુજાત તે, કે બાપની આબરૂને અનુસરતું વર્તન રાખે : નીચ તે, કે જે બાપની આબરૂને બટ્ટો લગાડે : અને કુલાંગાર તે, કે જે બાપની આબરૂને સળગાવી મૂકે. નીચ તો માત્ર બટ્ટો લગાડે-એવું કરે કે જેથી માત્ર નિંદા થાય, પણ અંગારો તો એથી પણ ભયંકર બાપની બધી આબરૂને સળગાવી મૂકે. આપણા પિતા પણ ભગવાન્ શ્રી મહાવીરદેવ ! આપણે બધાજ એમના દીકરા કહેવાઈએ. અતિજાત તો ન બનાય, પણ સુજાત તો બનવું છે ને ? સુજાત તે બની શકે, કે જે આજ્ઞાને બાધ લાગે તેવી એક પણ પ્રવૃત્તિ ન કરે. સુજાત દીકરાથી જમાનાના વાયરાને નજ અનુસરાય : એણે તો આજ્ઞાને જ અનુસરવાનું ! જો આજ્ઞાને મૂકી જમાનાને અનુસરવા જાય, તો નીચની કોટિમાં આવી જાય અને આજ્ઞાથી વિરૂદ્ધ થઈ જમાનાના ગુણ ગાવા મંડી જાય તો ચોથીજ કોટિમાં આવી જવાય, એમાં આશ્ચર્ય શું ? સુજાત બનવા માટે આજ્ઞા માનીએ, પાળીયે, અને પૂરૂં પાલન ન થાય તો આજ્ઞાનું પૂરૂં પાલન કરનારને હાથ જોડીએ તથા બીજાને આજ્ઞાનું પાલન કરવા

પ્રેરણા કરીએ. આ રીતે આચરણા કરીએ તોજ સુજાતની કોટિમાં રહી શકાય, આજ્ઞાને બટ્ટો લાગે તેવો પ્રયત્ન કરીએ તો નીચની કોટિમાં જવું પડે અને આજ્ઞાનો નાશ કરવાના પ્રયત્ન આરંભીએ તો કુલાંગાર જ કહેવાઈએ. નીચ અને કુલાંગાર કોઈ પણ રીતિએ પ્રશંસાપાત્ર ગણાય ? સુજાત કોણ તે ગોખજો. સુજાત તે, કે જે નીચનો અને કુલાંગારનો સંગ પણ ન કરે-પ્રશંસા પણ ન કરે. સુજાતથી નીચનાં અને કુલાંગારનાં વખાણ ન થાય. સમજાવી શકાય તેમ હોય તો સમજાવે, એમાં વાંધો નહીં. સુધરે એમ લાગે તો સામે પણ જવાય: સુધરતા લાગે તો આંગળી પકડીને પણ લવાય : અધિક સુધરે તો ખોળામાં પણ બેસાડાય: વધી જાય તો માથે પણ બેસાડાય : પણ જો નીચતા અને કુલાંગારતા જ દેખાય - એમાં સુધારો નજ જણાય તો 'दुर्जनं प्रथमं वंदे'-એ ન્યાયે આઘે જ રખાય.

✻ ૨૩ ✻

**સંસારમાં એક સંયમી જ સુખી-**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજીએ મંગલાચરણમાં તીર્થની જયનશીલતા વર્ણવી અને તે વર્ણવતાં ફરમાવ્યું કે-આ તીર્થ જયવંતું વર્તે છે, કારણ કે એમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી, તેમ જ એક પણ યોગ્ય વિચારનો તેમાં ઈન્કાર નથી, એના સિદ્ધાંતો

અનેક અપેક્ષાએ એવા સિદ્ધ થયા છે કે-એને સેવનાર આત્મા, કર્મ મળથી રહિત થઈ મુક્તિ પદને પામે. માટે જ તે શાશ્વત છે, અનુપમ છે અને સઘળા શ્રી જિનેશ્વરદેવોથી શરૂઆતમાં નમસ્કાર કરાયેલું છે. પછી અભિધેયનું પ્રતિપાદન કરતાં પણ ટીકાકાર મહર્ષિએ ફરમાવી દીધું કે-'ભગવાન શ્રી મહાવીર દેવે જગતના હિત માટે આ સુનિશ્ચિત આચારાંગ શાસ્ત્રને કહ્યું છે અને તેને જ અનુસરીને હું કાંઈક કહું છું' આ પ્રમાણે કહીને જેમ ભગવાન શ્રી મહાવીરદેવની અને તેમના આગમની આધીનતા સ્વીકારી, તેમ જ તે મહર્ષિએ ત્રીજા શ્લોક દ્વારા પ્રભુશાસનની નિશ્રાએ વિચરતા મુનિપુંગવોની આધીનતા બતાવતાં ફરમાવ્યું કે-'શ્રી ગંધહસ્તિરચિત અને અતિગહન એવા શસ્ત્રપરિજ્ઞાવિવરણમાંથી સુખપૂર્વક બોધ થઈ શકે, તે માટે કંઈક સારને ગ્રહણ કરું છું.' આ પછી પીઠિકામાં તે મહર્ષિએ સુખના અર્થીઓને માટે ફરમાવ્યું કે-'રાગ, દ્વેષ અને મોહથી પરાભવને પામેલા અને એથી જ શારીરિક અને માનસિક અનેક અતિકટુ દુઃખોના ઉપનિપાતથી પીડાતા સર્વ સંસારવર્તી જીવોએ તે દુઃખોનો અને તે દુઃખોના કારણભૂત રાગ, દ્વેષ અને મોહાદિકનો નાશ કરવા માટે હેય અને ઉપાદેય પદાર્થોના પરિજ્ઞાન માટે પ્રયત્ન કરવો જોઈએ.' આ પ્રમાણેના કથનથી ટીકાકાર મહર્ષિએ સંસારનું સ્વરૂપ અને મુક્તિનો ઉપાય બંન્નેય બતાવી દીધાં અને એથી સ્પષ્ટ છે કે-'રાગ, દ્વેષ અને

મોહથી પરાભવ પામેલા પ્રાણીઓ શારીરિક અને માનસિક પીડાઓથી પીડાતા જ હોય છે.' એકે એક જ્ઞાની પુરૂષે આ સંસારને દુઃખમય તરીકે ઓળખાવ્યો છે : એટલું જ નહિ પણ દુઃખફલક અર્થાત્ દુઃખ છે ફલ જેનું એવો અને દુઃખ-પરંપરાવાળો તરીકે જણાવ્યો છે. એટલે સંસારની પરંપરામાં પણ દુઃખ જ છે ! હવે વિચારો કે-'આપણા આત્માને દુઃખી કરનાર કોણ ?' ઉત્તરમાં કહેવું જ પડશે કે 'રાગ, દ્વેષ અને મોહ !' જે આ ત્રણને આધીન રહેવા માગતો હોય તેણે દુઃખ સહેવા તૈયાર રહેવું જ જોઈએ ને ? અને જેને દુઃખ ન ગમતું હોય, તેણે આ ત્રણથી બચવાનો પ્રયત્ન પણ કરવો જ જોઈએ, આ વાત સમ્યગ્દૃષ્ટિ અત્માના હૃદયમાં તો નિશ્ચિત જ હોય. રાગી, દ્વેષી અને મોહમગ્ન આત્મા દુઃખી છે, એ કથનથી જ્ઞાની આત્માને કશું જ આશ્ચર્ય થાય જ નહિ. જ્યાં સંસાર જ દુઃખમય છે, ત્યાં સુખ હોય જ ક્યાંથી ? અગ્નિમાં પડે અને ગરમી ન લાગે, એ કાંઈ બનવાજોગ છે ? સંસારી સુખી એ આશ્ચર્ય : પણ તે કોણ ? એક સંયમી જ ! સંસારમાં રહેલો સંયમી તે સુખી : કારણ કે-તેને સતાવનારી આ સંસારમાં કોઈ વસ્તુ જ નથી. બાકી સંસારમાં દુઃખ તો બેઠું જ છે. સંસાર શું ? રાગ, દ્વેષ અને મોહ ! આધિ, વ્યાધિ અને ઉપાધિ-આ હોય ત્યાં સુખ નહિ. આધિ એટલે માનસિક પીડા : વ્યાધિ એટલે શારીરિક પીડા : અને ઉપાધિ એટલે સંસારની

તૃષ્ણાઓની અતૃપ્તિ ને એની વ્યગ્રતા ! ઉપાધિ હોય ત્યાં આધિ-વ્યાધિ ન હોય એ બને જ નહિ. આધિ-વ્યાધિની જનની જ ઉપાધિ છે. આધિ-વ્યાધિ થાય શાથી ? ઉપાધિ અંગીકાર કરવાથી. ઉપાધિ ન હોય તો આધિ-વ્યાધિ હાનિ ન કરે. ઉપાધિથી છૂટવું તે સંયમ : ઉપાધિની મમતા જ આધિ તથા વ્યાધિને ઉત્પન્ન કરે છે. ઉપાધિની મમતા મૂકનારને આધિ વ્યાધિ આવતી નથી : કદાચ આવે તો એ મૂંઝવતી નથી. સંયમી આત્માએ ઉપાધિ મૂકી, ઉપાધિની મમતા મૂકી, એટલે આધિ તો આવે જ નહિ, કર્મ યોગે વ્યાધિ આવે, તો પણ તેના ઉપર તેવી અસર ન કરે. ઊલટો તે આત્મા એને તો કર્મક્ષયનું કારણ માને.

**જેને પરલોકની ચિંતા નથી, તેની ધર્મક્રિયા નિષ્ફળ છે.**

શ્રી સનત્કુમાર ચક્રવર્તીએ સાતસો સાતસો વરસ સુધી ભયંકર રોગો સહન કર્યા, પણ જરાયે આધિ નહિ : વ્યાધિ ખરી પણ આધિ નહિ. વ્યાધિ કર્મયોગે આવે પણ દરકાર નહિ. એ તો કહેતા કે-આ તો કર્મક્ષયમાં સહાયક છે. આ વિચાર કોણ લાવ્યું ? ઉપાધિ મૂકવાથી એ વિચાર આવ્યો. એ મહાત્મા શરીરને પણ ઉપાધિ માનતા. ઉપાધિ છૂટી ગઈ એટલે ન તો આધિ નડે, ન તો વ્યાધિ નડે ! આધિ-વ્યાધિ ઉપાધિ, રાગ-દ્વેષ મોહ વિગેરે ન છોડાય, તો સંસારમાં લેશ માત્ર સુખ નથી. દુનિયાદારીની ઈષ્ટ ચીજના લાભથી ઘડીવાર ભલે આત્મા

લાલપીળો થાય, દ્વેષથી કોઈ વ્યવહારના દુશ્મનને પાછો પણ ખસેડે, ધમાચકડી પણ કરે, એથી ક્ષણવાર આનંદ પણ પામે, મોહના યોગે, ક્ષણિક સુખમાં પણ મગ્ન રહી આનંદ માને, સુખ માને, પણ આ બધું પરિણામે દુઃખકારક જ છે. જ્ઞાની કહે છે કે-રાગ, દ્વેષ અને મોહથી, શારીરિક અને માનસિક દુઃખના ઉપનિપાતથી પીડાતા સર્વ પ્રાણીઓએ, એ ત્રણનાનાશ માટે હેય એટલે તજવા યોગ્ય પદાર્થો અને ઉપાદેય એટલે આદરવા યોગ્ય પદાર્થોનું જ્ઞાન મેળવવાનો યત્ન કરવો જોઈએ. આ શિખામણ કોના માટે છે ? જેને, રાગ, દ્વેષ અને મોહ વિગેરે ખસેડવું હોય, તેના માટે છે ? (લાલન° સંસાર જ ખસેડવાનો થયો.)

સંસાર હેય જ છે. જ્ઞાની પુરૂષો સંસારને હેય જ કહે છે. ઉપાદેય તો તે જ, કે જે ભગવાને બતાવ્યું. આશ્રવ, સંસારનું કારણ અને સંવર, એ મુક્તિનું કારણ ! જેને દુનિયાદારીના પદાર્થો પ્રત્યે રાગ, દ્વેષ અને મોહ ન જોઈએ, તેને માટે પ્રભુનું શાસન છે. જેને એમાં જ આનંદ આવતો હોય, જેને એમાં જ ઉદય દેખાતો હોય, જેને જ્ઞાનીના વચનની કિંમત જ ન હોય, તેને માટે કહેવાપણું જ નથી. સત્ય સુખના અર્થી માટે જ આ ઉપદેશ છે. દુઃખમાં જ જેને સુખ લાગતું હોય, પરિણામિક દુઃખની જેને ચિંતા જ ન હોય, પરલોકનો જેને ભય જ ન હોય, સદ્ગતિ તથા દુર્ગતિનો જેને વિચાર જ ન હોય, તેને માટે આ શાસ્ત્ર કામ

કરનાર નથી. પરલોકની વિધિ માટે શાસ્ત્ર જ પ્રમાણભૂત છે. જે આત્માને પરલોકની ચિંતા જ નથી, જે આત્મા કેવળ આ લોકની લાલસામાં જ રાચેલમાચેલ હોય, તેને આ શાસ્ત્ર રુચિકર ન નિવડે. આ શાસ્ત્રની રુચિવાળો આત્મા વધતો વધતો પરલોકની શુદ્ધિ માટે-આ લોકની સઘળી ચીજો તજે, સંબંધ તજે, સ્નેહ તજે, સાહ્યબી તજે, અને છેવટે શરીરની મમતાને પણ તજે.

જેને પરલોકનો ભય જ ન હોય, તેને ઘર, બાર, સાહ્યબી વિગેરે ભોગ તજવાનું કારણ શું ? તેણે મળેલું મૂકવું જ શા માટે ? તેવા આત્માએ દાન પણ શા માટે દેવું ? પોતે મહેનત કરી મેળવેલી ચીજ અન્યને દેવી, તેનું નામ દાન : મેળવેલી કે મળેલી ચીજ દઈ દેવી તે પણ દાન. મળેલી ભોગસામગ્રીના ભોગ ઉપર અંકુશ મૂકવો તે શીલ : તપ એટલે ઉત્તમ પદાર્થોની લાલસાનો ત્યાગ કરવો તે ! આપત્તિ વખતે અડગ રહેવું, સંપત્તિ વખતે મૂંઝાવું નહિ એ પણ તપ છે : અને લોલુપતાનો ત્યાગ કરવો તે પણ તપ છે. ભાવ-સારી દુનિયાના ભલાની ભાવના કરવી તે. મળેલી કે મેળવેલી ચીજ કોઈને દઈ દેવી, મળેલી ચીજને બરાબર ન ભોગવવી, સંપત્તિમાં લહેર ન કરવી, આપત્તિમાં દુઃખી ન થવું, અને પોતાનું કામકાજ મૂકી દુનિયાના ભલાની ચિંતા કર્યા કરવી, આ બધાનું કારણ શું ? આનો હેતુ બોલો. જે

પરલોક નથી માનતો, તેને આ બધી ક્રિયાઓ વ્યર્થપ્રાયઃ છે. જેની પરલોકની શુદ્ધિ નથી, તેની દાનાદિક ધર્મક્રિયાઓ એ વસ્તુતઃ ધર્મક્રિયાઓ જ નથી. જે પરલોકની શુદ્ધિનો ખ્યાલ રાખે, તેનાથી આ લોકના પદાર્થોનું પોષણ થાય નહીં. આ લોકમાં મળેલા કે મેળવેલા પદાર્થોનો ભોગવટો, આત્માના પરલોકને બગાડે છે-એ વિચાર આવે તો જ તેના દાનની સાચી બુદ્ધિ આવે : મળેલી ભોગસામગ્રીમાં લીન થવું, એ આત્માના પરલોકને બગાડનાર છે-એ ખ્યાલ થાય તો સાચું શીલ આવે : પદાર્થોની આધીનતા આત્માને પાયમાલ કરનાર છે એમ થાય તો શુદ્ધ તપ પણ ચાલ્યો આવે : અયોગ્ય વિચાર પણ આત્માની ગતિ બગાડનાર છે, એ થાય તો શુદ્ધ ભાવના હૃદયમાં ખડી થાય અને અંતરમાં 'પ્રાણીમાત્રનું ભલું થાઓ, દુશ્મન પણ સુખી થાઓ !'-આ ભાવના પણ સદાને માટે જાગૃત રહે.

**ધર્મ, ચિરપરિચિત નથી**

પરલોકની શુદ્ધિની ભાવના વિના શ્રી જિનેશ્વરદેવના આગમે કહેલો ધર્મ હૃદયમાં ઊતરતો નથી. આ લોકની મમતા છૂટયા વિના સાચો ધર્મપ્રેમ જાગતો નથી-આ વાત તથાવિધ રુચિકર નીવડતી નથી. દુનિયાના પદાર્થો પ્રત્યે 'આ મારું નથી'- એમ થાય ત્યારેજ ધર્મ ઉપર સાચો પ્રેમ થાય. 'આ મારું નથી, આ સાથે આવવાનું નથી, પરલોકમાં સહાય

કરનારું નથી'-એમ થાય કે ઝટ ધર્મ તરફ પ્રેમ જાગે. સૌથી પહેલી ધર્મ પ્રત્યે જિજ્ઞાસા થવી જોઈએ. પાસેના પદાર્થો-ઘરબાર, રાજપાટ, ઋદ્ધિસિદ્ધિ વિગેરે ઉપર આનંદ આવે, ત્યાં સુધી ધર્મ પ્રત્યે સાચી જિજ્ઞાસા ન થાય. 'આ બધામાં મારું સાચું હિત દેખાતું નથી'-એવો આભાસ થાય, એવી કાંઈક ઝાંખી થાય કે-આમાં લીન રહેવામાં કાંઈ લાભ લાગતો નથી, તો જ અપરિચિત એવી ધર્મવસ્તુ પ્રત્યે જિજ્ઞાસા પેદા થાય. ધર્મવસ્તુ અત્યારે અપરિચિત જેવી છે, અને તે અપરિચિત પણ કેવી ?-એ ખાસ વિચારવા જેવું છે. તમે આવા વ્યવહારકુશળ, બુદ્ધિના નિધાનો, લાખ્ખોનો કરોડોનો વહીવટ કરનારાઓ, બજારને પણ હાથ કરનારાઓને પણ અહીં-'આ કેમ ? અને આ કેમ ?'-થાય છે, કારણ કે વસ્તુ હજી અપરિચિત છે ! કદાચ પૂર્વે પરિચય થયો હોય, તો તે પૂર્વસંસ્કાર પણ જાગૃત ન થાય તેવો ! એક આદમીને બે સેકંડ જુઓ અને એકને પાંચ કલાક જુઓ, પછી પાંચ વરસે જોવામાં આવે, તો પાંચ કલાકવાળો ઝટ ઓળખાય અને બે સેકંડ જોયો છે, તે તો ન પણ ઓળખાય અગર મોડો ઓળખાય. દુકાન પર નામું લખતી વખતે, ઓફીસર ઓફીસમાં કામ કરે તે વખતે, જે એકતાનતા હોય છે, જે સ્થિરતા તથા સ્ફૂર્તિ હોય છે, તેવી ધર્મીઓની ધર્મ પ્રત્યે કેમ નથી તે વિચારો ! બાલક પાસે રૂપિયો મૂકી લેવરાવવો હોય તો ? તેને પૈસા ઉપર પ્રેમ ક્યાંથી

થયો ?

(લાલન-પરિગ્રહસંજ્ઞાથી.)

એ સંજ્ઞા કયારની ?

(લાલન૦ અનાદિની.)

અહીં ધર્મ પ્રત્યે આમ કેમ ?-આ પ્રશ્નના ઉત્તરમાં કહેવું જ પડશે કે-અપરિચિત. 'પૂજા કરો છો ?' આ પ્રશ્નના ઉત્તરમાં કહેશે કે-ટાઈમ મળે તો ને ! ટાઈમ નથી. પેઢી ઉપર ? ત્યાં તો નિયમિત જવાય છે. આઠ વાગે ખોલવાનો ટાઈમ છે. માટે તો વ્યાખ્યાનમાં અવાતું નથી. દશ-સાડા દશે ઓફીસે જવું પડે, માટે આ બધું અમારે પાલવે નહિ : આવું ઝટ કહે. પૂજા, પ્રતિક્રમણ, આવશ્યક, વિગેરેમાં કહી દે કે-જોઈશું, ટાઈમ હશે તો. માટે કહેવું જ પડશે કે-ધર્મ એ હજી અપરિચિત વસ્તુ છે. ધર્મનો પરિચય થઈ જાય, તો આ બધું થઈ જાય અને પેલું રહી જાય. અત્યારે તો આ રહી જાય છે અને પેલું થઈ જાય છે.

**આ લોકમાં ચોંટાડવા, એ મુશ્કેલ નથી.**

મારી એ જ ભાવના છે કે-તમને બધાને પરલોક તરફ જોતા કરવા. તમારી બધાની દૃષ્ટિ આ લોકથી ખસેડી પરલોક તરફ વાળવી અને એ માટે જ વ્યાખ્યાન વાંચું છું. એમાં

જો ફલીભૂત થાઉં, તો આગમ તરત તમારા હૃદયમાં સોંસરું ઉતરી જાય. આ લોકના પદાર્થો ઉપર ચોંટેલી દૃષ્ટિ પરલોક તરફ નવળે. ત્યાં સુધી આગમની સારામાં સારી વાતની પણ અસર હૃદય ઉપર નથી થઈ શકતી. શાસ્ત્ર કહે છે કે-લોકદૃષ્ટિને આ લોક તરફ ખેંચનારા જગતના ઉપકારી નથી પણ અપકારી છે. આ લોકમાં તો પ્રાણીમાત્ર ચોંટેલા છે જ, ઉખેડવાની મહેનત કરો તોય જલ્દી ઉખડે તેવા નથી, સંસાર ઉપર તો સંસારીનો મજીઠ જેવો પાકો રંગ છે, એ રંગ ધોયો ધોવાય નહિ એવો છે, બળે ત્યારે જ એ રંગ જાય આ દશામાં આ લોકમાં ચોંટાડવાનો યત્ન હોય ? આ લોકમાં ચોંટાડવા મુશ્કેલ છે ? 'વસુ વિના નર પશુ,' 'કંગાલ કેમ રહ્યા છો ?' 'કારખાનાં ખોલો,'-'પેઢીઓ ખોલો' આવી વાતો કરવામાં આવે તો બધા- 'હા ખરી વાત, હા ખરી વાત'-એમ તરત કહેવા લાગી જાય. લાખ્ખોને કમાવા માટે લઈ જવા હોય, તો સામાન્યતઃ બધા પાછળ આવવા તૈયાર છે. આ રીતે અનુયાયીનું ટોળું કરવામાં,-આપણું પોતાનું જ બોલતા કરવામાં વાર કેટલી ? દુનિયાના જીવોને રંગરાગના રસિયા બનાવવામાં વાર કેટલી ? જરા પણ નહિ. મુશ્કેલી તો રંગરાગના રસને કાપી, ધર્મરસને ઉત્પન્ન કરવામાં છે. ત્યાં તો આપત્તિ પણ સહેવી પડે, પહાડ જેવા અડગ પણ રહેવું પડે. પૂર્વના મહાપુરૂષોને જુઓ. મુક્તિ સાધતાં પ્રાણાંત ઉપસર્ગો સહ્યા છે ! કાંઈ ખાતે પીતે

ઓછી જ મુક્તિ મળે છે ? શ્રી પદ્મવિજયજી મહારાજ કહે છે કે :-

**'ખાવત પીવત મોક્ષ જે માનત, તે સિરદાર બહુ જટમાં'**

જટ એટલે મૂરખ. સાધુથી બહુ મૂરખનો સરદાર એ બોલાય ? તે પણ ક્યાં કહેવાનું? પૂજા એટલે મંદિરમાં બોલાય. ત્યાં કઈ ભાવના ? એ મહાત્માને કેટલું દુઃખ થયું હશે, કેવી દયા પેદા થઈ હશે, ત્યારે લખ્યું હશે ? જે વસ્તુથી આત્માનો નાશ, તેનાથી જ મુક્તિ માની બેઠા છે, માટે ગમે તેવા શબ્દોથી પણ ભાન કરાવવું, કે જેથી એ બીચારા એના ફંદામાં ન ફસે-એ એમની ભાવના હતી. વાત એ છે કે-આજના કેટલાકને તો ભાવનાના દ્વાર સુધી જવાની પણ ઈચ્છા નથી થતી. એકવાર તમને બધાને આ લોકમાં આનંદ માનતા બંધ કરવા છે. એ થયું એટલે પછી સર્વવિરતિ અંગીકાર કરો : ન બને તો સમ્યક્ત્વ અગર દેશવિરતિ અંગીકાર કરો. સર્વવિરતિની ભાવના થાય, તો તે પણ તૈયાર છે, પણ તે પહેલાં એકવાર આ કામ કર્યા વિના તો છૂટકો જ નથી. એ તો મૂળ છે.

આજે ઘણાઓ કહે છે કે-'ધરમ, ધરમ શું કરો છો ? આ પણ જોવું તો પડશે ને !' અરે ભાઈ ! એમ બોલતાં શીખ કે-'ધર્મ વિના ન ચાલે, પણ હું કંગાલ કે-આ જોયા વિના રહી શકતો નથી.' ઘણા કહે છે. કે-'ધરમ ધરમ કરીએ તો ભીખ માગીએ, ધરમ તો કયારે?

પરવારીએ ત્યારે !' અહીંથી પરવારે ક્યારે ? શ્વાસ ચાલે ત્યારે પણ નહિ : આંખો મીંચાય ત્યારે ન છૂટકે. ત્યારે પણ ક્યાંથી ? ઝટ નવું માંડે. શબ તો અહીં પડ્યું હોય અને પણે નવી ક્રિયા ચાલુ થઈ જાય. અંત દેખાય છે ક્યાં ? દૃષ્ટિ ફરે તો અંત આવે. આ દૃષ્ટિ ફેરવવાની વાત તમને માન્ય છે ? માન્યતા બે પ્રકારની છે : એક માન્યતા એવી કે-વસ્તુસિદ્ધિ ન થાય ત્યાં સુધી મૂંઝવણ કરાવે, પશ્ચાત્તાપ કરાવે. બીજી માન્યતા એવી કે-એ માન્યતા માન્યતારૂપે જ પડી રહે. માન્યતા મજબૂત થઈ, એટલે ક્રિયા તો દોડતી આવશે. આત્મામાં આ માન્યતાની ચીણગારી પડવી જોઈએ : રંગરાગની વાસના પર ડાઘ પડવા જોઈએઃ તે કાળા છે એવું ભાન થાય એટલે આત્મા ઝટ યોગ્યમાર્ગે વળે, સાચી વસ્તુ તરફ હૃદયમાં બહુમાન પેદા થાય અને પ્રભુની આજ્ઞાના પાલન વિના કલ્યાણ નથી. એમ ખાત્રી થાય. આ થયા પછી આટલી બધી મહેનત નહિ જ કરવી પડે.

મુદ્દો એ કે-ગુરુ પાસે એક જ ભાવના, દેવ પાસે એક જ વિનંતિ કરજો કે-અમે આ લોકમાં તો ફસેલા છીએ, તેમાંથી કોઈપણ પ્રકારે અમારો ઉદ્ધાર કરો. એકવાર પરલોક તરફ દૃષ્ટિ ચોંટી ગઈ કે આગમના વચન તરફ એવી ભક્તિ થશે કે તેનાથી વિરુદ્ધ આચાર, વિચાર કે-વર્તનનો ઉમળકો કદી જ નહિ થાય. વારંવાર એમ થયા કરશે કે-હું આગમથી વિરુદ્ધ તો

નથી જતો ? કંઈ વિરુદ્ધ તો નથી કરતો ? કંઈ વિરુદ્ધ તો નથી બોલતો ? આવી કાળજી રહ્યા કરે, તો શાસ્ત્ર કહે છે-એકવાર અજ્ઞાન કે પ્રમાદથી વિરુદ્ધ થઈ પણ જાય, તો પણ ભયંકર અહિત નહિ થઈ જાય : કેમકે તરત જ ઠેકાણે આવી જવાશે. હૃદયમાં કાળજી સતત હોવાથી બચી જવાશે. એટલા વિરાધક નહિ થવાય. કે જેથી બચાય જ નહિ. પરલોક તરફ તમારું ધ્યાન ખીંચાયું, કે તમને બોલાવવા ન પડે, તમે સ્વયમેવ આવો.

**પરલોકના ચિંતક જે ધર્મ બતાવે-તે આ લોકના ચિંતક ન બતાવે-**

ઘેર માબાપ મૂકીને અહીં કેમ આવો ? ઉત્તમકુલની વાત હમણાં લ્યો. ઉત્તમકુલના વડીલો પોતાનાં સંતાનોને ધર્મ આપવા કાળજી રાખતા હોય, છતાં અહીં આવવાનું કારણ? એ વડીલો ગમે તેવા, ધર્મ આપવાની ભાવનાવાળા, પણ એ મર્યાદિત ! પોતાના સ્વાર્થને હાનિ ન પહોંચે તેની કાળજી રાખનારા ! એ કાળજી પહેલી રાખે-હજી ત્યાં મોહ છે. આજે પહેલી વાત તો એ જ કે-ધર્મમાર્ગે ચઢાવનારા, ધર્મ તરફ દૃષ્ટિ વાળનારા વડીલ બહુ જ થોડા! ખોળામાં બેસાડી અઢારે પાપસ્થાનકનું સ્વરૂપ સમજાવનારા અને એમ કરીને અઢારે પાપસ્થાનકથી આઘા રહેવાની શિખામણ આપનારા વડીલ કેટલા ? 'દેવ, ગુરુ અને ધર્મ એ જ શરણ છે- એમાં જ કલ્યાણ છે'-એવું કહેનારા માબાપ અલ્પ ! માબાપની તથા વડીલની

ફરજ છે કે-સંતાનને ખોળામાં બેસાડી આવી શિખામણ આપે. સંતાન જો અનીતિથી હજારો કમાઈ લાવે, તો માબાપ અગર વડીલ કહી દે કે-'આ કમાઈથી હું સંતોષ પામતો નથી, કેમ કે તું દુર્ગતિમાં જાય, તે મારાથી સહન થતું નથી.' આવું સાચું કહેનારા, સૂચના કરનારા, ટોણા મારનારા વડીલો કેટલા ? સમ્યગ્દૃષ્ટિ માબાપ બનવું હોય તો આટલું તો કરવું જોઈએ. આનું નામ શિક્ષણ, આનું નામ કેળવણી, આનું નામ વિદ્યાભ્યાસ અને આનું જ નામ સાચી જ વિદ્યાપ્રાપ્તિ. ગયા કાળને ભૂલી જાઓ. આજથી કાયદો કરો કે-'રોજ ઘરમાં, કુટુંબીમાં આ સંસ્કારો નાખવા !' પછી જુઓ એકાદ મહિનામાં કેવુંક પરિવર્તન થાય છે. એવા કુટુંબોનો પરિચય શ્રી રામાયણમાં તમને થશે. સમ્યગ્દૃષ્ટિ કુટુંબો એવાં કે-દુનિયાદારીના પદાર્થો લેવામાં આનાકાની કરતા, પણ મૂકવામાં આનાકાની નહોતા કરતા. શાથી ? સંસ્કાર જુદા, વાતાવરણ જુદું. શ્રાવકકુળનું વાતાવરણ કેવું હોય ? દેવતા પણ આવવા ઈચ્છે એવું હોય. એ ઈચ્છે છે કે-'મિથ્યાવાસનાથી વાસિત એવું ચક્રવર્તીપણું મને ન જોઈએ, પણ દાસ થાઉં, દરિદ્રી થાઉં, સેવક થાઉં તો પણ શ્રી જિનેશ્વરદેવના ધર્મની વાસના મળતી હોય, ત્યાં મારો જન્મ થાઓ !' એ વાસના એ ગુણ છે. જીવાદિ તત્ત્વોનો વિચાર તો જૈનકુળમાં ચાલુ જ હોય. એ વિચાર જૈનકુળમાં જન્મેલાને સહજ હોય. ખાતાં

ખાતાં માતા ભણાવે, વેપાર કરતાં કરતાં પિતા ભણાવે. જૈનકુળના રિવાજ કયા ? સ્ત્રી પ્રકાશ થયા વિના કોઈપણ પ્રવૃત્તિ ન કરે. આંખોથી બરાબર જુએ કે-કોઈ જીવ માર્યો ન જાય. આરંભી તો છીએ જ, પાપાત્મા તો છીએ જ પણ વિના કારણે બેદરકારીથી કોઈ જીવની હાનિ ન થાય, આ કાળજી હોય. હાથમાં પૂંજણી લે. ઉપરથી કોઈ જીવ ન પડે તેની કાળજી તો પહેલેથી રખાયેલી જ હોય, એટલે ચંદરવા બાંધેલા જ હોય. માતા પૂંજણી ફેરવે, આજુબાજુ જોઈ પૂંજણી ફેરવે, એ જોઈ બાલક પૂછે કે-'મા શું કરો છો ?' મા કહે કે-'જીવોની રક્ષા ! જોવાથી મોટા જીવો તો દેખાણા, પણ સૂક્ષ્મ જીવો જે આંખે ન દેખાય તેની યતના માટે પૂંજણી ફેરવું છું. આ બધું બાળકો સાંભળે.

(લાલન૦ આ તો જીવવિચાર આવ્યા.)

જીવવિચાર અને નવતત્ત્વ બધુંય આવે. જૈનકુળમાં મા બાપ ધારે તો વાતવાતમાં બધુંય આપે. માતા કહે કે-આ જયણા ન કરીએ, તો આશ્રવ લાગે. પૂંજણીની ક્રિયા એ સંવર. પૂંજણી ન ફેરવીએ તો પાપ. રક્ષાની ક્રિયા કરતાં ભાવનાયોગે પુણ્ય અને નિર્જરા થવા માંડે તો પરિણામે મુક્તિ પણ થાય. આ ક્રિયા ન કરીએ તો પાપ લાગે, એટલે કર્મનો બંધ પણ થાય. બાલ્યાવસ્થામાં પડેલા આ બધા સંસ્કાર ક્યાં જાય ? શ્રાવિકા જો શ્રાવિકા હોય તો

રસોઈ કરતાં કરતાં કર્મક્ષય કરે, પણ શ્રાવિકા શ્રાવિકા હોય તો ! આચાર વિચાર અખંડપણે ચાલુ હોય તો બધું કામ સહેલું છે. આજ આચારહીનતાના પરિણામે વસ્તુ ગઈ. માતા પિતા આટલા બધા સંસ્કાર પાડે, તોયે એની મમતા ગઈ નથી, એટલે એ તો સ્વાર્થને હાનિ ન પહોંચે તેવો ધર્મ કહે. જિજ્ઞાસુ સમજે કે-પરલોકની ચિંતા કરનારા ગુરુ જે ધર્મ બતાવે, તે આ લોકની ચિંતા કરનારાં માબાપ ન બતાવી શકે !

❋ ૨૪ ❋

**જિનાગમ ન હોત તો શું થાત ?**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજીએ આ આચારાંગ સૂત્રની પીઠિકા કરતાં પહેલાં, પ્રથમ શ્લોકમાં પોતે જે તીર્થમાં વર્તે છે, તે તીર્થ જયવંતુ છે એમ જણાવી, બીજા શ્લોકમાં આ આચારશાસ્ત્ર ભગવાન્ શ્રી મહાવીરદેવે જગતના કલ્યાણ માટે પ્રરૂપ્યું છે અને હું એમની આજ્ઞાને સંપૂર્ણપણે આધીન છું.'-એમ પણ જણાવ્યું : અને ત્રીજા શ્લોક દ્વારા શ્રી ગંધહસ્તિરચિત અને અતિ ગહન એવા શસ્ત્રપરિજ્ઞાવિવરણમાંથી સુખપૂર્વક બોધ થાય તે માટે સાર ગ્રહણ કરું છું.' આ પ્રમાણે કહી શ્રી જિનપ્રવચનને અને શ્રી જિનપ્રવચનની આજ્ઞા મુજબ વિચરતા મહર્ષિપુંગવોને પણ પોતે આધીન છે, એમ સ્પષ્ટ કર્યું. આથી સિદ્ધ છે કે-મહર્ષિ પોતાના ઘરનું

કલ્પિત કશુંજ કહેતા નથી અને સમ્યગ્દૃષ્ટિ આત્માનો આ તો મુખ્ય સિદ્ધાંત છે કે-તે તીર્થને પોતાનું સમજે અને તેની આજ્ઞા શિવાય મારાથી એક પણ અક્ષર કહેવાય નહિ, એવી તેની અવિચલ માન્યતા હોય છે. એ માન્યતાથી જે ખસે, તે શ્રી જિનેશ્વરદેવના માર્ગમાં ટકી પણ શકતો નથી. જે તીર્થમાં ઉપરની માન્યતા રાખવાની છે, તે આ તીર્થમાં એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી, એક પણ સુંદર વિચારનો ઈન્કાર નથી : એના સિદ્ધાંતો એવી રીતિએ સિદ્ધ થયેલા છે કે-એને સેવનાર આત્મા નિયમા મુક્તિપદને મેળવે, માટે એ શાશ્વત છે-અનૂપમ છે, અને સઘળા શ્રી જિનેશ્વરદેવોથી શરૂઆતમાં નમસ્કાર કરાયેલું છે. આવી રીતિના તીર્થને માન્યા બાદ, એને મૂકીને વિચાર કરવાપણું રહે છે જ ક્યાં ? દુનિયામાં જેટલા અયોગ્ય વિચાર, તેમાંનો એક પણ આમાં ન મળે, તેમજ ઉત્તમ વિચારમાંથી એક પણ ન મળે, એમ પણ નહિ. સિદ્ધાંતો એવા કે-અણસમજદાર પણ એની સેવામાં પડી જાય, તો તેનું પણ કલ્યાણ જ થાય : તેમજ વળી જે કાયમ રહેનાર છે, જેની જગત્માં કોઈ જોડી નથી અને આવાં બધાં કારણે તો ખૂદ શ્રી તીર્થંકરદેવો પણ જેને નમે છે, તે શિવાય વિચાર કરવાપણું બીજે રહે છે ક્યાં ? જે વિશેષણો આપ્યાં, જે બ્યાન કરાયું, અને જે મહિમા ગાયો તેમાં જેને શંકા હોય તેની વાત જુદી : પણ શંકા જ ન હોય, તીર્થ આવું જ હોય, તો

તો પુંઠે ચાલવું જ જોઈએ : કેમ કે-એને અનુસરવામાં નાશનો સંભવ જ નથી. જ્યાં જ્યાં જુઓ, ત્યાં તો સુંદર જ વિચાર દેખાય. અજાણપણે સેવાય, તો પણ સન્માર્ગે જવાય : કોઈ પણ કાળે એ દગો ન જ દે. ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી જેવા પણ કહે છે કે-'અનાથ એવા અમારા માટે જો કોઈ નાથ હોય, તો જિનાગમ છે. આજ સુધી અમે અનાથ હતા, હવે જિનાગમ મળી ગયું એટલે સનાથ થયા તેથી ભીતિ નથી.' એ કહે છે કે-'અમારા જેવા જીવો, દુષમકાલથી દૂષિત, અનાથ, એવા જીવોનું જો જિનાગમ ન હોત તો શું થાત્? શાથી ? જે ગુણો જ્ઞાનીએ કહ્યા, તે બધા ગુણોથી આ આગમ-આ તીર્થ, વિશિષ્ટ છે એવી એમની માન્યતા મક્કમ હતી.

**ધર્મની જિજ્ઞાસા ક્યારે થાય ?**

સમ્યગ્દર્શન આનું નામ. સમ્યગ્દૃષ્ટિ બધા દ્વાંદશાંગીધરજ હોય એ ન બને. બધું જાણ્યા બાદ જ સમ્યગ્દર્શન થાય, એવો કાંઈ કાયદો નથી. સમ્યગ્દર્શન એવી ચીજ છે કે-તે પ્રમાણે થયા બાદ સ્હેજે સત્ય તરફ રૂચિ અને અસત્ય તરફ અરૂચિ પેદા થાય : પણ વાત એ છે કે-એક વસ્તુ પ્રત્યે તથાવિધ રાગ બંધાવો જોઈએ. જ્ઞાનીએ કહેલી એવી ઘણી વસ્તુઓ છે, કે જ્યાં બુદ્ધિ પણ ન ચાલે : પણ સમ્યગ્દૃષ્ટિ આત્મા, સમ્યગ્દર્શનના યોગે

તથાવિધ સત્ય છે એમ માને. ઘણા પદાર્થો એવા છે કે જે ન દેખાય, ન તે રીતે અનુભવાય, છતાં સમ્યગ્દૃષ્ટિનું હૃદય નિઃશંકપણે જાણે છે કે-જ્ઞાનીએ જેવું હતું અને છે તેવું જ કહ્યું છે: અમારા ભલા માટે કહ્યું છે, ત્યાં વાંધો હોય જ નહિ. સમ્યગ્દૃષ્ટિ આત્માને શ્રી જિનેશ્વરદેવ પ્રત્યે, તેમના અનુયાયી નિર્ગ્રંથો પ્રત્યે, અને તેમના શાસન પ્રત્યે, આ જાતિનો સદ્ભાવ હોય છે.

ટીકાકાર મહર્ષિએ પીઠિકામાં ફરમાવ્યું કે-રાગ, દ્વેષ અને મોહને લઈને શારીરિક તથા માનસિક સંકટના કટુ ઉપનિપાતથી પીડાતા હરેક સંસારી આત્માએ, એ દુઃખને માટે અથવા એ દુઃખના કારણભૂત રાગ, દ્વેષ તથા મોહને તજવા માટે, હેય એટલે તજવા યોગ્ય તથા ઉપાદેય એટલે આદરવા યોગ્ય પદાર્થોનું જ્ઞાન મેળવવા યત્ન કરવો જોઈએ. જે ઝાડ ન જોઈએ, તેનાં મૂળીયાં કાઢી નાંખવામાં આવે તો પંચાત મટી જાય. જો દુઃખ ન જોઈએ, તો તેના મૂળ કારણભૂત રાગ, દ્વેષ તથા મોહને કાઢવા પ્રયત્ન કરવો જોઈએ. શો પ્રયત્ન? હેય તથા ઉપાદેય પદાર્થનું જ્ઞાન મેળવવાનો ! સમજનારે તો આ પ્રયત્ન કરવો જ જોઈએ. જ્યારે સમજનારે આ પ્રયત્ન કરવાનો છે, ત્યારે સમજાવનારે કયો પ્રયત્ન કરવાનો હોય ? સમજાવનારે શું સમજાવવું જોઈએ ? દુઃખથી છુટવા માટે ઉપાય જાણવા આવનારને

સમજાવનારે શું સમજાવવું જોઈએ ? હેય અને ઉપાદેય પદાર્થો, એ સમજાવે તો ઉપકાર કરી શકે : પણ તદ્રૂપે ન સમજાવે તો ? માટે આ મહાત્મા પહેલું જ આ સમજાવી રહ્યા છે કે-સંસાર એ દુઃખ અને સંસારી એટલે દુઃખી : માટે સંસાર પણ હેય અને સંસારીપણું પણ હેય ! ત્યારે ઉપાદેય શું રહ્યું ? મુક્તિ. હવે એ મુક્તિના સાધન રૂપ ધર્મને જાણવાની ઈચ્છા પેદા થવી જોઈએ : કારણ કે-એ જિજ્ઞાસા પ્રથમ થાય, ત્યારે જ આગળના ગુણોની પ્રાપ્તિ સહજ થાય છે. જિજ્ઞાસા એટલે જાણવાની ઈચ્છા : પણ એ થાય ક્યારે ? જ્યાં પોતે બેઠો છે, ત્યાં શંકા અગર ભયની દૃષ્ટિ પેદા થાય ત્યારે ! ત્યાં પરકીયત્વ (પારકાપણા)નું ભાન થાય ત્યારે ! આત્માને દુઃખ થાય છે, આવું લક્ષ્યમાં આવે ત્યારે ! આવું થાય તો ધર્મની જિજ્ઞાસા પેદા થાય.

**ધર્મની સાચી જિજ્ઞાસા કેળવો !**

કરવું પડે માટે કરે અને કરવું જોઈએ માટે કરે-આ બેમાં કેટલું અંતર ? આમાં તો આભ-જમીન જેટલું અંતર પડે છે. એ અંતર ભેદવાનો આ પ્રયત્ન છે. ધર્મની સાચી જિજ્ઞાસા પેદા થઈ જાય, તો તો સાંભળતાં આનંદ આવે : શુદ્ધ સંભળાવનાર જે રીતે સંભળાવે તે રીતે સાંભળવામાં આનંદ આવે. વિદ્યાર્થી શિક્ષકને શું કહે ? જે રીતે યોગ્ય થાઉં તે રીતે

શીખવો એમ કહે, કે મારૂં મોં જોઈને વર્તો એમ કહે ? માબાપ છોકરાને વેપારીને ત્યાં શીખવા મૂકે ત્યારે શું કહે ? કહે કે-શેઠ કહે તેમ કરજે, ધક્કા ખવરાવે તો ખાજે, કંટાળીશ નહિ, તો શેઠની મહેરબાની થશે અને આવડત આવશે. ઝવેરીને ઘેર નવા છોકરા શીખવા આવે, ત્યારે ઝવેરી કેવો વર્તાવ કરે તેની ખાત્રી કરજો. જિજ્ઞાસા થશે ત્યારે શંકા રહેશે જ નહિ. જિજ્ઞાસા નથી એનું જ આ પરિણામ છે. જે ચીજની ભાવના થતી નથી, તેને માટે સહન કરવાની ઈચ્છા પણ થતી નથી. જો કે તમે સહન કરવામાં પાછા પડો એમ નથી, એ તો હું પણ કહું છું, પણ તમારૂં ઈષ્ટ તમે જ્યાં માન્યું હોય ત્યાંજ ! તમારા જેવું અપમાન ગળતાં, તિરસ્કાર ખમી ખાતાં, ભાગ્યે જ બીજાને આવડે. તમારા પર ઉપાધિના ગંજના ગંજ છે, પણ એ તમને ઉપાધિરૂપ નથી લાગતા, એ કેટલી તાજ્જુબીની વાત ! શાથી ? ત્યાં ઈચ્છા તન્મય બની છે. એવી ઈચ્છા જેમને અહીં ધર્મમાં થઈ છે, એમણે એવી આપત્તિઓ અહીં પણ આનંદ પૂર્વક સહી છે. આત્માની વૃત્તિ તન્મય નહિ થઈ શકે, ત્યાં સુધી આત્મા ઉપસર્ગ-પરિષહ સહેવામાં ધીર નથી બની શકતો. જ્ઞાની કહે છે કે-પુરૂષાર્થ ચાર : ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. ધર્મ અને મોક્ષમાં (એની પ્રાપ્તિમાં) મુશીબત છે અને અર્થ-કામની પ્રાપ્તિમાં મુશીબત નથી એમ નહિ. અર્થ અને કામ પણ કાંઈ દોડ્યા આવતા નથી. એને

મેળવવા, સંભાળવા, સાચવવા શું શું કરવું પડે છે, તેનો તમને પૂરતો અનુભવ છે. જ્ઞાની કહે છે કે-પુરૂષાર્થપણું ચારેમાં સમાન છતાં, આત્માની જે પ્રવૃત્તિ અર્થ તથા કામમાં થાય છે, તેટલી ધર્મ કે મોક્ષમાં થતી નથી. અર્થ અને કામ માટે દુનિયા ઓછા ઉપસર્ગ સહી રહી છે ? રાજ્યના સમ્રાટો કહેવાતાને પણ કાંઈ ચિંતા કે મુશ્કેલી ઓછી છે ? હું રાજા, એ ભાવના ન હોય તો તે જીવે નહિ. હું રાજા, એ ભાવનાથી એ જીવે છે. એ હુંપદ મનમાં આવે, એટલે આપત્તિ બધી ભૂલી જવાય. હું રાજા, એ શબ્દમાં એટલો બધો નશો છે કે-તેનો સેવક આપત્તિમાત્ર ભૂલી જાય. મોહદ્દષ્ટિવાળા આત્માને અર્થ અને કામમાં એટલી તન્મયતા થઈ છે કે-હૃદય એમાં એટલું લીન બન્યું છે કે-એને બહારની આપત્તિ, એ આપત્તિ લાગેજ નહિ. તેવી જ જિજ્ઞાસા ધર્મમાં પેદા ન થાય, ત્યાં સુધી આ વચનો હૈયામાં ન ઉતરે. માટે ધર્મ લેનાર અને દેનાર બંનેની એકજ ધ્યેયમાં તન્મયતા હોવી જોઈએ. કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજને કહેવું પડ્યું કે-''હે પ્રભો ! શ્રદ્ધાળુ સાંભળનાર અને બુદ્ધિમાન વકતા હોય તો તારા શાસનનું એકછત્રી સામ્રાજ્ય આ કલિકાલમાં પણ થઈ શકે તેમ છે.''

**સંસાર નિઃસાર છે**

જે વસ્તુ મેળવવી છે તે પ્રત્યે સદ્‌ભાવ ન જાગે, મેળવવાની ઈચ્છા ન થાય, ત્યાં સુધી કહેનારનું કહેલું સફળ નથી થતું. શબ્દોના અનેક અર્થ થાય, તો વાક્યના કેટલા થાય ! દૃષ્ટિ તેવો અર્થ : કહેનારનો આશય ભગવાનના માર્ગને અનુસરતો અને સામાના હિત માટે હોવો જોઈએ ! એકજ સમયે વરસતું એકજ જાતનું પાણી : માનો કે સ્વાતિ નક્ષત્ર સમયે વરસતું પાણીનું ટીપું, છીપમાં પડેલું મોતી થાય, સર્પના મુખમાં પડેલું ઝેર થાય, રસાળ જમીનમાં પડેલું ફળ રૂપ થાય, ઉખર જમીનમાં પડેલું કાદવરૂપ થાય, ત્યાં દોષ કોનો ? પાણીનો કે પાત્રનો ? પાણીમાં તો એજ ગુણ કે-મળને ધોવો, મળવાળા પદાર્થને નિર્મળ કરવો, ગરમીવાળા પદાર્થને ઠંડો કરવો, અશાંતને શાંત કરવો. પાણીનો તો એજ ગુણ, પણ પાત્રમાં જુદા જુદા ગુણ છે. લેનાર પાત્ર અયોગ્ય હોય ત્યાં પાણી શું કરે ? સિંહણનું દૂધ સોનાના પાત્રમાં જ રખાય, નહિ તો પાત્ર ફાટી જાય. એમાં દોષ દૂધનો કે તે પાત્રની નિર્બળતાનો ? ધર્મ માટે પ્રથમ જિજ્ઞાસા પેદા થવી જોઈએ. જ્યાં બેઠો છે તે સંસાર ખરાબ લાગવો જોઈએ. સંસારની અસારતાની ભાવના અંશે પણ થયા વિના ધર્મ તરફ પ્રેમ નજ

થાય. એ વિના ધર્મ તરફ સદ્‌ભાવ નથી જાગતો. જેટલા પ્રમાણમાં સંસારની અસારતા હૃદયમાં ઉતરે, તેટલા પ્રમાણમાં ધર્મ તરફ સદ્‌ભાવના જાગે, તો પછી ધર્મના કહેનારે સંસારની અસારતાથી શરૂઆત ન કરવી, તો ક્યાંથી કરવી ? મૂળમાં સંસારમાં લેપાયેલા તો હોય, ત્યાં કયી શરૂઆત થાય ? ધર્મના ઉપદેશકે, શરૂઆત સંસારની અસારતા બતાવવાથી જ કરવી જોઈએ. એમ ન કરે તો વાસ્તવિક રીતે ઉપકાર કરી ન શકે. સાંભળનારમાં જે સંસારની અસારતા ન જાણતો હોય, તેને પૂરી જણાવવા માટે કહેવું જ પડે. જે ચીજ ધર્મને બાધક હોય એ બાધક રૂપે ન સમજાય, તો આત્મા ધર્મ પામે જ નહિ : પામે તો બીચારા પાસે ટકે નહિ. અસારને અસાર તરીકે ન માને, ન મનાવે, તો કદી ધર્મમાં જોડાય તો પણ ટકે તો નહિજ. ભવનૈર્ગુણ્ય તો લાગવું જ જોઈએ, પછી ભલે સંસ્કારથી, અભ્યાસથી કે જ્ઞાનયોગે : યેનકેન ભવની નિર્ગુણતા લાગવી જોઈએ. નિર્ગુણ ચીજમાં સગુણપણાનો આરોપ થાય તો અનર્થ થાય, એમાં પ્રશ્ન જ શો ? આથી તમે સમજી શકશો કે-જે મુનિવેષમાં રહેલાઓ આજે સંસારને સુંદર તરીકે વર્ણવી રહ્યા છે અને સંસારની અસારતાનો વિરોધ કરી રહ્યા છે, તેઓ મુનિ તરીકે પૂજવા કે પૂજાવાને લાયક નથી જ.

**નિર્ગુણમાં ગુણનો આરોપ ભયંકર છે.**

કોઈ કહે કે-શ્રી જિનેશ્વરદેવની મૂર્તિમાં કાંઈ જિનેશ્વરદેવના ગુણો નથી, તો પણ જેમ મૂર્તિમાં ગુણનો આરોપ કરવાથી લાભ થાય છે, તેમ તથા પ્રકારના ગુણહીન મુનિમાં મુનિના વેષથી મુનિપણાનો આરોપ કરીએ એમાં વાંધો શો ? શાસ્ત્ર કહે છે કે - નિર્દોષ જિનમૂર્તિમાં જિનપણાનો પણ આરોપ થાય. શાસ્ત્ર આનો ખુલાસો કરે છે કે-જિનમૂર્તિમાં ભલે એ ગુણ નથી, પણ દોષ તો નથી જ ને ? નિર્દોષ ચીજમાં ગુણારોપ કરી પૂજાય તો લાભ આપે, પણ દોષવાળી ચીજમાં ગુણનો આરોપ કરી, એને પૂજાય તો દોષની પુષ્ટિ થાય અને તેથી બેયને સંસારમાં ભમવાનું થાય. જેનામાં દોષ હોય એ પણ તેમાંથી પાછો ન ખસે, કારણ કે-એને એમ થાય કે મને શી ચિંતા છે ? મને પણ માનનારા ઘણા છે, એટલે પરિણામે બેય જણા દોષોદધિમાં ડુબી જાય. ભવમાં સારપણાનો આરોપ એ ભયંકર વસ્તુ છે. ભલે સંસારમાં રહ્યો હોય, સંસારમાં રહીને ધર્મની કાર્યવાહી પણ કરતો હોય, છતાં ગમે તે સંયોગોમાં પણ એમ તો નજ કહેવાય કે-સંસાર વસવા જેવો છે, રહેવા જેવો છે. કોઈ પૂછે કે-કેમ વસ્યા ? તો કહેવું જ જોઈએ કે-દુર્ભાગ્યે-અરે એથી વધારે સ્પષ્ટ ઉત્તર તો એ કે-આસક્તિ અને તેનાથી ઉત્પન્ન થયેલી શિથિલતાના યોગે. સમ્યગ્દૃષ્ટિ આમ કહે, પણ એના

ઉત્તરમાં એમ તો નજ કહે કે-'રહેવામાં શો વાંધો ?' મુદ્દો એજ છે કે-જે વસ્તુમાં જેનું આરોપણ ન થવું જોઈએ તે ન જ થાય. જ્યાં બેઠા છો ત્યાં શંકા થાય, તો જ ધર્મ તરફ સાચી સદ્ભાવના પ્રગટ થાય. શ્રી કુમારપાલ મહારાજા આરતી ઉતારવાના અવસરે પ્રભુના અંગ ઉપર પોતે રચેલી પુષ્પની અંગરચના જોતાં જોતાં તલ્લીન બની ગયા, પણ સર્વ ઋતુનાં પુષ્પોના અભાવે તેવા પ્રકારની શોભાથી રહિત અંગરચના જોવાથી ખિન્ન બનીને વિચારે છે કે:-

''मयेदमिन्दुप्रभमत्र कारितं हर्षप्रकर्षाज्जिनचैत्यमुन्नतम् ॥१॥
वरं सर्वर्तुजैः पुष्पै-र्न पूजा संभवोऽभवत् ।
तेन हर्षप्रकर्षोऽपि, विफलो मे ह्यजायत ॥२॥
धन्यास्ते चक्रवर्त्याद्याः, सर्वद्धर्या जिनपूजकाः ।
येषां ह्यनेकाः सर्वर्तु-पुष्पपूर्णाः सुवाटिकाः ॥३॥
अधन्यशेखरो नून-महं राजेति नामभृत् ।
यस्य कमपि नोद्यानं, सर्वर्तुपरिमण्डितम् ॥४॥

अहं नाम्नैव श्रद्धालू-र्लोके ह्यात्मंभरिः सदा ।
पुष्पपूजाऽपि नो कर्तु, पार्यते यद्यदृच्छया ॥५॥
विना माध्यंदिनीमर्चा-मचर्च्य रचनोज्वलाम् ।
न कर्तुं युज्यते युक्त्या, भुक्तिर्मुक्तिं यियासताम् ॥६॥
मोक्तव्यं जीवितं ह्येत-देकदा कार्यसिद्धये ।
तत्तादृशार्हणा सिद्धयै, मुक्तं तु श्लाध्यतां भजेत् ॥७॥''

'મ્હેં અહીં હર્ષના પ્રકર્ષથી ચંદ્રમાની પ્રભા જેવી પ્રભાવાળું ગગનચુંબી મંદીર બનાવ્યું, પરંતુ સર્વ ઋતુનાં પુષ્પોથી હું પૂજા નથી કરી શકતો, તેથી મારા હર્ષનો પ્રકર્ષ પણ નિષ્ફલ થયો છે. સર્વ ઋદ્ધિથી શ્રી જિનેશ્વરદેવની પૂજા કરનારા તે ચક્રવર્તિ વિગેરે ધન્યવાદને પાત્ર છે, કે જેઓની પાસે સર્વ ઋતુનાં પુષ્પોથી પૂર્ણ અનેક સુંદર વાટિકાઓ છે. ખરેખર અધન્યશેખર એવો હું 'રાજા' આવા નામનેજ ધારણ કરનારો છું, કે જેની પાસે સર્વ ઋતુઓથી પરિમંડિત એક પણ ઉદ્યાન નથી. ખરેખર હમંશાં આત્મંભરી એવો હું લોકમાં માત્ર નામે કરીને જ શ્રદ્ધાળુ છું, કે જેથી ઈચ્છા મુજબ પુષ્પપૂજા કરવાની પણ શક્તિ નથી ધરાવતો. રચનાએ કરીને ઉજવલ એવી મધ્યાન્હકાલની પૂજાને કર્યા વિના, મુક્તિમાં જવાની ઈચ્છાવાળા આત્માઓને

ભોજન કરવું એ યુક્તિયુક્ત નથી : અને એક વખત કાર્યસિદ્ધિ માટે આ જીવિત મૂકવાને જ યોગ્ય છે, તો પછી તેવા પ્રકારની પૂજાને માટે મૂકાયેલું આ જીવન શ્લાઘ્યપણાને ભજે છે.' આ રીતના વિચારમાં ને વિચારમાં પરમાર્હત્ મહારાજા શ્રી કુમારપાલ આરતી હાથમાં લઈને પ્રભુની સન્મુખ દૃષ્ટિ રાખીને ઉભા જ રહ્યા : ભાવનામાં વધતે વધતે ભોજનના ત્યાગ સુધીની હદે પહોંચી જવું, એ શું નાનીસુની વાત છે ? એકદમ અન્નપાણીના ત્યાગની ભાવના થઈ જાય એ શાથી ? એથી જ કે-સંસારની અસારતા પૂરેપૂરી સમજાઈ ગયેલી હતી. અન્નપાણીનો ત્યાગ થયા પછી રહ્યું શું ? શું રાજ્ય બાકી રહી જાય છે ? શરીરની મૂર્ચ્છા ગઈ એટલે બધું જ ગયું, પછી રાજ્ય ક્યાંથી રહે ? આ ધર્મની આગળ 'બધી વસ્તુ તુચ્છ છે'-એવું એ હૈયું કબૂલ કરતું હતું. જો કે એ કુમારપાલ મહારાજા રાજ્ય છોડી શક્યા નહોતા, છોડવાની તૈયારી પણ નહોતી, પણ મૂકવા જેવું છે-એ તો હૈયામાં હતું જ. એ હોય તો ભાવના, વિચાર, ક્રિયા બધું શુદ્ધ થાય, માટે જ્ઞાની કહે છે કે-જ્યાં બેઠા છો ત્યાંની અસારતા તો લાગવી જ જોઈએ અને ધર્મોપદેશકે એ લગાડવી જ જોઈએ. 'સંસાર અસાર છે'-એમ થાય એટલે ઘર પણ અસાર છે, એ તો આવી જ જાય ને ! ન આવતું હોય તો કહેજો. જે કોઈ કહે કે-'આનંદપૂર્વક સંસારમાં કાર્યવાહી કરી રહ્યો હતો, તેમાં સંસારની

અસારતા બતાવી ઉલટો મુંઝવી નાખ્યો : એ હવે સંસારમાં પોતાનો ઉદય શી રીતે કરી શકે?' તેને કહેવું જોઈએ કે-'અમે તમારા સંસારના એટલે કે વિષયકષાયના ઉદયને ઈચ્છતા નથી, અમારે તો તમારા આત્માનો ઉદય જોવો છે. અમને તમારા ભોગ વિલાસની ઈર્ષ્યા નથી, પણ એમ તો થાય કે-આ લાલ પીળામાં લીન થયા તો બીચારા દુર્ગતિમાં વહ્યા જશે.' માટે જ સંસાર હેય છે એ વિગેરે કહેવું પડે છે. શાસ્ત્રકાર વર્ણવે છે તે રીતિની અસારતા જો જચી જાય, તો તો અશુભોદય પણ શુભ કાર્યવાહીમાં પલટાઈ જાય. અને સારી (આખી) દુનિયા પગે પડે, પણ વાત એ છે કે-એવી અસારતા જચી છે ક્યાં ? જો શ્રી જિનેશ્વરભગવાને કહેલી યોગ્યતા આવી, તો દીન હોય તેને પણ બધા નમવા મંડી પડે : તીવ્ર પાપોદયની વાત ન્યારી છે.

**ઈલાચિકુમાર અને નટડી.**

સંસારની અસારતા યોગ્ય રીતિએ સમજાય, તો કાર્યવાહી આખી ફરી જાય. પુણીયા શ્રાવક પાસે લક્ષ્મી હતી ? નહોતી. છતાં ભગવાન્ શ્રી મહાવીરદેવે એની પ્રશંસા કરી. માનો કે-ભગવાન્ તો ત્યાગી હતા તે પ્રશંસા કરે, પણ શ્રેણિક મહારાજા પણ એની પ્રશંસા કરે છે. જૈનશાસનમાં કિંમત કોની ? યોગ્યતાની. 'વસુ વિના નર પશુ'-આ વચન લૌકિક છે :

ધર્મનું નથી. વસુ વિનાનો પણ ધર્મી, દીન ન હોય : એને દૈન્ય વૃત્તિ જ ન થાય. આ અસારતા જે દિવસે તમારામાં આવે, તે દિવસે ધર્મનો રસ જેવો રેડવો છે એવો રેડાય, અને એ જચે પણ અને પચે પણ. જ્યાં સુધી અંદર કચરો ભરાયેલો હોય, ત્યાં સુધી ઔષધ લાભ ન કરી શકે. ઘણી વાર લાભને બદલે હાનિ કરી વાળે. મારો ઈરાદો એ છે કે-શ્રી જિનેશ્વરદેવે આપેલું ધર્મરૂપી ઔષધ, તમને નિરોગી બનાવનાર નિવડે, પણ હાનિકર ન નિવડે. આ ઔષધ ગુણકર બનાવવા આ અસારતા બતાવવાની છે. સાધુ પાસે આવનારને સ્વપ્ને પણ એ ખ્યાલ ન આવવો જોઈએ કે-આ સાધુ અમારા અર્થ કામને ઠીક કરવા માગે છે, કે અમારા સંસારને પોષવાનો ઈરાદો રાખે છે. સાધુ પાસે આવનારને તો એમજ લાગવું જોઈએ કે-આ મુનિરાજ તો મને સંસારમાંથી કાઢવા આટલો આટલો પ્રયત્ન કરે છે, પણ હીણભાગ્ય હું નીકળી શકતો નથી. આવી વિચારણા થાય તો મુનિનો પરિચય ફળ્યો કહેવાય. વાંસડે ચઢી નાચતાં નાચતાં ઈલાચિકુમારને કેવલજ્ઞાન શાથી થયું ? મુનિની ચર્યાથી ! મુનિની સામે પદ્મિની સ્ત્રી છે, હાથમાં મોદકનો ભરેલો થાળ છે, તો પણ મુનિનું આંખનું પોપચું પણ ઉંચું થતું નથી. પદ્મિની સ્ત્રી 'લ્યો, લ્યો' કહે છે, ઉત્તમ પ્રકારના મોદક નજર સામે મોજૂદ છે, છતાં મુનિ મોદક લેતા નથી, આંખનું પોપચું ઉંચું પણ કરતા નથી, નજર નીચી ઢળેલી છે, એ જોઈ વાંસડે

ચઢેલા ઈલાચિકુમારને ખ્યાલ થયો કે-''આ પણ મનુષ્ય અને હું પણ મનુષ્ય. આ મુનિની સામે પદ્મિની સ્ત્રી ઉભી છે, છતાં જરા પણ ઉંચી નજર એ કરતા નથી, અને મારી સામે નટડી છે, એ નટડીની ખાતર મેં માબાપ, કુટુંબ, લાજઆબરૂ બધું મૂક્યું. શેઠ મટી નટ બન્યો. ચોથી વાર ઉપર નાચવા-ચઢયો, મારી આ દશા ! પેલી સ્ત્રી 'લ્યો, લ્યો' કહે છે છતાં મુનિ લેતા નથી અને અહીં તો હું માગું છું !'' મુનિનું દર્શન આ રીતે ફળ્યું. જો માત્ર દર્શન આ રીતે ફળે તો પરિચયથી શું ન થાય ? પણ એની ભાવશુદ્ધિ હતી માટે ફળ્યું : જો એમ કહેત કે-''મુનિ તો પાગલ છે, આવી પદ્મિની સ્ત્રી મોદક આપે છે ને લેતો નથી.'' તો મુનિનું દર્શન ફળત ? જે મુનિના દર્શને અનેકને તાર્યા, તેજ મુનિનું દર્શન પાપાત્માઓને ડુબાડનાર છે, એમાં મુનિનો કાંઈ દોષ ? ઈલાચિકુમારને, મુનિના દર્શનયોગે, નૃત્યની ક્રિયા ચાલુ છતાં વિચાર આવ્યો કે-'ધિક્ ધિક્ વિષયા જીવને રે' અને એ વિચારના યોગે પરિણામે ક્ષપકશ્રેણિ માંડી અને કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું. નીચે નટડીને પણ વિચાર થાય છે કે-''ધિક્ છે આ રૂપને કે જેને લઈને આ શેઠનો પુત્ર પણ નટ બન્યો છે અને ચાર ચાર વાર નાચવા ઉપર ચઢયો છે : ધિક્કાર છે આ રૂપને. જે રૂપ અનેકના નાશના હેતુભૂત હોય, તે રૂપ હોય તોયે શું અને ન હોય તોયે શું ?'' એ નટડીને પણ ત્યાં પરિણામે ક્ષપકશ્રેણિના યોગે કેવલજ્ઞાન થાય છે.

**પડતાનાં દ્રષ્ટાંત ન લેવાય-**

શાસ્ત્ર કહે છે કે-અશુભ વિચાર, પાપપ્રવૃત્તિ કરતાં પહેલાં સો વખત વિચાર કરજો. પણ પ્રભુના માર્ગે જવાનું મન થાય તો તત્ક્ષણ જજો. કહ્યું છે કે-શુભ ભાવ, શુભ પરિણામ પ્રાણીને ઘણાં દુર્લભ છે. કોઈને આવે તે પણ ક્વચિત્ : એ પરિણામ આવ્યો ત્યારે જો વિચારવા રહ્યો, તો પરિણામ ખસતાં વાર નહિ. અશુભમાં તો બેઠો જ છે. શુભ પરિણામનો અમલ ઝટ કરવો જોઈએ. ખાવાપીવામાં, વિષયકષાયમાં, પૈસા કમાવામાં, વ્યવહારની તમામ પ્રવૃત્તિમાં તૈયાર અને ધર્મની કંઈ વાત આવે કે-'ઉભા રહો' એમ થાય. સોનું અને માટીની જેમ આત્મા અને કર્મ અનાદિથી ભેળાં છે. સોનું પણ માટી તરીકે ખપે છે, પણ કુશળ કારીગરના હાથમાં આવે, તો એ રખડતા સોનાને લઈ ઠેકાણે મૂકે. યોગ્ય ક્રિયા કરે, માટી દૂર કરે, અગ્નિમાં પણ નાખે અને ચોખ્ખી લગડી બનાવે. તેમજ અનાદિકાળથી આત્મા અને કર્મનો સંબંધ ચાલુ છે. શ્રી જિનેશ્વરદેવોએ જોયું કે-આ આત્માઓ અનાદિ કાલથી કર્મના સંયોગમાં ફસેલા છે, એને જો યોગ્ય સંયોગમાં મૂકવામાં આવે, જોઈતા પુટપાક કરવામાં આવે,ઉંચકીને તથા પ્રકારની અગ્નિમાં ફેંકવામાં આવે, તો એનો કચરો બળી જાય અને શુદ્ધ બને. એ માટેજ શ્રી જિનેશ્વરદેવોએ તીર્થની સ્થાપના કરી. શ્રી જિનેશ્વરદેવોએ તથા તેમના

શાસનના મહર્ષિઓએ કહ્યું કે-જે સંયોગોમાં રહ્યા છો તે તમારા નથી, માટે સંયોગો ફેરવો અને તે માટે જ્ઞાનીએ બતાવેલી વસ્તુને સેવો. કઠીન લાગે કે સહેલું લાગે, પણ સેવતાં સેવતાં એવો સમય આવશે કે-આત્મા પોતે જ સંયમમાં શ્રેય માનશે અને આત્માનું તથા સહવાસીઓનું કલ્યાણ કરી શકાશે.

કોઈ નવી દુકાન ઉઘાડે, તે વખતે કોઈ જો કહે કે-'ભાઈ રહેવા દેને ! ઘણાએ ભીખ માગી. કૈંકે દેવાળાં કાઢ્યાં.'-આવી વાત કોઈ માને ખરો ? નહિજ. પણ ઉલ્ટો તરત કહે કે-'તેથી કાંઈ દુકાન કાઢ્યા વિના રહેવાય ? કોઈ દેવાલું કાઢે અને કોઈ ભીખારી થાય, તેથી મારે પણ પેઢી ન કાઢવી, એ ક્યાંનો કાયદો ? હજી એમ કહો તો ઠીક કે-ભાઈ ! પેઢીમાં આટલા આટલા ભય છે, માટે સાવચેત રહેજે એ તો મનાય, પણ બીજાના દેવાળાના બહાનાથી મારી પેઢી જ ઉખેડી નાખવા માગો તો કેમ મનાય ?' તેમજ અહીં ત્યાગમાર્ગમાં, મુનિપણાના માર્ગમાં કોઈ સલાહ આપવા આવે કે-'ભાઈ ! મુનિપણું લેવા જાય છે, એ ખુશીની વાત છે, તું ધન્ય છે, પણ મુનિપણું ઘણું જ કઠીન છે, કંઈ પડ્યા પણ છે, માટે સાવચેત રહેજે !' આમ કહે તો મનાય અને એ વાત ઉપર વિચાર પણ થાય, પણ પેલા પડેલાની વાતો કરી ચઢવાનીજ મનાઈ કરે તો તે મનાય ? નીસરણી ચઢતાં કોઈ પડે ખરો

કે ? પડે પણ, છતાં નીસરણી ચઢતાં કોઈ કહે કે-'**ચઢીશ મા**'-તો કહી દેવું પડે કે-'કોઈ ચઢ્યા ખરા કે નહિ ? ઘણા ચઢી ગયા છે તો પછી 'ચઢ નહિ' એમ ન કહેવાય : માત્ર એમ કહો કે-'બરાબર દોરડું પકડી-કઠેડો ઝાલી ચઢજે, આંખ સીધી રાખજે : આવી સલાહ તો મનાય, પણ ચઢીશ નહિ એમ કહેનારને કેમજ મનાય ? વ્યવહારમાં તો આ રીતે બધુંજ સીધું ચાલે છે પણ અહીંજ બધા વાંધા છે, એનો હેતુ એજ કે-સંસારની અસારતા હૃદયમાં જેવી જોઈએ તેવી ઠસી નથી : અને એ ન ઠસે ત્યાં સુધી સુંદર પરિણામ ન આવે એમાં આશ્ચર્ય પણ શું ? શ્રી મેઘકુમારની માતાએ પણ જ્યારે સંયમોત્સુક મેઘકુમારને કહ્યું કે-નંદીષેણ પડ્યા, આર્દ્રકુમાર પડ્યા : ત્યારે મેઘકુમારે કહ્યું કે-''માતાજી ! આપને ભગવાન્ શ્રી મહાવીરદેવના શાસનમાંથી આજ દાખલા જડ્યા ?-મહર્ષિઓ ચઢી રહ્યા છે તે ન દેખાણા?' પરણવા ગયેલાને ચોરીમાં રંડાપો નથી આવતો ? આવે છે, છતાં બંધ રહ્યું ? સારા મુહૂર્તે પરણ્યા છતાં રોજ મારામારી નથી થતી ? થાય. ત્યાં તમે પોતેજ બચાવ કરી લો છો કે-એતો એમ પણ થાય. માત્ર અહીં જ એ બુદ્ધિ નથી ચાલતી. સાવધ રહેવાની શીખામણ મનાય, પણ માર્ગેજ ન જવાની શીખામણ કેમ મનાય ? સામાન્ય ચીજની સાધનામાં બેદરકાર નથી બનાતું, ત્યારે મોક્ષ જેવી ચીજમાં પડતાનાં દૃષ્ટાંત કેમ લઈ બેસાય ?

**પડવાની બ્હીકે ચડવાનું બંધ ન કરવું જોઈએ.**

જ્ઞાની કહે છે કે-પડવાની બીકે નહિ ચઢેલા કરતાં શુદ્ધ ભાવના પૂર્વક ચઢીને કર્મના યોગે પડેલા ઘણા ઉંચા છે. પક્ષી પણ માળો કરે, ભાંગી જાય છતાં ફેર કરે, તો સુખે રહી શકે. પડી જવાની બીકે બાળકનો પગજ માબાપ ન મંડાવે, તો બાળક પાંગળો થાય કે-ચાલતો ? ચઢીને પડ્યા એણે તો સ્વાદ ચાખ્યો : ખીર ખાધી હોય એને ઉલટી થાય તોય મીઠાશ આવે : ભલે એકવાર ન પચે પણ બીજીવાર ખીર આવે ત્યારે પ્રમાણોપેત ખાય, પણ ચાખીજ ન હોય તો ? એક રબારીનો છોકરો શેઠીયાના છોકરા સાથે રમવા જતો. ત્યાં ખીરની વાત સાંભળી, માતા પાસે ખીર માગી. માતા આટો ને પાણી હલાવી ઘોળી ખીર કરી આપતી. તેને એ બાળક ખીર માનીને પી જતો. એણે હજી ખીરનો સ્વાદ જાણ્યો ન હતો. એક વખત એને કોઈ સાથે રમનારા છોકરાએ ખીર ચખાડી, કે ઝટ એને થયું કે-મારી માતાએ મને આજ સુધી ઠગ્યો. સાચી ખીર તો આ. આ સાચી ખીર ન મળી, ત્યાં સુધી તો એ ઠગાયો પણ હવે ઠગાય ? તરતજ માતા પાસે આવીને સાચી ખીરની માગણી કરી. આપણો મુદ્દો એ છે કે-એકવાર ચઢીને પડેલા પણ આત્મા પાછા ઉંચા આવ્યા વિના ન રહે. માટે પડવાની ખોટી બીકે ઉત્તમ વસ્તુનો આસ્વાદ ન ચૂકો. પડવાનો હાઉ બતાવી ખસેડનારાને

આધીન ન થાઓ. નઠોર વિદ્યાર્થી પણ જો એકવાર પહેલો નંબર આવી જાય, તો જુઓ પછી મજા ! પહેલા નંબરની સ્થિતિનું એને ભાન નહોતું, ત્યાં સુધીની વાત જુદી, પણ પછી તો એને થાય કે-પહેલા નંબર થવામાં તો મજા છે : માસ્તર પણ પૂછે, માસ્તરની ગેરહાજરીમાં મોનીટરની પદવી મળે, પછી એ વિદ્યાર્થી એવો ભણે કે-તે નંબર જાયજ નહિ : પણ નઠોર વિદ્યાર્થીમાં એક ખોડ જ એ કે-પહેલો નંબર આવે નહિ. નઠોર વિદ્યાર્થીના ગુણ જાણો છો? તે મોડો આવે, વ્હેલો તો આવે જ નહિ, આવીને પણ ભણનારાને હેરાન કરે, માસ્તર ઠપકો આપે તો ગાંઠ વાળે કે-બચ્ચા ! બહાર નીકળજે, પથરાથી માથું જ ફોડી નાંખુ. માસ્તર પણ એવા છોકરાને સતાવે નહિ. છોકરાઓને પણ કહી રાખ્યું હોય કે-એની ફરીયાદ મારી પાસે લાવવી નહિ. શાસ્ત્ર પણ એવા આત્માની ઉપેક્ષા કરવાનું કહે છે. પ્રયત્નથી ભલું લાગતું હોય ત્યાં ઉપેક્ષા નહિ, પણ તદ્દન નઠોરની તો ઉપેક્ષા, કે જેનું પરિણામ જ ન દેખાતું હોય. યોગ્ય માટે પ્રયત્નમાં વાંધો નથી, પણ અયોગ્યને તો કહીજ દેવાનું કે-તું છેટો સારો. જે પોતે સારૂં કરે નહિ, બીજાને સારૂં કરવા ન દે, અને સારૂં કરવાનું કહેનારનો જાન લેવા સુધીની કાર્યવાહી પણ કરે, તેવાને સુધારવા માટેના પ્રયત્નનું પરિણામ હાનિકરજ થાય છે. માટે વિપરીતગામી આત્માઓને આધીન થયા વિના, જ્ઞાની પુરૂષોના કથન મુજબ પડવાની

બીકે સ્વાદ વિના રહી ન જાઓ, જીવનમાં થોડો સ્વાદ લઈ લો, આયુષ્ય થોડું છે. બાલ્યકાળમાં ન લઈ શક્યા, યૌવન પણ ગયું હોય, તો હવે તો સ્વાદ લેવા જેવો છે. તમારી બાકીની બુદ્ધિ હવે અહીં ખરચો, જેથી ભવાંતરમાં બાલ્યકાળમાં પણ ઉદય આવે.

**થોડી પણ આરાધના અવશ્ય ફળે છે !**

તમે આ સ્વાદ લ્યો ! ઢીલા ન થાઓ. 'કેમ થાય, કેમ થાય'-એમ ન કરો, પણ 'કેમ ન થાય' એમ કહો. થોડી પણ આરાધના ફળ્યા વિના નથી રહેતી. અનાર્ય દેશમાં અનાર્યદેશના પાટવીને શ્રી જિનમૂર્તિ મળી અને ફળી, એ શાના યોગે ? પૂર્વની આરાધનાના યોગે. પૂર્વભવે સંયમ પાળ્યું હતું, સંયમની વિરાધનાના યોગે અનાર્યદેશમાં ઉત્પન્ન થયો, પણ શ્રી જિનમૂર્તિ મોકલનાર શ્રી અભયકુમાર જેવા મિત્ર મળ્યા, એ શાના યોગે ? પૂર્વની આરાધનાના જ યોગે. એક શેઠે પોતાના દીકરાને ધર્મનો વિરોધી જોયો. રોજ કહે કે-દેરે જા, ગુરૂને વંદન કર, વ્યાખ્યાન સાંભળ, પણ પેલો માને નહિ. ઉલટો યદ્વાતદ્વા બકે. શેઠે જાણ્યું કે-મારો દીકરો સંસ્કાર વિના રહે એ ખોટું. બારણું નીચું કરાવ્યું અને અંદર સામેજ શ્રી જિનેશ્વરદેવની આકૃતિ રખાવી. હવે હંમેશ વાંકું વળવું જ પડશે. અંદર ગયા પછી માથું ઉંચું કરે એટલે સામે મૂકેલી આકૃતિનાં દર્શન થઈજ જાય. એવી રીતે આયુષ્ય પૂર્ણ થયે એ સ્વયંભૂરમણ

સમુદ્રમાં મત્સ્ય થયો, ત્યાં શ્રી જિનમૂર્તિના આકારના મત્સ્યને જોઈ તે સમ્યક્ત્વ પામ્યો. આમ માત્ર અનિચ્છાએ કરેલાં શ્રી જૈનમૂર્તિનાં દર્શન પણ એ આત્માને ફળ્યાં. માટે જો તમે તમારા આત્માની લેશ પણ ચિંતા કરતા હો, તો પતનનો 'હાઉ' બતાવનારાઓની ઉપેક્ષા કરી પોતાના આત્માની ચિન્તા કરતાં શીખો, અને આત્માની પ્રત્યેક ક્રિયા જ્ઞાનીએ કહેલા માર્ગેજ ગતિમાન થાય તેવી શક્તિ કેળવો !

**✻ ૨૫ ✻**

**વિષયજન્ય સુખો દુ:ખનાં કારણ છે.**

ટીકાકાર મહર્ષિ, શ્રી શીલાંકસૂરિજીએ શ્રી આચારાંગ સૂત્રની પીઠિકા કરતાં પહેલાં, મંગલાચરણમાં કહ્યું કે-શાસન જયવંતુ વર્તે છે : કારણ કે-આ શાસન એક પણ અયોગ્ય વિચારને સ્થાન નથી આપતું, ને એક પણ સુંદર વિચારને અવગણતું નથી : સેવનારને એ નિયમા મુક્તિ આપે છે : સઘળી અપેક્ષાએ સિદ્ધ થયેલા એના સિદ્ધાંતો છે : માટે જ એ શાશ્વત છે, અનૂપમ છે, અને સઘળા શ્રી જિનેશ્વરદેવોથી શરૂઆતમાં નમસ્કાર કરાયેલું છે. આ આચારાંગ શાસ્ત્ર ભગવાન્ શ્રી મહાવીરદેવે, કેવળ જગત્ના હિત માટે કહ્યું છે. એને આધીન રહીને જે કાંઈ કહેવાનું છે તે હું કહું છું. આ સિવાય બીજું બહારનું કાંઈ જ કહેવાનું

નથી. પીઠિકા કરતાં ટીકાકાર કહે છે કે-આ સંસારમાં રાગ, દ્વેષ અને મોહથી પરાભવ પામેલા, એથી જ શારીરિક અને માનસિક અનેક પીડાઓથી પીડાતા સઘળા પ્રાણીઓએ, દુઃખનો તથા દુઃખના હેતુભૂત રાગ, દ્વેષ અને મોહનો નાશ કરવા માટે, હેય એટલે તજવા યોગ્ય અને ઉપાદેય એટલે આદરવા યોગ્ય પદાર્થોનું જ્ઞાન મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. સમજાવી ગયા કે-જેને દુઃખ ન જોઈએ, તેણે સંસાર ઉપર પણ ચાહના ન રાખવી જોઈએ, કેમકે સંસાર એ દુઃખમય છે : એનું ફળ પણ દુઃખ છે અને એની પરંપરા પણ દુઃખની છે. સુખનો અર્થી સંસારને ઈચ્છે એ બનવાજોગ નથી. સર્વ ધર્મ,-નાનામાં નાનો પણ ધર્મ-સંસારની અસારતા સમજાયા વિના, સંસારની અસારતા હૃદયમાં લાગ્યા વિના, એ ધર્મ, ધર્મ તરીકે પરિણામ પામતો નથી. નાનામાં નાનું દાન દેવું, થોડામાં થોડું શીલ પાળવું, નહિ જેવો પણ તપ કરવો,-આ બધું શાના માટે ? સંસારથી છુટવા માટે જ. એ ભાવના વિનાનો દાન, શીલ, તપ વિગેરે ધર્મ, આત્મા જે ઈચ્છે છે તે આપી શકતો નથી : કારણ કે-આત્માની ઈચ્છા શાશ્વત સુખ મેળવવાની છે. કોઈ પૂછે કે-'મોક્ષમાં સુખ શું ?'-'દુઃખનો, ઈચ્છાનો, તૃષ્ણાનો સર્વથા અભાવ : અર્થાત્ સર્વ કર્મસંગથી રહિત થઈ સ્વરૂપમાં અનન્ય રમણતા એ જ વાસ્તવિક સુખ.' ખાવા પીવા આદિમાં સુખ માનનારા ભ્રમણામાં પડેલા છે, કારણ કે-કર્મયોગે

મળેલ આ શરીરના કારણે ઉત્પન્ન થયેલ ભુખ આદિ દુઃખની શાંતિ માટે જ ખાવું પીવું વિગેરે કરવું પડે છે. આથી સ્પષ્ટ છે કે-ખાવું પીવું એ પણ એક પ્રકારે તો દુઃખ જ છે. રોજ ઔષધની જરૂરને સુખ માનનારા મૂર્ખાઓ, ભલે તેમાં સુખ માને-બાકી વસ્તુતઃ તેમાં સુખ નથી જ.

(પ્રશ્ન૰ સ્વાદ માટે પણ ખવાય છે !)

એકલા સ્વાદ માટે નહિ : ભવિષ્યનાં દુઃખને ભૂલી એકલા સ્વાદ માટે ખાનારા બધા ન નીકળે. ધરાઈને બેઠા હો તો સ્વાદ માટે પણ નહિ ખાઈ શકાય. મૂળ તો ભુખનું દુઃખ થાય છે, તેના નિવારણ માટે જ ખવાય છે. જો કે વિષયાધીનતા આવી, સ્વાદાદિ વધ્યા, એ ખરૂં પણ નિદાન ભુખને મટાડવા ખાવાનું હોય છે. ઈંદ્રિયોનું લૌલુપ્ય, સ્વાદ, મોજ મજાહ આવે, એ જુદી ચીજ છે. કોઈ પૂછે કે-મોક્ષનું સુખ શબ્દમાં કહો ! શાસ્ત્ર કહે છે કે-તે અનિર્વચનીય છે : એ સુખ શબ્દમાં વર્ણવાય તેવું નથી, કારણ કે-દુનિયાના સુખ કરતાં એ સુખ તદ્દન ભિન્ન જાતિનું છે. જે સાધનો દ્વારા દુનિયા સુખની અભિલાષા રાખે છે, તે જ સાધનોનો સર્વથા અભાવ થાય અને આત્મા પોતાના બળ દ્વારા તે સઘળાં સાધનોની મમતા તજી કર્મમલથી રહિત થઈ સ્વ સ્વરૂપમય બને ત્યારે જ મોક્ષસુખનો અનુભવ થઈ શકે છે.

અસ્તુ. હાલ તો એ જ વિચારીએ કે-આ સંસારમાં, સુખ છે કે કેમ ? જે સુખનો આભાસ થાય છે, તે સુખ પરિણામે જો સુખ હોત, તો તો વાંધો નહોતો, પણ આત્મા જ સાક્ષી પૂરે છે કે-વિષયજન્ય સુખો, એની અભિલાષા, એ માટેના પ્રયત્નો,-એ એવી જાતિના છે કે-પરિણામે જરૂર શોષવું જ પડે. આ વાતમાં શંકા કોને પડે ? જે પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, તથા એનાં સાધનોને ન સમજી શકે તેને ! આલોક, પરલોક ન જાણી શકે તેને તો આ વાત સમજવી પણ કઠીન જ પડે. જેને તત્ત્વોનો ખ્યાલ ન હોય, તેને તો એમજ થાય કે-દુનિયાના સુખમાં પરિણામે શી હાનિ ? પણ જે સમજે છે કે-માનસિક પરિણામનો પણ બંધ નિયત છે, તેને માટે આ માનવું કઠીન નથી. શુભનો બંધ શુભ અને અશુભનો બંધ અશુભ વિપાક આપે છે. 'અશુભ કર્મનો ઉદય આત્માને તકલીફમાં મૂકયા વીના રહે નહિ'-આવું માનનારો સંસારમાં સુખ માને જ નહિ.

**દુઃખના અંશ વિનાનું સુખ ક્યાં છે ?**

અનાદિકાલની વાસના અને મમત્વ, સંસારના પદાર્થ ઉપર ચોટેલાં છે. એ રૂચિને એકદમ ઉખેડવી અને તદ્દન અપૂર્વ-નહિ સાંભળેલી (તો પછી જોવા-અનુભવવાની તો વાત જ શી ?) વાતને હૃદયમાં ઉતારવા માટે ઉતાવળ કરવી ન પાલવે : એટલે જ 'સંસારમાં

સુખ છે કે કેમ ?'-તે વિચારીએ છીએ. દુનિયામાં એક ચીજથી એકને સુખ અને બીજાને દુ:ખ એક આદમી લક્ષ્મી પામીને સુખી થાય, બીજો આદમી તેટલી જ લક્ષ્મી પામીને જીંદગીમાં સુખનો છાંટોય ન અનુભવે. એક ચીજ એક આદમીને પ્રિયકર અને બીજાને અપ્રિયકર : એકને સુખકર, બીજાને દુ:ખકર : આ બધી વાતના હેતુઓ વિચારવામાં આવે, તો તદ્દન સ્પષ્ટ થઈ જાય કે-વાસ્તવિક રીતિએ સંસારમાં કે સંસારનાં સાધનોમાં સુખ આપવાની શક્તિ જ નથી. સંસારમાં જે સુખ છે, તે એકાંતિક નથી, એટલે કે દુ:ખનો અંશ ન હોય તેવું નથી. દુ:ખના અંશને નિભાવી ભલે લેવાય, ભલે મન પણ મનાવી લેવાય, તે વાત જુદી-પણ તે વખતે આઘાત તો જરૂર થાય જ, આકૃતિમાં પણ ફેરફાર જરૂર થાય છે. આથી જ સંસારી માત્રને જે સુખ જોઈએ છે, તે દુ:ખના લેશ વિનાનું જ જોઈએ છે, એવું સ્પષ્ટ દેખાય છે. અને તે સુખ મોક્ષ સિવાય બીજે નથી.

(પ્રશ્ન-મોક્ષના જીવોને તો અજીવની જેમ બેસી જ રહેવાનું ને ?)

આ પ્રશ્ન જ અજ્ઞાનતાનો છે. પુદ્‌ગલની આધીનતાવાળાને બેસી રહેવું પડે, ઉઠવું પડે, નાચવું પડે, બધું ય કરવું પડે, પણ મુક્તિ એટલે તો પુદ્‌ગલના સંસર્ગમાત્રનો અભાવ, એટલે કે કેવલ સ્વસ્વરૂપમાં રમણતા. ચાલતાં થાકે અને બેસે, ત્યાં તો બેસી રહેવું પડે એમ

કહેવાય-પણ સ્વસ્વરૂપની રમણતામાં એમ કેમ કહેવાય ? સ્વસ્વરૂપની રમણતામાં લીન આત્માઓ માટે એવી શંકાનો જ અભાવ છે : કારણ કે-સંપૂર્ણપણે પોતાના સ્વરૂપને પામેલા આત્માઓમાં કોઈ પણ જાતની ઈચ્છા જ હોતી નથી. ઈચ્છા, લાલસાથી જન્મે છે : અને લાલસા, અજ્ઞાન અને મોહ આદિથી જન્મે છે : ત્યારે અજ્ઞાન અને મોહ આદિનો સર્વથા અભાવ થયા વિના મુક્તિ મળતી જ નથી. જે આત્મા મોક્ષના અનુષ્ઠાનમાં ઓતપ્રોત થઈ જાય છે, તે આત્માને તો મુક્તિની પણ ઈચ્છા નથી રહેતી. અને એટલા જ માટે કહેવાય છે કે-

**"भवे च मोक्षे च समो मुनिः"**

આનો અર્થ એ નથી કે-આવા મુનિવર 'સંસાર' અને 'મોક્ષ' એ બેયને સારા માને છે : પણ એ મહાપુરૂષ સાધનામાં એવા એકતાન હોય છે કે-જેથી તેમની સર્વ ઈચ્છાઓ શાંત પ્રાયઃ થઈ જાય છે. હવે કોઈ પૂછે કે-'તો પછી તે ત્યાં જાય છે કેમ ? અહીં કેમ ન રહે ?'- 'બોજો નીકળી ગયો માટે સ્વભાવતઃ જાય છે.' જાય ક્યાં સુધી ? જવાય ત્યાં સુધી. કેમ જાય ?-એ પ્રશ્ન જ નથી. એથી ઉપર કેમ ન જાય ? સાધન નથી માટે. જેમ, કાદવથી લેપાયેલી અને કાંકરાથી ભરાયેલી અને એથી જ સાગરને તળીયે રહેલી તુંબડીનો કાદવ

ધોવાઈ જાય, અને કાંકરા નીકળી જાય, કે ઝટ સાગરની સપાટી ઉપર આવે. હવે નીચે જવાની સામગ્રી નથી, અને ઉપર જવા માટે સાધન નથી. હવે એ તુંબડી એવે સ્થાને આવી કે-કચરો સ્પર્શી શકે તેમ નથી. આ જ રીતિએ ઉપરની વાતમાં પણ સમજી લેવાનું છે. દુનિયાના સુખમાં દુઃખનો અંશ પણ આવે, ત્યારે ભલે નભાવી લેવાય અને મન મનાવી લેવાય, પણ હૃદય તો કહે કે-બધું બગડી ગયું. મોદક ખાતાં ખાતાં ગોળ કે સાકરનો ગાંગડો આવી જાય તો પણ તરત મન બગડે, અવાજ પણ થાય, આકૃતિ પણ ફરે, મન, વચન અને કાયા વિકૃત થાય. આથી સ્પષ્ટ છે કે-તમારા આચાર, વિચાર તથા ઉચ્ચાર સૂચવે છે કે-તમારે દુઃખના અંશ વિનાનું સુખ જોઈએ છે : અને તે સુખ, મુક્તિ સિવાય અન્યત્ર નથી જ.

વળી, જેવું તમારે દુઃખના અંશ વિનાનું સુખ જોઈએ છે, તેવું જ કાયમનું પણ જોઈએ છે : વળી તે સુખ પણ કાયમ ટકી રહે તેવું જોઈએ છે. સંસારમાં સુખ મળ્યા પછી જાય તેને ભયંકર પીડા થાય છે, એ કોને માલૂમ પડે ? એને જ : સુખ ભોગવ્યા પછી તે જ ભવમાં ખરાબ સ્થિતિ થાય તેને ! જ્ઞાની કહે છે કે-તમારે આત્યંતિક, દુઃખના લેશ વિનાનું અને કદી પણ ન જાય તેવું સુખ જોઈએ છે. દુનિયામાં પણ થોડા સુખના સાધનવાળા, ઘણા

સુખના સાધનવાળાને જોઈને વધુ સુખ મેળવવા પ્રયત્ન કરે છે : જ્ઞાની કહે છે કે-આવું સુખ દુનિયામાં પૂરૂં હોય તો બતાવો. દુઃખના લેશ વિનાનું, દુઃખના પરિણામ વિનાનું કાયમ રહે તેવું સુખ, જો અહિં મળતું હોય તો મોક્ષની ગરજ નથી. પણ જ્ઞાનીએ જોયું કે-દુનિયાનાં પ્રાણીઓને જે આવું સુખ જોઈએ છે, તે સુખ સંસારના કોઈ પણ પદાર્થમાં નથી. સંસારી સુખ માત્ર સંયોગજન્ય છે. જેનો સંયોગ, તેનો નિયમા વિયોગ, ઈષ્ટનો સંયોગ થાય ત્યારે આનંદ, અને તેનો સંયોગ જાય ત્યારે દુઃખ. પૌદ્ગલિક સુખ સંયોગજન્ય છે, એટલે જ પરાધીન છે, અને તેથી એ વાસ્તવિક સુખ નથી. આત્માના સ્વભાવનો પૂરો વિકાસ એ જ મુક્તિ. આત્માના વિકાસને બાધા કરનારા બધા પદાર્થ,-સારા કે નરસા,-તે બધા દુઃખનાં સાધન છે. શાસ્ત્ર કહે છે કે-પાપ અને પુણ્ય એ બંધન છે. શુભ અને અશુભ સંયોગ એ આત્માને તો બંધન જ છે. બંધન જાય તો આત્માનું સ્વરૂપ પ્રગટ થાય. આત્માનું સ્વરૂપ પ્રગટ થયા પછી કંઈ કાર્યવાહી કરવાની રહેતી નથી : આત્માનું તથાવિધ સ્વરૂપ પ્રગટ થયા પછી નવું કરવાપણું રહેતું નથી.

**પુણ્યાનુબંધી પુણ્ય વળાવા સમાન છે.**

(પ્રશ્ન-પુણ્ય પણ આશ્રવ છે ?)

જરૂર, માટે પુણ્યાનુબંધી પુણ્ય લેવું. ભોગની અભિલાષા વિના ધર્મ કરે, તેને પુણ્યાનુબંધી પુણ્ય બંધાય. એવો ધર્મ મુક્તિ આપે, મુક્તિ ન આપી શકે ત્યાં સુધી મુક્તિ આપે એવાં સાધનો આપે. મોટર ઘરે લઈ જાય, પણ ક્યાં સુધી ? ઘરમાં તો ઉતરીને જવું પડે ને ! પણ પહોંચાડનાર કોણ કહેવાય ? મોટરજ. તેમ ભોગની અભિલાષા વિના, મુક્તિની અભિલાષાએ ધર્મ કર્યો હોય અને તે અધુરો હોય તો એકદમ મુક્તિ ન મળે, તો પણ મુક્તિ ન મળે ત્યાં સુધી મુક્તિનાં સાધનો તો પૂરાં પાડે જ. સાધ્ય મળે કે પુણ્ય ચાલ્યું જાય. વળાવું ક્યાં સુધી આવે ? સ્થાન ન દેખાય ત્યાં સુધી જ. સ્થાન દેખાય કે તરત વળાવું તો કહે કે-હું જાઉં છું. એને જવાનું કહેવું પણ ન પડે : પણ લુંટારો હોય, તો સાથે જ આવે, ઘરમાં પેસે, અને અવસર મલ્યે તીજોરીના માલ ઉપર લુંટ પણ ચલાવે. માટે લુંટારો સાથી ન લેવો, પણ વળાવાને સાથી તરીકે લેવો. પાપ એ લુંટારો છે, અને ભોગની જ આશાથી કરાતો ધર્મ, એ પણ લુંટારા જેવો જ છે. પુણ્યાનુબંધી પુણ્ય-મુક્તિની અભિલાષાથી થતો ધર્મ, તે વળાવા જેવો છે. સાધન વિના સાધ્યની સિદ્ધિ ન હોય ! જે સાધન, સાધ્યની સન્મુખ લઈ જાય, તે માટે મુક્તિએ પહોંચાડનાર એ છે, એમ કહેવામાં વાંધો નથી. પુણ્યાનુબંધી પુણ્યને મુક્તિએ લઈ જનાર કહેવામાં વાંધો નથી. મુક્તિની અભિલાષાએ કરાતા ધર્મને મુક્તિએ લઈ

જનાર કહેવામાં કશો જ વાંધો નથી.

**ગુણ અને ગુણાભાસને ઓળખો !**

જ્ઞાની કહે છે કે-'જે સુખના અર્થી છો, તે સુખ આપવાની દુનિયાના એક પણ પદાર્થમાં તાકાત નથી, માટે જેને જેને સુખની ઈચ્છા હોય, તેણે તેણે તે તરફથી દૃષ્ટિ ખસેડવી જોઈએ, માટે હેય અને ઉપાદેય પદાર્થોના જ્ઞાનની પ્રથમ જરૂર છે.' જ્યાં સુધી હેયમાં હેય અને ઉપાદેયમાં ઉપાદેયનો નિશ્ચય ન થાય, ત્યાં સુધી ધર્મ સધાય ? ન જ સધાય. જો હેયમાં ઉપાદેય બુદ્ધિ અને ઉપાદેયમાં હેય બુદ્ધિ આવે, તો પરિણામ ભયંકર આવે એમાં આશ્ચર્ય શું ? સોનૈયાને સારા તથા કાંકરાને ખરાબ માનવાનું જ્ઞાન, તે સામાન્ય જ્ઞાન કહેવાય. દુનિયા તો આ જ્ઞાનને પણ જ્ઞાન તરીકે કહે છે, પણ શાસ્ત્ર કહે છે કે-'પરિણામે સારૂં તે સારૂં, અને પરિણામે ખોટું તે ખોટું.' આવું વિશેષ પ્રકારનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે. જ્ઞાન તે, કે જે હેય અને ઉપાદેયનો વિવેક કરાવે.

ગુણ અને ગુણાભાસનો ભેદ ઓળખો. પરિણામે લાભ આપે તે ગુણ. જેનું પરિણામ ભયંકર, તે દેખાતો ગુણ હોય તો પણ તે ગુણાભાસ છે. બીમાર અવસ્થામાં સાકરનો પ્યાલો લાગે મીઠો, પણ પરિણામે માઠો : અને કરીયાતાનો ઉકાળો લાગે કડવો, પણ પરિણામે સુંદર

: માટે ગુણ અને ગુણાભાસની પરીક્ષા કરવી જોઈએ. મોક્ષની આરાધનાની ભાવના હોય, વીતરાગ થવાની મનોદશા વર્તતી હોય, મુક્તિપદ મેળવવું હોય તો 'માધ્યસ્થ્ય' ગુણ જોઈએ, એ વાત સાચી-પણ 'માધ્યસ્થ્ય'નો અર્થ શો ? 'આ પણ ઠીક અને આ પણ ઠીક'- એ નહિ. વીતરાગ થવાની ભાવના વાળો આત્મા સાચામાં અને ખોટામાં, હિતકરમાં અને અહિતકરમાં મધ્યસ્થ કેમજ હોઈ શકે ? શ્રી તીર્થંકર ભગવાન્ તો કૃતકૃત્ય બન્યા : તે પછી તો એમને કંઈ કરવાપણું રહેતું નથી, પણ જે ભાવનાના યોગે બધું મળ્યું છે, તેને લઈને ઉપકારનો ઝરો ભલે ધોધ બંધ વહ્યા કરે છે. તે સર્વજ્ઞાની અને સર્વદર્શી શ્રી તીર્થંકરભગવાન્ પણ કહેવાનું જ કહે, પરંતુ ન કહેવાનું ન જ કહે : હેયને હેય જ કહે અને ઉપાદેયને ઉપાદેય જ કહે, પણ હેયને ઉપાદેય કે ઉપાદેયને હેય ન જ કહે. વીતરાગપણાના નામે હેયને ઉપાદેય તથા ઉપાદેયને હેય કહેવાનું તો એ પણ નથી કરતા, તો મોક્ષના અર્થી, વીતરાગતાના અર્થી, સુખના અર્થી, સાચા તથા ખોટામાં મધ્યસ્થ રહેવાનો આડંબર કેમજ કરી શકે ?

**નાટકીયા જેવા મધ્યસ્થ ન બનો**

મધ્યસ્થ આત્મા ગમે તેના પણ સદ્ગુણનો સ્વીકાર કરવા માટે સજ્જ હોય છે. અને તે સાચા ગુણોનો સાચો ઉપાસક હોય છે પણ જે સાચા ગુણોનો સાચો ઉપાસક છે, તે ખોટા

ગુણોનો પૂજારી ન જ હોય અને એથીજ સ્પષ્ટ થાય છે કે-સારા અને ખોટા બેયમાં મધ્યસ્થ્ય નજ હોય. આજે તો કેટલાક મધ્યસ્થપણાનો સ્વાંગ ધરનારાઓ ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજના એક શ્લોકનું-

**'पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु'**

'મને વીરમાં પક્ષપાત નથી અને કપિલાદિમાં દ્વેષ નથી.' આ પૂર્વાર્દ્ધ માત્ર લઈને કહે છે કે-જોયું ? આ શ્રી હરિભદ્રસૂરિજી જેવા પણ કેવા મધ્યસ્થ ! એમને પણ છે કાંઈ મહાવીર પ્રત્યે રાગ કે કપિલ પ્રત્યે દ્વેષ ? આજ રીતિએ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીનું ઉત્તરાર્ધ લીધું કે-'ગમે તે હોય તેને નમસ્કાર હો.' ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીના શ્લોકનું પૂર્વાર્ધ મૂકી દીધું અને પોતાની માની લીધેલી બનાવટી મધ્યસ્થતાનું યથેચ્છ પીંજણ કરવા માંડ્યું : પણ એ બીચારા અજ્ઞાન આત્માઓ જરા પણ જોઈ કે વિચારી નથી શકતા કે-

એ મહાપુરુષોએ કોઈ પણ સ્થાને કપિલ આદિને નમસ્કાર ન કરતાં ભગવાન્ શ્રી મહાવીરદેવને જ નમસ્કાર કેમ કર્યો ? નમસ્કાર કર્યો એટલું જ નહિ, પણ ઉલ્ટું ભગવાન્ શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ તો-

**''युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ।**

'જેનું વચન યુક્તિયુક્ત હોય, તેનો સ્વીકાર કરવા યોગ્ય છે.' આ પ્રમાણે કહી કપિલ આદિ દર્શનકારોના એક મંતવ્યને એકદેશીય તરીકે જણાવી, તેનું યથાસ્થિત અને ખંડશ: ખંડન કરી, ભગવાન્ શ્રી મહાવીરદેવના સિદ્ધાંતોનું અપૂર્વ રીતિએ સ્થાપન કરી, પોતાના સમ્યક્ત્વને સુવિશુધ્ધ બનાવી, જગત્‌ના મુમુક્ષુ આત્માઓ સમક્ષ શ્રી જિનેશ્વરદેવના શાસનનું સંપૂર્ણપણે સમર્થન કરી, બતાવી આપ્યું કે-વર્તમાનમાં ભગવાન્ શ્રી મહાવીરદેવના શાસન જેવું કોઈ પણ શાસન આ ભારતમાં હયાતિ નથી ભોગવતું અને ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજાએ પણ-

**''भवबीजांकुरजनना-रागाद्या क्षयमुपागता यस्य ।''**

આ પ્રમાણેનું પૂર્વાર્ધ આલેખી ખુલ્લે ખુલ્લું જાહેર કરી દીધું કે-'દેવાધિદેવ તરીકે તે જ નમસ્કારને યોગ્ય છે, કે જેના સંસારરૂપ બીજના અંકુરાને પેદા કરનારા રાગ, દ્વેષ વિગેરે દોષો ક્ષય પામ્યા છે.' એટલું જ નહિ પણ-અનેક પ્રકારે કુદેવોનું ખંડન કરી 'અઢારે દોષોથી રહિત શ્રી સર્વજ્ઞ પરમાત્માને જ દેવાધિદેવ તરીકે માની શકાય.' એ વાત ચેતનવંતા આત્માઓને સ્ફુટપણે સમજાવી દીધી.

આ બધા ઉપરથી એક નાનામાં નાનો બાળક પણ સમજી શકશે કે-'સાચા ખોટાની

પરીક્ષા વિના માત્ર પોતાની ખોટી માનાકાંક્ષાને ફલિત કરવાના કૂટ ઈરાદાથી સંયોગને આધીન થઈ-'જેવા હોય તેવા થવું અને જેવો રંગ દેખાય તેવું નાચવું'-એ કાંઈ માધ્યસ્થ્ય નથી. આવી બનાવટી માધ્યસ્થ્યવૃત્તિના પૂજારીઓની તો અસત્યતા ઉપાસકો, કે જેઓમાં થોડી પણ બુદ્ધિ હોય, તો તેઓમાં પણ કીંમત નથી. તેઓ પણ તેવાઓને નાટકીયા તરીકે જ ઓળખે છે, અને પોતાના સાથીઓને તેવાઓથી સાવધ રહેવાની સૂચના આપે છે : એટલે કે એવા મધ્યસ્થોની દશા સર્વત્ર ભયંકર છે અને સ્વાર્થિ દેશદ્રોહીઓના કે સ્વામિદ્રોહીઓના થયેલા ફેજનાં જેવાં વર્ણનો ઈતિહાસમાં આવે છે, તેવાજ ફેજ એવા આડંબરધારી મધ્યસ્થોના થવાના છે.

શ્રી જૈનશાસનનો મધ્યસ્થ તો પાપની વાતથી, અધર્મની વાતથી આઘો જ રહે : હૃદયમાં દ્વેષ, તિરસ્કાર કે કોઈના પણ ભુંડાની ભાવના નહિ રાખવા છતાં, વિરોધિઓના દલને કહી જ દે કે-'પ્રભુએ ફરમાવેલા શાસનની સાચી માન્યતાથી એક પણ કદમ પાછો નહિ જ ખસું.' માધ્યસ્થ્ય વૃત્તિ તો એ જ શીખવે છે કે-'સત્ય તરફ ઝુકવું.' સત્ય તરફ આવતા આક્રમણને બને તો દૂર કરવું અને તેમ ન બની શકે તો તેનાથી દૂર રહી, તેમાંથી યોગ્ય આત્માઓને બચાવી લેવાના પ્રયત્ન કરવા, પણ માનાદિકના કારણે લોકહેરીમાં તો ન જ પડી

જવું. મહામહોપાધ્યાય, ન્યાયાચાર્ય, શ્રીમદ્ યશોવિજયજી મહારાજા શ્રી સીમંધરસ્વામિને વિનંતિ કરતાં કહે છે કે-

''લોક સન્ના થકી લોક બહુ માઉલો,
રાઉલો દાસ તે સવિ ઉવેખે;
એક તુજ આણસું જેહ રાતા રહે,
તેહને એહ નિજ મિત્ર દેખે. આજ.''

'હે નાથ ! આ લોક લોકસંજ્ઞા થકી ઘણો જ ઘેલો થઈ ગયો છે, પણ આ આપનો દાસ તે સઘળાની ઉપેક્ષા કરે છે અને જે આત્માઓ કેવલ એક તારી જ આજ્ઞામાં રક્ત રહે છે, તેઓને જ આ તારો દાસ પોતાના મિત્ર તરીકે જૂએ છે.'

**રાજા ભોજ અને પંડિત શ્રી ધનપાલ**

શ્રી ધનપાલ તાજા ધર્મી-નવા બનેલા ધર્મી-પણ કેવા ? ડગે નહિ તેવા ! તે પંડિતપ્રવરે એક અનુપમ ગ્રંથરત્નની રચના કરી. પંડિતવર શ્રી ધનપાલ રાજા ભોજની રાજસભામાં એક પંડિતરત્ન હતા. ગ્રંથ બનાવવાની કાર્યવાહીને લઈને પંડિતવર શ્રી ધનપાલની રાજસભામાં કાંઈક ગેરહાજરી પણ રહેવા લાગી. એમની ગેરહાજરી રાજાને સાલ્યા વિના કેમ રહે ?

ગેરહાજરીનું કારણ રાજાએ પૂછતાં-'હાલમાં એક ગ્રંથ લખું છું'-એમ પંડિતવરે જણાવ્યું. ગ્રંથ તૈયાર થયો : રાજાને ખબર પડી કે-ગ્રંથ તૈયાર થયો. એક દિવસ બગીચામાં રાજા ભોજ અને પંડિત ધનપાલ બેઠા છે, ત્યાં રાજાએ ગ્રંથ જોયો અને આનંદ પામ્યો. એ ગ્રંથમાં ભરત મહારાજાનું ચરિત્ર હતું. અયોધ્યા નગરી, શ્રી ઋષભદેવ ભગવાન્ તથા ભરત મહારાજા વિગેરે વિગેરેનું વર્ણન હતું. ગ્રંથ જોયા બાદ રાજાએ કહ્યું કે-''ધનપાલ ! ગ્રંથ મજેનો, પણ થોડો ફેરફાર કરવો પડશે ! જ્યાં ભરત છે ત્યાં ભોજ લખ : અયોધ્યા છે ત્યાં ધારા લખઃ અને ઋષભદેવ છે ત્યાં મારા ઈષ્ટદેવ લખ.'' શ્રી ધનપાલ કોણ હતા ? રાજાના આશ્રિત! છતાં-'રાજા રાજી થતા હોય તો લાવને ફેરફાર કરૂં'-એમ ન જ ઈચ્છયું, 'ભરતને બદલે ભોજ એટલે ત્રણ અક્ષરને બદલે બે અક્ષર કરવાના હતા, અને અયોધ્યાને બદલે ધારા કરવાની તથા શ્રી ઋષભદેવસ્વામિના સ્થાને અન્યનું નામ લખવાનું હતું-એમાં હરકત શી હતી ?' એમ આજના લેભાગુઓને તો કહેતાં જરા પણ વાર ન લાગે : કારણ કે-ખોટી મધ્યસ્થતાથી તેઓ તો ઘેલા બનેલા છે, એટલે ઉલ્ટા બચાવ કરવા માંડે કે-'કોઈને દુઃખ થાય તેવી પ્રવૃત્તિ કરાય? ધર્માત્માની તો બધાને સુખ થાય તેવી પ્રવૃત્તિ જોઈએ, 'એવા ખોટા આગ્રહ શા ?' પણ પંડિત પ્રવર શ્રી ધનપાલે તેમ કરવામાં 'હા' કેમ ન પાડી ? એજ કારણ કે-તે પુણ્યાત્મા

પરમ સમ્યગ્દૃષ્ટિ હતા અને સત્યાસત્યના પરીક્ષક હતા, તથા 'પ્રશંસા કોની થાય અને કોની ન થાય ?'-એનો સાચો વિવેક કરી શકતા હતા. સાચો ગુણાનુરાગી આત્મા ખોટાની પરીક્ષા કરતાં ખોટાને સાચું કહેવા જેવી પરીક્ષા કરે જ નહિ. સમ્યગ્દૃષ્ટિ આત્માથી ખોટાની પ્રશંસા ન થાય, ખોટામાં હાજી ન ભણાય અને ખોટામાં ઉભા પણ ન રહેવાય.

(પ્રશ્ન : નજીવું નુકશાન હોય તો ?)

ખોટાની પ્રશંસા એ નજીવું નુકશાન ? દુનિયામાં મોટામાં મોટું નુકશાન તો એ જ છે. આખા જીવનનું સત્યાનાશ કરનારો એ મોટામાં મોટો દુર્ગુણ છે. ખોટાની પ્રશંસા કરવાની ઉર્મિ જાગી, કે સઘળા સદ્‌ગુણો આપોઆપ નાશ પામવા માંડે છે : માટે તો કહું છું કે-કોઈ વાત ન જચે તો હા ન પાડતા, પણ સાચાને સાચા તરીકે સ્વીકાર્યા પછી, ખોટાની પ્રશંસામાં ઉભા રહેવું, એ તો નહિ પામેલા કરતાં પણ શાસનનો ભયંકર દુશ્મન બને છે.

**પ્રશંસાનો વિવેક-**

શાસનને, શાસનમાં નહિ રહેનાર કરતાં શાસનમાં રહેવાનો દંભ કરી ખોટાની પ્રશંસામાં ઉભો રહેનાર વધારે નુકશાન કરે છે. બહાર રહેનારો તો કાંકરી મારે, પથરો મારે, કાચ ફોડે, પણ અંદરનો તો તીજોરીનો માલ ખાઈ જાય અને ઉઠાવી જાય, માટે બનાવટી આદમીથી

શાસનની પ્રભાવના સ્વપ્ને પણ ન માનતા. ખોટાની પ્રશંસા બહુ ભયંકર ચીજ છે. પ્રશંસા કરતાં પહેલાં ખૂબ સાવધ અને વિવેકી બનવું જોઈએ. વેશ્યાની સુંદરતાની પ્રશંસા થાય ? સુંદરતા તો ગુણ છે ને ? વેશ્યામાં રહેલી 'સુંદરતા, સ્વચ્છતા, હુંશીયારી અને બુદ્ધિ' વિગેરે ગુણોની હૃદયમાં અનુમોદના થાય કે-આ ગુણો સન્માર્ગે યોજાય તો કામ થઈ જાય, પણ તે ગુણોના યોગે તેની પ્રશંસા કરે તો ? વિચાર કર્યા વિના એવી પ્રશંસા કરનાર અનેકનાં જીવનોને બરબાદ કરે છે. તેમ મિથ્યામતિ આત્માઓના અમૂક ગુણાભાસરૂપ ગુણોની પ્રશંસા કરનારા ભયંકર રીતિએ મિથ્યાત્વની પુષ્ટિ કરે છે, એના જેવા જૈનશાસનને નાશકારક આત્મા બીજા નથી. જૈનશાસને જમાલિ જેવા વિદ્વાનને પણ 'कडेमाणे कडे ।' સૂત્રની વિપરિત પ્રરૂપણા માટે દૂર કર્યા. 'આવો જ્ઞાની, આવો સમર્થ, હજારોને ઉંચે ચઢાવનાર' હોવા છતાં, જૈનશાસન કહે છે કે-કરોડો લાવે તોય નકામું : શંભુમેળો કરવો નથી : અહિં એટલા ઓછા, પણ તેવો તો ન જ જોઈએ. કોઈ કહે કે-'પણ એકજ દોષ છે ને ? બાકીની વિદ્વત્તાનો તો લાભ લો !' જ્ઞાની પુરૂષો સ્પષ્ટ ના કહે છે. શાથી ? નાવા કાણી થઈ તેથી. સ્ટીમર ગમે તેટલી મોટી, પણ નાનું કાણું હોય તો પણ નકામીજ ! કોઈ કહે કે-આટલું જ કાણું છે, માટે બેસો : તોયે કહેવું પડે કે-ના ભાઈ ! કાણી સ્ટીમરમાં ન બેસાય અને ભૂલ કરીએ તો

બુદ્ધિમાન્ અને સાજા સારા હોવા છતાં પણ ડુબીજ જવાય, માટે નજ બેસાય.

પંડિતપ્રવર શ્રી ધનપાલે રાજા ભોજને ઉત્તરમાં કહ્યું કે-'રાજન્ ! એ કદીજ નહિ બને.'

રાજા ભોજ૦-'હું કોણ ?'

ધનપાલ૦ 'આપ અન્નદાતા, હું આશ્રિત : આપ સ્વામી, હું સેવક : આપ રાજા, હું પ્રજા : એ બધું હું જાણું છું, એ મારી ધ્યાન બહાર નથી, પણ ઐરાવણ હાથી પાસે રાસભ ઉભો રાખવાનું કહો કે એવી આશા રાખો તે મારાથી નહિ બને. કંચન અને કથીરને સાથે નહિ રખાય. ચિંતામણિ સાથે કાચના કટકાને નહિ ગોઠવાય. ક્યાં એ અયોધ્યા અને ક્યાં આ ધારા ! ક્યાં મહારાજા ભરત અને ક્યાં આ ભોજ ? ક્યાં વીતરાગતાને પામેલા અને વિશ્વતારક ભગવાન્ શ્રી ઋષભદેવ સ્વામી અને ક્યાં આપના વિશ્વસંહારક ઈષ્ટદેવ !!! માટે રાજન્ ! આપ કહો છો તે નહિજ બને.'

સમ્યગ્દર્શન એ સત્યાસત્યનો વિવેક કરાવનાર છે, એટલે તે ગુણોથી રંગાયેલા આત્મામાં આવી સ્પષ્ટભાષિતા હોવી, એ કાંઈ અસંભવિત નથી જ. જો પંડિતવર શ્રી ધનપાલ સમ્યગ્દર્શનમાં સ્હેજ પણ ઢીલા હોત તો ? તો તો ઢળી જ પડત અને ભવિષ્યના વારસામાં ભયંકર ઝેર મૂકતા જાત. જે વિશેષણ અયોધ્યા, ભરત તથા ભગવાન્ શ્રી

ઋષભદેવસ્વામિને લગાડેલાં હતાં, તે 'ધારા, ભોજ તથા ભોજના ઈષ્ટ દેવને માટે વપરાઈ જાય, તો પરિણામ ભયંકરજ આવે ! અને એના પરિણામે જગત્ કેવા ઉંધા માર્ગે જાય ? શ્રી ધનપાલ જેવો આત્મા તો એજ વિચારે કે-''જે ધર્મની મારાથી પૂરી સેવા ન થાય, તેની હાનિ તો ન જ કરાય : જે ઉંચી ચીજનું પાલન હું ન કરી શકું-જીવનમાં ઉતારી ન શકું, તેની ઠેકડી તો સહન ન જ થાય. તમે પણ પાલન ન કરી શકો, લઈ ન શકો, તો આઘા રહેજો-પણ સત્યને અસત્ય સ્વરૂપમાં ઉતારવામાં ઉભા નહિ રહેતા !-એ હાલત આવી તો વીતરાગની ઘોર આશાતના કરનારા થશો, બહુલસંસારી બનશો અને સહવાસીઓને પણ બનાવશો.

રાજા ભોજ ગુસ્સે થયો : કહ્યું કે-'પરિણામ ભયંકર આવશે !'

ધનપાલે કહ્યું કે:-'સહેવા તૈયાર છું.'

રાજા ભોજે આખું પુસ્તક ત્યાંજ સગડીમાં સળગાવી મૂક્યું : દિવસોની મહેનત પાણીમાં ગઈ.

શ્રી ધનપાલે ઉભા થઈને કહ્યું કે :-'રાજન્ !- 'विनाशकाले विपरीतबुध्धिः'

શ્રી ધનપાલ ત્યાંથી ઘેર આવ્યા : મહેનત પાણીમાં ગઈ તો છો ગઈ, પણ ઉંધે માર્ગે

તો ન જ જવાય. ઘેર આવી જમવા બેઠા, પણ ગળે ઉતરતું નથી. પંડિતવરની દીકરીએ કારણ પૂછ્યું. શ્રી ધનપાળે બધો બનાવ કહ્યો. દીકરી બોલી કે-'પિતાજી ! આખોએ ગ્રંથ મને મ્હોંઢે છે.' શ્રી ધનપાલ ખૂશી થયા, લખી લીધો, અને એ ગ્રંથનું નામ ફેરવી તિલકમંજરી નામ રાખ્યું, કે જે નામ પોતાની દીકરીનું હતું.

**સમ્યગ્દર્શન એ સાંકળ છે !**

આપણો મુદ્દો ત્યાં છે કે-સમ્યગ્દૃષ્ટિ કોનું નામ ? સમ્યગ્દૃષ્ટિ આત્મા મધ્યસ્થ જ હોય છે : તે કોઈ પણ વાતમાં અપ્રશસ્ત રાગદ્વેષથી દોરાતો જ નથી. પણ તે અહિતકર પ્રવૃત્તિ તો હૃદયપૂર્વક ન જ કરે, અને ખોટાને ખરૂં કહેવાની મૂર્ખાઈ પણ કદી ન જ કરે. ખોટામાં હાજી ન ભણે, ખોટા સાથે હાથ ન મેળવે : જો એ બધું કરે તો એ મધ્યસ્થતા નથી, પણ મૂર્ખતા અને અનભિજ્ઞતા છે. ઝવેરી પથરાને ગાળ ન દે, પણ પથરાને લઈ તેને હીરામાં ખપાવવા કોઈ આવે તો તરત કહે કે-'કોની પાસે આવ્યો ? બોલાવું પોલીસને ?' પેલાને બચવું હોય તો હાથેપગે પડે. પણ ઝવેરી કાંઈ હીરાના મૂલ્યે પથરો વેચવા આવેલાને ચાનક લગાડ્યા વિના જતો નજ કરે. ત્યાં કોઈ મધ્યસ્થ નથીજ બનતું. સમજે છે કે-ત્યાં મધ્યસ્થ બનવા જતાં પાઘડી ઉડી જાય. પાઘડીની રક્ષા માટે જેમ ત્યાં આવા મધ્યસ્થ ન બનાય,

તેમ સમ્યક્ત્વની રક્ષા માટે અહિં પણ એવા મધ્યસ્થ નજ બનાય. સમ્યક્ત્વની રક્ષા માટે હુંશીયાર બનવું પડશે.

શ્રી તીર્થંકરદેવ સમવસરણમાં અને કેવલિ સૂવર્ણ કમળપર બેસીને દેશના શી દે ? ભવ પણ ઠીક ને મોક્ષ પણ ઠીક, એમ ? જે વસ્તુ જેવી હોય તેવીજ કહે. કેવળજ્ઞાની મહર્ષિને પણ રાગ-દ્વેષ તો છે જ નહિ, છતાં એ દેશનામાં તો વસ્તુ જેવી હોય તેવી જ કહે. સંસારને, કષાયને, વિષયને તે તે રૂપે કહે. વારૂ ! આ બધાને છોડવાનું કહે કે સેવવાનું ? છોડવાનું કહે ત્યાં દ્વેષ કર્યો કહેવાય ? આપણે પણ સંસારને મૂકી દઈએ ત્યારે પકડી રાખનારને દુઃખ થાય કે નહિ ? કાચા સુતરના તંતુને તોડીયે તો પણ સ્હેજ ધ્વનિ તો થાય, તો પછી અનાદિ કાલથી લાગેલ બંધન તોડીએ, તો કડાકો ન થાય એ બને ? એકને મોહ છુટ્યો અને એકને રહ્યો, ત્યાં મેળ કેમ મળે ? એ મેળ મેળવવા માટે તો શાસ્ત્રે શ્રાવક અને સાધુ વચ્ચે સમ્યગ્દર્શનની સાંકળ રાખી, નહિં તો તમારો અને અમારો મેળ મળે શી રીતે ? ‘એ મેળ મેળવવા, વચ્ચે સમ્યગ્દર્શનની સાંકળ રાખી છે : એ સાંકળ એવી છે કે-તમે અમારા તરફજ ખીંચાઓ, પણ એ સાંકળના અંકોડામાંથી તમે છુટી જાઓ તો મેળ ન મળે. આ સંસારના સંયોગો હાનિકર છે, એવી વૃત્તિ આવે ત્યારે જ સાચું શ્રાવકપણું આવે.

**શ્રી શાલિભદ્રનું પૂર્વ વૃત્તાંત**

કલિકાલસર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ યોગશાસ્ત્રમાં લખ્યું કે-સર્વવિરતિના પરિણામની છે લાલસા જેમાં, એવો પરિણામ એજ દેશવિરતિનો પરિણામ. જેમાં સર્વવિરતિના પરિણામ ની લાલસા ન હોય, ત્યાં દેશવિરતિનો પણ પરિણામ નથી, સમ્યગ્દૃષ્ટિપણું પણ નથી અને માર્ગાનુસારીપણું પણ નથી. ગભરાઓ નહિ. આ તો પરીણામની દૃષ્ટિએ વાત છે. બાકી નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ ચાર નિક્ષેપા છે, એ આધારે તમને પણ શ્રાવક ગણવામાં વાંધો આવે તેમ નથી.

'ક્યારે આ પામું ?'-એ ભાવના આવે તોજ ત્યાં ઝટ કદમ ઉપડે. સ્થાનજ નિયત ન થાય, એ ઉઠે શાના ? દેશવિરતિ થોડું તજે, પણ શા માટે ? સર્વ તજવાને માટે ! એક દાતાર છે : પચીસ દઈ શકે એવો છે, પણ કૃપણતાના યોગે, અનાદિકાલની આસક્તિના યોગે માત્ર બેય રૂપીયાનું દાન ન દે તે નભે, પણ એ જ દાતાર જ્યારે દાનધર્મ ઉપર આફત આવે, કોઈ દાનનો ઈન્કાર કરતા હોય, તો તે વખતે આખું ઘર તારાજ કરે, પણ દાનધર્મનો બચાવ કરે. થોડું પણ દાન શા માટે દેવું ? સર્વ ત્યાગી બનવા માટે ! વસ્તુ માત્ર પ્રત્યેની મૂર્ચ્છા ઉતારવા માટે ! આવી ઈચ્છાથી દાન દો તો જોઈતો લાભ થાય. તમારે ત્યાં મુનિ

ઘણીએ વાર આવે છે, તમે ખીર પણ વહોરાવો છો, ઉંધું વાળીને પણ વહોરાવો છો, અને પેલા રબારીએ શ્રી શાલિભદ્રના પૂર્વભવમાં પણ ખીર વહોરાવી હતી. કયી શક્તિ અને કયી ભાવના ? રબારીને મરતાં સુધી એજ ભાવના હતી કે-મારો જન્મ સફળ થયો : હું નિસ્તીર્ણ થયો. રબારી કોણ હતો ? દરિદ્રી હતો. વસ્તુ ખીર હતી, અને મુનિ માસક્ષમણના તપસ્વિ હતા. વહોરાવતી વખતની સ્થિતિ વિચારો ! રબારી દરિદ્રી, વસ્તુ ખીર, પેટમાં ખાડો બરાબર પડેલો છે, ખાવાની લાલસા પણ પૂરી છે, એ વખતે મુનિનું દર્શન થયું. મુનિને દેખતાં ભાવ થયો. 'પધારો-પધારો' કહી મુનિને નિમંત્રી ખીર વાસણ ઉંધું વાળી વહોરાવી દીધી. મુનિના ગયા પછી થાળી ચાટે છે. મા આવી અને પૂછ્યું કે-'બધી ખાઈ ગયો ?' છોકરો હસે છે, પણ કાંઈ બોલતો નથી. મુનિના દાનના આનંદમાં એ એટલો ગંભીર બન્યો છે કે-એને એ કહેવાની ફુરસદ નથી. 'અમે સાધુના રક્ષક, પાલક, પોષક'-'અમે ન હોત તો સાધુનું શું થાત ?-આવી દુષ્ટ ભાવના એનામાં નહોતી. એને તો એ ભાવના થઈ કે-મારા જેવા હીનભાગ્યને ત્યાં આવા સુપાત્ર આવે ક્યાંથી ? ભાગ્યવાન્ એવો, કે મુનિ પણ માસક્ષમણવાળા, માસક્ષમણને પારણે આવેલા મળ્યા. માએ પૂછ્યું છતાં પેલો તો હસ્યોઃ એ એના આનંદમાં, એની ભાવનામાં મગ્ન હતો. માએ જાણ્યું કે-'ખાઈ ગયો હશે.' રબારી કહેતો નથી કે-મુનિને

દીધી. માની બાળક પર દૃષ્ટિ પડી, દૃષ્ટિથી તો ઝેર ચઢે. મનુષ્યની આંખમાં સાપની દાઢ કરતાં પણ ભયંકર ઝેર છે. જો મનુષ્ય મનુષ્યપણામાં રહે તો કલ્પતરૂ : જો મનુષ્ય મનુષ્યપણું મૂકી દે તો જાલીમ જુલ્મી. મનુષ્યની આંખમાં ને હૃદયમાં ઝેર એટલું, કે જેનો સુમાર નહિ. મનુષ્યપણું આવે તો અમી વરસાવે : એવી વરસાવે કે-સઘળા જીવોનું કલ્યાણ થાય. જેમ શ્રી તીર્થંકરદેવો. રબારીના છોકરાને અજીર્ણ થયું. મરતાં મરતાં પણ એ ભાવના કે-'અદ્ય મે ફલિતં જન્મ ।' 'મારો જન્મ સફળ !' 'મને ચિત્ત, વિત્ત અને પાત્ર બધું મળ્યું !'-આ ભાવનામાં કાળ કરી આયુષ્યનો બંધ કરી તે જીવ શ્રી શાલિભદ્ર થયો.

**સુસંસ્કાર માટે બાળક વધુ યોગ્ય છે !**

(પ્રશ્ન-ઉમ્મર કેટલી ?)

પોતાની સ્થિતિનો વિચાર રાખ્યા વિના રોઈને પણ ખીર માગે, એની ઉંમર કેટલી હોય?

(પ્રશ્ન-બાલકને આ બુદ્ધિ હોય ?)

બાલકને આ બુદ્ધિ હોય, એ પ્રશ્ન જ કેમ થાય છે ? આમાં ગભરામણ શી છે ? આપણે દેખીએ છીએ કે-મોટા કરતાં બાલકની બુદ્ધિ નિર્મલ હોય છે. તમે ગાથા ગોખો અને બચ્ચાંને ગોખાવો. લો પરીક્ષા. બાળકને સ્કુલે મોકલો અને તમે જાઓ. બાળક વરસમાં બે

ચોપડી પાસ કરી શકશે : તમે કદાચ પાંચ વરસે પણ એક ચોપડી પાસ નહિ કરી શકો.

(પ્રશ્ન-ધર્મની બુદ્ધિની વાત છે.)

વારૂ ! નવકાર ગોખવા પર આવો. તમારી અને એની ભાવનામાં જ ફેર. તમને કહીએ તોયે તમારૂં ચિત્ત કોઈ ઠેકાણે ભમતું હોય. બાળક તો તેને કહો તેમ કરવા તૈયાર. શાથી? બાલક નિર્મલ છે, વર્તમાન દુનિયાના કુસંસ્કાર વિનાનું છે. જ્ઞાની કહે છે : કુસંસ્કાર વિનાનામાં સુસંસ્કાર સ્હેલાઈથી જચી જાય, પછી તેને કાઢવા એ પણ ભયંકર કામ. મોટામાં, કુસંસ્કાર પેઠા પછી તેને ભુંસવા મુશ્કેલ ! એમાં સુસંસ્કાર ઘાલવા પણ મુશ્કેલ ! કદિ એમાં સુસંસ્કાર ગયા તો તેને ટકાવી રાખવા માટે શાસ્ત્ર કહે છે કે-'પૂર્વ ક્રીડાનું સ્મરણ પણ ન કરવું.' કાપડીયાને સ્વપ્નાં પણ કાપડનાં આવે, ઉંઘમાંયે કપડાં ફાડે અને ભાવતાલ કરતો હોય. જન્મતાંજ બાળકને જે સંસ્કાર પડે, તેની અસર કાયમ રહે. જેને સુસંસ્કારની કિંમત જ ન હોય, તેને કોણ સમજાવી શકે ? સુસંસ્કારો નાખવા માટે યોગ્ય સંયોગોની યોજના કરવી જ જોઈએ. ગમે તેવા બુદ્ધિશાળી બાળકને પણ જો યોગ્ય શિક્ષકને ન સોંપવામાં આવે, તો તે મૂર્ખ જ રહે. તેવી જ રીતિએ બાળકને યોગ્ય સંસર્ગમાં મૂકવો જ જોઈએ. બાળકને પાપના સંસ્કારમાં મૂકો તો પાપાત્મા થાય, અને પુણ્યના સંસ્કારમાં મૂકો તો પુણ્યાત્મા થાય.

પૂર્વની આરાધનાથી તેમજ નિમિત્તથી પણ સારા સંસ્કાર આવે. પૂર્વની આરાધના વિના પણ સારા સંસર્ગમાં મૂકો તો પણ સુસંસ્કારો આવે. અને પૂર્વભવના સંસ્કારને પણ ઉદ્‌બોધન જોઈએ, એના વિના એ શું કરે ? પૂર્વના સારા સંસ્કારો હોય તો મુનિને કે એવા શુભ નિમિત્તને જોઈને તે જાગે, ખોટા સંસ્કાર હોય તો ખોટી ચીજને જોઈને જાગે. પૂર્વના સારા સંસ્કાર હોય, પણ અહીં કુસંસ્કારમાં મૂકાય તો સારા સંસ્કાર પણ ભુંસાઈ જાય. પૂર્વના ખરાબ સંસ્કાર હોય તો પણ અહીં સારા સંસ્કારમાં મૂકાય, તો સારૂં પરિણામ પણ આવે. માનો કે કુસંસ્કાર લઈને આવ્યો, પણ દૂધપાન કરાવતાં કરાવતાંએ એને કાને નવકાર પડે તો ? એની દરેક ઉમ્મરમાં ધર્મના સંસ્કાર રોપાય તો ? તીવ્ર પાપોદયની વાત જુદી છે, માટે એ ભૂલી જાઓ : પણ મોટે ભાગે બાળક ધર્માત્મા કે પાપાત્મા બને; એની જોખમદારી સંસ્કાર પોષનાર ઉપર છે.

**✻ ૨૬ ✻**

**શ્રી જિનશાસનમાં તારક કોણ ?**

ટીકાકાર મહર્ષિ શ્રી શિલાંકસૂરિજી ફરમાવી ગયા કે-આ સંસારમાં રાગ, દ્વેષ અને મોહથી પરાભવ પામેલા જીવો, શારીરિક અને માનસિક અનેક પ્રકારની પીડાઓથી પીડાતા

જ હોય છે : એટલા માટે એ પીડા દૂર કરવા ખાતર, એના કારણભૂત રાગ, દ્વેષ અને મોહને દૂર કરવા જોઈએ, અને એ દૂર કરવા માટે હેય તથા ઉપાદેય પદાર્થોનું જ્ઞાન મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. જ્યાં સુધી આત્માને હેય તથા ઉપાદેયનો નિશ્ચય ન થાય, ત્યાં સુધી આત્મા દુ:ખના કારણભૂત રાગ, દ્વેષ તથા મોહને હઠાવી શકતો નથી. આથી નિશ્ચિત છે કે-અતિકટુ શારીરિક અને માનસિક દુ:ખના અને તે દુ:ખના હેતુભૂત રાગ, દ્વેષ અને મોહના ફંદાથી છૂટવા માટે હેય અને ઉપાદેય પદાર્થોના પરિજ્ઞાન અર્થે પ્રયત્ન કરવો જોઈએ.' હવે એ હેય અને ઉપાદેય પદાથોના પરિજ્ઞાન માટેનો પ્રયત્ન ક્યારે થાય-એ દર્શાવવા ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે-

**" स च न विशिष्टविवेकमृते, विशिष्टविवेकश्च न प्राप्ताऽशेषातिशयकलापाप्तोपदेशमन्तरेण, आप्तश्च रागद्वेषमोहादीनां दोषाणामात्यन्तिक प्रक्षयात्, स चार्हत एव"**

'તે હેય અને ઉપાદેય પદાર્થોના પરિજ્ઞાન માટેનો પ્રયત્ન વિશિષ્ટ વિવેક વિના થઈ શકતો નથી અને વિશિષ્ટ વિવેક સકલ અતિશયોના સમૂહને પામેલા આપ્ત પુરૂષના ઉપદેશ વિના પ્રાપ્ત થતો નથી : રાગ, દ્વેષ અને મોહ આદિ દોષોના આત્યન્તિક ક્ષયથી આપ્ત થાય છે, અને રાગ, દ્વેષ અને મોહાદિક દોષોનો આત્યન્તિક ક્ષય અર્હન્નેજ હોય છે.' ભાગ્યવાનો!

વિચારો આ કેવું સુંદર માર્ગદર્શન છે ? વિશ્વના દુઃખી જીવોના દુઃખનિવારણ માટે ટીકાકાર મહર્ષિએ કેવો અનુપમ માર્ગ દર્શાવ્યો છે ? જે આત્માઓ સંસારને, સંસારના સ્વરૂપને, સંસારના યોગે ઉત્પન્ન થતાં દુઃખોને, અને તે દુઃખોના સ્વરૂપને તથા તે દુઃખોના મૂળ હેતુઓને નથી સમજી શકતા, તેઓ આ રીતનું અવ્યાહત માર્ગદર્શન કરાવી શકતા જ નથી. આથી ટીકાકાર મહર્ષિએ સ્પષ્ટ સ્પષ્ટ અક્ષરોમાં જણાવી દીધું કે-રાગ, દ્વેષ અને મોહાદિક દોષોનો આત્યન્તિક ક્ષય શ્રી અરિહંતદેવ શિવાય અન્યને હોતો જ નથી. એટલે શ્રી અર્હન્ શિવાય કોઈ અરિહન્ત કહેવરાવવાને લાયક જ નથી અને એ આપ્ત શ્રી અર્હન્‌દેવના ઉપદેશ વિના વિશિષ્ટ વિવેકની પ્રાપ્તિ નથી અને એ વિશિષ્ટ વિવેક વિના હેય અને ઉપાદેય પદાર્થોના પરિજ્ઞાન માટે ઉચિત યત્ન થઈ શકતો નથી. ખરેખર, સકલ અતિશયોના સમૂહથી સંપન્ન થયેલા પરમ આપ્ત શ્રી અર્હન્‌દેવના ઉપદેશ વિના સાચા વિવેક રત્નની પ્રાપ્તિ થઈ શકતી નથી અને તે પરમ શુદ્ધ વિવેકરૂપ રત્નના પ્રકાશ વિના પદાર્થોના હેય તથા ઉપાદેયપણાનો પણ વાસ્તવિક નિશ્ચય પણ થતો નથી. એ ન થાય ત્યાં સુધી રાગ, દ્વેષ અને મોહ જતા નથી. એ ત્રણ દોષ જાય નહિ ત્યાં સુધી દુઃખ જાય નહિ. અને દુઃખ જાય નહિ ત્યાં સુધી સુખની પ્રાપ્તિ પણ થાય નહિ અને સુખની ઈચ્છા ફળે પણ નહિ ! સુખની ઈચ્છા સફળ કરવા માગતા

હો તો શ્રી અરિહંતદેવના ઉપદેશને આધીન થવું પડશે. જેમ જેમ શ્રી અરિહંતદેવના ઉપદેશની આધીનતા થતી જશે, તેમ તેમ વિવેક પેદા થતો જશે : જેમ જેમ વિવેક પેદા થતો જશે, તેમ તેમ હેય અને ઉપાદેય પદાર્થોનું ભાન થતું જશે : એ ભાન થવાથી રાગ, દ્વેષ અને મોહ દૂર થતા જાય અને એ દૂર થતા જાય તેમ તેમ દુઃખ જાય અને સુખની પ્રાપ્તિ થાય. ત્યારે સુખની પ્રાપ્તિ થાય માટે સૌથી પ્રથમ જરૂર શાની ? ભગવાન્ શ્રી અરિહંતદેવના ઉપદેશની ! શ્રી અર્હન્ કોણ ? જગત્માંથી તારનાર. જગત્માંથી તારનાર અર્હન્ શિવાય કોઈ નથી. જે આત્મામાં રાગ, દ્વેષ અને મોહાદિ પડેલ હોય, તે કદી જગત્નો મુખ્ય તારક બની શકતો જ નથી. સૌથી પહેલાં એ જોવાનું કે-આપણે જેને મુખ્ય તારક માનીએ, તેમાં દોષ તો હોવો જ ન જોઈએ. આપણે એ જોયું કે-અર્હન્ ભગવાન્માં દોષ તો એક પણ નથી, પણ એમના ઉપદેશને હૃદયમાં ઉતાર્યા વિના વિવેક ક્યાંથી આવે ? ઉપદેશના અમલ વિના વિવેક જાગે જ નહિ ! અને એ ન જાગે ત્યાં સુધી હેય અને ઉપાદેયનો ભેદ સમજાય નહિ અને એ ભેદ સમજાય નહિ, ત્યાં સુધી રાગ, દ્વેષ અને મોહ ઓછા થાય નહિ : એ ઓછા થાય નહિ, ત્યાં સુધી દુઃખ જાય નહિ અને સુખ થાય નહિ. આથી જ ટીકાકાર મહર્ષિ કહે છે કે-

"अतः प्रारभ्यतेऽर्हद्वचनानुयोगः"

'અમે શ્રી અરિહંતભગવાનના વચનના અનુયોગને શરૂ કરીએ છીએ.' જેનાથી દુનિયાના દુ:ખનો નાશ થાય, અને દુનિયા વાસ્તવિક સુખને પામે એવી જે વસ્તુ હોય, તેનું વર્ણન કરવું એજ અમારા માટે હિતાવહ છે. દુનિયાનું દુ:ખ દૂર થાય એવું કથન શ્રી અરિહંતદેવના વચન શિવાય બીજે કયાંય નથી. શ્રી અરિહંતભગવાન એટલે જેમનામાં રાગ, દ્વેષ અને મોહાદિ દોષોનો સર્વથા અભાવ હોય તે ! તારે કોણ ? તર્યા હોય તે ! પોતે જ ડૂબેલા હોય તે બીજાને શું તારે ?

**અનુયોગના ચાર પ્રકાર**

આથી જ ટીકાકાર મહર્ષિ નિશ્ચયપૂર્વક કહે છે કે-ભગવાન્ શ્રી અરિહંતદેવના ઉપદેશ વિના કોઈપણ આત્મા કદી પણ આ સંસારસાગરને તરી શકે તેમ નથી. માટે અમે શ્રી અરિહંતદેવના વચનના અનુયોગનો પ્રારંભ કરીએ છીએ. ભગવાન્ શ્રી જિનેશ્વરદેવોએ કહેલી વસ્તુ કહેવાય તેટલા પ્રમાણમાં કહેવી, અને દેવાય તેટલા પ્રમાણમાં દેવી. શ્રી જિનેશ્વરભગવાનની-અનન્ત કરૂણાળુ શ્રી અર્હન્ત ભગવાનની વાણી, કેવળ જગત્‌ના કલ્યાણ માટે કહેવાયેલી એ પવિત્ર વાણી, ચાર વિભાગમાં વહેંચાયેલી છે,-એ બતાવતાં ટીકાકાર

મહર્ષિ ફરમાવે છે કે:-

**" स च चतुर्द्धा, तद्यया-धर्मकथानुयोगो,**
**गणितानुयोगो, द्रव्यानुयोगश्चरणकरणानुयोगश्चेति ।**

તે અનુયોગ ચાર પ્રકારનો છે અને તે ચાર પ્રકાર આ : ૧. ધર્મકથાનુયોગ, ૨. ગણિતાનુયોગ, ૩. દ્રવ્યાનુયોગ અને ૪. ચરણકરણાનુયોગ : તેમાં -

**૧-"धर्मकथानुयोग उत्तराध्ययनादिकः"**

શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર વિગેરે ધર્મકથાનુયોગ છે. ધર્મકથાનુયોગમાં વિવિધ કથાઓ હોય. મહાપુરૂષો જે જે કાર્યવાહી કરી આત્મકલ્યાણ સાધી ગયા, તેમની તથા હીનભાગ્ય આત્માઓ અયોગ્ય વર્તનથી આત્માને સંસારમાં રૂલાવી ગયા તેમની કથાઓ-જેમાં ધર્મ પમાડવા માટે હોય, તે ધર્મકથાનુયોગ ! એ બેય પ્રકારની કથાઓનો હેતુ એજ કે-દુનિયા પાપથી બચી મોક્ષમાર્ગે ચઢે. ધર્મકથાઓ સાંભળી પાપનો ત્યાગ કરવાનો છે, પાપમાર્ગથી છેટા રહેવાનું છે અને મોક્ષમાર્ગની આરાધના કરવાની છે.

**૨-"गणितानुयोगः सूर्यप्रज्ञप्त्यादिकः"**

શ્રી સૂર્યપ્રજ્ઞપ્તિ આદિ ગણિતાનુયોગમાં આવે છે. ગણિતાનુયોગમાં સૂર્ય, ચંદ્ર, ગ્રહ,

નક્ષત્ર તથા તારા આદિ પદાર્થોની ગણના અને દ્વીપ, સાગર, પહાડ તથા નદીઓ વિગેરેનું ક્ષેત્ર, ક્ષેત્રફલ, આદિનું વર્ણન. આ બધું કહેવાનો હેતુ પણ એજ કે-જીવ આટલા આટલા સ્થાને ભટકી રહ્યો છે, ત્યાંથી કવચિત્ આવી સામગ્રી પામે છે, એ સામગ્રીને જો હારી ગયો તો પાછો ફેર આવા આવા સ્થાનોમાં એવો રખડવાનો કે પત્તો પણ નહિ લાગવાનો !

**૩-"द्रव्यानुयोगः पूर्वाणि सम्मत्यादिकश्च"**

'પૂર્વો' અને 'સમ્મતિતર્ક' આદિ દ્રવ્યાનુયોગમાં આવે છે. દ્રવ્યાનુયોગમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને કાલ-આ છ દ્રવ્યોનું સ્વરૂપ આવે. આનો પણ હેતુ એજ કે વસ્તુ સ્વરૂપથી જાણ થઈ આત્માને મલીન થતો અટકાવી શકાય. પરમ શુદ્ધ ચૌદ પૂર્વી જેવા મહર્ષિઓ પણ પોતાના સ્વરૂપથી ખસી જાય, તો તેઓ પણ ઠેઠ નિગોદમાં પણ ચાલ્યા જાય. માટે આત્માને પોતાના સ્વરૂપમાં સુસ્થિર રાખવો :-

**૪-"चरणकरणानुयोगश्चाचारादिकः"**

શ્રી આચારાંગસૂત્ર આદિ ચરણકરણાનુયોગ છે. ચરણકરણાનુયોગમાં ચરણસિત્તરી, કરણસિત્તરી, સંયમના પ્રકારો અને નિર્ગ્રંથનાં આચારો વિગેરેનું વર્ણન આવે.

દેવાધિદેવ શ્રી જિનેશ્વરભગવાનની વાણી આ રીતે ચાર વિભાગમાં વહેંચાયેલી છે. ધર્મકથાનુયોગ આદિ ચારે અનુયોગોમાં 'ચરણકરણાનુયોગનીજ પ્રધાનતા છે'-આ વાત દર્શાવવા માટે ટીકાકાર મહર્ષિ સ્પષ્ટપણે લખે છે કે-

**''स च प्रधानतमः, शेषाणां तदर्थत्वात्, तदुक्तम् ''चरणपडिवत्तिहेउं जोणियरे तिण्णि अणुओग''त्ति, तथा ''चरणपडिवत्तिहेउं धम्मकहाकालदिक्खमादीया दविए दंसणेसोही दसणंसुद्धस्स चरणं तु ॥१॥'' गणधैररप्यत एव तस्यैव आदौ प्रणयनमकारि, अतस्तत्प्रतिपादक स्याचाराङ्गस्यानुयोगः समारभ्यते.''**

તે ચરણકરણાનુયોગ પ્રધાનતમ-અતિશય શ્રેષ્ઠ છે. કારણ કે-બાકીના 'ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ' આ ત્રણે અનુયોગો ચરણકરણાનુયોગને માટેજ છે. આથીજ કહ્યું છે કે-'ઈતર ત્રણે અનુયોગો ચરણ પ્રતિપત્તિના હેતુઓ છે, માટે ચરણકરણાનુયોગ સર્વથી પ્રધાન છે.' તથા 'ધર્મકથા, કાલ અને દીક્ષા વિગેરે ચરણપ્રતિપત્તિનાજ હેતુઓ છે: દ્રવ્યાનુયોગના સદ્‌ભાવે દર્શનની શુદ્ધિ થાય છે : અને દર્શનથી શુદ્ધ થયેલા આત્માને ચારિત્રની પ્રાપ્તિ થાય છે. આજ કારણથી શ્રી ગણધરદેવોએ પણ ચરણકરણાનુયોગનું જ આદિમાં પ્રણયન કર્યું છે અને એજ કારણથી ચરણકરણાનુયોગના પ્રતિપાદક 'શ્રી આચારાંગ'

નામના પ્રથમ અંગસૂત્રના અનુયોગ અમે આરંભીએ છીએ. હવે તમે સમજી શક્યા હશો કે-શ્રી અરિહંતદેવના વચનનો અનુયોગ-'૧-ધર્મકથાનુયોગ, ૨. ગણિતાનુયોગ, ૩. દ્રવ્યાનુયોગ અને ૪. ચરણકરણાનુયોગ'-આ ચાર પ્રકારે વહેંચાયેલો છે અને તે ચારેમાં શ્રેષ્ઠતા ચરણકરણાનુયોગની છે.

**મહત્તા, ચરણકરણાનુયોગની !**

ચરણકરણાનુયોગને બાજુ મૂકીને બીજા ત્રણે અનુયોગોનો ઉપયોગ કરી શકાય તેમ છે જ નહિ : એટલે કે-'ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ'-આ ત્રણે અનુયોગો ચરણની પ્રાપ્તિનાજ હેતુ તરીકે શ્રી જિનેશ્વરદેવના શાસનમાં વર્ણવાયેલા છે. ચારિત્રની પ્રાપ્તિ માટેજ ધર્મ કથાનુયોગાદિ ત્રણે અનુયોગોની આવશ્યકતા છે. ધર્મકથાનુયોગાદિ ત્રણે અનુયોગો સંસાર અને જીવાદિક તત્ત્વોના સ્વરૂપને સમજાવી, આત્મકલ્યાણના અનન્ય સાધનરૂપ સંયમમાર્ગ તરફ જ વાળવા માટે છે, ધર્મકથાનુયોગથી આત્મા કરણીય અને અકરણીય આદિના વિવેકને સહેલાઈથી સમજી શકે છે. ગણિતાનુયોગ, લોકસ્વરૂપની ભાવનામાં અતિ ઉપયોગી છે અને દ્રવ્યાનુયોગ, સમ્યક્ત્વની શુદ્ધિનું પરમ સાધન છે. એ રીતિએ એ ત્રણે અનુયોગો ચરણની પ્રાપ્તિમાં જ સહાયક છે. ચારિત્રના વિરોધિ આત્માઓ શ્રી જિનેશ્વરદેવના એક પણ અનુયોગના

સેવક છે, એમ માની શકાય તેમ નથી : કારણ કે-શ્રી અરિહંતદેવના વચનનો એકપણ અનુયોગ એવો નથી, કે જે અનુયોગ આત્માને ચારિત્રનો પિપાસુ ન બનાવે !

**જ્ઞાનનું ફલ વિરતિ છે.**

અને એ વાત પણ સાચી છે-જેનું ફલ વિરતિ નહિ, તે જ્ઞાન કામનું શું ? ફલ વિનાની વસ્તુ કશાજ કામની નથી હોતી, તો પછી વિરતિરૂપ ફલ વિનાનું જ્ઞાન પણ શું કામનું ? આથી તદ્દન ખુલ્લું જ છે કે-અભણ અને ભણેલાની કાર્યવાહી એક સરખી ન હોય. થોડું ભણેલો પણ સંયમી હોય તો એ મહાજ્ઞાની અને ઘણું ભણેલો પણ સંયમથી વિમુખ હોય, તો તે મહા અજ્ઞાની. શાસ્ત્રે એટલા માટે તો મિથ્યાદૃષ્ટિના જ્ઞાનને અજ્ઞાન કહ્યું છે.

જેમ સાથી તે, કે જે સ્થાને પહોંચાડે : રખડાવી મારે તે સાથી શું કામનો ? અને સ્ટીમર તે, કે જે બંદર પર લઈ જાય. તેમ જ્ઞાન કયું ?-એ વિચારવાનું ખરૂં કે નહિ ? વેપાર તે, કે જેમાં કમાણી હોય. ખ્યાતિ તે, કે જેમાં જ્યાં જઈએ ત્યાં અવિશ્વાસ ન થાય. એમજ જ્ઞાન પણ તેજ, કે જે આત્માને સન્માર્ગે લઈ જાય : ઉન્માર્ગે લઈ જાય તે જ્ઞાનજ નથી. જ્ઞાન તો પાપની પરંપરાથી છોડાવે : દી ઉગ્યે પાપની પરંપરામાં આત્માને જોડાવે ત જ્ઞાન ન કહેવાય. જે મારાપણાને ન છુટવા દે, તે જ્ઞાન કે અજ્ઞાન ? આજ કારણે શ્રુતકેવલી

ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજીએ ચરણરહિત જ્ઞાનીને ચંદનના ભારને ઉઠાવનાર રાસભની સાથે સરખાવેલ છે. ચંદનના બોજાને ઉઠાવનાર રાસભ ચંદનની શીતલતાનો કે સુગંધીનો લાભ લઈ શકતો નથી, તે બીચારો તો માત્ર બોજોજ ઉઠાવનાર છે, અને બોજાને લઈને ન ચાલી શકે તો ડફણાને મેળવે. પ્રાયઃ એ એકજ જાનવર એવું છે, કે તેની પાસે કામ કરાવનાર માલીક પણ તેના ખાનપાનની ચિંતા ન કરે અને કરે તો પણ નજીવીજ. બીચારી એ જાત મૂર્ખ પણ ભયંકર હોય છે : કારણ કે-એની અજ્ઞાનતા અજબ હોય છે. ચાર મણના બોજાને લઈને સીધા નહિ ચાલનાર તેની ઉપર તેનો માલીક થોડીકવાર ચઢી બેસે અને પછી ઉતરી જાય એટલે તે સીધો ચાલે અને એમ માને કે-'હાશ ! બોજો ઉતરી ગયો.' આવા અજ્ઞાન જેવા રાસભની સાથે ચારિત્રહીન જ્ઞાનીની સરખામણી કરી ચૌદપૂર્વધર ભગવાન્ શ્રી ભદ્રબાહુસ્વામિજી ફરમાવે છે કે-સંયમથી, વિરતિથી, ચારિત્રથી અને આચારોથી હીન એવો જ્ઞાની, રાસભની જેમ માત્ર ભારનોજ ભાગીદાર થાય છે, પણ સદ્ગતિનો ભાગીદાર થતો નથી. જ્ઞાનનું ફળ પાપથી પાછા ફરવું એ છે. એ દશા ન આવે તો એ જ્ઞાન, એ જ્ઞાન નથી પણ અજ્ઞાન છે.

**ત્રણે અનુયોગોમાંથી લેવાનું શું ?**

ચરણકરણાનુયોગને પામવા, એની આરાધનામાં આત્માને લીન કરવા, પ્રવીણ બનાવવા માટે પ્રથમના ત્રણ અનુયોગ !-એટલે કે ચરણની પ્રાપ્તિમાં તે અનુયોગો સાધન છે : પણ એ સાધનોનો ઉપયોગ સીધો થવો જોઈએ. ધર્મકથાનુયોગમાં વાત તો બધી આવે. 'ભગવાન્ શ્રી શાંતિનાથસ્વામી, શ્રી કુંથુનાથસ્વામી અને શ્રી અરનાથસ્વામિએ ચક્રવર્તીપણું ભોગવ્યું : ભગવાન્ શ્રી મહાવીરદેવ વિગેરેના આત્માઓએ પૂર્વભવમાં ઘણુંએ કર્યું, રંગ રાગ પણ કર્યા, ઉત્સૂત્રભાષણ પણ કર્યું, સંયમને આઘું પણ મૂક્યું, નિયાણું પણ કર્યું-હેય પદાર્થોની સેવા પણ કરી, રાજઋદ્ધિ પણ ભોગવી, બધું કર્યું'-આવી આવી વાતો સાંભળી કોઈ કહે કે-'શ્રી તીર્થંકરોએ પણ ચક્રવર્તિપણું ભોગવ્યું અને ભગવાન્ શ્રી મહાવીરદેવના આત્માને પૂર્વભવોમાં ઉત્સૂત્રભાષણ આદિ કર્યું, તો આપણે પણ ચક્રવર્તિત્વાદિ ભોગવવાની ઈચ્છા કરીએ કે વર્તમાન વિષયોને ભોગવીએ, તથા ઉત્સૂત્રભાષણ આદિ આપણાથી પણ થઈ જાય-તેમાં હરકત શું ?'-એમ કહી પોતાના પાપકર્મનો બચાવ કરે અને હેયને ઉપાદેય કોટિમાં સમજે-સમજાવે, એ ધર્મકથાનુંયોગનો સદુપયોગ કે દુરૂપયોગ ? શાસ્ત્ર કહે છે કે-ધર્મકથા જો કહેનારને કહેતાં ન આવડે, સાંભળનાર સાંભળી ન જાણે, તથા એનો સદુપયોગ ન કરે, તો

એ ધર્મકથા એજ વિકથા : કહોને કે એજ પાપકથા બને. જ્યારે એ વાત આવે કે-'ભગવાનના જીવે આજ્ઞા ન પળાઈ એ ખાતર દ્વારપાળના કાનમાં પણ તપાવેલું શીશું રેડાવ્યું,' ત્યારે શો વિચાર કરવાનો ? એજ કે-'મદના આવેશમાં આવી એ કર્યું તો ખરૂં, પણ કર્મબંધ એવો થયો, કે એને લઈને શ્રી તીર્થંકરના ભવમાં પણ કાનમાં ખીલા ઠોકાયા.' 'ભગવાને નિયાણું કરીને બલ માગ્યું કે નહિ ?'-આ વાત લે, એ જ્ઞાની કે અજ્ઞાની ? સાથે સાથે એ કાં ન વિચારે કે-'એ બળ માગવાના યોગે ભગવાનના આત્માની પણ હાલત શી થઈ ? બલ તો મળ્યું પણ તે પામીને સાતમી નરકે ગયા.' જે સંયમ આત્માને તારનાર હતું, મુક્તિપદે પહોંચાડનાર હતું, તે સંયમના યોગે શું થયું ? શાસ્ત્ર કહે છે કે-જે વાતો, જ્ઞાનીપુરૂષોએ કહેલી વિધિને પુષ્ટ કરે તે ઉપાદેય અને બાકીની જ્ઞેય તથા હેય ! કથામાં વર્ણન બન્નેનું કર્યું. એક તો ઋદ્ધિસિદ્ધિ પામીને એને તજીને મુક્તિએ ગયા તેમનું અને ઘોર પાપાત્માઓ મનુષ્યપણાને વેડફી સંસારમાં રૂલી ગયા તેમનું. તેમજ પુણ્યવાન્ આત્મા પણ મળેલી સામગ્રીમાં મુંઝાઈ માનવજીવન હારી ગયા, એનું પણ વર્ણન આવે છે. આ બધામાં ઈરાદો એજ કે-સામગ્રી મળી હોય તો તેમાં લીન ન થવું પણ એના ત્યાગ તરફ વળવું. મહાપુરૂષો પણ સાંસારિક પદાર્થોની, સુખસાહ્યબીની લીનતા છોડી સંયમ માર્ગે ગયા તોજ કલ્યાણ સાધી ગયા.

ધર્મકથાઓના એ હેતુઓ પડતા મૂકી, રાજારાણી અને શ્રૃંગારાદિ રસની વાતચીતમાં જ પડી જનારા, એ તારક અનુયોગના યોગે પણ સંસારમાં રૂલી જાય એમાં આશ્ચર્ય શું છે ? 'આનંદ કામદેવ પાસે પરિગ્રહ કેટલો ? આપણા પાસે શું છે ?'-એવી રીતે કહીને જેઓ 'આનંદકામદેવ જેવા બનવું હોય તો જમીનદાર બનો, હળ રાખો, ગાડું રાખો, ગોકુળ વસાવો, ગમે તે રીતે પણ શ્રીમંત થાઓ'-આ પ્રમાણે કહે છે, તેઓ ખરે જ મહા અજ્ઞાની છે. જેઓના હૈયામાં આવી ભાવનાઓ અને આવા વિચારો ચાલતા હોય, તેઓનો ભગવાન્ શ્રી મહાવીરદેવના આગમની સાથે મેળ મળે શી રીતે ? શ્રી આનંદ કે શ્રી કામદેવ શ્રાવકની એ કામના, ગોકુળોના યોગે કે જમીનં આદિના યોગે થઈ હતી એમ ? શાસનને પામ્યા પહેલાં પણ એ ઋદ્ધિસિદ્ધિ તો હતી, પણ શ્રાવક તરીકેની નામના ક્યારે થઈ ? એ કદિ પણ એ અજ્ઞાનીઓએ વિચાર્યું છે ? શાસન પામ્યા પછી ઋદ્ધિસિદ્ધિ કમી કરી કે વધારી ?-એ જાણ્યું છે ? જો ન જાણ્યું હોય તો અજ્ઞાન પ્રલાપો કરી જગત્‌ને ઠગવાનું અને ઉન્માર્ગે દોરવાનું કામ બંધ કરવું જોઈએ. ભગવાન્ શ્રી મહાવીરદેવ મળ્યા, તે તારકની વાણી સાંભળી અને જચી, તથા માર્ગ રૂચ્યો કે તરત જ તે પુણ્યપુરૂષોએ તો સમ્યક્ત્વમૂળ બાર વ્રતનો સ્વીકાર કર્યો અને ઘસ્યા આવતા મોહમય લક્ષ્મી આદીના પૂરને રોકી દીધું, તથા વિચાર્યું કે-'હવે વધુ તો નહિ

જ !' તે પુણ્યપુરૂષો શ્રાવક ક્યારે કહેવાણા ? ત્યારે જ કે જ્યારે શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનો સ્વીકાર કરી જીવનને મર્યાદિત બનાવ્યું. શ્રી જિનેશ્વરદેવના સહવાસમાં આવવા પૂર્વે તો તેઓને પણ આશાનો અને ઈચ્છાનો પાર નહોતો, પણ પ્રભુના શાસનને પામી વ્રતધારી થયા પછી તો ધીમે ધીમે એવા બની ગયા કે-અગીયાર પડીમા વહન કરી અને કુટુંબના ઉપર બોજો મૂકી, ઘરના કારભારમાંથી પોતે બાતલ થઈ ગયા. પૌષધ પણ એવો કરતા કે-તેમાં અંગીકાર કરેલ ધ્યાનમાંથી દેવતાના ભયંકર ઉપસર્ગો છતાં પણ ચલાયમાન નહોતા થતા. ગૃહસ્થપણામાં અવધિજ્ઞાન પણ મેળવ્યું. આ બધું કોના યોગે ?- એ વિચારો ! પણ ભવાભિનંદી આત્માઓને બધું અધુરૂં જ લેવું હોય ત્યાં શું થાય ? શ્રી શાલિભદ્રની કથામાંથી નવાણું પેટીઓ યાદ રહે, પણ અ નવાણું પેટીનો ધણી 'સ્વામી' શબ્દથી વિરાગ પામી સંયમ લઈ લે, એ યાદ ન રહે એ કઈ દશા ? નવાણું પેટીની સાહ્યબીવાળા પુણ્યપુરૂષે ત્રિકાળપૂજા કદી છોડી છે? આ શાસનમાં શ્રીમંતોએ સંપત્તિ પામ્યા છતાં તેમાં મુંઝાઈને ધર્મક્રિયા છોડી નથી, તેમ જ દરિદ્રાવસ્થામાં પણ ધર્માત્માઓએ ધર્મક્રિયા ત્યજી નથી. શ્રીમંતે લક્ષ્મીમાં મુંઝાયા વિના અને હીન અવસ્થાવાળાએ તેની દરકાર કર્યા વિના ધર્મક્રિયા ચાલુ રાખી છે. દ્રવ્યાનુયોગમાં પણ જીવ અને અજીવની ખાલી વાતો કરવા માત્રથી કલ્યાણ થઈ શકતું નથી. પેટ કે પ્રતિષ્ઠા

ખાતર એવી વાતો કરનારા તો ઘણા છે, પરંતુ એમના હૃદયમાં એનું રહસ્ય ન જચવાના કારણે એવાઓ આજે પ્રભુ મહાવીર અને જૈન નામનો પણ દુરૂપયોગ નથી કરી રહ્યા શું ? ગણિતાનુયોગની પણ ખાલી વાતો કરવાથી કલ્યાણ ન થઈ શકે. આથી સ્પષ્ટ છે કે-ત્રણે અનુયોગનો હેતુ જગત્ના આત્માઓને મિથ્યાત્વાદિકથી બચાવી, સમ્યક્ત્વાદિક પમાડી, કલ્યાણકારી ચારિત્રના માર્ગે ચઢાવી, મુક્તિએ પહોંચાડવાનો છે. એટલે ત્રણે અનુયોગના અભ્યાસીએ લેવાનું તો ચારિત્ર જ છે. ચારિત્રના સ્વીકાર વિના એ ત્રણની સફલતા પ્રાપ્ત થવી શક્ય નથી. જે આત્મા પાપથી કંપતો રહે છે, તેજ આત્મા સાચો જ્ઞાની છે અને જે આત્માને હિંસાદિક પાપથી ડર નથી, તે આત્મા ગમે તેવો વિદ્વાન હોવા છતાં પણ પ્રભુશાસનમાં અજ્ઞાની તરીકે જ ઓળખાય છે : તેના જ્ઞાનની મોક્ષના જ એક ધ્યેયવાળા શ્રી જિનેશ્વરદેવના શાસનમાં કાણી કોડી જેટલી પણ કિંમત નથી. જે જ્ઞાની ગણાતો આત્મા પાપનો ભીરૂ ન હોય, પાપને પાપ તરીકે માનનાર ન હોય, અને પાપની પાપ તરીકે અવગણના ન કરતો હોય, તે જગત્ને આશીર્વાદ રૂપ થઈ શકે તેમ નથી જ. આજ કારણે ચાર અનુયોગમાં સાધ્ય અનુયોગ તરીકે ચરણકરણાનુયોગ ગણાય છે. આખી દ્વાંદશાંગીનું ધ્યેય જ એ એક જ છે.

**ધર્મ પાસે મગાય શું ?**

ધર્મ, અર્થના અર્થીને અર્થ આપે, કામના અર્થીને કામ આપે, પુત્રના અર્થીને પુત્ર આપે, રાજ્યના અર્થીને રાજ્ય આપે, સ્વર્ગના અર્થીને સ્વર્ગ આપે તથા અપવર્ગ (મોક્ષ)ના અર્થીને મોક્ષ પણ આપે. ધર્મ તો માગો તે આપે, પણ ભેદ એટલો કે-મોક્ષના અર્થીને બધું આપે અને પુત્રાદિક આદિના અર્થીને તે તે આપીને દૂર થઈ જાય : તેને છોડી દે. માટે અર્થીપણું કેવું રાખવું-તેય વિચારણીય છે. ધર્મ તો પુત્ર પણ આપે, કામ પણ આપે, રાજ્ય પણ આપે, સ્વર્ગ પણ આપે અને મોક્ષ પણ આપે : જે ભાવનાએ કરો તે આપે-માટે 'અર્થ કામની કામનાએ પણ ધર્મ કરો !' એમ કહેવાય ? એમ કહેનારને તો મિથ્યાત્વ લાગે અને સાંભળનાર પણ મિથ્યાત્વ પામે ! એમ કહેવાથી મિથ્યાત્વની વૃદ્ધિ શિવાય બીજું પરિણામ આવે પણ શું ? ધર્મ આપે બધું, પણ હેયમાં ઉપાદેય બુદ્ધિ આવે તો મિથ્યાત્વ લાગે. માટે માગણી તો મોક્ષની જ હોવી જોઈએ : મુક્તિ ન મળે ત્યાં સુધી બીજી વસ્તુઓ મળે તે વાત જુદી. બીજ વાવતી વખતે ખેડુતને ઈચ્છા તો અનાજની જ હોય, ઘાસની ઈચ્છા તો ન જ હોય : ઘાસ થાય તે પણ ઢોર માટે, ઘરમાં ઢોર હોય એટલા પૂરતું રાખી બાકીનું વેચી એના પૈસાથી પાછું અનાજ લાવે ને વાવે. તેવી જ રીતે મોક્ષ માટે સમજવાનું છે. આજ

તો કોઈ સ્થિતિ જ જુદી છે. જે ઈચ્છા હોવી જોઈએ, તેને તો ખુણે જ રાખી મૂકાય છે ને ન ઈચ્છવા યોગ્ય ચીજોમાં રાચ્યામાચ્યા રહેવાય છે.

**અજ્ઞાના અભાવે ઝેર ન લેવાય**

જ્ઞાનનું ફળ વિરતિ. જે જ્ઞાનથી, વિરતિના પરિણામ ન હોય-વિરતિ તરફ સદ્ભાવ ન હોય-વિરતિ પ્રત્યે રૂચિ ન થાય, તે જ્ઞાનનો લાભ શો ? રાસભ ઉપર ચંદનના બોજાની જેમ બોજારૂપ એવું જ્ઞાન પ્રશંસા યોગ્ય નહિ. જેની પ્રશંસા ન ઘટે, તેનો પ્રચાર પણ ન થાય. એક પણ બાળક અજ્ઞાની રહે એવી ઈચ્છા હોવી ન ઘટે, પણ જો મિથ્યા જ્ઞાનરૂપ જ્ઞાન મળતું હોય તો બહેતર છે કે-એવા જ્ઞાનનો અભાવ રહે. અનાજ ન મળે તો ધીરજ રાખવી એ ઠીક, પણ ઝેર ખાવાની ઘેલછા તો ન જ થવી જોઈએ. ભુખથી મરનારને ઝેર ખાઈને મરનાર જેટલી તકલીફ ન પડે ! અનાજ માટે ઉદ્યમ તે સુઉદ્યમ, પણ અનાજના અભાવે ઝેર મેળવવાનો ઉદ્યમ તે કેવો ? જ્ઞાન ઈષ્ટ પણ અજ્ઞાન કે મિથ્યાજ્ઞાન તો નહિ જ. ઝેર ઘુસ્યા બાદ પ્રાયઃ સમાધિ પણ ચાલી જાય. કોઈ એમ કહે કે-'મારી પાસે અનાજ નથી તો ઝેર આપું છું !' તો ? કોઈ કહે કે-'આ ભૂખે મરે છે માટે ઝેર આપી પૂરો કરૂં છું'-તો ? ત્યાં એમ કહેવું જોઈએ કે-'ભાઈ ! તારામાં તાકાત હોય તો અનાજ આપ, મારામાં તાકાત

આવશે ત્યારે હું આપીશ, અને ન અપાય તો ભાવિ, પણ ઝેર તો ન જ અપાય !' ઝેરને ઝેર સમજાવાય, પરિણામ બતાવાય, છતાં ન સમજે તો એ કદાગ્રહી ખરો કે નહિ ? કાળું દેખાય છતાં ધોળું જ કહે એનો શો ઉપાય ? કશો જ નહિ. કોઈને જીવાડી ન શકાય માટે કોઈ એમ કહે કે-'આ રીબાય છે માટે ગળું દાબી મારી નાખવા દો'-તો ? આનો ઉત્તર એ જ કે-'અજ્ઞાનના વિલાસ કરવા રહેવા દો. તારાથી કોઈને બચાવાય તો બચાવ, પણ ન બચાવાય તો મારવાના પ્રયત્નો કરવાનું રહેવા દે !' ખરેખર જે જ્ઞાન, જે સાહ્યબી વિગેરે સન્માર્ગે ન લઈ જાય, સન્માર્ગે ન લઈ જાય તો તો ઠીક, પણ ઉલટું ઉન્માર્ગે જ લઈ જાય, તો એ જ્ઞાન અને એ સાહ્યબી હાનિકર્તા છે. વૈદ્ય આવે અને તેને દરદી ન બચે એવો દેખાય, તો તે એમ જ કહે કે-'વ્યાધિ અસાધ્ય છે, મારી પાસે ઔષધ નથી, માટે જીવે ત્યાં સુધી સાચવો !' પણ એમ તો ન જ કહે કે-'આને પૂરો કરો !' કારણ કે-એમ કહેવું એ ધર્મ નથી. જીવવાની સામગ્રી અપાય તેટલી આપવી તે ધર્મ, પણ જીવન બચાવવા યોગ્ય સામગ્રી આપવાની તાકાત ન હોય, તો નાશ થાય તેવી વસ્તુ દેવી એ કાંઈ ધર્મ નથી. એ દશામાં તો છેવટે-'નમો અરિહંતાણં' કહેવાનું હોય, અને જેમ સમાધિ થાય તેમ આચરવાનું હોય, પણ દાબી દેવાનો વિચાર સરખો પણ ન થાય. એવો દરદી કલાક રહે કે વધારે રહે, દશ

દિવસ રહે કે પંદર દિવસ પણ રહે, જેટલો વખત રહે તેટલો વખત નવકાર દેવાય, તેને સમાધિ મળે તેવા ઉપાયો અમલમાં મૂકાય, પણ તેવા દરદીનું ગળું તો ન જ દાબી દેવાય. અસાધ્ય વ્યાધિવાળા દરદીને એમ મારી નાખવાનું નક્કી થાય, તો તો જીવી શકે એવા ઘણા રોજ મરી જાય. હજારો રોજ મરે એવી સ્થિતિમાંથી, નવકાર દેવાઈ ચૂકેલા એવા તો કેઈ સાજા થયા અને ફરતા હરતા થયા છે, અને એવા થયા કે-પહેલાં અધર્મી હતા તે ધર્માત્મા થયા, અનાચારી હતા તે સદાચારી થયા, કૃપણ હતા તે દાતાર થયા, ખાનારા હતા તે તપસ્વી થયા. જો ગળું દાબી દેવાનો જ કાયદો હોત તો શું થાત ? કાયમ રોજ સેંકડો હજારો જીવોની જીવનદોરી તોડી નાખવામાં આવત અને એની સમાધિ લુંટી એના આત્માનું નિકંદન વાળવામાં આવત. શાસ્ત્ર કહે છે કે-તમારાથી બચાવાય તો બચાવો, થાય એટલા સારા કરવાના ઉપાયો કરો, પણ ખોટા ઉપાયો તો ન જ કરો !

❋ ૨૭ ❋

**લોકહેરીને છોડો !**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિશ્વરજી શ્રી આચારાંગ સૂત્રની પીઠિકા કરતાં એમ ફરમાવી ગયા કે-રાગ, દ્વેષ અને મોહથી પરાભવ પામેલા અને એટલા માટે શારીરિક અને

માનસિક અનેક પ્રકારના અતિ કટુક દુ:ખોથી પીડાતા એવા સઘળા સંસારી પ્રાણીઓએ દુ:ખને અને એ દુ:ખોમાં હેતુભૂત રાગ, દ્વેષ અને મોહને દૂર કરવા માટે, હેય એટલે તજવા યોગ્ય પદાર્થો અને ઉપાદેય એટલે આદરવા યોગ્ય પદાર્થોના પરિજ્ઞાન માટે પ્રયત્ન કરવો જોઈએ. જ્યાં સુધી આત્મા હેયને હેય તરીકે ન સમજે, ત્યાં સુધી એનો રાગ, દ્વેષ અને મોહ ઘટવાનો નથી અને એ ન ઘટે ત્યાં સુધી ગમે તેવી સુખની ઈચ્છા હોય, પણ તે પાર પડવાની જ નથી. હેય અને ઉપાદેય પદાર્થોના પરિજ્ઞાનનો પ્રયત્ન કરવા માટે વિશિષ્ટ વિવેક જોઈએ, અને એવો વિશિષ્ટ વિવેક પામવાને માટે આપ્ત પુરૂષની દેશના જોઈએ. આપ્ત તે, કે જેનામાં રાગ, દ્વેષ અને મોહનો સર્વથા અભાવ હોય. આપણે કોઈ વ્યક્તિની પુંઠે બંધાયેલા નથી. નામથી ચાહે તે હોય, પણ જે હોય તે ભગવાન-તે અરિહંત જોઈએ : જેનામાં રાગ, દ્વેષ અને મોહ સર્વથા ન હોય, તેવા કોઈ પણ હોય !-નામની જ જરૂર નથી. શા માટે ? અર્હન્તપણું છે માટે ! શ્રી ઋષભદેવ સ્વામીને પણ માનીએ અને શ્રી મહાવીરસ્વામિજીને પણ માનીએ. શાથી ? તેઓમાં અરિહન્તપણું હતું માટે. આટલી વાત જેના અંતરમાં નક્કી થઈ જાય, તે કદી પણ ભૂલો ન પડે અને મુંઝાય નહિ : કારણ કે તેને તો શ્રી અરિહંતદેવનું વચન શિરસાવંદ્ય છે. એ તો એમ જ માને કે-જેનામાં રાગ, દ્વેષ અને મોહ નથી, એ કદી

અસત્ય કહે જ નહિ. જેના હૃદયમાં આવું પવિત્ર જૈનશાસન ઉતરી જાય, તે આત્મા દુનિયાના છળથી છળાય નહિ, દુનિયાની ધાંધલથી ગભરાય નહિ. કારણ કે-તેને લોકહેરીની પરવા નથી હોતી. બાકી એ વાત ખરી છે કે-જો આ આત્મા લોકહેરીમાં પડ્યો, તો તો તેનામાંથી શાસન ગયું જ સમજો : અને હૃદયથી શાસન ગયું એટલે માનો કે-આત્માનો અધઃપાત થયો. જેણે શ્રી જૈનશાસન પામવું હોય અને પામીને પાળવું હોય, તેણે લોકની અયોગ્ય પરંપરા, લોકની ધર્મનાશક વાતો અને લોકની અહિતકર પ્રણાલિકાઓને તજવી જ જોઈએ. ન તજાય તો આ પરિણામ પમાય નહિ,-એટલે કે શાસન પામી શકાય નહિ અને કદાચ પુણ્યયોગે શાસન મળી જાય, તો પણ આરાધી ન શકાય.

આજ કારણે મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ શ્રી સીમંધરસ્વામિના સ્તવનમાં શ્રી સીમંધરસ્વામિની સ્તવના કરતાં લખે છે કે-

**"તુજ વચનરાગ સુખ આગળે,**
**નવિ ગણું સુરનર શર્મ રે;**
**કોડી જો કપટ કોઈ દાખવે,**

**નવિ તજું તોયે તુજ ધર્મ રે:**
**સ્વામી સીમંધર તું જયો. ॥''**

'હે શ્રી સીમંધર સ્વામિન્ ! તું હમેશાં જયવંત છો. તારા વચનના રાગરૂપ સુખની આગળ હું દેવતાઓના કે મનુષ્યોના સુખને ગણતો નથી. જો કોઈ કોટિ કપટ બતાવે તો પણ હું તારા ધર્મને તો નજ તજું.' પૂર્વના આત્માઓએ જે જે આરાધના કરી તે તે બધી આવી શ્રદ્ધાના બલથી જ. એ આત્માઓને લોકની ભાવના ટક્કર મારી શકતી નહોતી. એમને એવા પ્રસંગે લોકદશામાં મુંઝવણ થતી નહોતી. આપણને શ્રી જિનેશ્વરદેવના શાસનની જરૂર હોય તો શા માટે ? લોકથી છુટવા માટે ! લોકથી છુટવા માટે શાસનની જરૂર, અને લોકને વળગવા જવું એ કેમ બને ? લોકહેરીની ભાવના ન ખસે, ત્યાં સુધી શ્રી જિનેશ્વરદેવનાં વચનોમાં વસવસો પેદા થયા કરે, કારણ કે લોકહેરીમાં પડેલાનું કથન, રીતભાત અને સમ્યક્ત્વ વિગેરે બધું જ ન્યારૂં : અને લોકહેરી છૂટે તો બધી જ વાસનાઓ ખરી પડે, એટલે તે પછીનું કથન, રીતભાત અને સમ્યક્ત્વ વિગેરે પણ ન્યારૂં. પોતાના મનાતામાં પણ જેનામાં અયોગ્યતા દેખાય, તેનો ત્યાગ કરવાનું જ્ઞાની કહે છે, તો લોકની તો શી વાત ? પણ અનાદિ કાળની ગાઢ વાસના છે, ગાઢ પરિચય છે, એટલે આ વાત એકદમ કેમ પરિણામ

પામે ? પામે એને ધન્યવાદ. આ પામવા માટે હેય, અને ઉપાદેય પદાર્થોના પરિજ્ઞાનની જરૂર, તે માટે વિશિષ્ટ વિવેકની જરૂર અને એવા વિવેક માટે શ્રી વીતરાગદેવના ઉપદેશની જરૂર. આપણી મતિ કેટલી ? જેટલી મતિ તેટલો જ વિચાર આવે. આપણે રાગમાં પણ ઓછા નથી, દ્વેષમાં પણ અધૂરા નથી અને મોહમાં પણ પૂરા છીએ. આપણામાં આ ત્રણે પૂર જોસમાં ખીલેલા છે, એટલે એમાંથી વિચાર કયા આવે ? એ વિચાર મુજબ ચાલવાનું નક્કી કરીએ, તો ક્યાં જઈ ઉભા રહીએ ?-એ ખૂબ વિચારો ! એનો બરાબર વિચાર કરી-'જીવનશુદ્ધિ અને પરિણામે આત્માની સાચી મુક્તિ માટે શ્રી વીતરાગદેવની આજ્ઞાઓનો સાચો પ્રેમ કેળવ્યા સિવાય છુટકો જ નથી.'-આ ભાવનાને અખંડિત ટકાવી રાખવી હોય, તો લોકની સઘળી વાસનાઓને ખસેડવાનો નિશ્ચય કરવો જ પડશે.

**પ્રાપ્તિ કરતાં ટકાવ મુશ્કેલ !**

સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરતાં તેનો ટકાવ ઘણો કઠીન છે. વ્યવહારમાં પણ જૂઓ કે-લક્ષ્મી ન મળી હોય ત્યાં સુધી તો જ્યાં ત્યાં ખાવું, ઓટલે પડી રહેવું, એ બધું પાલવે, પણ લક્ષ્મી આવી એટલે એ નહિ પાલવે. પ્રાપ્તિ કરતાં રક્ષણ બહુ કઠીન છે. દુનિયાના પદાર્થો મેળવવાની ઈચ્છા, એ આર્ત્તધ્યાન અને મળેલી વસ્તુને ટકાવી રાખવાની ઈચ્છા એ રૌદ્રધ્યાન!

ભીખારીને ભીખ ન મળે ત્યાં સુધી તો માગવાની ઈચ્છા થાય, પણ મળી જાય એટલે કે ઠીકરામાં પડે, તે પછી કોઈ લેવા આવે તો મારવાની ઈચ્છા થાય. એ ઠીકરૂં ખાલી હોય ત્યાં સુધી તો ઠીકરૂં ખાલી છે એટલુંજ, પણ ઠીકરામાં પડ્યા પછી તો કોઈ સામેથી અમથો આવે, તો પણ લેવા આવતો માનીને જુઠું બોલવાની અને તેથી પણ ન બચાય તો આવનારને મારવાની પણ ભાવના થાય. આ બધી વસ્તુઓ ફોડ પાડીને સમજાવવાનું કારણ એજ છે કે-દુનિયાના પદાર્થો જે મળ્યા હોય તેનો ત્યાગ કરો અને આસક્તિ આદિના યોગે ત્યાગ ન કરી શકતા હો, તો પણ એમાં મુંઝાઈ ન જાઓ. મુંઝાઈ જાઓ તો આત્માના ગુણો દબાઈ જાય, સમ્યગ્દર્શન મળી ગયા પછી સાચવવું જ હોય, તો લોકવાસનાઓથી જરૂર અલગા બનવું જ જોઈએ. 'ત્યાં શું કરીએ ?-શું કરીએ ?' એમ બોલાય એનો અર્થ એ કે-જે સમ્યગ્દર્શન મળેલું છે તેની કીંમત સમજાઈ નથી. દુનિયાદારીનો પદાર્થ કે માલ જતી વખતે-'શું કરીએ ?' એમ થાય છે ? ચાલે ત્યાં સુધી તો નહિ જ થાય. ન છુટકે છેવટે સાચવી ન શકાય, ત્યારે 'શું કરીએ ?'-એમ થાય એ વાત જુદી છે, પણ ત્યાં પણ 'શું કરીએ ?'-એમ કહેતાં નવ નેજે પાણી ઉતરે : એ 'શું કરીએ ?' શબ્દ જોરથી ન નીકળે, માંહિ ને માંહિ દબાઈ જાય. એ 'શું કરીએ ?' શબ્દ નીકળવા પહેલાં તો આંખમાંથી

આંસુઓની ધારાઓ ચાલે, મૂર્ચ્છા આવે, ચક્કર આવે, અને બધુંએ થાય. અને અહીં રોજ 'શું કરીએ ?' એજ એક શબ્દ અને તે પણ ઠંડે કલેજે જ, એ શાથી ? વસ્તુની કિંમત સમજાઈ નથી અને લોકહેરી નથી છુટી એથી. લોકહેરીની ભાવના આત્માના સર્વ ગુણો ઉપર આક્રમણ કરે છે, તેથી જ્ઞાનીની સેવા-પૂજાની વાસ્તવિકતા દુષ્કર છે : એની કિંમત ન લાગે ત્યાં સુધી ભલે એ ક્રિયાઓ સ્હેલી લાગે. સમ્યગ્દર્શન, જ્ઞાન, અને ચારિત્રની કિંમત વધે કે તમારી સાહ્યબીની ? જરા આત્માને પૂછજો, ઘેર જઈ વિચાર કરજો. કહોને કે-મ્હોંઢે કહીએ ખરા કે-ભગવાને કહ્યું તે ખરૂં, ગુરૂ કહે છે તે ખરૂં,-'પણ-' આ 'પણ' તો મોટો પહાડ છે. એ ઉંચકાય નહિ, ખસેડાય નહિ : પણ તમે જો લોકવાસનાથી આઘા ખસી જાઓ, તો તે પહાડ તો એકદમ ખસી જાય. જૈનશાસન જેવું ઉંચી કોટિનું મધ્યસ્થપણું, જૈનશાસન જેવી માન્યતા બીજે છે ક્યાં ? શ્રી જૈનશાસને તમારા ખાવા-પીવા પહેરવા-ઓઢવા વિગેરે વિગેરે બધા જ ઉપર ચોકી મૂકી છે, કારણ કે હિંસામાં બેઠેલાઓ વધુ હિંસક ન બને એ ભાવના છે. ભક્ષ્ય અને અભક્ષ્યના ખૂબ ભેદો પાડી વર્ણન કરવાનો હેતુ એજ કે - જે બધા હિંસામાં તો રહેલા જ છે, તે વધુ હિંસામાં ફસી ન જાય. આવી તમારી ચિંતા કોણ કરે ? સવારથી ઉઠો ત્યારથી રાત્રે સુઈ જાઓ, ત્યાં સુધીની તમારી બધી કાર્યવાહીની ફીકર આ શાસન રાખે

છે. એ કાર્યવાહીના યોગે વધુ પાપમાં ન ફસાઓ, એજ આ પવિત્ર શાસનની ભાવના છે. દુનિયાના પાપમાં, દુનિયાના રંગરાગમાં લેપાઓ નહિ, એ માટે આ બધું ફોડ પાડીને જૈનશાસ્ત્ર સમજાવવાની મહેનત કરે છે !

**આત્માની કંગાલ હાલત શાથી છે ?**

જીવ અને અજીવ-એ બે તત્ત્વો ઉપર આખી દ્વાંદશાંગી રચાઈ અને એને જ જુદાં જુદાં રૂપક અપાયાં. શાથી ? અનંતજ્ઞાનવાળો આત્મા, અનાદિથી જડના સંસર્ગથી લેપાયેલો છે તે આત્મા, અનંતજ્ઞાનીનાં વચનના યોગે જડના સંસર્ગથી છુટે એથી ! જડના સંસર્ગથી આત્માની શી દશા થઈ છે, તે વિચારો ! જે આત્માને કોઈપણ ચીજ ન હલાવી શકે એવો અનંત સામર્થ્યવાન્ આત્મા, તુચ્છમાં તુચ્છ વસ્તુની પુંઠે કંગલાની જેમ ભમી રહ્યો છે, ભટકી રહ્યો છે.-એ કોનો પ્રભાવ ? ઉત્તરમાં કહેવું જ જોઈએ કે-એ પ્રભાવ પુદ્‌ગલની આધીનતાનો જ ! પુદ્‌ગલોની આધીનતાથી આત્માને છોડાવવા માટે જ આ બધી મહેનત છે. જે એનાથી ન છોડાવતા હોય, તે તીર્થંકર, ગુરૂ કે ધર્મ ન જોઈએ : પણ આ જોઈએ છે એનું એજ કારણ છે કે-આ તત્ત્વત્રયી છોડાવનાર છે. અનંત શક્તિના આત્માની આજે કઈ દશા છે ? ‘જ્યાં ત્યાં ભીખ માગતો ફરે, જેની તેની દાઢીમાં હાથ ઘાલતો ફરે, અને ‘આના વિના ન

ચાલે, આના વિના ન ચાલે'-એમ કર્યા કરે !-આ દશા શાથી ? કોને લઈને આ કંગાલીયત? કહેવું જ જોઈએ કે-એ સઘળું પુદ્ગલોની પરાધીનતાને લઈનેજ ! દુનિયાના પ્રાણીને પૌદ્ગલિક પદાર્થની પ્રાપ્તિમાં અપૂર્વ આનંદ આવે છે, નવી ચીજ મળે તો આનંદનો પાર નથી રહેતો'-આમાં અનાદિથી જડનો સંયોગ એજ હેતુ છે : હવે એની દૃષ્ટિ અને જ્ઞાનીની દૃષ્ટિનો મેળ ક્યાં મળે ? ખૂબ વિચાર કરો. આ વિચાર વખતે સારી (આખી) દુનિયાને ભૂલી જાઓ. આત્માની રત્નત્રયી કેમ વિકાસ પામે ? આત્માના સ્વરૂપને આચ્છાદિત કરતાં પરનાં આક્રમણો કેમ ખસી જાય ?-એ વિચારો તો સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર દોડતાં આવે. પણ ત્યાંથી તમે પરવારો ત્યારે ને ! હૃદયથી લોકવાસનાઓની અપેક્ષા ખસે તો ને ! જૈનશાસનને પામ્યા બાદ આવી હાલત શોભતી નથી. જો તે છતાં આ સ્થિતિ ચાલુ હોય, તો સમજવું જોઈએ કે-જેવો જોઈએ તેવો અનુરાગ થયો નથી. આપણે આચારાંગ વાંચવું છે, એમાંય છઠ્ઠું 'ધૂત' નામનું અધ્યયન વાંચવું છે. ધૂનન એટલે મૂળમાંથી હલાવવાની ક્રિયા-મૂળમાં પેસીને જે જે દોષોની સંભાવના હોય. તેને પકડી પકડીને હલાવવાની ક્રિયા. દુકાનમાં પાથરેલી જાજમ ઉપરની ધૂળ શી રીતે ખંખેરો ? ચારે ખુણેથી ઉપાડી, લાકડીથી ઝાપટો તો ખંખેરાયને ! આત્મા ઉપર મલ કેટલો છે ? આત્માના અસંખ્ય પ્રદેશ, એના એક એક પ્રદેશ પર અનંત

કર્મનાં અણુઓ લાગેલાં છે, એને લઈને આત્માની સઘળી શક્તિઓ એટલી બધી બુટ્ઠી બની છે, કે સત્ય વસ્તુ ધ્યાન ઉપર આવે જ નહિ, આવે તો લેવાનું કૌવત નહિ, લેવાય તો સાચવવાની તાકાત નહિ અને હાથમાંથી સરી જાય તો શોક પણ નહિ. પૌદ્‌ગલિક પદાર્થની પ્રાપ્તિમાં જે આનંદ અને એના નાશમાં જે શોક, તેવો અહિં કદી અનુભવ્યો છે ? પાંચ પચાસ લાખ રૂપીયા આવે, બંગલા બગીચા બને, સંતાન પેદા થાય, ત્યારે તમે કયી રીતે નીકળો? અને એ બધું જાય ત્યારે કયી રીતે નીકળો ? એવો આનંદ કે શોક અહીં કદી પ્રાપ્ત થયો? હજુ તો વસ્તુ ઉતરતી જ નથી. ખરેખર, જો વિચારશો તો સમજાશે કે-જે રીતિએ વસ્તુ મળવી જોઈએ અને પરિણામ પામવી જોઈએ, તે રીતિએ મળી નથી અને પરિણામ પામી નથી.

**આત્મતત્ત્વની જિજ્ઞાસા પેદા કરો !**

સંયોગ તમને બધા મળ્યા છે. પુણ્યવાન્ એવા કે-દેવ પણ મજેનો મળ્યો છે, ધર્મની વાત ઠામ ઠામ હોય : સાચો કે ખોટો, પૂરો કે અધુરો, તે ગમે તેમ, પણ ધર્મના ધ્વનિ તો ઠામઠામ નીકળે એવો દેશ મળ્યો. આર્યદેશનો અર્થ એ કે-જ્યાં ત્યાં ધર્મની વાતો ચાલે: તેમાંય આર્યજાતિ, આર્યકુળ તેમાંય શ્રાવક કુળ અને તેમાંય ભગવાન્ શ્રી મહાવીરદેવનું

શાસન છે ત્યાં : વળી શ્રી જિનમંદિર, નિર્ગ્રંથ ગુરૂઓ, અને ધર્મની સામગ્રી છે ત્યાં. કહો શી કમીના છે ? બધુંય છે. સ્થળ, કાલ, સામગ્રી બધુંય મજેનું છે, ત્યારે નથી શું ? જિજ્ઞાસા! કદી એ ભાવના થઈ કે-આ આત્માની વાતો સારી રીતે સમજું ? દુનિયાની તો વાતો બહુ સમજ્યો. આ વાતો એક બે કલાકમાં સમજાઈ જાય તેમ ન માનતા : ઠીક છે છાયા પડે અને ઉલ્લાસ જાગે, તો ક્ષયોપશમ આદિથી સમજાઈ કે પમાઈ જાય એનો નિષેધ નથી. અરે, પા કલાકમાં પમાય એનો પણ ઈન્કાર નથી, પણ 'બે કલાક સાંભળીને જ માત્ર ચાલ્યા જવાથી, અને સાંભળેલું અહીં જ મૂકી જવાથી પમાય.'-એમ તો માનતા જ ના. માનો કે-કંઈક હૃદયમાં રહે. પણ અહીંથી ગયા બાદ શું સમજ્યા એનું મનન, એની વિચારણા ન થાય તો ? શું મેળવ્યું કે શું મળ્યું-એનો વિચાર ન થાય, તો ધર્મ અંતરમાં પેસે શી રીતે? ધર્મને પેસવાનાં દ્વારો બંધ છે, કારણ પાંચે ઈંદ્રિયો અને મન પોતાનું જ કામ કરવામાં રોકાયેલ છે. ઘરનાં માણસો પણ જુદા જુદા કામ માટે તૈયાર છે. આ લાવવાનું અને આ કરવાનું-એ બધું ઘેર જાઓ એટલે તૈયાર. કાનને પ્રિય સાંભળવાનું કંઈ હોય, તો તરત ત્યાં કાન ઘસડી જાય. રૂપાદિ જોવાનું હોય કે મીંચાયેલી આંખો તરત પહોળી થાય. આ બધી કાર્યવાહી કર્મ રાજાની છે. લોકવાસના અને વિષય તૃષ્ણાને લઈને એ સ્થિતિ છે, કે આ

ધર્મની વાત-આત્માના હિતની વાતને અંદર પેસવાની જગ્યા નથી : એ જગ્યા કરવા માટે પહેલું જ જ્ઞાની કહે છે કે-તમે જ્યાં બેઠા છો, ત્યાં દુઃખ જ છે, સંસાર દુઃખમય છે,-એ સમજો : બેઠા છો ત્યાંનું સ્વરૂપ નહિ સમજાય, ત્યાં સુધી અસર નહિ થાય. જ્ઞાનીનાં આવાં વચનો સામે કયો આત્મા ટક્કર ઝીલશે ? એમાં શંકા હોય અને કોઈ સંસારમાં સુખ બતાવે, તો જ્ઞાનીને એ પણ આગ્રહ નથી, પણ જ્ઞાનીએ પોતાની અનંતજ્ઞાનરૂપ દૃષ્ટિથી નિહાળ્યું, ખૂબ જોયું કે-આત્માને જે સુખની આવશ્યકતા છે, તે સુખ સંસારમાં કોઈ પણ જગ્યાએ દૃષ્ટિમાં આવતું નથી. માટે તો જ્ઞાનીએ કહ્યું કે-સંસાર દુઃખમય છે, દુઃખફળ એટલે જેનું ફળ પણ દુઃખ છે એવો છે, અને દુઃખની પરંપરાવાળો છે. જ્ઞાનીએ તો આ વાત કહી અને આપણો આત્મા પણ સાક્ષી પૂરે છે, અનુભવગમ્ય છે, અરે વગર અનુભવે પણ વિચારશો તો સમજાશે કે-'જરૂર છે તો એવોજ.' એટલે એ વાતમાં તો મુંઝવણ હોવી જ ન જોઈએ. મરણ માથે છે. એ નિશ્ચિત થતું નથી. એના વાંધા છે. નિશ્ચિત નથી થતું એટલે ? ક્યારે આવે એ. કહેવાનું એ છે કે-મરણને માટે ધર્મનિષ્ટ થઈ એવા તૈયાર રહેવું જોઈએ કે-એને ફાવે ત્યારે આવે. દરકાર નથી : ભલે આવે. સાધવાનું સાધી લઈ એવા તૈયાર રહેવું, કે જેથી મરણનો પણ ડર ન રહે. પણ ખોટા બહાદૂર ન બનતા. રંગરાગ અને મોજશોખ આદિમાં રક્ત રહી

અર્થકામની સાધનામાં એકતાન બની હિંસાદિક પાપરૂપ અને પાપજનક પ્રવૃત્તિઓમાં નિડરતા પૂર્વક મચ્યા રહેનારાં, મરણનો ભય મૂકી દે એ બહાદૂર નથી, પણ અજ્ઞાન, નફ્ફરા અને નઘરોળો છે. આજે કોઈ જ્ઞાની કહે કે-આયુષ્ય સો વર્ષનું છે તો શું કરો ? ત્યાં સુધી તો મરણ છે જ નહિ, માટે નવ્વાણું વરસ, અગીયાર મહીના, ઓગણત્રીસ દિવસ અને ત્રેવીસ કલાક શું કામ કરવું ? આ ત્રેવીસ કલાક તો હું જરા ડરતાં ડરતાં કહું છું હોં ! બસ એજ વિચાર કે-છેલ્લી ઘડીએ કરશું, અને આજે કોઈ એમ કહે કે-બે દિવસનું આયુષ્ય છે, તો 'ઓ બાપ ! હવે શું થશે ? હાય, હવે કોણ ખાશે અને કોણ પીશે ? કોણ પહેરશે અને કોણ ઓઢશે ?' આ દશા થાય છે. કેવી ભયંકરતા ?? આવાઓનું કલ્યાણ કેમ કરીને થાય !!!

**મારૂં શું ?-એ વિચારો !**

આથી આજે જો કોઈ આયુષ્ય કહેનાર હોય, તો પણ જીવન જોખમમાં છે. પૂર્વપુરૂષો તો કહેતા કે-લાંબુ આયુષ્ય હશે તો આરાધના વિશેષ કરીશું અને ટૂંકું આયુષ્ય હોય તો ઝટ આરાધીએ. આ ભાવના હતી. બેયને આરાધવાની જ ભાવના. શ્રી પદ્મરથ રાજાને ભરયુવાનીમાં વૈરાગ્ય આવ્યો, એ વખતે ગાદી છોડી એમણે અભિગ્રહ કર્યો કે-શ્રી વાસુપૂજ્ય સ્વામી પાસે જઈ સંયમ ન લઉં, ત્યાં સુધી આહારપાણીનો ત્યાગ. સંયમ લેવા ચાલ્યા, ત્યારે રસ્તામાં

દેવતાઓએ ખૂબ પરીક્ષા કરી અને છેવટે કહ્યું કે :-

**''तवाद्यापि महाभाग ! महदायुर्युवासि च ।।१।।**
**स्वच्छंदं भुंक्ष्व तद्भोगान्, काधीर्यद्योवने तपः ।**
**निशिथ कृत्यं कः प्रातः, कुर्यादुद्योगवानपि ।।२।।**
**यौवने तदतिक्रांते, देहदौर्बल्यकारणम् ।**
**गृहणीयास्त्वं तपस्तात ! द्वितीयमिव वादर्धकम् ।।३।।**

'હે મહાભાગ ! હજુ પણ તારૂં આયુષ્ય મોટું છે અને તું યુવાન છો, માટે તું સ્વચ્છંદપણે ભોગોને ભોગવ. તને એવી કઈ બુદ્ધિ ઉત્પન્ન થઈ છે, કે જેના યોગે તું આવા યૌવનમાં તપ કરવાને તૈયાર થયો છો ? ઉદ્યોગવાન્ પણ એવો કોણ હોય, કે જે રાત્રીના કૃત્યને પ્રાતઃકાલે કરે ? માટે હે વત્સ ! તું યૌવન ચાલી ગયા પછી દેહની દુર્બળતામાં કારણભૂત, બીજી વૃદ્ધાવસ્થા જેવા તપને-દીક્ષાને ગ્રહણ કરજે.'

આ પ્રમાણેના દેવતાના કથનને સાંભળી, તત્ત્વવેદી મહારાજા પદ્મરથ કહે છે કે-

**'राजोचे यदि बहवायु र्बहुपुण्यं भविष्यति**
**जलमानेन नलिनी-नालं हि परिवर्धते ।।१।।**

**लोलेन्द्रिये यौवने हि, यत्तपस्ततपो ननु ।**
**दारुणास्त्रे रणे यो हि, शूरः शूरः स उच्यते ॥२॥''**

'જો બહુ આયુષ્ય છે તો ઘણું પુણ્ય થશે, કારણ કે કમલિનીનું નાલ પાણીના પ્રમાણથી જ વધે છે અને ખરેખર ચપલ ઈંદ્રિયોવાળા યૌવનની અંદર જે તપ તેજ ખરો તપ છે : કારણ કે-ભયંકર અસ્ત્રો જેમાં ચાલી રહ્યાં છે, તેવા રણમાં જે શૂર તેજ શૂર કહેવાય છે.'

વિચારશો તો મહારાજા પદ્મરથે આપેલા આ ઉત્તરમાંથી તમે ઘણુંજ સમજી શકશો. જો 'આત્માનું કલ્યાણ શામાં છે તે અને આત્મા તથા શરીરનો ભેદ'-સમજાઈ જાય, તોજ મહારાજા પદ્મરથે કહેલી વાત સમજી શકાય તેમ છે. આત્માનું શ્રેય શરીરને હાનિ પહોંચાડેજ, એવો એકાંત કાયદો નથી અને કદાચ હાનિ પહોંચાડે તો પણ વાંધો નથી : ભલે પહોંચે, કારણ કે મળ્યું છે તેથી સારૂં મળવાનું છે. સંયમની આરાધનાથી શરીર જાય, તો પણ આનાથી કંઈ ગુણું સારૂં મળવાનું છે. શરીરની સેવા કરતાં તો આત્માનું તો ગયું, પણ શરીરનું પણ ગયું કેમકે ફરી એવું પણ મળવાનું નથી. વિચાર કરો તો બધું સમજાય. વિચારો કે-'મારૂં શું ?'

(સભામાંથી૰ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર.)

જો આ સમજાઈ જાય તો તો કામ જ થઈ જાય, પણ જ્યાં જડવસ્તુઓની આધીનતા હોય ત્યાં શું થાય ? પ્રભુનું શાસન પામીને તો એકજ કામ કરવાનું છે અને તે એજ કે- જ્યાં સુધી આપણે રહેવું પડે. ત્યાં સુધી જડવસ્તુઓને આધીન રહેવા છતાંય, તેની જ મારફત આપણે આપણું કામ લવાનું છે. આપણાં જ મન, વચન અને કાયા, જે પુદ્ગલની સાધનામાં રાચ્યાં છે-તેને આત્માની સાધનામાં રાચતાં કરવાનાં છે. સંયમ શરીર દ્વારા સધાતું હોવાથી, તેને આહારાદિક આપવાની ના નથી-પણ તે જ્ઞાનીપુરૂષોએ બાંધેલી વિધિ મુજબ જ, નહિ કે એની મરજી મુજબ ! જો આત્મા જડને પર માને, અને પોતે જાગૃત થઈ જાય, તો જડ તો તેની આગળ શક્તિહીન જ છે.

**શક્તિ, આત્માની વધારે કે જડની ?**

આત્મા દબાયો હોય ત્યારે જડની શક્તિ વધારે. ધારો કે-બે આદમી સરખા વીર છે, એક સરખા બલવાન છે : એમાં એક આદમી અજ્ઞાન હોવાથી બલને વેડફે અને એક આદમી જ્ઞાની હોવાથી બળનો સદુપયોગ કરે. જે જ્ઞાની છે તે સ્વાધીન છે અને અજ્ઞાની છે તે પરાધીન છે. નબળો ને બળીયો લઢે ત્યાં શું થાય ? નબળો ગાળ દે અને બુમરાણ કરે, બળીયો તો અવસર જોઈ કોઈ ન જુએ તેમ એક ઠોંસો મારે. પેલો ફરી ગાળો દે, જે આવે

તે એને ગાળો દેતો જૂએ, એટલે એને લઢે અને પેલા લોક જાય એટલે વળી પેલો બળીયો ઠોંસો મારે. થાકે કોણ ? ગાળો દેનારો થાકે. 'એક ગામમાં લઢકણી બાઈ હતી. રાજ્યે (રાજાએ) કાયદો કરી આપ્યો કે-એની સાથે વારાફરતી ઘર દીઠ દરેકે લઢવું. એ લઢનારીને કોઈ લઢનાર જોઈએ. એ રાજ પણ જૂદી જાતનાં, એવાં પણ રાજ હોય. બધા ખોટી ન થાય માટે વારાફરતી ઘર દીઠ લઢવાનો કાયદો કરવામાં આવ્યો. વારામુજબ પેલી જેનો વારો હોય ત્યાં લઢવા જતી. એક દિવસ જેને ઘેર વારો હતો, ત્યાં વૃદ્ધ સાસુ અને વહુ બે હતાં. સાસુ ગભરાણી, પણ વહુએ કહ્યું કે-તમે તમારે બેસી રહો, હું તેને પહોંચીશ ! હું નહિ થાકું : એને હું છોડું નહિ : જતી પણ ન કરૂં અને ફરીને કોઈ સાથે લઢે નહિ એવી બનાવીશ. એ વહુ કામ લઈને બેઠી. પેલી આવી અને ખૂબ જોરશોરથી બોલવા લાગી, થાકી, એટલે વહુએ અંગુઠો બતાવ્યો : મતલબ-'થાકીને !'-એવું સૂચવવા અંગુઠો બતાવ્યો. પાછી પેલી ઉખળી, ઉછળી, ખૂબ બોલી : ફેર થાકી એટલે પેલી વહુએ ફેર અંગુઠો બતાવ્યો. સામાને થકવવાની આ રીત છે. સામો પ્રવૃત્તિમાં જોડાયેલ હોય ત્યારે વિશ્રાંતિ, એ પણ તૈયારીને માટે છે-એ ડહાપણ છે. સામાને તો વિશ્રાંતિ આપવી જ નહિ, એજ થકવવાની રીત છે. પેલી લઢનારી બાઈ એક વાર, બે વાર, ચાર વાર, છ વાર, ક્યાં સુધી બોલે !

બે કલાક-ચાર કલાક બોલે, પણ પછી તો થાકેને ! કારણ કે એને વિશ્રાંતિ જ નહિ. થાકી, જવા માંડ્યું, વહુ કહે કે-જાય છે ક્યાં ? લઢ, હું સામે બેઠી છું નહિ તો ચાલ રાજમાં. આખરે પેલીએ હવેથી કોઈની સાથે નહિ લઢવાનું કબૂલ કર્યું'-આ ન્યાયે આત્મા જડને આધીન છે, પણ જો આત્મા ચેતે તો બસ. જડમાં પણ બહુ શક્તિ છે. હીરો એ જડ છે, પણ આત્માને એ જડ હીરો આકર્ષે છે. મુનિ હીરાથી નહિ ખીંચાય અને ગૃહસ્થ ખીંચાય, કારણ કે મુનિએ પુદ્‌ગલની આધીનતા તજી છે અને ગહસ્થે પુદ્‌ગલની આધીનતા તજી નથી. એ જડ વસ્તુ, ચેતનવંતા આત્માને ખીંચે, રોવડાવે, પીટાવે, કજીયા કરાવે, એનું કારણ ? જડની આધીનતા-શક્તિ બેયમાં છે, પણ જડની શક્તિ જુદી અને ચેતનની શક્તિ જુદી. ચેતન જો ચેતનવંતો બની જાય, તો જડ પાંગળું.' જે શરીર ભોગનું સાધન, તેજ શરીર ત્યાગનું સાધન થઈ શકે. જે શરીર આત્માને સાતમીએ લઈ જાય, તેજ શરીર આત્માને મુક્તિએ પણ લઈ જાય. જડની સેવામાં પડેલો આત્મા તે જડને આધીન કહેવાય. જો જડ પોતાનું બને તો પોતે માલીક. મન, વચન અને કાયા,-આ ત્રણે યોગ છે આપણા,-'આપણા છે'-એમ આપણે કહીએ પણ ખરા, પણ જો વિચારીએ તો આપણે એ ત્રણેના બન્યા છીએ. જંગલી ઘોડા મજેના, લાંબા, પહોળા, ઉંચા, કદાવર હોય પણ લગામ વિનાના. એવા ઘોડા

પર સવાર થનારને એ ઘોડા ખાડામાં પાડી નાખે. એમના મ્હોંમાં લગામ નાખવામાં આવે અને હાથમાં લગામ આવે, તો એ ઘોડા કામના. તેજ રીતે મન, વચન, અને કાયા-આ ત્રણ યોગ રૂપી ઘોડાઓને શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા રૂપ લગામ ઘાલો, તો એ ત્રણે આપણા. ગમે તેવો ગાંડો હાથી હોય, પણ માલીક અંકુશ સાથે શિર ઉપર હોય તો તે હાથીનું કાંઈ પણ ન ચાલે.

**મહર્ષિ કુરગડુનું દૃષ્ટાંત**

શ્રી જિનેશ્વરદેવની આજ્ઞા રૂપી લગામ ઘાલો, તો મન, વચન અને કાયા ધારો તે કામ આપે. લગામ ગઈ કે હાનિ કરે. સંયમને ટકાવવા માટે શરીરને આહાર અપાય, પણ શરીર માગે તે નહિ : પિણ્ડ પોષવા પુરતો જ ! મુનિ પણ ખાય છે અને તમે પણ ખાઓ છો. ભેદ ક્યાં ? એકનું ખાવું, મોક્ષના સાધનને ટકાવવા માટે અને બીજાનું ખાવું એ પુદ્‌ગલપોષણ અને મોજશોખ માટે ! સંયમ અને સંયમના સાધનની રક્ષા માટે આહાર કરવા છતાં પણ, મુનિઓ 'ખાવું એ સારૂં છે.'-એમ માનતા નથી. શ્રી કુરગડુ મુનિને હાથમાં કોળીઓ છતાં કેવલજ્ઞાન થાય છે, એનું કારણ ? એમનો પૂર્વનો અંતરાય એવો છે કે-મુનિ થયો પછી નવકારશી પણ મુશીબતથી કરી શકે છે. ભલે પોતાથી તપનું સેવન નથી થતું, પણ

તપસ્વીઓને જોઈને વિચારતા કે-'આ તપસ્વીઓને ધન્ય છે, હું અધન્ય છું : એ પુણ્યશાલી છે, હું પાપાત્મા છું : ક્યારે તપનો અંતરાય તુટે અને તપ કરી શકું !' આ મુનિ આહાર કરતા ખરા, પણ ભાવના કયી ? તપનો અંતરાય ક્યારે તૂટે એ જ ! પરિણામ એ આવ્યું કે-તપસ્વી રહી ગયા અને પોતે ખાતાં ખાતાં કેવલજ્ઞાન પામ્યા. પર્વ દિવસે પોતે ભિક્ષા લઈને આવ્યા, ત્યારે પેલા તપસ્વી મુનિઓએ કહ્યું કે-''આજે પણ આહાર ?'' એમ કહી એમના પાત્રમાં થૂંક્યા : શ્રી કુરગડુએ વિચાર્યું કે-મહર્ષિઓના મુખામૃતની પ્રાપ્તિ થઈ. ત્યાં જ ભાવનાની વૃદ્ધિને યોગે શ્રી કુરગડુ મુનિવરને કેવલજ્ઞાન થયું. પુદ્‌ગલની આધીનતા તુટે અને આત્મા બળવાન્ થાય, ત્યારે કર્મ બાળવા માટે અંતરમુહૂર્તની જરૂર છે. અંતરમુહૂર્તમાં જ ચારે ઘાતી કર્મનો નાશ થાય છે. શ્રી કુરગડુ મુનિ આહાર લેતા હતા, પણ ભાવના કયી?- એજ વિચારવાનું છે. સંયમના ટકાવ માટે આહાર કરતા ! તે મહાજ્ઞાની મુનિવર પુદ્‌ગલ ન્હોતા ગ્રહણ કરતા, પણ ત્યાગની તૈયારી કરતા હતા. એટલે જ એ રીતિએ કેવલજ્ઞાનને ઉપાર્જિ શક્યા.

**ઉદ્યમ પહેલો કે પહેલું ભાગ્ય ?**

(પ્રશ્ન-ભવસ્થિતિ પરિપકવ થાય ત્યારે એ બને ને ?)

એ બધી વાત જ્ઞાની જોઈ શકે. પાંચ કારણ વિના કાર્ય ન થાય. સમ્યગ્દર્શન પામ્યા પછી મૂખ્યતા ઉદ્યમની છે. બધું એમાં આવી જાય. ભવિતવ્યતા માનીને ઉદ્યમ જ ન કરે તો એ પણ એક કારણનો લોપ થાય. પાંચ કારણમાં ઉદ્યમ પણ એક કારણ છે. સમ્યગ્દૃષ્ટિને પ્રધાનતા ઉદ્યમની હોય. બે જણા જતા હોય : એક આંધળો અને એક દેખતો- આંધળો ટીચાય, થાંભલે ભટકાય, પડી જાય તો જોનારને દયા આવે, ઉભો કરે રસ્તે પણ ચઢાવે અને વાગ્યું હોય તો પાટો પણ બાંધે. દેખનાર જો ટીચાય તો એ જોનાર ઉલટો કહે કે- 'ભાળતો નથી ? છતી આંખે કાં ટીચાય છે ?' એમ જ સમ્યગ્દર્શન પામ્યા પછી જીવ-અજીવનું સ્વરૂપ, કર્મનું સ્વરૂપ, કર્મની સત્તા તથા તેના ઉદયાદિકનું સ્વરૂપ બધું સમજાય, કર્મ નિષ્ફળ કરવાની રીત સમજાય, છતાં પ્રયત્ન ન કરે તો સમ્યગ્દર્શનને હાનિ જ કરે, છતી આંખે અંધાપો લેવાની ક્રિયા જેવું થાય. જો ભવિતવ્યતાની જ વાત કરો, તો વ્યવહારમાં પણ એ વાત કરો ને ! પૈસા મળવાના હશે તો મળશે, શું કામ મહેનત કરો છો ? રોટલી આપોઆપ આવશે, ભાણું એની મેળે આવશે, છતાં ત્યાં તો પ્રયત્ન જારી રાખો છો. એવી જ રીતે અહીં પણ પ્રયત્ન જારી રાખો તો આત્મા જાગૃત થયો કહેવાય. મન વશ કરવા માટે વચન તથા કાયા પહેલાં વશ કરવાં જોઈએ. એ વાત ખરી કે-મન વશ થયા

વિનાની ક્રિયા જોઈતું ફલ આપી શકતી નથી, મનશુદ્ધિ માટે વચનશુદ્ધિ તથા કાયશુદ્ધિની ખાસ જરૂર છે. કાયિક ક્રિયા વિના છુટકો જ નથી. શરૂના અભ્યાસ માટે વચન તથા કાયાને મુખ્યતા આપી શકાય છે.

(પ્રશ્ન-મન વશ કરવા શું કરવું ?)

જ્ઞાની પુરુષોએ જે જે ક્રિયાઓ વિહીત કરી છે, તે બધી જ ક્રિયાઓ કરવાની. શ્રી ઋષભદેવસ્વામિના સ્તવનમાં શ્રી જિનવિજયજી મહારાજાએ કહ્યું છે કે-

''કારણ જોગે કારજ નીપજેજી,
ક્ષમાવિજયજી જિન આગમ રીત રે.''

આત્માએ પોતાનું શુદ્ધ સ્વરૂપ વિકસિત કરવું હોય, તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રમય બનવું જોઈએ : પણ સંસારમય બન્ને ન ચાલે ! આત્મા જાગૃત થયો કે-ઉદ્યમની પ્રધાનતા થાય જ. નિકાચિત કર્મો છોડતાં નથી, પણ શાસ્ત્ર કહે છે કે-શુકલધ્યાન રૂપી તપ તો નિકાચિત કર્મને પણ તપાવે છે. ધ્યાન જેવો એક પણ ઉદ્યમ નથી. ઉદ્યમનો અર્થ દોડાદોડ કરવી તે નહિ, પણ ઉદ્યમનો અર્થ, આત્માની જાગૃતિ વિશેષ. ભગવાન્ શ્રી મહાવીરદેવને સાડા બાર વર્ષ સુધીએ છદ્મસ્થ સંયમકાલમાં ભયંકર ઉપસર્ગ થયા, ખીલા

ઠોકાયા, પણ આત્માની જાગૃતિ સાચવી રાખી : એજ આત્માનો ઉદ્યમ. આત્માના સ્વરૂપમાં એક સરખી લીનતા એજ આત્માનો ઉદ્યમ. આત્માની સાથે વળગેલાં કર્મોને છુટાં કરવાના ઉદ્યમ સામે ગમે તેવી સ્થિતિ ઉભી થાય તો પણ હાનિ નહિ. જે ઉદ્યમથી કર્મ ખસે તે ઉદ્યમ. એ વખતે જો ભગવાન્ સામાની કાનપટ્ટી પકડી પૌદ્‌ગલિક બલ દેખાડે તો કર્મ છુટે ક્યાંથી? કર્મ ખસેડવાનો ઉદ્યમ તે આત્માનો ઉદ્યમ. ધ્યાન જેવો એક પણ ઉદ્યમ નથી. વ્યવહારમાં પણ મજુરને બહુ તો રોજના બે રૂપીયા કે પાંચ રૂપીયા મળે, જ્યારે વિચારશીલને સેંકડો રૂપીયા મળે અને હજારો મળે. ધ્યાન તો કર્મક્ષય માટેનો ઉંચામાં ઉંચો ઉદ્યમ છે. ભગવાન્, ખીલા ઠોકાયા ત્યારે શુભ ધ્યાનથી ચળ્યા નહિ, એ એમનો મોટામાં મોટો ઉદ્યમ.

**શક્તિનો અતિરેક પણ ન હોય**

(પ્રશ્નકાર-સહન કરવા અસમર્થ હોય એ શું કરે ?)

જ્ઞાની કહે છે કે-તાકાત ન હોય એણે ઉપસર્ગના સ્થળેથી આઘે ખસી જવું. કદાચ આવી પડે અને મક્કમતા ન રહે, તો મૂળ વસ્તુ સાચવીને એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર સાચવીને દૂર કરવાના પ્રયત્ન પણ કરે. ઘણા કહે છે કે-'કર્મ ખપાવવા ભગવાન્ લાટ જેવા અનાર્ય દેશમાં ગયા, તો તેમના સાધુઓ કેમ તેવા દેશમાં જતા નથી?'

ભગવાનના સાધુઓ કહે છે કે-'અમે ન જઈએ, કારણ કે ભગવાનમાં જે તાકાત હતી, તે અમારામાં નથી.' ભગવાન્ શ્રી આર્યસુહસ્તિ મહારાજાને શ્રી સંપ્રતિ મહારાજા વિનય પૂર્વક પૂછે કે-

**''कदापि श्रमणा एते, भगवन्नार्यदेशवत् ।**
**अनार्येष्वपि देशेषु, विहरन्ति कुतो न हि ॥१॥''**

'હે ભગવન્ ! આ સાધુઓ જેમ આર્યદેશમાં વિચરે છે, તેમ કોઈ પણ વખત અનાર્ય દેશોમાં કયા કારણથી વિચરતા નથી ?'

આ પ્રશ્નના ઉત્તરમાં દશપૂર્વના ધણી ભગવાન શ્રી આર્યસુહસ્તિ મહારાજા ફરમાવે છે કે-

**''व्याजहुः सूरयोऽनार्य-देशेष्वज्ञानतः सदा ।**
**ज्ञान-दर्शन-चारित्रा-प्यूत्सर्पन्ति न पार्थिव ! ॥१॥''**

'હે રાજન્ ! સદાને માટે આચારાદિકની અજ્ઞાનતાના કારણે અનાર્ય દેશોની અંદર જ્ઞાન, દર્શન અને ચારિત્ર વૃદ્ધિ પામતાં નથી.'

આ ઉત્તર સાંભળી પરમાર્હત્ શ્રી સંપ્રતિ મહારાજાએ વિનવ્યું કે-'હે ભગવન્ ! આપ

સાધુઓને મોકલીને અનાર્ય દેશોમાં પણ આચારોની સુંદરતાને જાણો તો ખરા ?' મતલબ એજ કે-શ્રી સંપ્રતિ મહારાજાએ પ્રથમથી જ એ કાર્યવાહી કરી લીધી હતી, અર્થાત્ બન્ને વસ્તુતત્ત્વના જ્ઞાતા હતા. અત્યારે તો એવી દશા છે કે-'ઉપસર્ગના યોગે કર્મક્ષય થાય'-આ વાત લઈને ઉપસર્ગ ન આવે તો લાવવાની પેરવી કરવામાં આવે છે ! આવી વૃત્તિવાળાઓ તો જ્વાલામુખી ફાડવાનો પ્રયત્ન કરનારા હોઈ, સ્વપર ઉભયના હિતનો નાશ કરનારા છે. કોઈ પણ વાત કરવા પહેલાં સાધ્ય વસ્તુ ખાસ વિચારવી અને આત્મ સામર્થ્ય તપાસવું. શાસનની રક્ષા માટે પણ સામર્થ્ય જોવું : સામર્થ્ય ગોપવે તે વિરાધક તેમજ સામર્થ્ય ન હોય ને કરવા જાય તો કદાચ એવી સ્થિતિમાં પણ આવે, કે આરાધનાને બદલે વિરાધના લાવે.

જ્ઞાની કહે છે કે-ઉપસર્ગને ટાળવા યોગ્ય પ્રયત્ન કરવો : ટાળતાં છતાં ટળે તેવો નથી એમ લાગે તો થાય તે ખરૂં કહી બેસી જવું જોઈએ, પણ મૂળ વસ્તુ રત્નત્રયી ન મૂકાય : તત્ત્વત્રયીની ઉપાસનાને હાનિ ન પહોંચાડાય ! રત્નત્રયી એટલે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર : તત્ત્વત્રયી એટલે શ્રી અરિહંતદેવ, નિર્ગ્રંથ ગુરૂ અને શ્રી અરિહંતદેવે કહેલો ધર્મ ! અપવાદ હોય. એવો પ્રસંગ આવે કે-રાજાની આજ્ઞાથી ક્રિયા કરવી પડે, ત્યાં અપવાદ, પણ ત્યાંએ મનશુદ્ધિ તો હોયજ. શ્રી કાર્તિક શેઠે રાજાની આજ્ઞાથી તાપસને પારણું

કરાવ્યું. પણ હૃદયમાં શું હતું ? તરત નિર્ણય કર્યો કે-સંસારમાં રહ્યો તો રાજાની આજ્ઞા માનવી પડે ને ! માટે હવે તો અહીંથી છૂટીને સંયમ લેવું. સમ્યગ્દૃષ્ટિ આત્મા આવા પ્રસંગે આવો નિર્ણય કરે. સમ્યક્ત્વની ત્રણ શુદ્ધિ છે. તે ત્રણ શુદ્ધિનું નિરૂપણ કરતાં મહામહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી ગણિવરે ગુજરાતી ભાષામાં પોતાની રચેલી શ્રી સમ્યક્ત્વના સડસઠ બોલની સજઝાયમાં કહ્યું છે કે-

**"ત્રણ શુદ્ધિ સમકિત તણીરે, તિહાં પહેલી મનશુદ્ધિરે;**
**શ્રી જિનને જિનમત વિનારે, જુઠ સકલ એ બુદ્ધિરે. ચતુર વિચારો ચિત્તમાંરે. ૧**
**જિનભક્તે જે નવિ થયું રે, તે બીજાથી નવિ થાય રે;**
**એવું જે મુખે ભાખીએ રે, તે વચનશુદ્ધિ કહેવાયરે. ચતુર. ૨**
**છેદ્યો ભેદ્યો વેદનારે, જે સહેતો અનેક પ્રકારરે;**
**જિનવિણ પરસુર નવિ નમેરે, તેની કાયાશુદ્ધિ ઉદાર રે- ચતુર. ૩**

સમ્યગ્દૃષ્ટિ આત્મા મનથી અને વચનથી તો શુદ્ધ રહી શકે છે, પણ કદાચ દાક્ષિણ્યતા આદિ કારણોથી કાયાથી ઝુકી જવું પડે, પણ હૈયુ તો ન જ ઝુકવું જોઈએ. મનમાં તો વિચારે કે-'હું પ્રમત્ત, હું અસમર્થ !' અને વચનથી પણ એમજ કહે. જો મન અને વચનથી પણ

ગયો, તો તો ખલાસ જ, ગયું જ સમજો. કમતાકાતના યોગે કદાચ કાયા જાય, પણ મન-વચન ન જ જવાં જોઈએ. આ ત્રણ શુદ્ધિ ન જાળવે કે જાળવવાની કાળજી ન રાખે, તે કયી વખતે ધર્મને ઠોકરે મારશે, તે ન કહી શકાય.

**ભક્તિ કરતાં આશાતનાથી બચો !**

ઉપરની શુદ્ધિઓના સેવનના અભાવે તમે જુઓ કે-શ્રી જિનરાજ દેરાસરમાં, ગુરૂ ઉપાશ્રયમાં ને ધર્મ આગમમાં, આવું દેખાય છે કે નહિ ? બહુલતયા આ વાત છે. તમારી પેઢી ઉપર, બજારમાં, તમારો ધર્મ ઈતર જોઈ શકે એવું શું છે ? ઠીક છે, તિલક છે :એથી તમને જૈન માને, પણ જૈન તરીકેની વિશિષ્ટતા બતાવનારૂં શું છે ? તમારી ભાષા, વાતચીત કે કાર્યવાહીમાં કંઈ જોઈ શકે તેવું છે ? હોય તો ઘણું જ સારૂં, વાંધો નથી, પણ એવી કોઈ કાર્યવાહી છે ? એવી કાર્યવાહી જૂએ તો ઈતરને જરૂર થાય છે કે-કોક ઉંચો ! તમે એમ કહો કે-અમારા દેવ, ગુરૂ અને ધર્મ ઉંચા : સામો ડાહ્યો હોય તો કહી દે કે-'એ ઠીક પણ મારા કરતાં તું કેટલો ઉંચો છે ?' આનો જવાબ વાળવાનું સામર્થ્ય છે ? શાસ્ત્ર કહે છે કે-દેવ, ગુરૂ અને ધર્મની વાત કરનારો ખ્યાલ ન રાખે, તો ભક્તિ કરતાં આશાતના ઘણી કરે. શ્રી જિનેશ્વરદેવને પૂજનારો, નિર્ગ્રંથ ગુરૂઓને સેવનારો, અને એમના જ પ્રરૂપેલા ધર્મને

માનનારો, અયોગ્ય કાર્યવાહીની પ્રશંસા કદીજ ન કરે. પરંતુ આજે તો અયોગ્ય કાર્યવાહી માટે ઠપકો દેવો, એજ ભયંકર થઈ પડયું છે. વિચારો કે-માણસાઈ કોનું નામ ? માણસ અને માણસાઈ ભિન્ન છે. શાસ્ત્રે કહ્યું કે- મનુષ્યને શરીર દુર્લભ નથી, પણ મનુષ્યપણું દુર્લભ છે. માણસાઈ વિનાનો માણસ કહેવાય, પણ માણસ છે નહિ,- માત્ર આકૃતિથી માણસ કહેવાય ખરો. માણસ કોનું નામ ? એક પણ પ્રવૃત્તિ વગર વિચાર્યે કરે નહિ તેનું. જ્યારે સામાન્ય મનુષ્યની આ સ્થિતિ હોય, તો હવે જૈનની કેવી હોવી જોઈએ ? જેમાં સ્વપર હિત ન સચવાય, તેવું જૈનથી લખાય કે બોલાય ખરૂં ? અરે બેયનું ન સચવાય તો ભલે, પણ પોતાનું તો પારમાર્થિક હિત સાચવવું જોઈએ કે નહિ ? પારમાર્થિક સ્વહિત સાચવી પરહિત કરનારને જૈનશાસને ઉપકારી કહ્યો છે. સ્વહિતને આઘું મૂકે, તે પરહિત શું કરી શકે ? પોતાના આત્માને આઘો મૂકે ? તે પારકું ભલું કેમ કરી શકે ? દુનિયાદારીમાં એ ખરૂં કે- પૌદ્‌ગલિક સંગ પોતે છોડી પારકાનું ભલું કરે, પણ આત્મા પોતાનું શું છોડે ? સમ્યગ્‌દર્શન, જ્ઞાન અને ચારિત્રમાંથી શું મૂકે ? બીજાના ભલાના બ્હાને શ્રી અરિહંતદેવને આઘા મૂકે, નિર્ગ્રંથ ગુરૂદેવને આઘા મૂકે, કે સમ્યગ્‌દર્શન આદિ ધર્મને આઘો મૂકે, તો પછી રહેજ શું ? એમ કરનારો તો સ્વપર ઉભયનો નાશક જ છે. સમજદાર આત્મા ગમે તેવા પ્રસંગે પણ

પોતાનું પારમાર્થિક હિત ન ચૂકે અને તેમ થાય તોજ તે સ્વપરના હિતનો સાધક બની શકે. ગમે તેવા સંયોગોમાં પણ પરનો ઘાત થાય તેવો પ્રયત્ન, અનંતબલી આત્માનો ન હોય.

**શ્રી નેમિનાથસ્વામિ અને શ્રી કૃષ્ણ**

શ્રી નેમિનાથસ્વામિએ જ્યારે સંયમ નહોતું લીધું ત્યારે જરાસંઘની સાથેના શ્રી કૃષ્ણના યુદ્ધમાં જવા માટે તેમને બધાએ કહ્યું. પોતે ગયા. સામાની અમૂક શક્તિથી શ્રી કૃષ્ણની આખી સેના મૂર્ચ્છિત થઈ. શ્રી નેમીનાથ સ્વામી તથા શ્રી કૃષ્ણ ઉપર તેની શક્તિ ન ચાલી. હવે જો એ શક્તિનો ઉપાય ન થાય, તો અમૂક સમય બાદ સેના મરી જાય. શ્રી કૃષ્ણે નેમીનાથસ્વામિને ઉપાય પૂછયો અને શ્રી નેમીનાથ સ્વામિએ ઉપાય બતાવ્યો. શ્રી કૃષ્ણે કહ્યું કે-'ઉપાય માટે હું જાઉં તો ખરો, પણ આટલી મોટી સેનાને સાચવે કોણ ? મારી ગેરહાજરીમાં એ આખી સેના ઉપર સેના ફેરવી દે તો ?' શ્રી નેમિનાથ ભગવાને કહ્યું કે-'સેના સાચવવાનું કામ મારૂં-સેના બચાવવાનું કામ મારૂં, એક પણ સૈનિક માર્યો ન જાય એની જોખમદારી મારે માથે.' શ્રી કૃષ્ણજી ગયા. હવે અનંતબલના સ્વામી શ્રી નેમનાથ ભગવાન્ શું કરે છે તે જુઓ. ઈંદ્રે પણ તરત પોતાના સારથીને શસ્ત્રો સાથે રથ લઈને મોકલ્યો-ભગવાને આખી સેના ફરતો રથ ઘુમાવવા માંડ્યો. રથ એવા જોરથી ઘુમાવ્યો, કે સામી સેનાને રથ શિવાય

કશું દેખાય જ નહિ. સામેથી શસ્ત્રો આવવા લાગ્યાં તેને, પોતે નિષ્ફળ કરતા ગયા અને પોતે એવી રીતે શસ્ત્રો ફેંકતા કે-સામાનાં શસ્ત્ર કામ કરેજ નહિ. કોઈનો મુગટ ઉડાડી દેતા, તો કોઈનું બખ્તર ભાંગી નાખતા. ત્રણ દિવસ આ પ્રમાણે સેનાને સાચવી, પણ એક પણ લોહીનું ટીપું જમીન પર પડવા દીધું નહિ. અનંતબલવાલા ભગવાને બચાવ કર્યો, પણ આવેશમાં આવીને એક પણ પક્ષના એક પણ સૈનિકનું લોહીનું ટીપું પડવા ન દીધું. સામેની સેનાની અનીતિ હતી-સુતેલા મૂર્ચ્છિત સૈનિકો ઉપર શસ્ત્ર પ્રહાર, એ ખુલ્લી અનીતિ હતી, છતાં ભગવાનનો એક જ મુદ્દો કે, અનીતિ થવા ન દેવી, બચાવ કરવો. અનંત બળવાલા આ રીતે વર્તે. ભગવાન મારવા ધારે તો વાર હતી ? પણ એ ધારેજ નહિ. સામી સેનાએ જાણ્યું કે-આ તો શ્રી નેમિનાથ સ્વામી પોતે છે, કે આપોઆપ બંધ થઈ ગયા. શાસ્ત્ર કહે છે કે-આવા આત્માઓને કષાય કે આવેશ ન હોય.

**જ્ઞાન, આરંભથી બચવા માટે મેળવો !**

જ્ઞાની કલ્પતરૂ, પણ કયારે ? વિનીત હોય તો ! રૂપવાન સદાચારી હોય તો કલ્પતરૂ: સત્તાધીશ નીતિમાન હોય તો કલ્પતરૂ : બલવાન ક્ષમાશીલ હોય તો કલ્પતરૂ : અને લક્ષ્મીવાન દાતાર હોય તો કલ્પતરૂ ! વિનય વિનાનો જ્ઞાની, સદાચાર વિનાનો રૂપવાંન નીતિ

વિનાનો સત્તાધીશ, ક્ષમા વિનાનો બળવાન અને ઉદારતા વિનાનો લક્ષ્મીવાન-આ પાંચે કલ્પતરૂ થવાને બદલે કંટકતરૂ જેવા થાય છે. જે પાંચ દુનિયાને આશિર્વાદ રૂપ નીવડે, તેજ પાંચ શ્રાપરૂપ નીવડે ! વિનય એટલે કર્મક્ષય કરવાનો પ્રયત્ન. વિનયહીન જ્ઞાની શું કરે ? ઉત્પાત ! આજની ધમાલ, આરંભ, સમારંભ બધું શાથી થાય છે ? આજના કહેવાતા જ્ઞાનથી એને જ્ઞાની કેમ કહેવાય ? માટે તો શાસ્ત્રને કહેવું પડ્યું કે-સમ્યગ્ જ્ઞાન એ મુક્તિનું કારણ છે. શ્રી ઉમાસ્વાતિજી મહારાજ કહે છે કે-સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર એ મોક્ષમાર્ગ અને એ 'સમ્યગ્' શબ્દ ત્રણેને જોડવો'- એમ કહે છે. આરંભ-સમારંભમાં કે દુનિયાના પદાર્થોની પ્રાપ્તિમાં જોડે તે જ્ઞાન, સમ્યગ્જ્ઞાન નહિ. આરંભ-સમારંભ કે ધાંધલ આદિને કરાવનાર, અને તથાપ્રકારની કળા શીખવાડનાર જ્ઞાન તે મુક્તિદાયક નથી, પણ સંસારવર્દ્ધક છે. 'મા બાપ કયા સારા ? દુકાન કયી સારી ? આડતીયો કયો સારો ?'-આ બધામાં તો જવાબ આપો કે-'પોષક હોય તે !' છોકરા માટે પણ કહો કે-'છોકરો સારો હોય તો ઠીક, નહિ તો વાંઝીયા રહેવું સારું :' તો અહીં જ્ઞાનની વાતમાં 'સારૂં ખોટું' નહિ જોવાનું એમ ? બધુંજ જ્ઞાન લઈએ, તો તો નખ્ખોદ નીકળી જાય. ચોરીમાં અને લુંટફાટમાંય જ્ઞાન તો જોઈએજ છે. સાર્થવાહને કેમ ઘેરવો અને માલ લુંટી લઈ કેમ ચાલ્યા જવું, એમાં પણ જ્ઞાન તો જોઈએ

છે. દુનિયાની કયી વસ્તુમાં જ્ઞાન ન જોઈએ ? શાસ્ત્ર કહે છે-કે એ બધું જ્ઞાન સંસારવર્દ્ધક-જીવાદિનું જ્ઞાન પણ આરંભના અખતરા માટે નહિ, પણ આરંભથી બચવા માટે છે. એટલા માટે તો શાસ્ત્રે લખ્યું કે-સંસારની પિપાસા ઘટી હોય તો શાસ્ત્ર વાંચજો, નહિ તો આઘા રહેજો. આગમમાં તો બધુંયે લખ્યું છે. વિવાહના પ્રકાર પણ લખ્યા : પણ તે કરવા માટે નહિ. બતાવ્યું કે-બ્રહ્મચર્ય મહાધર્મ છે, એ ન પાળી શકાય તો વધુ અનર્થ ન થાય એટલા માટે આ ઓછા અનર્થ કરનારા, લોકમાં યોગ્ય મનાયેલા પ્રકારો બતાવ્યા. જો વિવાહ કરવા પડે તો, કરો એમ નહિ, પણ કરવા પડે તો પેલા વધુ અનર્થ કરનારા પ્રકારોથી બચો, એમ જણાવ્યું : પણ વિવાહ કરવા જ જોઈએ એમ શાસ્ત્રે નથી કહ્યું. ગૃહસ્થને પૈસો કેટલો જોઈએ ? 'અતિ ઉના ઘીથી ચોપડેલું અનાજ અને સાંધા વગરનું વસ્ત્ર મળી શકે'-આટલા ધનને શ્રાવક ઈચ્છે : આથી અધિક ઈચ્છા કરે તો શ્રાવક પરિણામે ધર્મથી પડે. અધિક ઈચ્છાના પરિણામે તો અનીતિ, પ્રપંચ બધું ઘુસે છે ને ! શાસ્ત્ર કહે છે કે-ધનને મૂકો તો સારી વાત, નહિ તો ન્યાયને ભૂલતા નહિ, માટે 'ન્યાયસંપન્ન વિભવ'-એ ગુણ લખ્યો. વિભવ, એ અનુવાદ અને ન્યાય એ વિધાન. અનુવાદ એટલે બોલાતો શબ્દ બોલવો તે.

**શેઠના છ પુત્રોનું દૃષ્ટાંત**

એક રાજાએ એક દિવસે સ્ત્રીઓનો ખાસ ઉત્સવ હોવાથી હુકમ કર્યો કે-સૂર્યાસ્ત પહેલાં પુરૂષ માત્રે બહાર નીકળી જવું અને બીજે દિવસે સૂર્યોદયે આવવું. એક શેઠના ૬ દીકરાને કાર્યવશાત્ મોડું થયું. નીકળતાં નીકળતાં સૂર્યાસ્ત થયો. બહાર જવા નીકળ્યા એટલે દરવાજા બંધ થયા. ખાળમાં ભરાણા, પણ રાત્રે પહેરેગીરે પકડ્યા. સવારે રાજાએ એમને ફાંસીએ ચઢાવવાનો હુકમ કર્યો. એમનો બાપ શ્રીમાન્ હતો. એ રાજા પાસે આવ્યો અને કહ્યું કે-'રાજન્ ! ઘર, બાર, મીલકત જોઈએ તે લો, પણ મારા છએ દીકરાને મુક્ત કરો !' રાજા કહે કે-'નહિ, હું છને તો નહિ મૂકું'-ત્યારે શેઠ શું કહે ?-'સાહેબ, છ ને મૂકો તો સારી વાત, નહિ તો પાંચને મૂકો !' રાજા પૂછે કે-કોને મારૂં ? તો શેઠ શું કહે ? 'આને મારો એમ કહે ? એ તો એમ કહે કે-'સાહેબ ! મારવાની વાત પૂછવાની હોય ? હું તો વિનંતિ કરૂં છું કે-એકેને ન મારો, છએને મુક્ત કરો, પણ આપ ના પાડો છો ત્યારે કહું છું કે-પાંચને મુક્ત કરો.' એમ કરતાં ચાર, ત્રણ, બે અને એક છોકરા સુધી રાજાની સાથે વાતમાં શેઠ કહે, પણ એ વખતે એક પણ છોકરાને મારવાની એની ભાવના છે ? નહિજ. તેમ મુનિ પણ છકાયનાં પિતા તુલ્ય છે, એટલે છએ કાયના જીવો મુનિવરને પુત્ર સમાન ! મુનિ તો છ

કાયની રક્ષા સમજાવે. ગૃહસ્થ કહે કે-નથી બનતું તો પછી ગૃહસ્થથી જે બને તેનો મુનિ નિયમ આપે. એટલે બાકીની છુટી આપી એમ નહિજ ! કારણ કે મુનિ તો કહે છે કે-એક પણ કાયને મરાય નહિ. મુનિ દેશવિરતિનાં પચ્ચખ્ખાણ આપે, એટલે બાકીની અવિરતિની છુટ આપી એમ ? નહિજ, કારણ કે મુનિ તો પ્રથમ જ સર્વ વિરતિની વાત કરે, અસામર્થ્યના યોગે એનાથી સર્વવિરતિ ન બને, તે કારણે તે જે માગે તે આપે. મુનિ જો નૂતનને આ બધું ન સમજાવે, ન સૂચવે, તો ગૃહસ્થની અવિરતિના પાપનો ભાગીદાર થાય. દુનિયાની કયી ક્રિયા એવી છે, કે જેમાં હિંસા નથી ? તો પછી દુનિયાદારીની કોઈ પણ ક્રિયામાં 'હશે, કરો' એમ મુનિથી કેમ કહેવાય ? છકાયના પીતા તુલ્ય મુનિથી એમ નજ કહેવાય, તમે મુનિવરોને છ કાય જીવના પ્રતિપાળક લખો છો, તે સાચા દિલથી કે નહિ ? જો સાચા દીલથી હોય તો દુનિયાદારીનાં કાર્યોમાં એવું કહેવરાવવા તમે નજ ઈચ્છો ! કાગળમાં તો લખો છો કે-'તરણતારણ જહાજ' તો જહાજનો અર્થ શું ? (સભામાંથી૦ સંસારસાગરથી તારે તે.)

તે શું ? દીક્ષાને ! તો પછી એનો વિરોધ હોય ? નહિજ.

### ✻ ૨૮ ✻

**ધર્મકથા અને વિકથાનો તફાવત**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરીશ્વરજી ફરમાવી ગયા-કે રાગ, દ્વેષ અને મોહથી પરાભવ પામેલા અને એટલા જ માટે શારીરિક તથા માનસિક દુઃખના ઉપનિપાતથી પીડાતાં સઘળાં સંસારી પ્રાણીઓએ, એ દુઃખ તથા દુઃખના મૂળ કારણભૂત રાગ, દ્વેષ તથા મોહને દૂર કરવા માટે-હેય તથા ઉપાદેય પદાર્થોનું જ્ઞાન મેળવવા પ્રયત્ન કરવો જોઈએ. એ જ્ઞાન ન મળે ત્યાં સુધી રાગ, દ્વેષ તથા મોહ જાય નહિ : એ જાય નહિ ત્યાં સુધી દુઃખ ઓછું થાય નહિ? અને સુખની ભાવના સફળ થાય નહિ. હેય તથા ઉપાદેય, પદાર્થોના જ્ઞાન માટે જે વિવેકની જરૂર છે, તેને માટે શ્રી અરિહંત ભગવાન્ જેવા આપ્તના ઉપદેશની આવશ્યકતા છે. અર્હન્ત તે, કે જેમનામાં રાગ, દ્વેષ અને મોહ સર્વથા ન હોય. એ શ્રી અરિહંત ભગવાન્‌ની વાણીને ચાર વિભાગમાં વહેંચવામાં આવી તે કાલે કહી ગયા. 'ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ, દ્રવ્યાનુયોગ તથા ચરણકરણાનુયોગ.'-આ ચારે અનુયોગો પૈકીના ધર્મકથાનુયોગ, ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગ'-આ ત્રણે અનુયોગો ચોથા ચરણકરણાનુયોગની સિદ્ધિ માટે છે, એ પણ જોયું. પ્રાણીઓને ધર્મમાર્ગે વાળે તે ધર્મકથા : પાપમાર્ગથી ખસેડી ધર્મમાર્ગે જોડે તે ધર્મકથા

: પાપથી કંપારી પેદા કરાવી ધર્મ તરફ સદ્ભાવ ઉત્પન્ન કરાવનારી જે કથા તે ધર્મકથા : જે કથાથી પાપ તરફ અરૂચિ પેદા થાય અને ધર્મ તરફ રૂચિ પેદા થાય તે ધર્મકથા ! આવી કથાઓ જેમાં હોય તે ધર્મકથાનુયોગ. જે કથાથી પાપ તરફ અરૂચિ પેદા ન થાય તથા ધર્મ તરફ રૂચિ પેદા ન થાય, તે ધર્મકથા ન કહેવાય. શ્રી શાલિભદ્રજીની તથા શ્રી શ્રેણિક મહારાજા વિગેરે રાજાઓની કથા કરવાની તથા તેમની રાજઋદ્ધિનાં વર્ણન કરવાની ત્યાગીઓને શી જરૂર ? આ ત્યાગીઓ કાંઈ કથા લખનારા લહીયા નહોતા ! ભગવાન્ શ્રી ગણધરદેવો, ચૌદ પૂર્વધરો અને અન્ય શ્રુતધરો, આ બધાય ત્યાગીઓજ હતા. ઘર-બાર, કુટુંબ-કબીલો, સુખ-સાહાબી, પૈસો-ટકો અને મા-બાપ સુદ્ધાં મૂકીને કેવલ મુક્તિમાર્ગની આરાધના માટે જ નીકળેલા ત્યાગી મહર્ષિઓને આવાં વર્ણન કરવાની જરૂર શી ? ગૃહસ્થોની કથા કરવાનું પ્રયોજન શું ? મહેલ, બંગલા, બગીચા કે સોનૈયા આદિના વર્ણન કરવાનો હેતુ શો ?-આ બધું કલ્યાણના અર્થિ આત્માઓએ વિચારવુંજ જોઈએ. એવા જ્ઞાની અને પરમ ત્યાગી પુણ્યપુરૂષો એ બધી વસ્તુઓનું કે ગૃહસ્થાવાસમાં રહેલાઓનું વર્ણન વિના કારણે કરે જ નહિ. એ બધું વર્ણવવાનો હેતુ જ્યાં સુધી વિચારવામાં કે સમજવામાં ન આવે, ત્યાં સુધી ધર્મકથા કરવાનો કે સાંભળવાનો હેતુ કદીજ સફળ ન થઈ શકે : ઉલ્ટું વિપરીત પરિણામ જ આણે.

એજ હેતુથી ઉપકારી પુરૂષોએ ફરમાવ્યું કે-ત્રણે અનુયોગોની સફળતા, ચરણકરણાનુયોગને આધીન છે. જો એ ન આવે તો ત્રણમાંથી એકે અનુયોગની સફળતા સિદ્ધ થવાની નથી. કાં તો ચરણનો અમલ આવે, કાંતો ચરણ ઉપર પ્રીતિ થાય, અથવા ચરણ વિના છુટકો જ નથી એમ થાય, તો તો ત્રણે અનુયોગ સફળ થાય. એ ખ્યાલ આવી જશે તો સમજાશે કે-સાધુએ વ્યાખ્યાન શું કામ વાંચવું, તથા સાંભળનારે શું કામ સાંભળવું. યુદ્ધની, વિષયભોગની, રંગરાગમાં અમૂક અંશે રાચતામાચતાઓની કથાઓ, માબાપને પણ તજીને આવેલા ત્યાગીઓ લખે શું કામ ? આનો હેતુ સમજાય તોજ ધર્મકથાઓનો મર્મ સમજાયો ગણાય. ધર્મકથાનુયોગમાં ચક્રવર્તી, બળદેવ, વાસુદેવ, પ્રતિવાસુદેવ, રાજા, મહારાજા, મંત્રીઓ, શેઠ-શાહુકારોની કથાઓ શા માટે ? શ્રી સનતકુમાર ચક્રવર્તી, શ્રી કૃષ્ણ વાસુદેવ તથા શ્રી શ્રેણિક મહારાજા વિગેરેની વાતો શા માટે ? એ જરા વિચારો ! એ કથાઓમાં કેવલ રાજઋદ્ધિજ વર્ણવી છે, કે તે વર્ણવવા દ્વારા સુંદર ધ્યેય રંજા કર્યું છે ? એ બધી કથાઓ લખવાનો ઉદ્દેશ જ એ છે કે-હેય અને ઉપાદેયનું વિવેકપૂર્ણ જ્ઞાન થાય, પાપ તરફ અરૂચિ તથા ધર્મ તરફ રૂચિ થાય અને પરિણામે ભવ્ય આત્માઓ સંસારરૂપ બંધનથી છુટીને મક્તિપદ પામે.' કહેનાર જો આ ઉદ્દેશ ન જાળવે, તો એ કથા ધર્મકથા તરીકેનું કામ ન કરે, પણ વિકથા તરીકેનું જ કામ કરે. માટે

ધર્મકથાના વાંચનારે ખાસ સાવધાની રાખવાની છે.

**અંતિમ ધ્યેય-ચારિત્ર**

ધર્મી ગણાતા માણસો ધર્મક્રિયા કરતાં, એ ક્રિયા જોઈને જરા ચલવિચલ થનાર કોઈને જોઈને, અગર એ ક્રિયાથી કોઈ હીનભાગીને દુઃખ થાય એ જોઈને, પોતે કેમ ચલવિચલ થતા હશે ? અજ્ઞાન આત્માઓની ચલવિચલતાથી કે હીનભાગીના દુઃખદર્શનથી પુણ્યશાળી આત્માઓએ, આરાધનાના માર્ગથી જરા પણ ચલવિચલ ન જ થવું જોઈએ. ભગવાન્ શ્રી મહાવીરદેવને પામીને કેટલાય આત્મા ધર્મ પામ્યા અને કેટલાય દુર્ગતિમાં ગયા.

'પ્રભુ જંગલમાં ન ગયા હોત, ન વિચર્યા હોત, તો ગોવાલીયા વિગેરે કર્મ બાંધત? વિચરીને પ્રભુએ નાહકનાં કર્મ બંધાવ્યાં શું કામ ? સુધર્મા ઈંદ્રે પાસે રહેવાનું કહ્યું હતું છતાં પ્રભુએ ના શું કામ કહી ? એ હોત તો કોઈ કર્મ તો ન બાંધત ? પ્રભુએ નાહક બીજાને પાપનું કારણ શું કામ આપ્યું ? પોતાને જ કર્મ ખપાવવાં હતાં તો એકાંતમાં ગુપ્તપણે રહેવું હતું, પણ બીજાને કર્મ બંધાય એવું કારણ કેમ આપ્યું ?'-આવા આવા પ્રશ્ન કરનારા ખરેજ અજ્ઞાન છે : કારણ કે-કમભાગ્ય આત્માઓનો સ્વભાવ જ એવો છે કે ઉત્તમ સાધનોને પણ નાશનાં સાધન બનાવે. એથી કાંઈ તેની કારણતા ઉત્તમ સાધનોમાં નથી આવી જતી, અને

જો એમ માનવામાં આવે તો એક પણ આત્મા આ વિશ્વમાંથી મુક્તિને ન સાધી શકે, કારણ કે-કમભાગ્ય આત્માઓની હાજરી શાશ્વતી છે. સુધર્મા ઈંદ્રે કહ્યું કે-ભગવન્ ! આપને પ્રાણાંત ઉપસર્ગ થવાના છે, માટે હું રહું. ભગવાને સ્પષ્ટ ના કહી કે- 'न भूतो न भविष्यति' તીર્થંકરો કદી પણ પારકાના બલે કેવલજ્ઞાન મેળવતા નથી.' પોતાની ધર્મક્રિયાને અંગે જે મહત્તા હોવી જોઈએ તે ન હોય, તો ધર્મી આત્માઓ સર્વોત્તમ શ્રેય સાધેજ શી રીતે ? ધર્મકથામાં આવે છે કે-પુણ્યવાન આત્માઓ બ્રહ્મચારી બને, દાતાર બને, તપસ્વી બને, અને એમને જોઈને કોઈ કોઈ હીનભાગી આત્માઓ કર્મબંધ કરે : તેવે સમયે પણ જે ધર્મીઓએ પોતાપણું ન મૂક્યું, તેઓજ ધર્મ આરાધી મુક્તિએ ગયા છે. ઘરમાં, બજારમાં બધે તમે રાજકથા, દેશકથા, સ્ત્રીકથા, ભોજનકથા તો કરો છો અને અહીં પણ એજ થાય તો ફેર શું ? રાજા હતો, રાણી હતી, છોકરાં જન્મ્યાં, ગાદીએ બેઠાં, મરી ગયાં, મસાણે ગયાં, સળગી ગયાં, લડાઈ થઈ, તોપગોળા ફુટ્યા, મારપીટ થઈ, ધમાચકડી થઈ,-આ તો બધું આજે પણ થઈ રહેલ છે. પણ ધર્મકથાનું પરિણામ શું ? જો પરિણામ ન આવે તો, આંખમાંથી પાણી નીતરવું જોઈએ. સાંભળ્યા છતાંયે હતા તેવા ને તેવા શીથીલતાનાં પુતળાં જેવા જ રહો, અને 'હશે ત્યારે' 'હશે ત્યારે'-એમ કર્યા કરો, એ તો ભયંકર જ ગણાવું જોઈએ. શરદી એ ભયંકર છે :

ગરમીના તો ઉપાય છે પણ શરદીના તો ઉપાય પણ નથી મળતા. ભયંકર શરદીથી ન બચાય. ચિકિત્સકો પણ કહે છે કે-'ગરમીનો વાંધો નહિ, પણ જો વધુ પડતી શરદી થઈ જાય, તો તો વિચારવાની વાત.' તેમ ધર્મિ પણ શિથિલ ન હોવો જોઈએ. માટે ધર્મીની ધર્મક્રિયામાં દઢતા કેટલી જોઈએ ?-એ વિચારવું ઘટે. જો એ સમજાઈ જાય, તો અનુયોગ ફળે, નહિ તો વાંચનાર વાંચે ને તમે 'જી સાહેબ' કહો, એમાં પરિણામ શું આવે ? હું તમને શાલિભદ્રની કથા તો કહું, પણ પછી પૂછું કે-'સાંભળ્યું શું ? ધાર્યું શું ? અને નિર્ણય શો કર્યો ?' કારણ કે-દરેક કથાના ઉપસંહારમાં કહેવાય છે કે-અયોગ્યને તજો અને યોગ્યનો સ્વીકાર કરો. હવે મારા તે પ્રશ્નોના ઉત્તરમાં કહો કે-'ઋદ્ધિસિદ્ધિનું વર્ણન બહુજ ધ્યાનપૂર્વક સાંભળ્યું અને ધાર્યું તથા નિશ્ચય પણ નવાણું પેટીઓ મેળવવાનો કર્યો'-તો અમારો ને તમારો મેળ કેમ મળે ? અને શાસ્ત્રકારના આશયને તમે ઝીલ્યો, એમ કેમ કરીને કહેવાય ? કારણ કે-શાસ્ત્રકારનું ધ્યેય હેયનો ત્યાગ કરાવી ઉપાદેયને અંગીકાર કરાવવાનું છે અને અમારી પણ મહેનત તેજ માટે હોવી જોઈએ, અને આજ કારણે શાસ્ત્રકાર મહર્ષિઓના કથન મુજબ અમો કહીએ છીએ કે-'ત્રણે અનુયોગોનું પરિણામ ચોથો 'ચરણકરણાનુયોગ' છે. ચોથા યોગ પ્રત્યે રૂચિ ન થાય, તો ત્રણે યોગ નિષ્ફલપ્રાયઃ છે. શ્રી જિનેશ્વરદેવે બધું કહ્યું-કથાઓ પણ કહી,

ગણિત પણ કહ્યું, સંખ્યાવાર વસ્તુઓ કહી, વસ્તુનાં સ્વરૂપ કહ્યાં, એક પણ વસ્તુ રહેવા ન દીધી. આત્મા કેટલા અને કેટલા પ્રકારના ? કયાં કયાં રહે ? કેવી રીતે રહે ? ઉત્પન્ન થાય કઈ રીતે ? મરે કઈ રીતે ? પરિવર્તન કેવા કેવા પ્રકારે પામે ?-આ બધી પંચાતમાં શ્રી જિનેશ્વરદેવો એજ માટે ઉતર્યા કે-આત્મા આ બધું જાણે તોજ સાચા માર્ગે આવી શકે. આથીજ તમે કહેલી સઘળી વસ્તુઓના હેતુઓને વિચારો અને વિચારશો તો સમજી શકશો કે-ચારિત્ર એજ એક અંતિમ ધ્યેય છે અને તે પણ આત્માની આ સંસારથી મુક્તિને માટે જ છે.

**ધર્મ, મુક્તિની અભિલાષાએ કરો !**

કોઈ તમને પૂછે કે-દુકાન, નોકરચાકર, ગાદીતકીયા, ફરનીચર, ટેબલ, ખુરશી, આ બધું શા માટે ? અને ભાડું ભરીને આ બધી ધાંધલ શા માટે ? માલનો આટલો બધો ઢગલો શું કામ કર્યો છે ?' તમે ત્યાં તો 'કમાઈને સુખી થવા માટે' એમ ઝટ કહી દો. એજ રીતે શ્રી તીર્થંકરદેવો, શ્રી ગણધરદેવો અને પૂર્વધર વિગેરે મહર્ષિઓએ આ કહ્યું એનું એક જ કારણ કે-તમે બધા ચરણકરણાનુયોગમાં આવો અને મુક્તિપદ સાધી શકો. ભવ્યો ઉપર ઉપકાર કરવા માટે જ આ બધું કહ્યું અને એ કહેવાનો એક જ પવિત્ર હેતુ કે-દરેક આત્માઓ

આશ્રવમાંથી નીકળી સંવરના સેવક થઈ મુક્તિએ જાય, ધર્મકથાનો પણ હેતુ એકજ કે-કથા સાંભળી સાંભળનારને પાપ તરફ અભાવ થાય અને ધર્મ તરફ સદ્‌ભાવ જાગે. રાજ-ઋદ્ધિ-સિદ્ધિ આદિ દુનિયાની સઘળી વસ્તુ હેય તરીકે ભાસે અને રત્નત્રયી ઉપાદેય તરીકે ભાસે, તથા મુક્તિ એ સાધ્ય બને. કથા સાંભળતાં એમ થવું જોઈએ કે-જ્ઞાની પુરૂષો પણ જેઓની પ્રશંસા અને જેઓનાં ઘરબાર અને લક્ષ્મી વિગેરેનાં વર્ણન કરે, તેઓ કેવાક હશે ? જ્ઞાની પુરૂષો વર્ણન કરે એમાં જરૂર ગંભીર હેતુ હોવો જ જોઈએ. શ્રી શાલિભદ્રે પૂર્વ ભવમાં દાન દીધું, સુખી થયા, દીક્ષા લીધી આટલું જ લખ્યું હોત તો ? શ્રી શાલિભદ્રને આવી સાહ્યબી, આટલી સ્ત્રી, નવાણું નવાણું પેટી ઉતરે, દેવતાઈ ભોગ ભોગવે,-આવું વિસ્તૃત વર્ણન શા માટે ? એકજ હેતુ કે-'એવા પરમસુખી પણ એક સામાન્ય નિમિત્ત માત્રથી ચેત્યા અને ચેત્યા કે તરત જ, એ બધા સુખને દુઃખ માનીને નીકળી ગયા.' એ વાત જગત્ સમજે. મુક્તિની અભિલાષાએ કરાયેલ ધર્મથી જે સુખ સામગ્રી મળે છે, તે ગમે તેટલી મળે તો પણ અનુકૂળ મળે, એ પણ બતાવવામાં હેતુ છે. તમને તો જે કાંઈ મળ્યું તેમાં પણ તમે પરાધીન. પેલા મહાપુરૂષોને સામગ્રી પોતાને આધીન હતી. શ્રી શાલિભદ્રને કે કોઈપણ પુણ્યાત્માને એક પણ એમ ન કહે કે-તમે આમ કરો. અને આજે તો સામગ્રી કહે તેમ જ તમારે કરવું પડે. પેલા

મહાપુરૂષો મુકીને જતા, તો સામગ્રી એમની પાછળ જતી, અને તમને સામગ્રી મૂકે તો તમે સામગ્રી પાછળ ઢસડાઓ છો. આ ભેદ કોના ઘરનો ? માનવું જ પડશે કે-મુક્તિ માટે કરવાના ધર્મમાં કરેલી પૌદ્‌ગલિક લાલસાના ઘરનો. મુક્તિ માટે જ કરેલા ધર્મના પ્રતાપે થયેલા ચક્વર્તીને સામગ્રી પાર વિનાની મળતી, તોયે એ સામગ્રી એમને મુંઝવતી નહોતી. આ વાત એકે એક પુણ્યાનુબંધી પુણ્યવાળા માટે સમજવી. આવા પુણ્યશાલી પુરૂષો કર્મયોગે સંસારમાં રહે છે, તો પણ સ્વાધીનપણે અને વિરક્ત હૃદયે ! અવસરે તેઓ ચેત્યા વિના રહેતા જ નથી : પ્રસંગે પ્રસંગે તેઓની વિશિષ્ટ વિવેકદૃષ્ટિ સત્યાસત્યનો વિવેક કર્યા વિના રહેતી જ નથી : એ સઘળો પ્રભાવ મુક્તિ અર્થે આચરેલા ધર્મનોજ છે. માટે ધર્મ, મુક્તિની અભિલાષાએ કરવો એજ હિતાવહ છે. એ ધર્મના યોગે મળેલી સામગ્રી મૂકવામાં મુંઝવણ થતી નથી અને તે સામગ્રી પણ પ્રાયઃ અનુકૂળ જ થાય છે. શ્રી દશાર્ણભદ્ર રાજાએ મૂક્યું તો વિચાર ન કર્યો. વિચાર કરવો પડે એ એક ભયંકરતા છે, અર્થાત્ સાચી માલીકી જ નથી.

**હેતુ અને દૃષ્ટાંત બંને જરૂરી છે**

પોતાના હાથ નીચેના સન્માર્ગે જતા હોય, તેઓએ અમને પૂછવું જ જોઈએ-એવો અધિકાર ધરાવવાની વાતો કરનારા વસ્તુતઃ અધિકારના સ્વરૂપને સમજતા જ નથી. લાભનો

સોદો કરી આવનાર નોકરને શેઠ શું કહે ? કેમ ન પૂછ્યું એમ કહે ? ગેરલાભનો સોદો હોય તો તો કહે, લાભનો સોદો ચાલતો હોય તે વખતે, 'ઉભા રહો શેઠને પૂછી આવું'-કહીને શેઠને પૂછવા આવે, તો શેઠ શું કહે ? વાલીએ કે વડીલે, પોતાના હાથ નીચેના પોતાની ઈચ્છાપૂર્વક સન્માર્ગે જાય, તો એવો હક્ક ન ધરાવવો જોઈએ કે-'અમને કેમ ન પૂછે ?' એને તો એવો આંનદ થાય કે-મારો વારસ એવો છે કે-સીધો સન્માર્ગે જાય છે. એમાં આબરૂ વધે કે જાય ? દુનિયાના વ્યવહાર સાથે ત્યાગને અથડામણ તો રહેવાની જ. આ વસ્તુ સંભળાય ત્યારે આત્મા તન્મય બનવો જોઈએ, હિતકર શિક્ષા આપવામાં આવતી કટુતા મધુર લાગવી જોઈએ. ઉપકારી પુરૂષોએ હિત માટે કટુ અને ન સહી શકાય તેવા શબ્દો પણ વાપર્યા છે. પણ તેમાંથી કેવળ કરૂણાના જ ઝરા વહેતા જોઈ શકાય છે. શ્રી વીતરાગસ્તોત્રમાં શ્રી વીતરાગદેવ પ્રત્યે મત્સર ધરાવતા આત્માઓને ઉદ્દેશીને કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજા લખે છે કે-

**''अनेडमूका भुयासु-स्ते येषां त्वयि मत्सरः ।**
**शुभोदर्काय वैकल्य-मपि पापेषु कर्मसु ॥१॥''**

'હે નાથ ! નિષ્કારણ ઉપકારી એવા તારે વિષે જેઓને મત્સરભાવ છે, તેઓ વાણી

અને શ્રુતિ વિનાના હો !-કારણ કે ભવાભિનંદી આત્માઓને પાપકર્મોમાં ઈંદ્રિયોનું વિકલપણું એ પણ શુભ ફલને માટે થાય છે.'

ભગવાન્ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના આશયને વિચારશો તો સમજી શકશો કે-એ કથનમાંથી કેવલ કરૂણાનો જ ઝરો વહે છે અને તેમાં એકાંતે ઉપકારની જ ભાવના તરવરે છે. ઈંદ્રિયો પામીને એ પામનારા નરકાદિક ભયંકર દુર્ગતિમાં જાય, તેના કરતાં ઈંદ્રિયો ન પામે એમાં ખોટું શું છે ? જે વાણી શ્રી વીતરાગદેવ પ્રત્યે મત્સરભાવ ફેલાવે, તે વાણી બોલવાની શક્તિ ન મળે એમાં ખોટું પણ શું છે ? જે શ્રુતિ કેવલ શ્રી વીતરાગદેવ અને તેમની આજ્ઞાના અવર્ણવાદને જ સાંભળવામાં રક્ત હોય, તે શ્રુતિનો અભાવ શું ખોટો છે? આથી સ્પષ્ટ છે કે-આ મહર્ષિ, કોઈને સામગ્રી મળે એમાં નારાજ નથી, પણ જો એ સામગ્રી દ્વારા નરકે જવાતું હોય, તો બહેતર છે કે-એ સામગ્રી ન મળે. વૈદ્ય કે માતાપીતા દરદીને કુપથ્ય ખાવા દે ? નહિજ. દરદી ન માને તો હાથ પણ બાંધે : ખૂબ સન્નિપાત થયો હોય તો થાંભલે પણ બાંધે : એનું કારણ શું ? એજ કે-દરદી અકસ્માત્ દોડે, ટીચાય અને તેથી હેરાન થતો હોય તે ન થાય. આ મહાપુરૂષોએ વસ્તુનું વર્ણન કરવામાં કમીના રાખી નથી: પણ આશય એજ કલ્યાણનો ! ધર્મકથામાં વર્ણન બધી જાતનું આવે, પણ તે કલ્યાણના જ

આશયથી ! બાપ પોતાના દીકરાને આંખ લાલ કરીને પણ 'બેવકૂફ, નાલાયક' વિગેરે વિગેરે કહે, તો તેથી દીકરો એમ માને કે-'મને ફજેત કરવા કહે છે ?'-નહિજ, કારણ કે-'સાચા પિતાના હૃદયમાં દીકરાના હિત શિવાય બીજું કશું હોતું જ નથી.'

(પ્રશ્ન-ભાષાસમિતિ જોઈએને ?)

ભાષાસમિતિ એટલે શું એ સમજો. જે વચન દ્વારા 'ઉન્માર્ગનું ઉન્મૂલન થાય અને સન્માર્ગનું સ્થાપન થાય'-તેનું નામ ભાષા સમિતિ ! ઉન્માર્ગની પ્રવૃત્તિ ખસેડવા જે શબ્દો કહેવા જોઈએ, તે છતી શક્તિએ ન કહેતો તે 'ભાષા સમિતિનો ભંગ કરનાર છે'-એમજ કહેવાય. આજ કારણે ભગવાન્ શ્રી ઉમાસ્વાતિજી વાચકવરે એજ ફરમાવ્યું કે-'પર રોષ પામો કે તોષ પામો તેની દરકાર કર્યા વિના, હિતકર ભાષા તો બોલવી જ જોઈએ.'

અનુમાનમાં-પક્ષની સ્થાપના, હેતુ અને દૃષ્ટાંત જોઈએ. પક્ષની સ્થાપના માટે હેતુ અને તે માટે દૃષ્ટાંત. પર્વતમાં ધૂમાડો દેખાય, તો કહેવાય કે-ત્યાં અગ્નિ છે. કોઈ પૂછે કે-શાથી? તો કહેવાય કે-ધૂમ્ર દેખાય છે એથી. કોઈ પૂછે કે-ધૂમ્ર દેખાય ત્યાં અગ્નિ હોય એ શાથી જાણ્યું ? તરત એ હેતુના સમર્થનમાં દૃષ્ટાંત દેવાય કે-રસોડામાં એ વસ્તુ સ્પષ્ટપણે દેખાય છે. પક્ષની સ્થાપના માટે જેટલો જરૂરી હેતુ, તેટલું જ જરૂરી દૃષ્ટાંત. દૃષ્ટાંત વિના સામાને

એક પણ વસ્તુ ઠસાવી શકાય નહિ. ચરણકરણાનુયોગ વિના મુક્તિ નથી, એ સાબીત કરવા જ્ઞાનીએ હેતુભૂત દ્રવ્યાનુયોગ કહ્યો : હેતુભૂત ગણિતાનુયોગ પણ કહ્યો અને દૃષ્ટાંતભૂત ધર્મકથાનુયોગ પણ કહ્યો. જ્ઞાની કહે છે કે-અનંત સુખ જોઈતું હોય, તો આશ્રવ છોડી સંવરને સેવ્યા વિના છુટકો જ નથી : વળી સંવર તો આવતાં કર્મને રોકે, પણ અંદરના કર્મને કોણ કાઢે ? માટે તપ વિના પણ છુટકો નથી. આ વસ્તુ બતાવવા દ્રવ્યાનુયોગ તથા ગણિતાનુયોગ બસ છે, કેમ કે વસ્તુ, વસ્તુનું સ્વરૂપ અને તેની સાધના માટેના જે હેતુઓ, તેના તે ભંડાર છે. એની સાબીતી માટે દૃષ્ટાંતરૂપ ધર્મકથાઓનો મોટો ગંજ છે. ધર્મકથામાંથી એ લઈ શકાય કે, જે આત્માઓ આશ્રવમાં લેપાયા તે સંસારમાં રૂલ્યા અને જે આત્માઓ આશ્રવથી ખસ્યા અને સંવરમાં આવ્યા, એ આત્માઓ તપથી કર્મનિર્જરા કરી, કેવળજ્ઞાન મેળવી, મોક્ષે ગયા.

**મુનિ ભાવાનુકંપાના ધણી છે !**

કથાનુયોગમાં આ બધી વાતો ઝીણવટથી કરી છે. શ્રી તીર્થંકરદેવના આત્મા માટે પણ પક્ષપાત નથી. એમના આત્માએ પણ પૂર્વભવોમાં જો આશ્રવની સેવા કરી, ભૂલેચૂકે પણ આગમને ઠોકરે માર્યું, ભૂલેચૂકે પણ ઉત્સૂત્રભાષણ કર્યું, તો કર્મે એમને પણ લાત મારી નરકે

મોકલ્યા. કર્મરાજાએ જણાવી દીધું કે-રખડો હમણાં, હજી તમારે વાર છે. એ આત્માએ પણ જાગૃત થયા પછી ભૂલ કબૂલ કરી, ભૂલથી બચ્યા, કર્મક્ષયના માર્ગમાં પ્રયત્ન કર્યો, આશ્રવનો ત્યાગ કર્યો, સંયમનો સ્વીકાર કર્યો, તપથી નિર્જરા કરી, વીસ સ્થાનકની આરાધના કરી, મોટી મોટી તપશ્ચર્યાઓ કરી ! 'સવિ જીવ કરૂં શાસન રસી'-એ ભાવનાને મજબૂતપણે કેળવી, અને તીર્થંકરનામકર્મ નિકાચિત કર્યું-ત્યારે જ એ આત્મા પણ તીર્થંકર થયા અને તીર્થની સ્થાપના કરી મુક્તિએ ગયા. તીર્થંકરનો આત્મા છે માટે 'હશે, વાંધો નહિ, ભલે બોલ્યા, એમાં શો વાંધો'-આવો કાયદો શ્રી જૈનશાસનમાં નથી. 'અહિં પણ ધર્મ છે અને ત્યાં પણ ધર્મ છે.'-આવું બોલનાર મરીચિ, શ્રી તીર્થંકરનો આત્મા હતો, ત્રણ લોકનો નાથ થવાનો હતો, સંખ્યાબંધ આત્માનો તારક થવાનો હતો, છતાં એની ભૂલ માફ થઈ ? નહિજ. એ ભૂલના યોગે કોટાકોટિસાગર પ્રમાણ સંસારની વૃદ્ધિ થઈ. ધર્મકથાનુયોગમાંથી સાર કેવો નીકળે છે, તે વિચારો ! એ મહાવીરભગવાન્ના આત્માને પણ સાતમીએ જવું પડ્યું. એમાં કાંઈ ચાલે ? સ્થૂલિભદ્રસ્વામી ચૌદ પૂર્વી-શ્રુતકેવલી, જેમને ગ્રંથકાર પણ ભગવાન શબ્દથી સંબોધે, પણ એ પણ જ્યાં ભૂલ્યા ત્યાં સ્પષ્ટ લખ્યું કે-ભગવાન સ્થૂલિભદ્ર પણ-શ્રુતકેવલી પણ પ્રમત્ત થયા. શ્રી સ્થૂલિભદ્ર સ્વામી એકવાર પોતાના મિત્રને ઘેર ગયા. મિત્ર ઘેર નહોતો.

દેશના દેવા માંડી, પણ ઘડી ઘડી આંગળી થાંભલા તરફ કરતા હતા. દેશના દઈ ગયા પછી મિત્ર આવ્યો. સ્ત્રીએ વ્યતિકર (બનાવ) કહ્યો કે-''શ્રી સ્થૂલિભદ્ર મહાત્મા આવી ગયા, તમે ઘેર નહોતા તો દેશના દઈને ગયા.'' મિત્રે પોતાની સ્ત્રીને પૂછયું કે-દેશનાજ દીધી કે કંઈ કહી પણ ગયા ?'' સ્ત્રીએ કહ્યું કે-'કહ્યું તો કાંઈ નથી., પણ વારંવાર આંગળી આ થાંભલા તરફ કરતા હતા.' મિત્ર વિચક્ષણ હતો. થાંભલાને તોડી એમાંથી નિધાન કાઢ્યું. ગ્રંથકાર લખે છે કે-ભગવાન સ્થૂલિભદ્રને પણ જ્ઞાન મદ થયો, ભૂલ્યા, પ્રમત્ત બન્યા. સાત બહેનો જ્યારે વંદના કરવા આવી ત્યારે-'હું બી કાંક છું'-એમ બતાવવા સિંહનું રૂપ વિકુર્વ્યું હતું. બ્હેનો ભય પામી ગુરૂ પાસે ગઈ, ગુરૂએ જાણ્યું કે-હવે આ સ્થૂલિભદ્ર વિદ્યાને અયોગ્ય છે: એને જ્ઞાનનો મદ થયો. બ્હેનોને કહ્યું કે-ફરીને જાઓ. ફરીને ગઈ ત્યારે શ્રી સ્થૂલિભદ્ર બેઠા હતા. વંદના કરીને સ્થાને ગઈ. ગુરૂએ તરત તેમને વિદ્યાને અયોગ્ય જણાવી દીધા. ભલે પછી સંઘના આગ્રહથી બાકીનાં પૂર્વો ભણાવ્યાં, પણ તે અર્થ વિના ! આપણો મુદ્દો એ છે કે-ચૌદ પૂર્વીનો પણ દોષ આ શાસ્ત્રે છુપાવ્યો ? નહિજ.

(પ્રશ્ન-મિત્રની અનુકંપાથી કર્યું હોય તો ?)

અનુકંપા કેટલી જાતની ? બે જાતની ! દ્રવ્ય અનુકંપા અને ભાવ અનુકંપા. મુનિ તો

ભાવ અનુકંપાના ધણી છે. ગૃહસ્થ શ્રાવક દુઃખીને જોઈ શક્તિસંપન્ન છતાં એનું દુઃખ દૂર કરવા દ્રવ્યાનુકંપા ન કરે તો એનું ધર્મીપણું ઝાંખું પડે અને પરિણામે ન પણ ટકે : પણ મુનિ તો ભાવઅનુકંપાના સ્વામી. મુનિ સમાધિ આપે. દરેકથી પોતપોતાની હદનો અમલ થાય. ધર્મકથાનુયોગમાંથી એકે એક વસ્તુનો વિવેક પામી શકાય છે. મહાપુરૂષો જે માર્ગે ચાલે, તેની હદ જાણવી જોઈએ. ઉત્તરાધ્યયન સૂત્રમાં શ્રી સ્થૂલિભદ્રની વાત આવે છે. ત્યાં સ્પષ્ટ લખ્યું કે-ભગવાન સ્થૂલિભદ્ર ચૌદપૂર્વધર પણ પ્રમત્ત થયા. જો એમની એ કાર્યવાહીમાં દોષ ન હોત, તો પ્રમત્ત કેમ કહેત ? સાત બહેન વંદન કરવા આવી ત્યાં સિંહનું રૂપ બતાવ્યું, એ કાર્યવાહીથી વિદ્યાને માટે ગુરૂશ્રીએ અયોગ્ય કહ્યા.

**મૂર્છા ઉતારવા માટે દાન છે !**

સંસારની એકે-એક વસ્તુ જ્ઞાનીપુરૂષોની દૃષ્ટિએ દુઃખમય, દુઃખરૂપ અને દુઃખફલક છે. આથીજ જ્ઞાનીપુરૂષોએ લક્ષ્મી, શરીર, ખાનપાન કે યથેચ્છ વિચારોને ધર્મરૂપ ન કહેતાં-દાન, શીલ, તપ અને ભાવનાને જ મુક્તિના હેતુ તરીકે ઓળખાવેલ છે. પરમ મુનિઓ ફરમાવે છે કે-

''दानं सुपात्रे विशदं च शीलं,
तपो विचित्रं शुभभावना च ।
भवार्णवोत्तारणयानपात्रं,
धर्मश्चतुर्द्धा मुनयो वदन्ति ॥१॥''

''સુપાત્રમાં દાન, નિર્મલ શીલ, વિચિત્ર પ્રકારનો તપ અને શુભ ભાવના'-આ ચારે પ્રકારનો ધર્મ સંસારરૂપ સાગરથી તારવા માટે 'યાનપાત્ર' એટલે જહાજ સમાન છે.'

દાન એ ધર્મ અને લક્ષ્મી એટલે અનર્થ. લક્ષ્મી અનર્થનું કારણ ન હોય, તો દાન દેવાનું જ શું કામ ? દાન દેવાનું શાસ્ત્રે કોને કહ્યું ? જેઓ લક્ષ્મીની મૂર્ચ્છામાં પડ્યા છે તેઓને : જેઓએ સર્વથા મૂર્ચ્છા છોડી-લક્ષ્મીમાત્રનો ત્યાગ કર્યો, તેઓને માટે દાનનું નથી કહ્યું.

(પ્રશ્ન૰ દ્રવ્યદાનની વાતને ?)

હા, ભાવદાન માટે તો વાંધો જ ક્યાં છે ? જેમાં કોઈ જાતનો અનર્થજ નથી, હાનિજ નથી, આપત્તિ જ નથી, સામાના ભૂંડાની સંભાવના પણ નથી, તેવા ભાવદાનમાં વાંધો જ શો છે ?

શાસ્ત્રે દાનને ધર્મ કહ્યો પણ લક્ષ્મીને નહિ, દાન લક્ષ્મીથી થાય માટે લક્ષ્મી પણ ધર્મ-

એમ જો કહો તો, લક્ષ્મી શાથી મળે ? વ્યાપારથી. માટે વ્યાપાર પણ ધર્મ, વ્યાપારમાં આરંભ-સમારંભ થાય એ પણ ધર્મ, આરંભ-સમારંભમાં જીવઘાત વિગેરે ક્રિયા થાય તે પણ ધર્મ, અને જો આ બધી જ વસ્તુ ધર્મ રૂપ થાય, તો પછી અધર્મ શું ? જ્ઞાનીએ દાનને ધર્મ કહ્યો. હેતુ ? એજ કે-લક્ષ્મી વિગેરે ઉપરથી મૂર્ચ્છાને ઉતારવી. લક્ષ્મી વિગેરે ઉપરથી મૂર્ચ્છા ઉતરે તો ધર્મ તરફ સદ્‌ભાવ જાગે, માટે દાન એ ધર્મ કહ્યો. એવીજ રીતિએ શરીરસેવાને ધર્મ ન કહ્યો, પણ શીલ અને સદાચારને ધર્મ કહ્યો, ખાવાપીવામાં ધર્મ ન કહ્યો પણ તપને ધર્મ કહ્યો, અને યથેચ્છ વિચારોને ધર્મ ન કહ્યો પણ 'આપ્ત વચન' રૂપ આગમને અનુસરતા શુભ વિચારોને જ ધર્મ તરીકે ઓળખાવ્યો.

**શ્રી તીર્થંકરદેવનો વાદ ન લેવાય**

આથીજ કહેવું પડે છે કે-શાસ્ત્રની વાર્તાને ભ્રમણા ન થાય તેવી રીતિએ હૃદયમાં ઉતારો. આજના અજ્ઞાનીઓ તરફથી પોતાના દોષો અને પોતાની શીથીલતા છુપાવવા માટે વાત વાતમાં શ્રી તીર્થંકરની વાતો પકડવામાં આવે છે. શ્રી તીર્થંકરદેવ તો લોકોત્તર પુરૂષ છે : એ લોકોત્તર પુરૂષોના વાદ આપણાથી ન થાય. મોટાના પગલામાં પગ ન મૂકાય. બળવાન સાથે બાથ ભીડીએ તો મરીએ નહિ તો માંદા તો જરૂર પડીએ. દીક્ષાની બાબતમાં

અજ્ઞાનતાથી આજ્ઞાના સ્વરૂપને સમજ્યા વિના, ભગવાન્ શ્રી મહાવીરદેવની વાતને લેનારને પૂછો કે-'શ્રી તીર્થંકરદેવો તો બધાજ માન્ય છે ને ! તો બીજાની વાત પણ લ્યોને ? શ્રી ઋષભદેવસ્વામી તથા શ્રી નેમનાથસ્વામી પણ તીર્થંકરદેવ જ હતા ને ? 'શ્રી ઋષભદેવસ્વામીએ સંયમનો સ્વીકાર કર્યા પછી, ભગવતી શ્રી મરૂદેવા માતાએ એક હજાર વરસ સુધી રોઈ રોઈને આંખો પણ ગુમાવી હતી'-એ કોણ નથી જાણતું ? 'રૂદનપૂર્વક પરણવાનો આગ્રહ કરતા માતાપિતાદિને રોતા મૂકીને પણ શ્રી નેમનાથસ્વામી પાછા ચાલ્યા આવ્યા છે'-એ વાત કોણ નથી જાણતું ? જ્યારે ભગવાન્ શ્રી નેમનાથસ્વામીએ પોતાના રથને પાછો ફેરવ્યો, ત્યારે ભગવાન્ શ્રી નેમનાથસ્વામીના પિતા, માતા અને કૃષ્ણજી આદિ બંધુવર્ગ, શ્રી નેમનાથસ્વામીની સામે આવીને ઉભો રહ્યો અને માતા 'શિવાદેવી' અને 'સમુદ્રવિજય' પિતા, રોતી આંખે શ્રી નેમનાથસ્વામીજીને કહે છે કે-'આ ઉત્સવથી અકસ્માત્ તું કેમ પાછો ફરે છે?' આ પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ શ્રી નેમનાથસ્વામીજી સ્પષ્ટ અક્ષરોમાં કહી દે છે કે-

**''नेमिरप्यब्रवीदेते, प्राणिनो बन्धनैर्यथा ।**
**बद्धास्तथा वयमपि, तिष्ठामः कर्मबन्धनैः ॥१॥**

**यथैषां बन्धनान्मोक्षः कर्मबन्धात्तथात्मनः ।**
**कर्त्तुं दीक्षामुपादास्ये, सौख्याद्वैतनिबन्धनाम् ॥२॥''**

'જેમ આ પ્રાણીઓ બંધનોથી બંધાયેલાં રહ્યાં હતાં, તેમ અમે પણ કર્મરૂપ બંધનોથી બંધાયેલા જ રહ્યા છીએ. માટે જેમ આ પ્રાણીઓનો બંધનથી મોક્ષ થયો, તેમ કર્મબંધથી આત્માનો મોક્ષ કરવા માટે, અદ્વૈત સુખની કારણભૂત દીક્ષાને હું અંગીકાર કરીશ.'

આવા ઉત્તરને સાંભળીને ભગવાન શ્રી નેમનાથસ્વામીનાં માતા-પિતા મૂર્છિત થયાં અને સઘળા યાદવો રોવા લાગી ગયા. ભગવાનનાં માતા-પિતાને રોતાં રોકી કૃષ્ણજીએ વૈરાગ્યનું કારણ પૂછી-માતા, પિતા અને બંધુઓના મનોરથોને પૂરવાની વિનંતિ કરી અને વધુમાં વિનવ્યું કે-

**''पितरौ शोकनिमग्नौ, नह्युपेक्षितुमर्हसि ।**
**तत्रापि हि कुरु भ्रातः ! सर्वसाधारणीं कृपाम् ॥१॥''**

'હે ભાઈ ! શોકમાં નિમગ્ન થયેલ માતાપિતાની ઉપેક્ષા કરવા માટે તું યોગ્ય નથી, માટે તેઓ ઉપર પણ સર્વને વિષે સાધારણ એવી કૃપાને કર.'

ઉત્તરમાં ભગવાન્ શ્રી નેમિનાથસ્વામીજીએ કહ્યું કે-

"अथोचे भगवान्नेमिः पित्रोः शोकस्य कारणम् ।
न किंचिदपि पश्यामि, भवतां चापि बांधव ! ॥२॥"

'હે બાંધવ ! માતાપિતાને અને તમને બધાને પણ કાંઈ શોકનું કારણ હું જોઈ શકતો નથી.'

કારણ કે-

"वेराग्यकारणं मे तु, चतुर्गतिरयं भवः ।
दुःखान्येवानुभूयंते, यत्रोत्पन्नैः शरीरिभिः ॥३॥"

'મને તો 'નરક, તિર્યંચ મનુષ્ય અને દેવ'-આ ચારગતિરૂપ સંસાર, કે જેમાં ઉત્પન્ન થયેલાં પ્રાણીઓ કેવલ દુ:ખોનો જ અનુભવ કરે છે, તેજ વૈરાગ્યનું કારણ છે.'

બાકી-

"भवे भवे च पितरौ, भ्रातरोऽन्येऽपि चाभवन् ।
न कोऽपि कर्मदायादः स्वयं स्वकर्म भुज्यते ।"

'માતા પિતા અને બીજા ભાઈઓ પણ ભવોભવમાં થયા, પણ કર્મનો ભાગીદાર કોઈ પણ નથી થયો : પોતાનું કર્મ તો પોતાને જ ભોગવવું પડે છે.'

હા, જો-

"छिद्यते दुःखमन्यस्य, यदन्येन हरे ! तदा ।
पित्रोरर्थे प्रदीयेरन्, प्राणा अपि विवेकिना ॥३॥"

'હે હરે ! અન્યનું દુઃખ અન્યદ્વારા છેદાતું હોય, તો વિવેકી આત્માએ માતા પિતાને માટે પ્રાણો પણ આપી દેવા જોઈએ.'

પરંતુ-

"परं जन्तुर्जरामृत्यु-प्राय दुःखानि सत्स्वपि ।
पुत्रादिषु स्वयं भुङ्क्ते, त्राता कोऽपि न कस्यचित् ॥४॥"

'પુત્રાદિકની હયાતિ હોવા છતાં પણ, પ્રાણી જરા અને મૃત્યુ જેવાં દુઃખોને પોતે જાતે જ ભોગવે છે, કારણ કે-કોઈપણ કોઈનો રક્ષક નથી.'

જો-

"दृष्टेरानन्दमात्रं चेत् पुत्रास्ता तस्य सन्ति तत् ।
विनापि मां महानेमि-प्रमुखाः सुखहेतवः ॥५॥"

'પિતાજીને પુત્રો દૃષ્ટિના આનંદ માટે જ છે, તો મારા વિના પણ તે સુખના હેતુભૂત

'મહાનેમિ' વિગેરે પુત્રો વિદ્યમાન છે.'

બાકી હું તો-

**"जरत्पान्थ इवाहं तु, संसाराध्वगतागतैः ।**
**खिनोऽस्मि प्रयतिष्ये त-च्छेदे तद्धेतुकर्मणाम् ॥६॥"**

'વૃદ્ધ મુસાફરની માફક સંસારરૂપ માર્ગમાં ગમનો અને આગમનોથી ખીન્ન થયેલો છું, તે કારણથી તે ગમન અને આગમનના હેતુભૂત કર્મોના છેદ માટે જ પ્રયત્ન કરીશ.

અને-

**"कर्मच्छेदः परिव्रज्यां, विना न खलु साध्यते ।**
**तामेवाहं तदादास्ये, मा निर्बन्धं वृथा कृथाः ॥७॥"**

'નિશ્ચિત છે કે-કર્મનો છેદ દીક્ષા વિના સાધી શકાય તેમ નથી : તે કારણથી હું તો તે દીક્ષાને જ ગ્રહણ કરીશ, માટે તું ફોગટ આગ્રહ ન કર.'

આ પછી પિતાએ પણ સમજાવવાનો પ્રયત્ન કર્યો, છતાં ભગવાન્ શ્રી નેમનાથસ્વામીજીના મક્કમ નિશ્ચયને જાણી સઘળા રોતા રહ્યા અને સ્વજનોના સ્નેહરૂપી બેડીઓને તોડી નાખીને ભગવાન્ શ્રી નેમિનાથસ્વામી તો ચાલી જ નીકળ્યા.

આ બધું જાણ્યા પછી કોણ એવા અજ્ઞાન હોય, કે ભગવાન્ શ્રી મહાવીરદેવના અભિગ્રહને પકડી રાખે ? શું કોઈથી પણ એમ કહી શકાય તેમ છે કે-ભગવાન્ શ્રી ઋષભદેવસ્વામી અને ભગવાન્ શ્રી નેમનાથસ્વામીજી માતા પિતાના 'ભક્ત' ન હતા, કે આજ્ઞાપાલક ન હતા ? નહિજ. માત્ર એમજ કહી શકાય તેમ છે કે-'ભગવાન શ્રી મહાવીરસ્વામીજીને 'ભોગાવલિ' બાકી હતાં માટે માતાપિતા ખાતર પરણ્યા અને સંસારમાં રહ્યા અને ભગવાન્ શ્રી નેમિનાથસ્વામીજીને ભોગાવલિ કર્મ બાકી ન હતાં, માટે ન પરણ્યા અને ન રહ્યા.' ભગવાન્ શ્રી નેમિનાથસ્વામીજીએ ખૂદે પણ જ્યારે પિતાજીએ 'શ્રી ઋષભદેવસ્વામી વિગેરે તીર્થંકરદેવો પણ વિવાહ આદિ કરીને મુક્તિમાં ગયા છે, તો હે કુમાર! બ્રહ્મચારી એવા તને શું તેથી કાંઈ ઉંચું પદ મળવાનું છે ?' આવો પ્રશ્ન કર્યો, ત્યારે ઉત્તરમાં એજ કહ્યું છે કે-

**"हे तात ! क्षीणभोगकर्माऽहमस्मि"**

**किञ्च-**

**"एकस्त्रीसंग्रहेऽनन्त जन्तुसङ्घातधातके ।**
**भवतां भवतान्तेऽस्मिन् विवाहे कोऽयमाग्रहः ॥१॥"**

'હે પિતાજી ! હું ક્ષીણ ભોગકર્મા (એટલે કે જેનાં ભોગકર્મો ક્ષીણ થઈ ગયેલા છે તેવો) છું અને અનંત જંતુઓના સંઘાતનો ઘાત કરનાર અને એક સ્ત્રીના સંગ્રહરૂપ તથા ભવવર્ધક એવા વિવાહને વિષે આપનો આ આગ્રહ કેવો ?'

અર્થાત્ શ્રી ઋષભદેવસ્વામી આદિને ભોગકર્મો બાકી હતાં અને મારે નથી, તેમજ સંસાર વધારનાર અને અનેક જંતુઓના સંહારમાં હેતુભૂત તથા સ્ત્રીનો સંગ્રહ છે સ્વરૂપ જેનું એવા વિવાહકર્મને વિષે આ આપનો આગ્રહ ઉચિત નથી.

હવે ભગવાન્ શ્રી મહાવીરદેવની વાત લ્યો. ભગવાન્ શ્રી મહાવીરદેવ જાણતા હતા કે-મારે ભોગાવલિ કર્મો બાકી છે, અને 'યશોદા' સાથે મારૂં પાણિગ્રહણ થવાનું છે, તે છતાં તે પરમતારક પુણ્યપુરૂષની સ્થિતિ કેવી હતી, એજ ખાસ વિચારવાનું છે. જ્યારે યશોદાના પિતાએ પોતાની પુત્રી યશોદાને શ્રી વર્ધમાનકુંવર સાથે પરણાવવા માટે મંત્રીઓની સાથે મોકલી, શ્રી સિદ્ધાર્થ રાજાને કહેવરાવ્યું કે-'આ સંબંધ અંગીકાર કરીને આપ મારી ઉપર મહેરબાની કરો !' આના ઉત્તરમાં શ્રી સિદ્ધાર્થ મહારાજા કહે છે કે-

'શ્રી વર્ધમાન કુંવરને પરણાવવાનો અમારો તો પૂરો વિચાર છે, પણ શ્રી વર્ધમાનકુમાર જન્મથી માંડીને સંસારથી વિરક્ત છે, એટલે વિવાહાદિકની વાત પણ તેની પાસે બોલી

શકાય તેમ નથી.'

વિચારો ! ભગવાન્ શ્રી મહાવીરદેવ કઈ રીતે વર્તતા હશે ! પિતા પોતે ભગવાન્ પાસે એ વાત ન કરી શક્યા, પણ મિત્રો પાસે એ વાત કરાવી. ભગવાન્ના મતિમાન મિત્રોએ જ્યારે ભગવાન્ પાસે એ વાત કાઢી, ત્યારે ભગવાન્ શ્રી મહાવીરદેવે પોતાના મિત્રોને પણ કહ્યું કે:-

**''अथो बभाषे भगवान् मूढाः को वोऽयमादरः ।**
**परिग्रहो हि दारादे-र्भवभ्रमणकारणम् ।।१।।''**

'હે મૂઢ આત્માઓ ! આ તમારો કઈ જાતનો આદર છે ? ખરેખર 'સ્ત્રી' આદિનો પરિગ્રહ એ ભવભ્રમણનું કારણ છે.'

ભગવાન્ શ્રી મહાવીરદેવ જાણતા જ હતા કે-મારે વિવાહ કરવાનો છે, તોયે આમ શા માટે કહ્યું ? પોતાના સાથી વિવાહને કરણીય ન માની લે તેજ માટે. કર્મનો તીવ્ર બંધ હોય તો શાસ્ત્ર કહે છે કે-શ્રી તીર્થંકરદેવોને પણ ભોગવવો પડે, પરંતુ તે પુણ્યપુરૂષો તેને આધીન ન થઈ જાય. શ્રી તીર્થંકરદેવો તો ભોગને પણ રોગની માફક ચિંતવે છે, પણ 'એમાં શું ?' એમ નથી કહેતા, મિત્રોએ સિદ્ધાર્થ રાજાને આવીને કહ્યું કે-'એમાં કંઈ વળે એમ નથી. ઉલટા

અમને તો તે મૂર્ખાઓ કહે છે. વાત સાંભળતાં જ નથી.' આખરે શ્રીમતી ત્રિશલાદેવી પોતે, જ્યાં વર્ધમાનકુંવર છે ત્યાં આવ્યાં, ભગવાન્ ઉભા થયા, હાથ જોડ્યા, માતાને સિંહાસને બેસાડ્યાં, ભગવાનનો વિવેક કેટલો છે એ જુઓ ! માતાએ કહ્યું કે-અમે જાણીએ છીએ કે-મારી ખાતર જ તું વિરક્ત છતાં સંસારમાં રહેલ છે, પણ એટલાથી અમને સંતોષ થાય તેમ નથી, અમે તને વધૂની સાથે જોવા ઈચ્છીએ છીએ : માટે 'યશોદા' નામની રાજપુત્રીને ગ્રહણ કરીને અમારા મનોરથને પૂર્ણ કર !'-આવી જાતના માતાના આગ્રહથી-

**''कर्मभोगफलं चास्ति, मान्यौ च पितरौ मम ।''**

'મારે ભોગ છે ફલ જેનું એવું કર્મ બાકી છે અને માતા પિતા પણ માનવાને યોગ્ય છે'-આ પ્રમાણે વિચારીને ભગવાન્ શ્રી મહાવીરદેવે માતાની આજ્ઞા માની.

હવે વિચારો-કે 'ભગવાન્ શ્રી નેમનાથસ્વામીજીએ માતાપિતાની એ વાત ન માની અને ભગવાન્ શ્રી મહાવીરદેવે માની'-એમાં કંઈ અભક્તિ કે ભક્તિ કારણ નથી, પણ એક જ કારણ હતું અને તે એજ કે-એકને ભોગાવલિ બાકી ન હતું અને બીજાને બાકી હતું'. મુદ્દો એ છે કે-શ્રી તીર્થંકર ભગવાનનો વાદ ન લ્યો : તમારે તરવું હોય તો ભગવાનની આજ્ઞા મુજબ જ ચાલો. નવો વેપારી, કુશળ વેપારીની સલાહ માને-પણ જો એની માફક ચાલવા

જાય તો તણાઈ જાય. બેશક, એની સલાહે ચાલવાથી એના જેવા થવાય, પછી વાંધો નહિ. જે વેપારી બજારને નચાવતો હોય, બજારનો ભાવ પોતાના હાથમાં રાખી શકતો હોય, તેનો વાદ કરનારાની તો પાઘડી પણ ઉડી જાય.

**જ્ઞાનીનાં વચનોના ભાવ સમજો.**

(પ્રશ્ન-લોકાંતિક દેવ આવ્યા પછી તો શ્રી તીર્થંકરદેવો બાર મહિને નીકળે અને એમ જ ભગવાન્ શ્રી મહાવીરદેવ નીકળ્યા, તો કોઈને માટે રહ્યા એમ કેમ કહેવાય ?)

નજ કહેવાય. ભગવાન સ્વયંસંબુદ્ધ હોય છે, પણ કલ્પ એવો છે કે ભક્તિને અર્થે લોકાંતિક દેવો આવીને કહે કે-''ભગવન્ ! સર્વ જગતના જીવોનું હિત કરનારૂં ધર્મતીર્થ પ્રવર્તાવો !'' તે પછી તીર્થંકરદેવ વાર્ષિક દાન દઈ બારે મહિને સંસારમાંથી નીકળે અને દીક્ષા અંગીકાર કરે. એજ રીતિએ ભગવાન્ શ્રી મહાવીરદેવ પણ લોકાંતિક દેવોના આવ્યા બાદ બરાબર બાર મહિને જ નીકળ્યા, એટલે કોઈની ખાતર રહ્યા એમ ન કહેવાય. લોકાંતિકદેવ વહેલાં આવ્યા હોત-અર્થાત્ લોકાંતિકદેવ આવ્યા પછી બાર મહિનાને બદલે કોઈની ખાતર વધારે રહ્યા હોત, તો એમ કહેવાત કે-કોઈની ખાતર રહ્યા. જે બનાવો બન્યા તે બધા દરમ્યાન બન્યા છે. ભગવાન્ પોતે ગર્ભથી જ પોતાનો દીક્ષાનો કાલ જાણે છે, કેવળજ્ઞાનનો

સમય જાણે છે અને નિર્વાણનો પણ સમય જાણે છે : બધી જ સ્થિતિ જાણે છે. માતાપિતાનું આયુષ્ય પણ જાણે છે. હવે એવા ત્રણજ્ઞાનના ધણી ભગવાન્ આવા સંયોગોમાં માતાપિતાને પણ રાજી રાખતા હોય, તો એ લાભ કેમ ન લે ? અને તે દ્વારા જગત્‌ના જીવોને ઉત્તમ શિક્ષાપાઠ મળી શકે તેવી આચારણા કેમ ન કરે ? અવશ્ય કરે જ.

આથીજ આજના સંસારરસિક આત્માઓને કહી દેવું જોઈએ કે-ભગવાન્ શ્રી તીર્થંકરદેવોના જીવનમાંથી ઉત્તમ ઉત્તમ બનાવોનો ઉપયોગ સંસારની પાપ વાસનાઓને પુષ્ટ બનાવવામાં ન કરો ! એથી જીવનનું શ્રેય થવાને બદલે ભયંકર અકલ્યાણ થશે. ભગવાન્ શ્રી તીર્થંકરદેવો બધું જ જાણતા હતા, પણ તમે શું જાણો છો ?-કે જેથી ભગવાનની પ્રવૃત્તિનો વાદ કરો છો ?

માતા પિતાના સ્વર્ગવાસ પછી ભગવાન જાણતા હતા કે-મારા દીક્ષાસમયને હજુ તો બે વરસ બાકી છે, તો પણ ભગવાને વિચાર્યું કે-ભાઈ નંદિવર્દ્ધનનો મારા પર બહુ પ્યાર છે, તો જો બે વરસ પછી એકદમ કહીશ તો બહુ કઠીન લાગશે, માટે પોતે તરત ભાઈને કહ્યું કે-''ભાઈ ! માતાપિતા અવસાન પામ્યાં, એટલે હવે મારી પ્રતિજ્ઞા પૂર્ણ થઈ છે, તેથી હું દીક્ષા અંગીકાર કરીશ.'' બરાબર સમજો કે-ભગવાન્ 'જાઉં છું' એમ નથી કહેતા, જ્ઞાનીના

વચનના ભાવને સમજો. શ્રી નંદીવર્દ્ધને કહ્યું કે-''ભાઈ ! હજી તો માતાપિતા સ્વર્ગવાસ પામ્યા એનો શોક છે, એમાં તું વળી ક્ષત પર ક્ષાર ક્યાં કરે છે ?'' આ સ્થિતિમાં પણ ભગવાન્ કહે છે કે :-

**''पिआ-माइ-भाइ-भइणी-भज्जा पुत्तत्तणेण सव्वेऽवि ।**
**जीवा जाया बहुसो जीवस्स उ एगमेगस्स ॥१॥''**

**''ततः कुत्र कुत्र प्रतिबन्धः क्रियते''**

'સઘળા પણ જીવો એક એક જીવની સાથે અનેક વાર પિતાપણે, માતાપણે, ભાઈપણે, ભગિનીપણે, ભાર્યાપણે અને પુત્રપણે થયા છે. તે કારણથી કયાં કયાં પ્રતિબંધ કરી શકાય?' વિચારો કે-જે ભગવાન્ પોતાના બંધુ સમક્ષ આ પ્રમાણે કહે છે, તેજ ભગવાને અભિગ્રહ કેમ કર્યો હશે ? સમજવું જોઈએ કે-ભગવાન્ સ્થિતિ જાણતા હતા. માતાપિતાનું આયુષ્ય તથા પોતાનો દીક્ષાસમય પણ જાણતા હતા. શ્રી નંદીવર્દ્ધને પણ કહ્યું કે-''ભાઈ ! એ બધું હું જાણું છું, પણ તું જાય એ મારાથી સહન થાય તેમ નથી : માટે બે વરસ રહી જા.'' ભગવાને જાણ્યું કે-દીક્ષાના સમયને પણ એટલી વાર છે, તો ભલે તેમ થાઓ ! ભગવાને ભાઈનું વચન સ્વીકાર્યું, પણ તરત જણાવી દીધું કે-''હવેથી મારા માટે થયેલો આહાર હું

નહિ લઉં, સાધુવત્ જીવન ગાળીશ, પ્રાસુક પાણી વાપરીશ.'' શ્રી નંદીવર્દ્ધને પણ કહ્યું કે-''ભલે ભાઈ ! તારી મરજીમાં આવે તે રીતે રહે.'' જો આ બધી વસ્તુને વિચારવામાં આવે, તો એક પણ અયોગ્ય વાત લઈ શકાય તેમ નથી : પણ જ્યાં સંસારરસિકતાના યોગે ફાવતું જ લેવાની ભાવના હોય, ત્યાં તો ઉપાય જ નથી : બાકી કલ્યાણના અર્થિ આત્માઓએ તે જ્ઞાનીપુરૂષનાં વચનના ભાવને સૂક્ષ્મબુદ્ધિથી વિચારવો જોઈએ.

**શાસ્ત્રને શસ્ત્ર ન બનાવો.**

આજના સંસારરસિકો તો ભગવાનના જીવનમાંથી પણ જાુદું જ કાઢવા ઈચ્છે છે. ભગવાન્ શ્રી મહાવીરદેવ બળવાન હતા : તે બળ જન્મથી જ હતું કે પ્રયોગથી મેળવ્યું હતું?- એ પણ વિચારવાની તેઓને ફુરસદ નથી. ભગવાન્ શ્રી મહાવીરદેવના જીવનને જાણનાર સહુ કોઈ જાણે છે કે-ભગવાન્ શ્રી મહાવીરદેવે જે રાત્રિએ જન્મ્યા, તેજ રાત્રિએ માત્ર અંગુઠાના સ્પર્શથી જ આખા મેરૂપર્વતને કંપાવ્યો હતો. જન્મથી જ તે પુણ્યપુરૂષો પૂર્વની અનૂપમ આરાધનાઓના બળે અનંતબળના ધણી હોય છે. આથીજ કહેવું પડે છે કે-અમૂક ચીજોની તમને જરૂર હોય તો તમે જાણો, પણ તે ભગવાનના નામે કે આગમના નામે ન કરો. ગૃહસ્થને કરવું તો ઘણુંય પડે, પણ સમ્યગ્દૃષ્ટિ આત્મા તે કરતાં કરતાં પણ કહી દે

કે-''કરવું પડે છે, પણ કરણીય નથી.'' પોતાની પાપજનક પ્રવૃત્તિઓને પડદામાં રાખવા કે છુપાવવા ખાતર ભગવાનના નામને કે આગમને આગળ ન કરે. હવે તો દુનિયાની ક્રિયાઓને પણ કેટલાક સૂત્રના નામે ચલાવવા માગે છે, શ્રી તીર્થંકરદેવોના જીવનમાંથી ફાવતી વાતો કાઢે છે. શ્રી શાંતિનાથ સ્વામી, શ્રી કુંથુનાથ સ્વામી તથા શ્રી અરનાથ સ્વામિએ છ ખંડની સાહ્યબી ભોગવી તથા ચોસઠ હજાર સ્ત્રી પરણ્યા, તો અમારે ચોસઠ પણ કેમ નહિ ?-આવું પૂછનારાઓને કહેવું પડે કે-તારા માટે શાસ્ત્ર એ શસ્ત્ર છે. આસક્તિના યોગે તું ચોસઠ લાખ સ્ત્રીઓ કરે તોયે તેનું પાપ તું જાણે, પણ તું શ્રી તીર્થંકરદેવોના નામે કે તેઓનાં તારક આગમોના નામે વાતો કરે એ કદીજ ન ચાલે : એ ઘણી જ ભયંકર વસ્તુ છે. શ્રી તીર્થંકરદેવનો વાદ કરવો હોય તો બધો કરો. માબાપ મરી ગયાં હોય એણે તો દીક્ષા લેવી જોઈએને ! અરે મોટો ભાઈ હોય તો બે વરસ રહીને પણ લોને ! પણ લેવું છે કોને ? લેવું છે શું ?

(સભામાંથી૰ ફાવતું.)

તમને કોઈ પૂછે કે-તમારા માબાપનું આયુષ્ય કેટલું ? ભગવાન્ શ્રી મહાવીરદેવ તો જાણતા હતા, પણ તમે જાણો છો ? શ્રી તીર્થંકરદેવની વાત ક્યાં થાય ? સંયમ લીધા પછી

સાડા બાર વર્ષમાં એક દિવસ પણ ચપટ બેઠા નથી : સાડા બાર વર્ષમાં નિદ્રા બેઘડી આવી ગઈ : લીધી નહિ પણ આવી ગઈ ! એ ઉંઘમાં દશ સ્વપ્નાં ઉંચી કોટિનાં આવ્યાં, કે જેનું ફળ મુક્તિ સુધી પહોંચાડનાર બન્યું. સાડાબાર વર્ષ અને પંદર દિવસમાં ત્રણસેં ઓગણપચાસ પારણાં થયાં એ પારણું પાટલે બેસીને કરવાનું નહિ. આ તો પારણુંએ અજબ ! ભગવાન્ તો નહિ જેવા ટાઈમમાં અંજલિમાં જે આપે તે વાપરી લે. બાકી બધો ટાઈમ ચૌવિહાર. સાડાબાર વર્ષમાં બેસવાનું નામ નહિ, બેસે તો ઉત્કટ આસને બેસે. ઉપસર્ગ પરિષહ સહેવા, તપ કરવો અને બેસવું નહિ. બેસવું નહિ એટલે પૂંજવા તો કંઈ જોઈએ જ નહિ, એટલે એમનો દેખાવ પણ લોકોત્તર ! હવે આવા પરમશક્તિસંપન્ન શ્રી તીર્થંકર ભગવાનનો વાદ ક્યાં લેવાય ? જો ભગવાને કહ્યું હોત કે-'મારી જેમ સંયમ પાળે તો જ મુક્તિ જવાય'- તો કોઈજ ન જઈ શકત. શ્રી ગણધરદેવો પણ ન જઈ શકે. ઋષભદેવ ભગવાન્ સંયમ લીધા પછી એક હજાર વર્ષ છદ્મસ્થાવસ્થામાં રહ્યા, એમાં સર્વ રીતિએ અપ્રમત્તાવસ્થા : પ્રમાદ તો નહિજ જેવો અને બાર બાર મહિના સુધી તો અન્ન કે પાણીનો સર્વથા અભાવ. આવા લોકોત્તર ભગવાન્નો વાદ ક્યાં લેવાય ? જો આવું કરી શકો તો બહુ સારી વાત, હાથ જોડીએ, પણ ઢોંગ ધતુરા નહિ ચાલે. દેખાવ જુદો અને અંદર જુદું. એ નહિ ચાલે.

**પાછળ રૂદનનું પાપ કોને ?**

ત્યાગ કરનારે સાચા ત્યાગીબનવું જોઈએ, પાછળની વસ્તુમાં આસક્તિ રહે તો એની ક્રિયાનું પાપ લાગે. હૈયામાં આસક્તિ હોય તો પાછળની ક્રિયાનો દોષ લાગે. મરતી વખતે કુટુંબીઓને સર્વને ભેળા કરી કહી દે કે-''મારા હિતસ્વી હો તો મારી પાછળ રોજો, કુટજો નહિ. મારા પર સાચો પ્રેમ હોય તો મારી પાછળ દુર્ધ્યાન ન કરજો !'' પછી જો કુટુંબ મુઆ પાછળ રૂએ કુટે, ઢોંગ કરે, તો એનો હિસ્સો મરનારને નહિ : પણ મરનાર મ્હારાં મ્હારાં કરે તો પાછળની પોકનું પણ પાપ એને જાય. મરતી વખતે કુટુંબી કહે કે-બે હજાર કે પાંચ હજાર તમારા નિમિત્તે શુભ માર્ગે વાપરશું. તે સાંભળે અને અનુમોદના કરે તો તો લાભ, પણ મનમાં બોલ્યા કરે કે-મૂર્ખાઓ, મફતના નથી આવતા ! તો લાભ નહિ. મંદિર બંધાવ્યું હોય, એની અનુમોદના કરે કે-હજારો આત્માઓ એ નિમિત્તે આત્મકલ્યાણ કરે, તો તો એનો પણ લાભ મળે. મરતાં ઉત્તમ ક્રિયાનો લાભ અનુમોદના હોય તો મળે અને પાપની ક્રિયાનો જો ત્યાગ ન કર્યો હોય તો વગર અનુમોદનાએ પણ હિસ્સો લાગે. તમારૂં ચપ્પું છે. એનો જો ત્યાગ ન કરો, તો એ ચપ્પા વડેની તમામ ક્રિયામાં તમારા આત્માને હિસ્સો લાગ્યા કરે. અમદાવાદમાં એક ડોકટર થઈ ગયા. એમણે પોતાનાં ઓજાર મંગાવી ટુકડા કરી એવી

વ્યવસ્થા કરી હતી કે-જરા પણ એનો ઉપયોગ ન થાય, કે ન તો કોઈને કણ સરખો પણ વાગે. ત્રિધા ત્રિધા ત્યાગ કર્યો. ડોકટરની ડીગ્રી ધરનારા થયા હતા, પણ પાછળથી પરમ શ્રાવક બન્યા હતા : એથી દૃષ્ટાંત તરીકે પણ લઈ શકાય છે. આજે કહેવામાં આવે છે કે-'સંયમી દીક્ષા લે તો માતા રૂએ એનું પાપ એને લાગે.' પણ જો આસક્તિનો ત્યાગ કર્યા છતાં એમ પાપ લાગતું હોય, તો તો ભગવાન્ શ્રી ઋષભદેવસ્વામિને કેવળજ્ઞાન થાત જ નહિ. માતાને શોક થાય છે. શોક એ મોહના ઘરનો અને મોહ એ ઘાતીકર્મ છે. જો ભગવાનને માતાના શોકની ક્રિયાનો હિસ્સો લાગતો હોત, તો ભગવાનનાં ઘાતીકર્મ ક્ષય થાત જ નહિ. અને એમને કેવલજ્ઞાન થાત જ નહિ. મરૂદેવા માતા હજાર વર્ષ રોયાં હતાં. સાચો સ્નેહ હતોને ? આજે માતાપિતાને કે વડીલોને કોઈ અવસાન પામે તો શોક કેવો થાય ? મરે ત્યારે આઘાત પછી બે ચાર દિવસ જરા રહે, પછી નહિ જેવો, અને વખત જતાં જાણે કોઈ હતું જ નહિ. મરે ત્યારે પણ આઘાત, નિકટનાને, જેને સ્વાર્થ વધુ હોય તેને ! જેની જીવનદોરી એના પર હોય એને ! બાકીનાને સામાન્ય. સાચો આઘાત થાય તો તો શબ્દ પણ ન નીકળે અને આંસુ પણ આવે નહિ. બાયડીઓ રૂએ ત્યારે જો જો મોં ઢાંકીને રૂએ : એમાં પણ હેતુ છે. આદમી પણ કુકવો કરવા જાય ત્યારે ખેસ આડો રાખે. ખોટા રીવાજોએ

દંભ શીખવ્યો છે. સ્ત્રીઓએ કુટવું પડે તે શી રીતે કુટે ? હાથ ભેગા કરી અવાજ કરે પણ ઘરની બાઈ બરાબર ન કુટે તો એની નિંદા કરે. ઘરની બાઈએ તો બે મહીના પથારીએ પડવાની તૈયારી કરવી જ જોઈએ. બૈરાં રોવા આવે ત્યારે પોતાની પણ સાત પેઢી સંભાળીને રૂએ, જ્યારે આંખ જરા નીતરે, જરા લાલ જેવી થાય, ત્યારે જ મુખ ખુલ્લું કરે. મરૂદેવી માતાએ તો હજાર વર્ષ સુધી શોકથી રૂદન કર્યું હતું. રોજ પોતાના પૌત્ર ભરતને ઉપાલંભ આપતાં.

(પ્રશ્ન-એક હજાર વર્ષ શોક કર્યો એ કર્મ, અંતરમુહૂર્તમાં ખપીને કેવળ થયું ?)

હા, ભગવાનનું સમોસરણ જોઈને પરિણામની ધારા એવી ચઢી કે-હજાર વર્ષના શોકને મહાત કરે. આંખના પડળ પણ દૂર થયાં, દેખતાં થયાં, કેવળજ્ઞાન પણ થયું અને મુક્તિ પણ થઈ. બધું એકી વખતે. ધર્મબિંદુ ગ્રંથમાં જ્યાં ગ્લાનઔષધવત્ માતાપિતાના ત્યાગની વાત લખી, ત્યાં દૃષ્ટાંત ભગવાન્ ઋષભદેવનું આપ્યું. માતાના મોહને ન ગણકારી, પોતે સંયમ લઈ, હજાર વર્ષ વિહરી, તપ કરી, કેવળજ્ઞાન મેળવી માતાને સમર્પણ કર્યું, માટે ઋષભદેવ જેવો પુત્ર 'न भूतो न भविष्यति' એમ કહેવાય છે. દિકરા એવા જોઈએ માતાપિતાનાં આંસુના સાગરમાં ન ડૂબતાં, રોતાં મૂકીને પણ જાય, અને પોતે સન્માર્ગે જોડાઈ માતાપિતાને

પણ સન્માર્ગે વાળે, તોજ માતાપિતાના ઉપકારનો સાચો બદલો વળી શકે તેમ છે. એનાં એજ માતાપિતા પછી કહે કે-અમારા દીકરે સારૂં કર્યું, પણ પ્રથમથી જ સારી કરણી કરવામાં પણ એક રૂએ અને એક આંસુ લુએ એવું કર્યા કરે અને હિતકર પ્રવૃત્તિને ભૂલી જાય અગર નષ્ટ કરી દે કે મુલતવી રાખી મોહમગ્ન અવસ્થા ગુજાર્યા કરે, તો બન્નેનું બગડે. આથી સમજી શકાશે કે-આસક્તિનો પરિત્યાગ કરી, મુક્તિની સાધના માટે ત્યાગી થયેલ આત્માને પાછળના મોહમગ્ન આત્માઓના રૂદનનું પાપ કોઈ પણ રીતિએ લાગી શકતું નથી. રૂદન આદિનું પાપ તો તે રૂદન આદિ કરનારાઓને, કરાવનારાઓને અને કરનારની અનુમોદના અથવા કરનારને તે કરવામાં ઉત્તેજન આપનારાઓને જ લાગે.

**એકલા ભણેલા નહિ, પણ ગણેલા જોઈએ !**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી એમ ફરમાવી ગયા કે-રાગ, દ્વેષ અને મોહથી પરાભવ પામેલા અને એટલા માટેજ શારીરિક તથા માનસિક દુઃખોના ઉપનિપાતથી પીડાતા, તમામ સંસારી પ્રાણીઓએ એ દુઃખોને દૂર કરવા તથા એ દુઃખોમાં કારણભૂત એવા રાગ, દ્વેષ અને મોહને દૂર કરવા માટે હેય એટલે તજવા યોગ્ય અને ઉપાદેય એટલે આદરવા યોગ્ય પદાર્થોના પરિજ્ઞાનને પ્રાપ્ત કરવા પ્રયત્ન કરવો જોઈએ. એ પ્રયત્ન ક્યારે થાય ? વિશિષ્ટ

વિવેક આવે ત્યારે ! વિશિષ્ટ વિવેક આવે ક્યારે ? આપ્તના ઉપદેશથી ! આપ્ત કોણ ? સઘળા અતિશયોના સમૂહને પામેલા શ્રી અરિહન્ત ભગવાન્ ! અર્હન્ત કોણ ? જેનામાં રાગ, દ્વેષ અને મોહનો સર્વથા અભાવ હોય તેઓ ! શ્રી અરિહંત ભગવાનના ઉપદેશ વિના વિશિષ્ટ વિવેક આવે નહિ, વિશિષ્ટ વિવેક આવે નહિ ત્યાં સુધી હેય અને ઉપાદેય પદાર્થોનું જ્ઞાન થાય નહિ, એ થાય નહિ ત્યાં સુધી રાગ, દ્વેષ અને મોહ ઘટે નહિ અને એ ઘટે નહિ ત્યાં સુધી દુઃખોનો અંત આવે નહિ તથા અનંતસુખની ભાવના ફળે નહિ.

ભગવાન્ શ્રી અરિહંતદેવનો ઉપદેશ ૧. ધર્મકથાનુયોગ, ૨. ગણિતાનુયોગ, ૩. દ્રવ્યાનુયોગ અને ૪. ચરણકરણાનુયોગ-આ ચાર પ્રકારે વહેંચાયેલો છે. '૧-ધર્મકથાનુયોગ એટલે જેમાં પરિણામે ધર્મ પમાય એવી કથાઓનો સમાવેશ હોય-જે આત્માઓ મનુષ્ય ભવ, આર્યદેશ, આર્યજાતિ અને આર્યકુળ વિગેરે સામગ્રી પામી, ઉત્તમ પ્રકારની ક્રિયા કરીને સંસારના બંધનથી છૂટી મુક્તિએ ગયા, તેમની કથાઓ તથા તે તે સામગ્રી મેળવ્યા છતાં પણ આરાધન નહિ કરતાં તથા પાપક્રિયામાં રચીપચી રહીને જે આત્માઓ દુર્ગતિએ ચાલ્યા ગયા, એ બેય પ્રકારના આત્માઓની કથાઓ, ધર્મકથાનુયોગમાં છે.' '૨. ગણિતાનુયોગમાં ચંદ્ર, સૂર્ય, તારા, નદીનાળાં, દ્રહદ્વીપ, સમુદ્ર વિગેરેનું સંખ્યાવાર ગણિતથી વર્ણન છે.' '૩-

દ્રવ્યાનુયોગમાં દુનિયાના પદાર્થોનું યથાસ્થિત સ્વરૂપ છે' અને '૪-ચરણકરણાનુયોગમાં ચારિત્રના પ્રકાર ચરણસિત્તરી, કરણસિત્તરી વિગેરેનું વર્ણન છે' આ ચારે અનુયોગોમાં મુખ્ય ચરણકરણાનુયોગ છે. પહેલા ત્રણે અનુયોગો, ચોથા ચરણકરણાનુયોગની સિદ્ધિ માટે છે. ઉંચા પ્રકારની ક્રિયાનો અમલ, એજ સૌથી ઉંચી વસ્તુ છે. ત્રણે અનુયોગો કહ્યા, તે ચોથા અનુયોગની સિદ્ધિને માટે. આ ચરણકરણાનુયોગ આવે, આવ્યા પછી સારી રીતે પળાય, એનું યોગ્ય આરાધન થઈ શકે, તે માટે આ ત્રણે અનુયોગો કહેવામાં આવ્યા છે. જે આત્માને ત્રણે અનુયોગોનો અભ્યાસ છતાં ચોથા અનુયોગ પ્રત્યે સદ્‌ભાવ ન જાગે, તો તે આત્મા માટે ત્રણે અનુયોગો કિંમત વિનાના થઈ જાય છે. જ્ઞાનનું ફળ શું ? વિરતિ. જે જ્ઞાનથી આત્મા પાપથી ડરે નહિ, પાપથી ભય ન પામે, એ જ્ઞાન કે અજ્ઞાન ? પાપથી ભય ન પામે, પાપથી પાછો ન હઠે, પાપને ખોટું ન માને, એનું નામ જો જ્ઞાન મનાતું હોય તો તો જુલમ થઈ જાય. વ્યવહારમાં પણ કહે છે કે-ભણેલો કોણ ? ગણેલો હોય તે. કહેવાય છે ને કે-ભણ્યા પણ ગણ્યા નહિ. કાયદો તો વાંચે પણ એનો મર્મ, ભાવના, સ્વરૂપ અને હેતુને ન સમજે, તો એ પોતાના આશ્રિતનો બચાવ કરી શકે ખરો ? તમે વકીલ કેવા શોધો ? જુના, અનુભવી કેમ ? બધું મોંઢે તો તેવાને હોય, તાજી પરીક્ષા તો નવાએ આપી છે, છતાં જુનાને

કેમ શોધો ? ત્યાં તમે સમજો છો કે-પરીક્ષા તાજી ભલે આપી, પણ પરિણામને વાર છે. પરીક્ષા તો માંહિ હતું એની, પણ અમલ કેમ કરવો એમાંજ મુશ્કેલી : વ્યવહારમાં પણ ભણેલો હોય પણ ગણેલો ન હોય, એની કિંમત અંકાતી નથી. ગણેલો કોણ ? વાતનો મર્મ વિચારે તે. શ્રી જૈનશાસનની આરાધના કરવી હોય તો પરિણામ પહેલું જોવું પડશે. દરેક વસ્તુના હેતુ તથા સારને તપાસવા પડશે. ભણેલા છે એમ કહીને સંતોષ ન પામો, પણ ગણેલા છે કે નહિ તે જુઓ. ગણેલા તે, કે જે શબ્દના ભાવને સાચવે, કાઢે અને વસ્તુના મર્મને સમજે.

**સંયમ પ્રત્યે સદ્‌ભાવ ન જાગે, તે જ્ઞાન વ્યર્થ છે.**

જો એમ ન થાય તો પરિણામ સારૂં ન આવે. વ્યવહારમાં બાપ જો બાળકને કંઈ કહે, અને બાળક અપમાન માને, તો એ ઘરમાં રહી શી રીતે શકે ? એમ માને તો તો પરિણામ ભયંકર આવે. જે વસ્તુ જે સ્વરૂપમાં હોય, તે વસ્તુને તે સ્વરૂપમાં સમજે તે ગણેલો કહેવાય. એકલો ભણેલો કામ ન આવે. માન્યું કે-તમે બહુ ભણ્યા, દુનિયાની સઘળી ભાષાઓ પણ ભણ્યા, સારીયે દુનિયાની ભૂગોળ પણ જાણી, પણ એનું ફળ શું ?

(સભામાંથીઃ ધનાર્જન !)

જે જ્ઞાન તારે તેજ ડુબાડે શાથી ? એનું ફળ ન આવ્યું એથી કે કાંઈ બીજું ? અજ્ઞાનીએ પાપકર્મથી ન ડરે અને જ્ઞાની પણ પાપકર્મથી ન ડરે તો અજ્ઞાની તથા જ્ઞાનીમાં ફેર શો ?, એ વિચારો. ત્રણ અનુયોગો કરતાં ચોથાની મુખ્યતા શી, તેજ સમજાવી રહ્યો છું. તત્ત્વજ્ઞાન તો દ્રવ્યાનુયોગમાં ભર્યું છે, ગણિત ગણિતાનુયોગમાં છે, અને ઈતિહાસ તો આખોએ ધર્મકથાનુયોગમાં છે. ત્યારે ચરણકરણાનુયોગમાં છે શું ? ક્રિયા કે બીજું કાંઈ ? ગણિતની વાતો તો ગણિતાનુયોગમાં છે, દુનિયાની વસ્તુઓનું ઝીણામાં ઝીણું જ્ઞાન અથવા દુનિયાની ઝણામાં ઝીણી વસ્તુ માત્રનું જ્ઞાન તો દ્રવ્યાનુયોગમાં છે, ઈતિહાસ તો ધર્મકથાનુયોગમાં છે, છતાં ક્રિયા-ચારિત્ર બતાવનાર ચોથા ચરણકરણાનુયોગનીમુખ્યતા શાસ્ત્રે શાથી કહી ? શાસ્ત્ર કહે છે કે-એ વીના આ ત્રણે અનુયોગો સફળ થઈ શકતા નથી. ત્રણેની સફળતાનો આધાર ચોથાની આરાધના ઉપર છે. આરાધના ન થઈ શકે તો તેના ઉપર સદ્ભાવ તો અવશ્ય હોવો જ જોઈએ. કોઈ કહે કે-‘હું ભણેલો, અને હુંશીયાર’ શાસ્ત્ર કહે છે કે-‘લોભાતા ના.’ કહેવું કે-‘‘સારી વાત, પણ ફલ શું ?’’ એ એમ કહે કે-‘‘યથેચ્છ અટન’’ તો કહેવું કે-‘‘મહા અજ્ઞાન !’’ એ કહે કે-‘‘મનુષ્ય ભવ ઉંચી કોટિનો છે’’ કહેવું કે-‘‘કાર્યવાહી શી ?’’ કહે કે-‘‘કાર્યવાહી તો અનેક પાપોને પોષે તેવી.’’-તો તો કહેવું કે-‘‘નકામો ગયો.’’

કહે કે-''આર્યદેશ, આર્યજાતિ, આર્યકુળમાં મનુષ્યભવ પામ્યો.'' કહેવું કે-''ઠીક, પણ કાર્યવાહી શી ?'' એ કહે કે-''ઘર ને બજાર બે.'' અમે કહીશું કે-''અનંતા માનવભવ મળ્યા તેમાં એકની વૃદ્ધિ.'' આપણો મુદ્દો એ છે કે-જ્ઞાની તે, કે જે મૂળને બરાબર સાચવે. મૂળ સાબૂત હશે તો ડાળાં પાંખડાં તો સહજમાં ઉભાં કરી શકાશે. મૂળમાં સડો ઘુસ્યો તો ખલાસ. માટે મૂળમાં સડો ઘૂસવા ન દેવો. ઘૂસ્યો હોય તો દૂર કરવો. લઢવા ભલે લાખ્ખો સૈનિકો જાય, પણ મર્મને, સામેના ઘસારાને, નેમને, લક્ષ્યને, ઘસારો કેવી રીતે લઈ જવો, એ બધું તો સેનાપતિ સમજે. સૈનિકોએ તો સેનાપતિના વાવટાને માનવાનો : એ કહે કે-'સામે જાઓ' તો સામે જવાનું : 'પાછા હઠો' તો પાછા હઠવાનું. એ જેમ કહે તેમજ કરવાનું. એ લાખ સૈનિકોને સેનાપતિ પ્રત્યે ખાત્રી ન થાય, એના હુકમનો અમલ ન કરે તો એ લાખો સૈનિકો છતાં માની લેવું કે-એ રાજ્યનો પરાજય નિર્માણ થઈ ચૂકેલો છે. ડાહ્યો સેનાપતિ તો કહી દે કે-'મારે લાખની જરૂર નથી, ભલે થોડા આવો-પણ જેને મારા પણ વિશ્વાસ હોય તે આવો.' સેનાપતિ સમજે છે કે-'એ અણીના વખતે સૈનિકો સાથે પંચાત કરૂં કે ત્યાં લક્ષ્ય રાખું ?' જો એ વખતે સેનાપતિ સૈનિકોની સાથે વાતચીતમાં પડી જાય, તો નક્કી એ સેનાપતિ પોતાના સ્વામિને વિજય અપાવી શકે નહિ. જ્ઞાની કહે છે એ સમજો, સમજનું

પરિણામ લાવતાં શીખો. કોઈ કહે કે-''દ્રવ્યાનુયોગ સારો જાણું છું, ગણિતના તો આંકડે આંકડા મોંઢે છે, સાહિત્યમાં તો આડો અવળો ફરી વળ્યો છું.'' એને પૂછીએ કે-''સંયમ તરફ સદ્‌ભાવ થયો ?'' જો 'ના' પાડે તો કહેવું કે-'એ બધું વ્યર્થ છે. લાભ ન થયો.' જ્ઞાનીઓએ ધર્મકથા વિગેરે કહ્યું શું કામ ?

(સભામાંથી° ભવ્યોના ઉપકાર માટે !)

ઉપકાર થાય ક્યારે ? ગ્રહણ કરનારા ગ્રહણ કરે ત્યારે ને ! ગ્રહણ ક્યારે થાય ? ગ્રહણ યોગ્ય સમજાય ત્યારેને ? લેવાનું લેવાય, છોડવાનું છોડાય, જાણવાનું જણાય, એમ હેય, જ્ઞેય અને ઉપાદેયનો વિવેક થાય, તો તો ધર્મકથાનુયોગ તથા બીજા અનુયોગો ફળે, નહિ તો ન ફળે.

**હિતશિક્ષાનો અમલ થવો જોઈએ !**

ધર્મકથાનુયોગમાં સઘળી વસ્તુનો સમાવેશ છે. નવે રસથી એ ભરપૂર છે. કથાના કહેનારાનું તથા સાંભળવા બેસનારાનું ધ્યેય ક્યાં જોઈએ ? ચક્રવર્તીને, આ શાસ્ત્રકારે એક જગ્યાએ ચોર કહ્યો છે. એક ચક્રવર્તી સેના સાથે મુસાફરી નીકળ્યા છે. સેના સાથે ચક્રવર્તી મુસાફરીએ નીકળે, ત્યારે કોલાહલ કેટલો હોય ? ઘણોજ હોય, જેનો પાર નહિ. એ વખતે

એક સ્થાનમાં આચાર્ય દેશના દે છે, ત્યાંથી આ સેના નીકળે છે. એ વખતે કોઈ પૂછે છે કે-''આ કોલાહલ શાનો છે ?'' આચાર્ય કહે છે કે-''એક ભયંકર ચોરને વધ્ય ભૂમિમાં લઈ જવામાં આવે છે.'' આ ચક્રવર્તિનું આયુષ્ય થોડું બાકી છે, એમ આચાર્યે જાણ્યું, અને જો આ સ્થિતિમાં મરી જાય તો ચક્રવર્તી નરકે જાય, માટે આચાર્ય એમ બોલ્યા. સેના પકડીને વધ્યભૂમિમાં લઈ જાય છે એમજ કહોને ! આવો ને આવો રહે તો નરકે જાયને ! છે પોતે ચક્રવર્તી, છ ખંડનો માલીક, છતાં આચાર્ય એને ચોર કહે છે. બંધાઈ, પકડાઈ, લઈ જવામાં આવે છે એમ કહે છે. વધ્ય ભૂમિમાં લઈ જવાય છે, આવું સ્પષ્ટ આચાર્યે કહ્યું. માણસોએ ચક્રવર્તીને આ વાત કહી, પણ હવે ચક્રવર્તીએ શું માન્યું ? 'હું ચક્રવર્તી અને મને એ કહેનાર કોણ ?'-એમ ? ચક્રવર્તી આવ્યો. આચાર્યના આ શબ્દથી તો એ ચક્રવર્તીને જાતિસ્મરણજ્ઞાન થયું. ચક્રવર્તીએ આવીને કહ્યું કે-''ભગવન્ ! આપ કહો છો તેમજ છે. ચક્રવર્તીએ વિચાર કર્યો કે-''મહાપુરૂષો કહે તેમાં કારણ હોય.'' બસ એટલા માત્રથી આચાર્યના શબ્દોની વિચારણા કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. પણ જો એમ વિચારત કે-મ્હને ચોર કહેનાર એ કોણ ? તો જાતિસ્મરણ થાત કે જે હોત એ પણ જાત ? તરત એ ચક્રવર્તિ પોતે પોતાના પૂર્વભવની વાત કરે છે, જે સાંભળી હજારો આત્મા બોધિબીજને પામે છે. કેટલાક સર્વવિરતિ,

કેટલાક દેશવિરતિ અને કેટલાક સમ્યક્ત્વ અંગીકાર કરે છે.

આચાર્યે, 'ચોર' એ શબ્દ કહ્યો હતો, પણ એ શબ્દનું ઐદંપર્ય જોયું, ભાવ જોયો, તો આ પરિણામ આવ્યું. શાસ્ત્રમાં ઠામ ઠામ આવે છે કે-અમૂક પાપ કાર્યવાહીનું ફળ આ. કોઈ પૂછે કે-બસ, એજ ફળ ? તે નહિ, પણ એ પાપ કાર્યવાહીમાં વધે તો વધારેમાં વધારે ફળ એ. છેલ્લું ફળ બતાવ્યું : જેથી આત્મા એવી પાપ કાર્યવાહીથી દૂર થાય, કે જેમાં એવો ત્રાસ વેઠવાનો હોય. લોકમાં પણ કહે છે ને કે-જ્યાં રાજ્યશ્રી છે ત્યાં ભવાંતરમાં નરકશ્રી છે. ત્યારે શું બધા રાજા નરકેજ જાય ? સંપ્રતિ રાજા, સનતકુમાર ચક્રવર્તી તથા કુમારપાળ રાજા સ્વર્ગે પણ ગયા, રાજ્યનો ગુણ નરક આપવાનો એ ખરૂં, પણ જો એમાં આસક્ત ન બને, અવસરે છોડે, તો જરૂર એ રાજા નર્કના પંજામાંથી બચે. ચક્રવર્તિ બાર થયા, એમાં નરકે તો બેજ ગયા છે, બાકીના બધામાંથી કેટલાક મોક્ષે તથા કેટલાક દેવલોકે ગયા છે. મોક્ષે તથા દેવલોકે ગયા તે જ્યારે ચક્રવર્તિ મટ્યા, અર્થાત્ ચક્રવર્તિપણામાંથી ખસ્યા ત્યારે ગયા. ચક્રવર્તિપણું એ શાનું કારણ ? એ તો નરકનું જ કારણ. એનો ત્યાગ કરે, પછી કાંઈ વાંધો રહેતો નથી !

**આરીસાભુવનમાં કેવળજ્ઞાન શાથી ?**

ભરત મહારાજાને આરીસાભુવનમાં કેવળજ્ઞાન થયું એ શાથી ? ભરતમહારાજા પોતાના સાધર્મિકોને કહેતા કે-''જ્યારે જ્યારે હું આપની દૃષ્ટિએ પડું, ત્યારે ત્યારે મને કહેવું કે-

''**जितो भवान्, भिः वर्द्धते, मा हन मा हन ।**''

રાજન્ ! જીતાયેલા છો, ભય વધે છે, માટે ન હણો ન હણો'' આવું વારંવાર જ્યારે જ્યારે જૂઓ ત્યારે કહેવું ! ભરત મહારાજા જીતેલા કે હારેલા ? ભયભીત કે નિર્ભય ? હિંસક કે દયાલુ ? પોતે છએ ખંડને જીત્યા છે, કેવળ નિર્ભય છે, તથા દયાના પ્રચારક છે, છતાં પોતાને આવું સ્મરણ આપવાનું શા માટે કહે છે ? એમને એમાં નાનમ ન લાગી. એ કહેતા કે-'કર્મશત્રુથી હું જીતાયેલો છું, કર્મનો ભય વધતો જાય છે, અને તેથી જરૂર મારો પોતાનો આત્મા હણાઈ રહ્યો છે.' 'આ ભાવના દૃઢ હતી ત્યારે આરીસાભુવનમાં કેવળજ્ઞાન થયું. એમનું આરીસાભુવન કેવું હોય ? તમને એમાં દાખલ કર્યા હોય તો ?

(સભામાંથીઃ દરવાજો ન જડે.)

મહિં ને મહિં અથડાઓ. આખું શરીર ઉત્તમ અલંકારોથી અલંકૃત, ચક્રવર્તિપણાનું તેજ ઝળકે, મુકુટની શોભા પાર વિનાની, એમનાં આભૂષણો જોવાનું મન થાય, એમનું રૂપ પણ

એવું કે એને પોતાને પણ જોવાનું મન થાય, તો બીજાને જોવાનું મન થાય એમાં નવાઈ શી ? એવું રૂપ કે પોતે જોયા કરે. એ રૂપ જોતા પોતે તૃપ્તિ ન પામે તો પારકાની હાલત શી ? આ સ્થિતિમાં એકજ મુદ્રિકા ખરી જાય, એમાંથી અનિત્ય ભાવના, અન્યત્વ ભાવના, ક્ષપક શ્રેણિ, કેવળજ્ઞાન, બધું આવી જાય, એ શાથી ? પેલી કાયમની ભાવનાના યોગે ! તમારા હાથમાંથી રોજ વિંટી કેટલીએ વાર નીકળતી હશે ! છતાં અનિત્યાદિ ભાવના આવે છે ? શાથી ? હું કહું છું કે-તમે પોતાને સારા માની રહ્યા છો એથી, તમે સારા હો એ વધારે સારૂં, સારા થાઓ એવી ઈચ્છા, પણ તમારે તો તમને પોતાને દોષિત માનવા જોઈએ અને સુધરવાના પ્રયત્ન ચાલુ જ રાખવા જોઈએ.

(સભામાંથી° સારા છીએ ક્યાં ?)

તે તમે જાણો, હું નથી કહેતો. પોતાના દોષો જોતા થયા હો તો સારી વાત, બાકી પોતાના દોષ જોવાય નહિ, ખામી ભળાય નહિ, કોઈ ખામી કહે તો મારવા જવાનું મન થાય, આ દશામાં ઉદ્ધાર થાય શી રીતે ? તમારૂં પુણ્ય હશે ત્યાં સુધી તો એ કુટેવ પણ તમને નીભાવશે. પણ પુણ્ય પરવાર્યા પછી સત્યનાશ વળી જશે.

**મહત્તા કોની ?**

કાર્ય કરતાં શીખો. હોહાથી કાર્ય બનતાં હોત, તો દુનિયા બધી કાર્યકર્તા થઈ જાત. કામ કરનારા તે, કે જે યોગ્ય વસ્તુનો સાર કાઢે. કચરો બહાર કાઢે, તે કાર્યકર્તા કહેવાય. સારૂં છે કે-આપણે તો અમૂક સંજોગોમાં છીએ. આજે સ્થિતિ એ છે કે-ધર્મ એ ભયંકર ચીજ મનાતી જાય છે : વાત કરવામાં નહિ હો ! વાત કરવામાં તો જાણે બધો ધર્મ જ વસી ગયો હોય તેમ વાત કરાય છે. શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાનું અપમાન મોટું કે જાતનું અપમાન મોટું ? ભગવાન્ શ્રી મહાવીરદેવે કહેલા આગમનું અપમાન મોટું કે જાતનું અપમાન મોટું? ભગવાન્ શ્રી મહાવીરદેવનાં માર્ગ ઉપર, શાસન ઉપર આજે કયી જાતનાં ભયંકર આક્રમણ થઈ રહ્યાં છે, એનો અભ્યાસ કર્યો ? આજનો ઘોંઘાટ એ શાસન ઉપર આક્રમણ છે કે બીજા ઉપર ? ન સમજ્યા, ન કળ્યા, તો શાસનના સેવકને બદલે શાસનના નાશના ભાગીદાર આપણે થવાનું છે. શાસ્ત્ર કહે છે કે-આગમથી આપણે : જે દી આગમ નહિ હોય તે દિવસે મનુષ્ય તો હશે પણ ધર્મ-ઓઘો ને ચાંલ્લો-એ બે નહિ હોય. એ બે શાથી છે ? આગમથી. આઠ વરસની દીક્ષા પાંચમા આરાને છેડે જ કે ચોથામાં પણ હતી ? આઠ વર્ષની દીક્ષા

ચોથામાં પણ હતી, અત્યારે પણ છે અને પાંચમા આરાને અંતે પણ હશે. આગમને-શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાને મરજી મુજબ નચાવાય એમ ? મોટું કોણ ? આજ્ઞા કે આપણે ? આગમ કે આપણે ?

**લોકવિરૂદ્ધ અને લોકવિરોધ**

જયવીયરાયમાં કહી આવ્યા એ બરાબર સમજો. શાસ્ત્રે લોકવિરૂદ્ધનો નિષેધ કર્યો, પણ લોકવિરોધનો નિષેધ નથી કર્યો. વિરોધ તો સનાતન છે, શાશ્વત છે. પવન જેમનો વાય તેમ ઢળે તે લોક. શ્રી સીતાજીની વાત થઈ ગઈ છે, કહેવાઈ ગઈ છે, છતાં ફરીને જોઈ જઈએ. શ્રી સીતાદેવી જેવી મહા સતીને ગણત્રીની બાઈઓએ કલંકિત કરી. બાર યોજન લાંબી અને નવ યોજન પહોળી આખી અયોધ્યામાં જોત જોતામાં વાત ફેલાવી કે-સીતાજી સતી નથી હજી તો રાવણની પાદુકા ચીતરીને એનું સ્મરણ કરે છે !' અરે ! નગરના આગેવાનો શ્રી રામચંદ્રજીને કહેવા આવ્યા કે-''મહારાજ, વાત જચતી નથી, ગળે ઉતરતી નથી, સંભવતી નથી, સંભળાતી નથી, પણ ચોરે ચૌટે અને ચકલે આવી વાત ચાલે છે, માટે મહેરબાની કરીને રાજ્યની આબરૂ ખાતર ઘટતા ઉપાય લેવાવા જોઈએ.'' શ્રી રામચંદ્રજીએ તપાસ

કરવાનું કહી વિદાય કર્યા. શ્રી રામચંદ્રજી મનમાં સમજે છે કે-'મહા સતી છે, શંકાને સ્થાન નથી' તોય લોકની ખાતર રામ ભૂલ્યા. લોકના વિરોધ ખાતર રામ ભૂલ્યા, લોકના વિરોધને તાબે થવાનું પરિણામ શોચો. લોકનો વિરોધ ક્યાં નથી હોતો ? શ્રી રામે સીતાના ત્યાગનો હુકમ કર્યો. સેનાપતિને કહ્યું કે-''સીતાને તીર્થયાત્રાના બ્હાનાથી રથમાં લઈ જઈ, ભયંકર અટવીમાં મૂકી આવવી !''

શ્રી લક્ષ્મણજીએ કહ્યું કે-''આર્ય બંધુ ! સીતા, દેવી, મહાસતી ! એના માટે આ હુકમ?''

શ્રી રામચંદ્ર° ''હું જાણું છું, પણ લોક વાત કરી રહ્યા છે.''

શ્રી લક્ષ્મણ° ''જે લોકનું આપણે પુત્રવત્ પાલન કરીએ છીએ, જેને આત્મવત્ જોઈએ છીએ, તે લોક આપણા અંતઃપુરની ખોટી વાત કરે, એને તમે માન આપો છો ? બંધુ ! સત્તા હોય તો શિક્ષા કરો, સત્તા ન હોય તો એ પાગલ લોકની ઉપેક્ષા કરો, પણ એવા લોકની વાતની ખાતર મહાસતી શ્રી સીતાજીને કલંક ન દેવાય : શિક્ષા ન થાય. બંધુ ! સત્ત્વ હોય તો શિક્ષા કરો ! શિક્ષા ન કરવી હોય તો 'હશે, ભલે'-એમ કહી જતા કરવામાં

મહત્તા માનવી હોય તો ઉપેક્ષા કરો !'' શ્રી રામચંદ્રજી કહે છે કે-''વાત સાચી, પણ લોક આમ કહે છે એનું થાય શું ?'' શ્રી લક્ષ્મણજી પગે પડી વિનવે છે કે-'ભાઈ ! એવા લોકની વાત પર વજન આપવામાં ભૂલ થાય છે.'' શ્રી રામચંદ્રજી આવેશમાં આવીને શ્રી લક્ષ્મણજીને કહે છે કે-'તારે હવે બોલવાનું નથી.' શ્રી લક્ષ્મણજી નીતરતી આંખ્યે ચાલ્યા જાય છે. સેનાપતિ યાત્રાને બ્હાને શ્રી સીતાજીને રથમાં બેસાડીને લઈ જાય છે. સેનાપતિનું પણ હૃદય ડંખે છે, પણ શું કરે ? નોકરે ભયંકર અટવીમાં લાવી રથને ઉભો રાખ્યો. સેનાપતિની પણ એ હિંમત નથી ચાલતી કે-શ્રી સીતાજીને ઉતરવાનું કહેવું. સેનાપતિ મનમાં વિચારે છે કે-''જો હું શ્રી રામનો નોકર ન હોત, તો આ આજ્ઞાનો અમલ ન કરત. કમભાગ્ય કે-મારે આવી આજ્ઞાનો અમલ કરવો પડે છે.'' દૂર જઈને રૂએ છે. શ્રી સીતાજીએ પૂછ્યું ત્યારે જણાવે છે કે-''દેવી ! આપને આ અટવીમાં ત્યાગ કરવાનો શ્રી રામચંદ્રજીનો હૂકમ છે. શ્રી સીતાજીને મૂર્ચ્છા આવે છે. જાગૃત થાય છે. પોતે સેનાપતિ સાથે કહેવરાવે છે કે-''આ કઈ જાતિનો ન્યાય ? સર્વકલાકુશલ, ન્યાયનીતિવિશારદ, રઘુવંશભૂષણ શ્રી રામચંદ્રજી જેવાને આ ન છાજે કે-વગર પરીક્ષાએ દંડ. અસ્તુ !' શ્રી રામચંદ્રજીનો દોષ નથી પણ મારા કર્મનો જ દોષ છે.

તું જઈને સ્વામીને કહેજે કે-'ખર પુરુષોના કહેવાથી જેમ સીતાનો ત્યાગ કર્યો, તેમ હે સ્વામિન્ ! મિથ્યાદૃષ્ટિના કહેવાથી શ્રી જિનેશ્વરદેવે કહેલા ધર્મનો ત્યાગ કરશો નહિ.''

સેનાપતિ આવીને શ્રી રામચંદ્રજીને આ સંદેશો આપે છે. શ્રી રામચંદ્રજી સિંહાસન ઉપરથી મૂર્ચ્છિત થઈ ભૂમિ ઉપર પડે છે. પોતાને લાગે છે કે-શ્રી સીતાજીનો ત્યાગ કરવામાં ભૂલ થઈ છે. એ વખતે લોક શું કહે છે ? લોકે જાણ્યું કે-રામે ગર્ભવતી સીતાનો ત્યાગ કર્યો, ત્યારે એ જ લોક બોલવા લાગ્યું કે-''કેવો રાજા ! લોક તો કહે, પણ એથી આમ ત્યાગ થાય ?''

**લોક દુરારાધ્ય છે.**

લોકમાં પણ એક કથા કહેવામાં આવે છે કે-મહાદેવ અને પાર્વતી આકાશમાં ચાલ્યાં જાય છે. વિદ્યાધર છે. વિમાનમાં જાય છે. લોકસ્વભાવ સંબંધી વાત નીકળી. મહાદેવે કહ્યું કે-લોકનો સ્વભાવ વિચિત્ર છે. પાર્વતી માને નહિ : એમને એ સ્વભાવ અનુભવવાનું મન થયું. નીચે ઉતર્યા. પોઠીયો તો હતો જ. શંકર પોઠીયા પર બેઠા અને પાર્વતીજી ચાલે છે. આ જોઈ લોક કહે છે કે-''પાડા જેવો છે તે બેઠો છે અને કોમળ એવી નારીને ચલાવે છે.''

પછી પાર્વતીજી પોઠીઆ ઉપર બેઠાં અને શંકર ચાલવા લાગ્યા. એનો એ જ લોક કહે છે કે-''કેવો સ્ત્રીનો ગુલામ છે, પોતે ચાલે છે અને સ્ત્રીને બેસાડે છે.'' પાર્વતીજી તો સ્થંભિતજ થઈ ગયાં. શંકર કહે છે કે-'હવે આપણે બેય બેસીએ.' પછી બેય બેઠાં. એટલે લોક કહે છે કે-'કેવા નિર્દય ! વારાફરતી બેસવાનું હોય કે બેય સાથે ?'' પાર્વતીજી તો દિઙ્મૂઢ જ થઈ ગયાં કે-'વારાફરતીમાં યે સુખ નહિ અને સાથે બેસવામાં યે આમ બોલે છે.' પછી બેએ ચાલવા માંડ્યું અને પોઠીઆને દોરવા માંડ્યો. ત્યારે લોક કહે છે કે-''કેવા મૂર્ખા છે. છતે વાહને ચાલે છે.'' પાર્વતીજીએ કહ્યું કે-''ધરાઈ ગઈ. લોકસ્વભાવને જોઈ લીધો.''

આથી જ શાસ્ત્ર કહે છે કે-મૂર્ખ લોકોની વાતો ઉપર વજન આપનાર ધર્મી તો નહિ, પણ માણસ પણ નથી. માણસ બનવું હોય તેણે એવી વાતોને વજન ન દેવું. પ્રભુમાર્ગને સાચવવા ઈચ્છા હોય, તો ગાંડા લોકોની પૂંઠે જવાય નહિ. દુનિયામાં એક પણ કામ એવું નથી કે જેમાં મૂર્ખ લોકનો વિરોધ ન હોય. શાસ્ત્ર લોકવિરોધનો ત્યાગ કરવાનું નથી કહેતું, પણ લોકવિરૂદ્ધ કાર્યોનો ત્યાગ કરવાનું કહે છે. શિષ્ટપુરૂષોની દષ્ટિએ જે કાર્યો વિરૂદ્ધ હોય, તેનો ત્યાગ કરવાનું કહે છે. જેમકે-પારકી નિંદા ન કરવી : કોઈની પણ નિંદા ન કરવી.

વસ્તુનું સ્વરૂપ બતાવવું એ વાત જુદી, પણ કોઈની નિંદા ન કરવી. વિશેષથી મોટા પુરૂષોની નિંદા ખાસ ન કરવી. માંસમદિરા વિગેરેનું ભક્ષણ ન કરવું. સત્પુરૂષોની પીડામાં આનંદ ન માનવો. છતી શક્તિએ સત્પુરૂષોની પીડા નિવારવાનો ઉપાય ન કરવો, એ પણ લોકવિરૂદ્ધઃ માટે સત્પુરૂષોની પીડા નિવારવામાં શક્તિ ગોપવવી નહિ. લોકવિરૂદ્ધ કાર્યોની ગણના તો મહાપુરૂષોએ કરેલી જ છે. નવી કરવાની નથી. તે તે લોકવિરૂદ્ધ કાર્યો ન કરવાં. બાકી લોકવિરોધને ગણવા બેઠા, તો એક પણ કામ એવું નથી, કે જેમાં અજ્ઞાન લોકવિરોધ ન કરે. હજાર જણને ઉત્તમ પ્રકારે જમાડો, પણ બહાર જઈ વાતો કરવાના કે-શાકમાં મરચું નહોતું અને દાળમાં મીઠું નહોતું. પાંચ જણ વાત કરે, પાંચસો જણા સાંભળે અને હાએ હા કરે. મુશ્કેલીથી થોડા એવા નિકળે, કે જે કહે કે-આટલી સામગ્રીથી જમાડનારની નિંદા કેમ કરો છો ? વાલ અને ભજીયાં ખાય, ઉપર પાણી પીએ, પછી ખાંસી થાય, એટલે કહી દે કે-તેલ ખોરૂં વાપર્યું હતું. એક દાન દે અને બીજો માથું કુટે. એક સંઘ કાઢે એટલે બીજો કહે કે-'એનામાં છે શું ?' પણ તારામાં શું છે એ તો જો ! શાસ્ત્ર કહે છે કે-લોકસ્વભાવ દુરારાધ્ય છે. લોક તો એવો કે-એક બોલે એટલે પચાસ બોલે.

**લોકના વિરોધથી ગભરાવું નહિ.**

આ પછી તો શ્રી રામચંદ્રજી પોતે જાતે શ્રી સીતાજીને શોધવા નીકળ્યા હતા. પછી ખાલી જ પાછા આવવું પડ્યું હતું. શ્રી સીતાજી પણ પુણ્યવાન હતાં. મહાસતી હતાં. વનમાં પણ સંબંધી મળ્યા અને એમને લઈ ગયા. રામને ઘેર જેવી રીતે રહે એવી જ રીતે મોજથી લઈ જનાર સંબંધીને ત્યાં, જેમ ભાઈને ત્યાં બહેન રહે તેમ રહ્યાં છે. પુત્રોને પણ જન્મ આપ્યો. આ વાત વિસ્તારથી પ્રથમ કહેવાઈ છે અને રામાયણમાં પણ આવશે. અહીં તો આપણે મુદ્દા પૂરતી જ આ વાતની વિચારણા કરીએ છીએ. નગરપ્રવેશ વખતે પણ જ્યારે રામે શુદ્ધિ (દીવ્ય) માટે ખાડો ખોદાવ્યો અને અગ્નિ સળગાવ્યો, ત્યારે લોક કહેવા લાગ્યું કે-''રાજન્ ! સીતા મહાસતી છે, માટે એમને આમાં ન હોમો !'' શ્રી રામચંદ્રજીએ કહ્યું કે-''ચૂપ રહો. હું તમને ઓળખું છું. પહેલાં બોલનાર પણ તમે હતા, અને આજે એમ કહેવા આવનાર પણ તમે છો ? જો હું શુદ્ધિ વિના લઈ જાઉં તો તમે જ કહો કે-જોયું ! શુદ્ધિ કરે ? શાની કરે ? શુદ્ધ હોય ત્યારેને ?' માટે હવે ચૂપ રહો.'' જો કે-શ્રી સીતાજી મહાસતી હતાં, એમના શીલના પ્રભાવે અગ્નિનું પાણી થયું અને સીતાને જ્યારે નગરપ્રવેશ કરવા-નગરને પાવન કરવા શ્રી રામચંદ્રજીએ કહ્યું ત્યારે સીતાજીએ કહ્યું કે-''મારે હવે નગર, મહેલ

કે કશાની જરૂર નથી. હવે તો કર્મનું ઉન્મૂલન થાય, કર્મના ફંદાથી રક્ષણ થાય, ત્યાં જઈશ. મેં જોયું કે-પાપના ઉદયમાં રક્ષક કોઈ નથી.'' તરત સીતાજીએ લોચ કર્યો : રામચંદ્ર મૂર્ચ્છિત થયા. એમને મૂર્ચ્છિત અવસ્થામાં મૂકી સીતાજી તો વ્રત લેવા ગયાં અને કેવલજ્ઞાની મહર્ષિ પાસે વ્રત લીધું પણ-અને કેવલજ્ઞાની મહર્ષિએ વ્રત આપ્યું પણ ! શ્રી રામચંદ્રજીની મૂર્ચ્છા વળી ત્યારે સીતાને ન જોતાં પૂછ્યું કે-''સીતા કયાં ?'' બધાએ કહ્યું કે-''એ તો ગયાં !'' રામ કહે કે-''પકડી લાવો.'' પકડવા કોણ જાય ? પકડવા જાય કોણ ? રામચંદ્રને ગુસ્સો થયો. 'જાઓ છો કે નહિ ?' એમ કહી હાથમાં બાણ લીધું, કે તરત લક્ષ્મણ વચ્ચે પડ્યા અને બોલ્યા-''આર્ય ! આ ન શોભે. તમારા કરતાં સીતાએ ખોટું શું કર્યું ? તમે તો લોકાપવાદની ખાતર પોતે સુખ સાહ્યબીમાં કાયમ રહી, સીતાનો ભયંકર અટવીમાં ત્યાગ કર્યો, ત્યારે એઓ તો તમને કશી પણ હાનિ કર્યા વગર, પોતાના આત્મશ્રેય માટે બધું તજીને ગયાં. એમાં ગુસ્સો શાનો ?' શ્રી રામચંદ્રજીનો આત્મા જાગ્યો. તરત હાથ જોડ્યા. 'ધન્યાસિ' ધન્ય છે-એમ બોલ્યા. એનું એ લોક તે વખતે પગે લાગ્યું. પોતાની ભૂલ કબુલ કરી. શાસ્ત્ર કહે છે કે-લોકવિરોધથી મુંઝાતા નહિ. શિષ્ટ પુરૂષોએ જે કાર્યો લોકવિરૂદ્ધ કહ્યાં છે, તે કાર્યોને ધર્મી આત્મા ન કરે, એનાથી ભાગતો ફરે, પણ એજ ધર્મી આત્મા લોકવિરોધથી

જરા પણ ગભરાય નહિ ! લોકવિરોધથી ગભરાઈને ધર્મનો ત્યાગ કરે નહિ. જો ગભરાયા તો ધર્મધ્વજ તથા ચાંલ્લા બેય ગયા સમજો. જો ચાંલ્લા તથા ધર્મધ્વજનો ખપ હોય, પાંચમા આરામાં છઠ્ઠો આરો લાવવાની ભાવના ન હોય, શાસનમાં જીવતું-જાગતું રહેવું હોય, તો લોક વિરોધથી ગભરાશો નહિ.

**જૈન શાસનમાં સામે પૂરે તરવાનું છે**

શાસન આપણાથી નભે છે, એવું માનવાની જરૂર નથી. શાસનમાં તમારી અને અમારી કેટલી કિંમત, તે પોતાના આત્માને જ પૂછજો. આપણે ન હોઈએ તો શાસન ન રહે એમ કાંઈ નથી. શાસન તો પાંચમા આરાના છેડા સુધી રહેવાનું છે. પણ જે શાસનમાં આપણે છીએ, તે શાસન પ્રત્યે આપણી ફરજ તો ખરીને ! કઈ ફરજ એ તો વિચારવાનુંને ! આપણે કેવા ? પોલા. આજે જે બધી હોહા છે, તે શાસન ઉપર છે, વસ્તુ ઉપર છે. જેના ઉપર ધસારો આવે છે, તે તારક વસ્તુને સાચવવા માટે લોકવિરોધથી ગભરાયે પાલવે નહિ. તારક વસ્તુઓને સાચવવાની ફરજ છે. જ્ઞાની કહે છે કે-લોકવિરૂદ્ધ કાર્યથી બચજો, પણ ખોટા લોકના વિરોધથી ડરતા નહિ. જ્યાં જ્યાં, જે જે કરણીય હોય, ત્યાં ત્યાં યથાશક્તિ-શક્તિ ગોપવ્યા વિના કરવુંજ જોઈએ.

(પ્રશ્ન૰ સામા પૂરે તરાય ?)

જૈનશાસનમાં રહેનારે સામે પૂરેજ તરવું પડશે. એ શાસનમાં રહેનારને અનુકૂળ પૂર ભાગ્યેજ આવે. મોક્ષમાર્ગે ચાલનાર માટે અનુકૂળ પૂર લગભગ અશક્ય. પૂરની પૂંઠે તો આખી દુનિયા જાય છે, પણ ધર્માત્માને તો સામે પૂરે જવું પડશે. એમાં હેતુ એ છે કે-'જગત્‌માં ધર્મના અર્થી થોડા.' મનુષ્યોમાં પણ અનાર્ય બહુ, આર્ય થોડા. એ આર્યમાં પણ અનાર્યપ્રાયઃ બહુ. આર્યમાં પણ ધર્માર્થી અલ્પ. ધર્માર્થીમાં પણ સમજનારા થોડા. અને એમાં પણ ધર્મપરિણત થોડા. થોડા પણ સારામાં રહેવું સારૂં, પણ ઘણા પણ બુરામાં રહેવું ભૂંડું. ડુબેલાને પણ કાઢવો શી રીતે ? કાદવમાં પણ ખસે નહિ તેવી રીતે સલામત સ્થાને ઉભા રહીને ! ખસે તો એ પણ જાય. દરેક દેશમાં, દરેક કાળમાં, શાસ્ત્ર, ધર્મગુરૂઓ કે ધર્મીઓ હોય છે, તે શાને માટે ? ચિત્રકાર પાસે રંગનાં કુંડાં છે. ચિત્રામણ કરે છે. એમાં રંગ પૂરે અને જુએ, આ બધું શા માટે ? કયો રંગ કેવો પૂરાણો ? ક્યાં પૂરવો ? તેમજ ચિત્રની તથા રંગની ખીલવટ જોવા માટે. આંખો મીંચીને રંગ પૂરે તો ? વારૂ ! એ રંગના કુંડામાંથી ચિત્રામણમાં રંગ પૂરવાનો કે ચિત્રામણમાંથી રંગનાં કૂંડામાં નાખવાનું ? એવી રીતે આ આગમ એ રંગનાં કુંડાં, ગુરૂ ચિત્રકાર. તમને આગમમાંથી દેવાનું કે તમારામાંથી આગમમાં

નાખવાનું ? વિધિ છે કે-દેશકાલ જોવો જોઈએ તે શા માટે ? આગમ ઉપયોગી કેવી રીતે થાય તે જોવા માટે ! આગમને ઉંધાં કરવા માટે નહિ. તમારાથી ગભરાઈ કુંડાં ઉંધાં વાળીએ કે બહારનું લઈ કૂંડાં બગાડીએ, તો અમારા જેવા મૂર્ખશિરોમણિ કોણ ? દેશકાળને સાચવીને પણ દેવાનું તો આ. કઈ રીતે આ દેવાય ? એ રીતે દેશકાલ જોવાય. અહીં વિરોધ કિંમત વિનાનો છે.

**જેનું અંતિમ સારૂં, તેનું બધું સારૂં.**

ભગવાન્ શ્રી મહાવીરદેવ જાણતા હતા કે-'શ્રાવસ્તિ નગરીમાં ગોશાળો પણ પોતાને જિન મનાવતો ફરે છે. એ જિન નથી, પણ અમારી પાસે રહેતો મંખલિપુત્ર છે' એમ કહીશ તો એને ગુસ્સો થશે, લોકમાં અપવાદ ચાલશે, એ અહીં આવશે, બે મુનિને બાળશે, છેવટે મને પણ તેજોલેશ્યા મૂકશે, એજ તેજોલેશ્યા એનામાં પેસશે, સાત સાત દિવસ સુધી હેરાન થશે, અને છેવટ મૃત્યુ પામશે.' છતાં ભગવાન્ મૌન ન રહ્યા ને બધું કહ્યું. જો ન કહે તો હજારો આત્મા ઉન્માર્ગે જાય, ગોશાળાનું પણ અંતિમ સારૂં આવ્યું. છેવટે મરતી વખતે ગોશાળો પણ પામ્યો. છેવટે પામશે એ ભગવાન્ જાણતા હતા. અંતિમ સારૂં છે-એ ભગવાન્ જાણતા હતા. છેવટે મરતી વખતે પોતાના ભક્તોને ભેગા કરી ગોશાળે કહ્યું કે-''હું પાપાત્મા

છું, તારક ભગવાન્ શ્રી મહાવીરદેવ છે : હું ગુરૂદ્રોહી છું, ઉપકારી તે છે : હું અજિન છું, જિન તે છે : જો તમે મારા ભક્ત હો તો મારા મતને મૂકી દેજો, મારા મડદાને પગે દોરડાં બાંધી મરેલા કુતરાની જેમ ઢસડજો અને મારા સ્પર્શથી અપવિત્ર થયેલી ભૂમિ ઉપર પાણી છાંટજો અને કહેજો કે-ગુરૂદ્રોહી આ પાપાત્માથી પૃથ્વી અપવિત્ર થઈ છે, માટે પાણી છાંટીએ છીએ.'' પાછળથી તેના ભક્તોએ તેમ ન કર્યું. વચનના પાલન ખાતર બંધ બારણે કર્યું. શ્રી કાલિકસૂરીશ્વરજી પાસે આવી દત્ત રાજાએ પૂછયું કે-'યજ્ઞનું ફલ શું ? હિંસાનું ફળ શું ?' તરત સૂરિજીએ 'નરક' કહ્યું. આચાર્ય જાણતા હતા કે-રાજા ઈરાદાપૂર્વક ધાંધલ કરવા આવ્યો છે, એને સત્ય કહેવાથી સાત સાત દિવસ પહેરામાં રહેવું પડશે, લોકમાં પણ હીલના (અંપવાદ) બોલાશે, પણ અન્તે પરિણામ શું છે ? મહાપુરૂષો પરિણામ ઉપર લક્ષ્ય આપતા. બુદ્ધિ, ક્રિયા, ભાવના, તે કરણીય-કે જેનું પરિણામ સ્વ પરને કલ્યાણકારી હોય. 'રાજા છે, અનાડી છે, જવા દેને !' આમ કર્યું હોત તો ? તો શાસ્ત્રમાં નોંધાત કે-કાલિકસૂરિજીએ પણ ગોટો વાળ્યો. અને એ વાતને આગળ કરી આવો ગોટો વાળવામાં વાંધો નહિ એમ ગણી, કૈંક આત્મા ઉન્માર્ગે જાત. એ મહાપુરૂષો સત્યપ્રરૂપણાના પ્રસંગે પ્રાણની પણ પરવા નહોતા કરતા. શાસ્ત્ર કહે છે કે-સત્ય, પ્રિય, મિત તથા હિત બોલવું. પછી આગળ કહે છે કે-સત્ય

કહેવા ખાતર મિતપણું છોડવું પડે તો છોડવું. પ્રમાણ મૂકવું પડે તો મૂકીને પણ, અધિક પ્રમાણમાં પણ કહેજો. પ્રિયથી ન માને અને અપ્રિય કહેવું પડે તો પણ કહેજો. હવે વચન હિતકારી તો નિયમા હોવું જોઈએ, કદાચ સત્ય ન હોય છતાં હિતકારી હોય તો જરૂર કહેવું. જો હિત ન હોય તો સત્ય, પ્રિય અને મિત એ ત્રણે ખોટું. શ્રી ઉમાસ્વાતિજી મહારાજ પણ કહે છે કે-સામો રોષ પામો કે તોષ પામો, પણ હિતકારી ભાષા જરૂર કહેવી. હિત એવું છે કે-આપ્યું ને તરત લાભ કરે એ ન બને, પણ પરિણામે લાભકારી છે. કરીઆતાનો ઉકાળો પીતાં તો કડવો લાગે, પણ પરિણામ મીઠું માટે એ મિઠ્ઠો : મીઠ્ઠા બનવું હોય, જેને પરિણામે મીઠ્ઠા બનવું હોય તેણે ઉકાળો હોંશે પીવો. શાસ્ત્ર કહે છે કે-દરદી ન પીએ તો પરાણે પાવો, હાથ બાંધીને પાવો, છાતી ઉપર પગ મૂકીને પાવો, એમ પણ ન પવાય તો મ્હોંમાં લાકડું ઘાલીને પાવો. માતાને ચાર પાંચ બાળક હોય. કોઈને કહે કે-પીજા અને પી જાય. કોઈને સાકરની ગાંગડી આપી પાય. કોઈને જરા ઠપકો આપીને પણ પાય. કોઈને પકડી મ્હોં ફાડીને પણ પાય. જુદી જુદી રીતે પણ પાય ત્યારે રહે. બધા એક સરખા હોય ? સત્યને તથા અસત્યને, સંયમને તથા અસંયમને વિરોધ તો રહેવાનો. જ્ઞાની કહે છે કે-ધર્મના આરાધનમાં વિરોધને ગણકારાય નહિ. સારા કામમાં દરેક કાળમાં ઓછો વધતો વિરોધ તો રહેવાનોજ.

શાસ્ત્રદૃષ્ટિએ, શિષ્ટ પુરૂષોની દૃષ્ટિએ જે વિરૂદ્ધ કાર્યો હોય તે ન કરવાં, પણ અજ્ઞાન લોકના વિરોધ માત્રથી કલ્યાણકારી ક્રિયાઓનો પરિત્યાગ ન કરવો. અને ઉત્સાહ તથા આનંદપૂર્વક શક્તિને લેશ પણ ગોપવ્યા વિના, કલ્યાણકારી ક્રિયાઓની આરાધના કરવી, કે જેથી અલ્પ સમયમાં પોતાનું સ્વરૂપ સાધી શકાય.

❋ 30 ❋

**સારાના ગ્રાહક અને ખોટાના વર્જક બનો !**

ટીકાકાર મહર્ષિ શ્રી શીલાંકસૂરિજી ફરમાવી ગયા કે-શ્રી અરિહંતદેવના ઉપદેશ વિના વિશિષ્ટ વિવેક જાગતો નથી અને વિશિષ્ટ વિવેક જાગે નહિ ત્યાં સુધી હેય અને ઉપાદેય પદાર્થોનું વાસ્તવિક જ્ઞાન થાય નહિ : એ જ્ઞાન ન થાય ત્યાં સુધી રાગ, દ્વેષ અને મોહ ઓછા ન થાય, એ ઓછા ન થાય ત્યાં સુધી દુઃખ દૂર ન થાય અને દુઃખ દૂર ન થાય ત્યાં સુધી સુખની પ્રાપ્તિ ન થાય. એજ કારણે ટીકાકાર મહર્ષિ કહે છે કે-'અમે શ્રી અરિહંતદેવના વચનના અનુયોગને જ કરવા માગીએ છીએ.' આ ક્યારે બોલાય ? વચન ઉપર આસ્થા મજબૂત બની હોય તો જ. અમલનો આધાર તો શક્તિના વિકાસ ઉપર છે, પણ વચન ઉપરની શ્રદ્ધા તો અચળ હોવી જ જોઈએ. સૂત્રાદિકની રચના કરનારા, રચનામાં પ્રથમ

ગુણસ્થાનકથી માંડીને ચૌદમા ગુણસ્થાનક સુધીની, યાવત્ સિદ્ધિપદની વાતો પણ લખે-છતાં તે મહર્ષિઓ રચતી વખતે હોય તો છઠ્ઠે કે સાતમે ગુણઠાણે : બહુલતયા છઠ્ઠે. રચનાર આઠ આદિ ગુણસ્થાનકોને પામેલા જ હોય એવું નથી હોતું, પરંતુ ભગવાન્ શ્રી અરિહંતદેવે દર્શાવેલા તે તે ગુણસ્થાનકના સ્વરૂપ આદિ પ્રત્યે પ્રાયઃ અખંડ શ્રદ્ધાળુ તો હોવા જ જોઈએ. બાકી જેઓ જે વસ્તુને પામેલા હોય, તેઓ જ તે વસ્તુને જણાવી શકે એવો કાંઈ કાયદો નથી. વસ્તુ સારી છે, પામનાર નિર્મળ બને, મોહનીય કપાય, જ્ઞાનાવરણીય અને દર્શનાવરણીયનો નાશ થાય, વીર્યાંતરાય તૂટે, તો કેવળજ્ઞાન મળી શકે અને જે મન, વચન, કાયાના યોગો રૂંધે તેજ મુક્તિ પામી શકે. મિથ્યાત્વ, અવિરતિ અને કષાય સર્વથા જાય તથા મન, વચન તથા કાયાના યોગોને સંપૂર્ણપણે રૂંધે, ત્યારે જ આત્મા મુક્તિપદે જઈ શકે છે. મુદ્દો એ છે કે-લખનારા બધું પામેલા જ હોય એમ નહિ, પણ શ્રી અર્હન્ત ભગવાનના વચનને શ્રદ્ધાથી માનનારા તો જરૂર જ હોય : અને એ શ્રદ્ધાના અને યથાશક્તિ આજ્ઞાનુસાર અમલના યોગે ધીમે ધીમે પણ તેઓ ઈષ્ટસિદ્ધિ પામ્યા વિના રહેજ નહિ. ટીકાકાર મહર્ષિ ફરમાવે છે કે-જે કાંઈ કહેવાનું કે લખવાનું તે શ્રી અર્હન્ત ભગવાને કહેલું હોય તેજ અને રાગ, દ્વેષ અને મોહાદિ દોષો જેના સર્વથા નાશ પામ્યા હોય તેજ શ્રી અરિહંતદેવ. આપણે કેવળ નામના,

વ્યક્તિના, દેખાવના કે આડંબરના પૂજારી નથી જ, પણ વસ્તુના પૂજારી છીએ. કોઈ કહે કે-'મહાવીર તો વિષયમાં લીન હતા, રંગરાગમાં પડેલા હતા'-તો કહી જ દેવું કે, એ મહાવીર અમારા નહિ. સમ્યગ્દૃષ્ટિનું લક્ષણ એ છે કે-તે સારાનો ગ્રાહક અને ખોટાનો વર્જક હોય. ખોટું વર્જાય નહિ અને ખોટું કરવું જ પડે, તો જરૂર તેને દુઃખ અને તેનો પશ્ચાત્તાપ તો થાય જ. 'દેવ, ગુરૂ અને ધર્મ તો આજ'-એવો નિશ્ચય તો તેનો અબાધિત જ હોય. સંસારમાં રહેવા છતાં, આરંભ સમારંભ કરવા છતાં, સમ્યગ્દૃષ્ટિ આત્માને કર્મનો બંધ થોડો પડે એ શાથી ? એથીજ કે-એ આત્મા આરંભાદિકનો રસિઓ નથી હોતો. અને કદાચ તેને પાપ કરવું જ પડે, તો પણ તે બળતેજ હૃદયે કરે છે. ધર્મીપણાની આજ એક ખાત્રી છે. એવા આત્માને પાપથી છુટવું એ સ્હેલું છે. પૂર્વના પુણ્યશાલી આત્માઓને અચાનક વૈરાગ્ય થતો, એ શાથી ? હૃદય જ એ જાતિનું ઘડાયેલું હતું એથી. ભોગસામગ્રી મોજૂદ હતી, કર્મોદયે સામગ્રી મેળવતા, ભોગવતા, પણ સ્હેજ પ્રસંગ મળ્યો કે-છોડી પણ દેતા શાથી ? એજ કારણે કે હૃદય છોડવા પ્રત્યેનું હતું : નહિ તો ઉંચામાં ઉંચી સામગ્રી મેળવેલી હોય અને સમય આવ્યે ચાલી નીકળે, એ બને જ શી રીતે ? આજ તો નાનામાં નાના ધર્મની પણ ભાવના થાય, પણ દુનિયાદારીની વ્યવસ્થામાં જ ઘણો સમય ચાલ્યો જાય. શાથી ?

ભાવનાનું સ્થીરિકરણ નથી એથી. સમ્યગ્દૃષ્ટિ આત્માએ ગ્રાહક તો સત્યના જ રહેવું, પાપ કરવું પડે તો પણ કંપવું, પ્રાણાંતે પણ ખોટાની પ્રશંસા તો નજ કરવી. વસ્તુસ્વરૂપના જાણ આત્મા કદી જ નાશવંતી વસ્તુઓમાં નાશકારક આસક્તિ ધરાવનારા હોતા જ નથી. શ્રી શાલિભદ્રજીના બનેવી શ્રી ધન્નાજી પાસે ચિંતામણી રત્ન હતું અને તે ખેસના છેડે બાંધેલું રહેતું. એને ખાસ જોવાની પણ તે પુણ્યવાન્‌ને ઈચ્છા ન્હોતી રહેતી, કારણ કે-તે લક્ષ્મીની આળપંપાળ કરનાર શ્રીમાન્ ન હતા. પુણ્યાનુબંધી પુણ્યવાળાની શ્રીમંતાઈ એવી હોય છે. એ પુણ્યવાનોને લક્ષ્મીની તેવી પરવા નથી હોતી. લક્ષ્મીની તેઓ તેવી મોટી કિંમત આંકતા જ નહોતા અને એજ કારણે લક્ષ્મી તેઓની સેવામાં જ રહેતી. આપત્તિમાં પણ આવા પુરૂષોની હાલત એક સરખી જ રહેતી. શ્રીમંતાઈ શબ્દ મજેનો, પણ વસ્તુસ્વરૂપ સમજે તેને માટે ! શ્રીમંતાઈ રાખી રહે ? જો રાખવાથી, વળગી પડવાથી, બાઝવાથી, ન જ રહે તો પછી એની પાછળ આટલી બધી ધાંધલ શા માટે ? એની પૂંઠે રોવાનું કારણ શું ? જે વસ્તુના સ્વરૂપને સમજે, તે કદીજ અનિત્ય લક્ષ્મી માટે ન જ રૂએ. વસ્તુ સ્વરૂપને સમજનારા દુનિયામાં બે પ્રકારના હોય છે : એક હૈયામાં સમજી દુનિયાને સમજાવી શકે અને એક હૈયામાં સમજે પણ દુનિયાને સમજાવી ન શકે. દરેક વસ્તુ જાણે તેટલી કહી શકાતી હોય તો કામ થઈ જાય.

શ્રી તીર્થંકરદેવો જાણે છે બધું જ, પણ જેટલું જાણે છે તેના કરતાં અનંતના ભાગે જ કહી શકે છે, કારણ કે જ્ઞેય પદાર્થોમાં જેટલા પદાર્થો અભિલાપ્ય એટલે કહેવા યોગ્ય છે, તેના કરતાં અનંત ગુણા પદાર્થો અનભિલાપ્ય એટલે નહિ કહેવા યોગ્ય છે. એ અભિલાપ્ય એટલે કહેવા યોગ્ય પદાર્થોનો અનંતમો ભાગ જ, શ્રી તીર્થંકરદેવો પણ કહે છે. આ બધું વસ્તુસ્વરૂપ સ્પષ્ટપણે સમજાઈ જાય તો દુનિયાની કોઈ પણ વસ્તુ આત્માને ખીંચી શકે નહિ, કેમકે તે આત્મા પોતાના આત્મસ્વરૂપને ભૂલે નહિ.

**આત્માના ભલામાં જગતનું ભલું રહેલું છે !**

દુનિયામાં એવી કોઈ ચીજ નથી, એવો અક્ષરસંયોગ નથી કે કોઈ પદાર્થ નથી, કે જે શ્રી અરિહંતદેવના આગમમાં વર્ણવાયો ન હોય. પૂર્વાદિ શ્રુત ગયું ઘણું, પણ જે રહ્યું છે તે એટલું સુંદર છે કે-એમાં આરીસામાં જેમ પ્રતિબિંબ દેખાય, તેમ સારી દુનિયાના પદાર્થોનું સ્વરૂપ દેખાય. શરત એટલી જ કે-'જોનારને જોતાં આવડવું જોઈએ.'

(પ્રશ્ન૦ કેટલાં પૂર્વ લખાયાં ?)

પૂર્વનું જ્ઞાન લખાય જ નહિ. લખી શકાય નહિ. જે લખાયું છે તે તો બહુ જ થોડું. તેટલું પણ મજબૂત રીતે હૃદયમાં ઉતરી જાય, તો દુનિયામાં આત્મા કદી મુંઝાય નહિ. ભલે

પારકું ભલું ન કરી શકે, પણ પોતાનું તો ભલું કરશે જ. પોતાના ભલામાં પારકું ભલું થઈ જ જાય છે. શ્રી જૈનશાસનમાં ભલું એવું છે કે-એ માર્ગે પોતાનું ભલું કરવા નીકળે, તે વગર મહેનતે અનંતા આત્માઓને અભયદાન આપે છે : અનંતા આત્માના શ્રાપનું કારણ પોતે બનતો નથી. શ્રાવક બને તે પણ ચાલે ત્યાંસુધી ઘાસ ઉપર પગ ન મૂકે, પાણીમાં પગ ન મૂકે, રસ્તામાં જેમ આવે તેમ સોટી કે છત્રી હલાવે નહિ. સારો શ્રાવક ઓછામાં ઓછું સાંજે ચોવિહાર તથા સવારે નવકારશીનું પચ્ચખાણ કરે. કંદમૂળ તો ખાય જ નહિ, ભક્ષ્ય વનસ્પતિ પણ પરિમિત- અમૂક અમૂક જ, તેમાં પણ પાશેર, અરધો શેર કે કેટલી તેનું પ્રમાણ. આટલા માટે તો શ્રાવક ચૌદ નિયમ ધારે. ખાવા પીવાના શિવાયના ટાઈમમાં મુઠસીનું પચ્ચખ્ખાણ રાખે. જમીને ઉઠ્યો કે એ પચ્ચખાણ હોય જ.

(પ્રશ્ન૦ મુઠ્ઠીસહીય હોય ને વધુ વખત ખાય તો દોષ લાગે ?)

ખાવું એજ દોષ. અઢારે પાપસ્થાનકની પ્રવૃત્તિ દોષમય છે. અસંયમ એજ દોષ. સંયમમાં દોષ નહિ. જેટલો અસંયમ એટલો દોષ.

(પ્રશ્ન૦ હોટેલોમાં જે ચીજો થાય છે, તે ક્યાં અમારે માટે થાય છે ?)

આ પ્રશ્ન જ અયોગ્ય છે, કારણ કે હોટલો હોટલોમાં જનારા છે માટે જ ચાલે છે.

જેમ રેલ બેસનારા માટે છે, તેમ હોટેલો હોટેલોમાં જનારા માટે છે. માટે રેલમાં બેસનારાઓને રેલનો દોષ લાગે. તેમ હોટલોમાં જનારાઓને તેનો પણ દોષ લાગે જ. જેમ ગરમ પાણી પીનારો જ્યાં ત્યાં પાણી પીવા મોઢું નહિ મારે, કારણ કે તેના માટે એક ગરમ પાણી જ નિયત થઈ જાય છે અને ટાઢું પાણી પીનારો ભલે ઘેરજ પીતો હોય, પણ તૃષા લાગી હોય તો નળે પણ પી લે. ન પીએ એવા પણ છે, પણ આપણો મુદ્દો એ છે કે-'પ્રસંગ આવ્યે પી લ્યે'-એ પણ બનેને ! પી લેવાનું ખુલ્લાપણું એ દોષ : એજ વિરતિનો દોષ. ભલે એ અમૂક કામ ન કરે, પણ પ્રસંગ નથી માટે ! પ્રસંગ પડે તો કરી પણ લે : માટે એ અવિરતિનો ઓઘ દોષ છે : નિયમ એ તેના પર અંકુશ છે. રેલ ચાલે કોના માટે ? બેસે એના માટે, એનો ઉપયોગ કરનારા માટે. સાધુ ઉપયોગ કરતા જ નથી માટે બાતલ. તેવી જ રીતિએ હોટલો તેમાં જનારાઓ માટે છે, તેથી જતા હોય અગર 'નહિ જવાના' નિયમ વિનાના હોય, તે સઘળાઓને એ દોષ લાગે. જેઓ 'નહિ જવાના' નિયમ કરી જીવનને નિયમબદ્ધ બનાવી લે છે, તેઓજ તે અવિરતિના ઓઘ દોષથી મુક્ત થાય છે.

(પ્રશ્ન૰ કોઈ સાધુ ઉપકાર માટે રેલમાં બેસે તો શી હરકત ?)

ઉપકારના નામે પણ શ્રી જૈનશાસનમાં શ્રી જિનેશ્વરદેવની આજ્ઞાથી વિરૂદ્ધ જતી એક

પણ પ્રવૃત્તિ કરવાની છુટ નથી. જો આત્મા શાસ્ત્રમર્યાદાથી એકવાર પણ ખસે, તો પરિણામે તેનું સર્વસ્વ ચાલ્યુ જાય છે.

(પ્રશ્ન૰ ઉપાશ્રય થાય છે તે ?)

ઉપાશ્રય શ્રાવકોને ધર્મક્રિયા કરવા માટે થાય છે. શાસ્ત્રની વિધિ કે મર્યાદાથી તમે અને અમે જેટલા ખસીએ, તેટલા દોષના ભાગીદાર. શિથિલતાનો દોષ સેવાતો હોય તે નિભાવવો નહિ, પણ સુધારો કરવો : પણ એટલા માટે સન્માર્ગ ન કહેવો એમ નહિ. બેયની ભૂલનો સ્વીકાર કરી ભૂલ કેમ સુધરે, એ કાર્યવાહી કરવાની ફરજ છે : માટે તો કહું છું કે-વાત જચે નહિ ત્યાં સુધી ખોટી હાજી કહેવી નહિ. તમારી ખોટી હાજીથી તો સાધુઓ પણ કોઈ વાર ડુબી જાય.

**શ્રાવક એ પણ અંશે લોકોત્તર છે.**

શ્રાવકોને સાધુના મિત્ર જેવા, ભાઈ જેવા અને માબાપ જેવા પણ કહ્યા છે. શ્રાવક સાધુને મિત્રની જેમ સલાહ આપે, ભાઈની જેમ સલાહ આપે અને માબાપની જેમ પણ સલાહ આપે. તમે સાચા મિત્ર બનો. સાચા મિત્રની આજે દુનિયામાં ખોટ પડી છે. ભાઈ તરીકે પણ બનો અને માતા-પિતા તરીકે પણ બનો. એમાં કશીજ હરકત નથી, પણ એ ક્યારે બનાય?

ત્યારેજ બનાય, કે જ્યારે રત્નત્રયી પ્રત્યે સાચો સદ્‌ભાવ હોય.

**એક દૃષ્ટાંત**

એક નિહ્નવ થયો છે : તે માનતો કે-આત્માના અસંખ્યાત પ્રદેશો છે : એમાંના છેલ્લામાં જીવ છે, બાકીના પ્રદેશો નિર્જીવ છે. એ વાત સિદ્ધ કરવા એવી પણ એક યુક્તિ કાઢી કે-સો તંતુનો પટ હોય, તેમાં નવાણું તંતુ ભેગા થાય ત્યાં સુધી એ સો તંતુનો પટ કહેવાય નહિ, સોમો તંતુ મળે ત્યારેજ સો તંતુનો પટ કહેવાય, માટે સો તંતુનો પટ, છેલ્લા તંતુમાં રહ્યો. હવે એનું નિરાકરણ તો એ છે કે-નવાણું ન હોત તો સોમો થાત ક્યાંથી ? સોમો તંતુ આવ્યા પછી પણ એ સોમો રહે ક્યારે ? પેલા નવાણું રહે ત્યારે. નવાણુંમાંથી એક પણ જાય, તો એ સોમો ન રહે. આ વાત એને સમજાવવામાં પણ આવી, પણ મિથ્યાત્વના ઉદયને લઈને એને જચી નહિ. વસ્તુ પકડી એ પકડી. જ્ઞાની કહે છે કે-નવાણુંમાંથી એક પણ ખસે તો પેલો સોમો તંતુ સોમો નહિ રહે. પેલાનો તો પંથ ચાલ્યો. આ વાતની એક શ્રાવકને ખબર પડી. શ્રાવક મિત્ર, ભાઈ કે માબાપનું કામ કેવી રીતે કરે એના ઉપર આ દૃષ્ટાંત છે. એ શ્રાવક એ આવતા નિહ્નવની સામે ગયો. ભક્તિથી નહિ પણ જો સુધરે તો પ્રયત્ન કરૂં, ન સુધરે તો પછી નમસ્કાર. ગામમાં લાવ્યા પછી પોતાને ઘેર ભિક્ષા માટે એ મુનિને લઈ

ગયો. વહોરાવવાની સામગ્રી તૈયાર રાખી હતી. મોદક વિગેરે દરેક વસ્તુમાંથી એક એક અણુ લઈ વહોરાવ્યો. મુનિ કહે છે કે-''ભિક્ષા આપે છે કે મશ્કરી કરે છે ?'' શ્રાવક કહે છે કે- ''જે આદમી જેના સિદ્ધાંતમાં રહેવાની ઈચ્છા ધરાવતો હોય, તેણે તેના સિદ્ધાંતનો અમલ કરવો જોઈએ.'' આખી વસ્તુના છેલ્લા પ્રદેશમાં વસ્તુ આવે એ આપનો સિદ્ધાંત છે. મેં અણુ લીધો એમાં મોદક આવી ગયો ને ! ઝટ એ મુનિ ચોંક્યો. ઠેકાણે આવી ગયો : ભૂલ સુધારીઃ મિથ્યાત્વ ખસી ગયું : સમ્યક્ત્વ આવ્યું અને માર્ગ પામ્યો. શ્રાવક મિત્ર, ભાઈ કે માબાપ તરીકે આ રીતે બચાવ કરે. પાંચ આંગળી સરખી હોતી નથી, માટે કોઈ વાત શિથિલ લાગે તો સુધારવી, પણ વસ્તુના સ્વરૂપથી વિપરીત જવાની જરૂર નથી.

સમજો કે-તમે આજે રેલમાં બેઠા નથી, બેસવાના પણ નથી, જે બેસવાના હોય એની વાત જુદી રાખો, છતાં પણ શાસ્ત્ર કહે છે કે-નહિ બેસતાં છતાંએ એ અવિરતિનો ઓઘ દોષ લાગે. અલબત્ત, બેસવાથી વધારે લાગે, બેઠા પછી ખૂશી થવાથી એથી વધારે લાગે, એ વાત જૂદી છે. જમવા બેસે તે એક સ્વાદ વિના જમી લે અને એક 'ઘઉં ક્યાંના ? ભાલના બહુ મજેના, ત્યાંના ખેડુત પણ સારાં, ખેતી પણ સારી'-આવી આવી વાતો કરતાં જમે : આથી ક્રિયા એકની એક પણ પરિણામમાં ફરક. અને એને લઈને બંધમાં પણ ફરક. આથી

દરેકનું પ્રમાણ કરે અને આસક્તિ છોડે. વાહન વિના ન ચાલે તો વાહનની પણ 'એક, બે કે ત્રણ વિ.' એમ ગણત્રી રાખે : ને તેમાંએ અમૂકજ ત્રણ રાખે એ ચઢે : એમાંએ અમૂકજ ટાઈમ એ એથીએ ચઢે. શ્રાવક ચૌદ નિયમ ધારે એથી બાકીની ચીજોનો ઓઘ દોષ તેને ન લાગે. અને એથી અંશે એ પણ લોકોત્તર બને.

**શાસ્ત્રોક્ત મર્યાદા ન લંઘો !**

ઉપકાર માટેના પ્રશ્નમાં એજ ઉત્તર કે, શાસ્ત્ર કહે છે કે-ઉપકાર એવો ન જોઈએ, કે જેથી શાસ્ત્રની મર્યાદા ભાંગે. જગદ્ગુરૂ આચાર્યદેવ શ્રીમદ્ વિજયહીરસૂરીશ્વરજી મહારાજાને બોલાવવા માટે બાદશાહે પોતાના મંત્રીને હુકમ કર્યો. અમદાવાદના સૂબા ઉપર પણ હુકમ મોકલ્યો કે-શ્રી હીરસૂરીશ્વરજીને બહુમાનથી દીલ્હી તરફ આવવાની વ્યવસ્થા કરી આપો. એમને દીલ્હી આવવા માટે જોઈતી સામગ્રી તમામ પૂરી પાડો. શ્રી હીરસૂરીશ્વરજીની સામો સૂબો આવ્યો. અમદાવાદમાં પણ ધામધૂમથી પ્રવેશ કરાવ્યો. હીરા, માણેક, પન્ના, હાથી, ઘોડા અને પાલખી વિગેરે સૂબાએ સામે ધર્યું અને કહ્યું કે-''લ્યો, કૃપા કરો ! શ્રી હીરસૂરીશ્વરજીએ કહ્યું કે-''જૈનસાધુને આમાંનું કાંઈ કલ્પે નહિ.''

સૂબો° 'આપ દીલ્હી જશો શી રીતે ?'

શ્રી હીરસૂરિ૰ 'પગથી.'

સુબો તો સજ્જડ જ થઈ ગયો. સુબો મનથી વિચારે છે કે-કામ બાદશાહને, બોલાવે છે બાદશાહ, જવું આમને અને તે પણ પગે ? તરત પોતે બાદશાહને લખી દીધું કે-'મેં આજ સુધીમાં ઘણા ફકીરો જોયા, પણ એમાં આવો એક પણ જોયો નથી.' શાસ્ત્ર કહે છે કે-અકબર બાદશાહ શ્રીમદ્ વિજયહીરસૂરીશ્વરજી મહારાજને તો જોશે ત્યારે જોશે, પણ સુબાના શબ્દની અસર થઈ ગઈ. બાદશાહે વિચાર્યું કે-સુબો ચુસ્ત મુસલમાન, હિંદુ માત્રને કાફર કહે એવો, કોઈની પ્રશંસા તો કરેજ નહિ, એ પણ જ્યારે આમ લખે છે-ત્યારે એ ફકીર કેવાક હશે ! આચારમાં રહ્યા તો આ અસર થઈ : આચાર મૂકીને ગયા હોત, તો આ અસર થાત નહિ. ઉપદેશની અસર પણ આચારને, અનુસરીને થાય. કોઈ તત્ત્વજ્ઞાની ભલે ગમે ત્યાંથી તત્ત્વજ્ઞાન લે, તે વાત જુદી છે. શ્રીમદ્ વિજયહીરસૂરીશ્વરજીને બાદશાહે જોયા. તત્ત્વ પામ્યો. તોય એને એમ થયું કે-આ તે દેખાવમાં છે કે સાચું ? છુપે વેષે, રાત્રે-દિવસે, જુદી જુદી રીતે, બાદશાહે પરીક્ષા કરી છે અને જોયું કે-આ ત્યાગ એ ત્યાગ તરીકે છે, નહિ કે દેખાવ તરીકે. પછી પૂછવું જ શું ? એ પછી જે ઉપકાર થયા તે ચિરસ્થાયી થયા. જો માર્ગ મૂકીને ઉપકાર કરાય, તો સાંભળનારાને જરૂર થાય કે-વસ્તુ ઠીક, પણ જરૂર આવે તો છોડી પણ શકાય

છે. એટલે ઉપકારના નામે પોતાનો નાશ કરનારા, પરિણામે સ્વ અને પરનો ઉપકાર કરનાર જે સન્માર્ગ, તેનો પણ નાશ કરનાર થાય છે. આથીજ કહેવું પડે છે કે-શાસ્ત્રોક્ત મર્યાદાને ન લંઘો!

લોકોત્તર મર્યાદા લૌકિક મર્યાદાથી ભિન્ન જ રહેવાની. તમારે અને મારે પ્રભુના શાસનમાં રહેવું હોય, તો લોકોત્તર મર્યાદાનો સ્વીકાર કરવોજ પડશે. આજકાલ લૌકિક છાયા એવી પડી છે કે-વાત વાતમાં લોકના ભલાના નામે શાસ્ત્રીય મર્યાદાઓ મૂકવાની વાતો થાય છે. શાસ્ત્રોક્ત મર્યાદાઓ મૂકવાથી કોઈપણ કાળે સ્વનું કે પરનું ભલું થતું જ નથી અને જો કદાચ ક્ષુદ્ર તથા અજ્ઞાન દૃષ્ટિથી ભલું થતું અજ્ઞાન આત્માઓને દેખાતું હોય, તો પણ તે પરિણામે ભયંકરજ છે. માટે જ્ઞાની પુરૂષોએ એકાંત હિતદૃષ્ટિથી બાંધેલી મર્યાદાઓને કોઈપણ રીતિએ લંઘવી જોઈએ નહિ.

**મર્યાદાની મહત્તા સૂચવતો પ્રસંગ**

ભગવાન્ શ્રી તીર્થંકરદેવનું સમવસરણ, કે જ્યાં વિકાર થાયજ નહિ, જેમના અતિશય એવા કે-વિકાર થયેલ હોય તેય શમી જાય એવું સ્થાન : મૃગાવતીજીની ત્યાં મોડે સુધી બેસવાની ભાવના પણ નહિ, સાક્ષાત્ તીર્થંકરદેવ જ્યાં છે ત્યાં એ દિવસ ધારીને બેઠેલાં : સૂર્યચંદ્ર મૂળ વિમાને આવેલા માટે રાત્રીના સમયની ખબર ન પડવાથી બેઠેલાં : છતાંએ શ્રી

ચંદનબાળાજીએ મર્યાદા ખાતર કહ્યું કે-''હે કુલવતી ! તને આ ન શોભે.'' ચંદનબાળા જાણતાં હતાં કે-'મૃગાવતી ભૂલ કરે એવાં નથી, કુળવતી છે, પણ ભૂલ થઈ, મર્યાદાનો ભંગ થયો, માટે સામાન્ય રીતે આટલું કહ્યું. કરનાર ગમે તે ઈરાદે કરે, પણ જોનાર કે સાંભળનાર શું ધારે ? મૃગાવતીજીએ પણ બચાવ ન કર્યો કે-'સમસરણમાં હતી, બીજે નથી ગઈ. એમાં વાંધો શો ?' તરત ભૂલ સમજ્યાં અને વિચાર્યું કે-જરૂર મારાથી મર્યાદા ભગ્ન થઈ. તરત ગુરૂણીના પગમાં માથું મૂકી ક્ષમા માગી. શ્રી ચંદનબાળાજીના દિલમાં કંઈજ હતું નહિ, મર્યાદા પૂરતોજ ઠપકો દીધો હતો અને મૃગાવતી જેવીને તો ઠપકો દેવોજ જોઈએ, કે જેથી બીજી સાધ્વીઓ ઉપર પણ અસર થાય. શ્રી ચંદનબાળાજી તો સુઈ ગયાં. મૃગાવતીજીને લાગ્યું કે-ગુરૂણીજીને ગુસ્સો થયો. બસ, ન બોલે ત્યાં સુધી માથું ઉંચકવું નહિ. એવી ક્ષમાપના કરી, કે ત્યાં જ કેવળજ્ઞાન. આ વાત પહેલાં કહેવાઈ છે. પછી શ્રી ચંદનબાળાને પણ એમના યોગે કેવળજ્ઞાન થયું, એ બધું કહેવાયું છે.

**વાડ જ ચીભડાં ગળે તો શું થાય ?**

આથી સ્પષ્ટ છે કે-કોઈ પણ બહાના નીચે શાસ્ત્રે બાંધેલી મર્યાદા તોડવી, એના જેવું ભયંકર પાપ એક પણ નથી. કદાચ મર્યાદા ન પાળી શકાય તો કહેવું જોઈએ કે-'હું ઢીલો

છું.' ભાવના જીવતી જાગતી રાખે, પણ એમાં શું વાંધો, એમ બોલે તો બચવાની બારી જ નથી રહેતી. તમારી અને અમારી ભાવના તો એક રહેવી જોઈએ. પરિણામ અને પ્રવૃત્તિમાં ભલે ફેર થાય. એ એક ભાવનાના જ પ્રતાપે પરમઋદ્ધિસંપન્ન છતાં શ્રી ધનાજી વાતવાતમાં સંસારનો પરિત્યાગ કરી શક્યા. એક દિવસ ધનાજીને તેમની આઠે સ્ત્રીઓ સ્નાન કરાવે છે. આઠમાં એક શ્રી શાલિભદ્રજીની બહેન છે. આઠે પતિને સ્નાન કરાવે છે હોં ! ધનાજીને ન્હવરાવવા નોકર મળે તેમ હતું. પણ જરૂર ન્હોતી પડતી. કારણ કે-એ સ્ત્રીઓ પતિની ભક્તિમાં નાનમ ન્હોતી માનતી. આઠ પૈકીની એક, કે જે શ્રી શાલિભદ્રજીની બ્હેન છે, તેની આંખમાંનું આંસુ શ્રી ધનાજીના ખભા ઉપર પડ્યું. એટલે ધનાજીએ ઉંચું જોયું, તો પોતાની પત્નીને રોતી જોઈને, રોવાનું કારણ પૂછ્યું. ઉત્તરમાં તેણીએ કહ્યું કે-''મારા ભાઈ શાલિભદ્રને વૈરાગ્ય થયો છે : એના યોગે એ રોજ એક એક વસ્તુ તથા એક એક સ્ત્રીનો ત્યાગ કરે છે.'' આ સાંભળી ધનાજીએ કહ્યું કે-''કર્યો ત્યાગ તારા ભાઈએ ! જેને ત્યાગ કરવો હોય તે એક એક તજે ? તજવા જેવું જાણ્યું પછી એક એક તજવાનું હોય ? દુધના પ્યાલામાં ઝેર જાણ્યું, પછી ટીપે ટીપે રેડવાનું કે ઉંધું વાળવાનું ? પુંઠે ભાળવાનું કામ તો પશુસિંહનું! નરસિંહ તો પાછળ ન જુએ.'' આ જાતના કથનથી શ્રી શાલિભદ્રજીની બેનની આંખનાં આંસુ

સુકાઈ ગયાં. જો ત્યાં એમ કહ્યું હોત કે:-''હેં ! શું શાલિભદ્ર દીક્ષા લે છે, જુલમ થાય, જોઈએ તો ખરા કેવો લે છે ? લેવા દઉં નહિ, એની અને એના ગુરૂની બરાબર ખબર લઉં.'' તો શું થાત ? પણ પુણ્યશાલી અને પ્રભુના શાસનથી સુવાસિત થયેલા આત્મા તેમ કહે જ નહિ અને ઉલ્ટું શ્રી ધનાજી તો કહે છે કે :-''તારો ભાઈ તો બાયલો છે, છોડવું નક્કી છે, પછી એક એક છોડવાનું હોય ?'' એથી શ્રી ધનાજીની બીજી સાતે પત્નીઓએ કહ્યું કે-''કહેવું સ્હેલું છે, પણ કરવું કઠીન છે.''

ધનાજી૦ 'કરવું કઠીન એ કાયર માટે, બહાદૂર માટે નહિ !'

સાતે સ્ત્રીઓ૦ 'કરોને ! ખબર પડે.'

ધનાજી૦ 'લો ત્યારે કબૂલ, આ ચાલ્યો.'

સાત સ્ત્રીઓ૦ 'અમે તો મશ્કરી કરતી હતી.'

ધનાજી૦ 'આપણી મશ્કરી પણ ફળવતી હોય.'

આઠે કહે કે-'પણ અમે સાથે.'

ધનાજી કહે-'ચાલો ત્યારે.'

શ્રી શાલિભદ્રજીને પણ આ બધી વાતની ખબર પડી. શ્રી શાલિભદ્રે માન્યું કે-ધનાજીએ મને બાયલો બરાબર કહ્યો છે. માતાને કહ્યું કે-''ધનાજી વિગેરેએ પણ સંસારનો પરિત્યાગ

કર્યો, હવે હું પણ જાઉં છું.'' માતા કહે કે-'તું પણ જા.' આ રીતિએ એકદમ એ આત્માઓને વૈરાગ્ય થતો, એનું કારણ એજ કે-એ આત્માઓ વૈરાગ્યથી ભરેલા જ હતા. તેઓની રોમે રોમે વૈરાગ્ય હતો, કારણ કે-વાતાવરણ વૈરાગ્યનું હતું. માત્ર નિમિત્ત મળવું જોઈએ. વૈરાગ્ય પ્રત્યે વૈર અને વીતરાગના અનુયાયીપણું, એ બને ? નહિજ. ખરેખર વિરાગ સામેનો વિરાગી, એ જૈનશાસનનો વિરાગી નથી. વિરાગી તે વળી રાગના રંગી હોય ? નહિ જ. શ્રાવક ઈચ્છે કે-'ક્યારે આ પામું' ને ગુરૂ એમ કહે કે-'ના, ના, રહેજે-ઠીક છે.' જો એમજ થાય તો તો 'વાડે જ ચીભડાં ગળ્યાં' એ કહેવત ચરિતાર્થ થાય.

**શ્રાવકના આચારોમાં પ્રવીણ બનો.**

આથી સ્પષ્ટ છે કે-ચારિત્રના સ્વીકાર વિના કે ચારિત્ર પ્રત્યેના સદ્ભાવ વિના ત્રણે અનુયોગો નિષ્ફલ પ્રાયઃ છે. ત્રણે અનુયોગો ચોથા અનુયોગની સિદ્ધિ માટે છે, ચરણ માટે છે. કોઈ કહે કે-'શબ્દે શબ્દે એની એ વાત આવે છે' તો કહેવું કે-'સાધુ પાસે બીજી વાત હોય પણ કઈ ?' મારી તો ભાવના એજ કે-'મરતાંએ એજ કહું, નિયાણું પણ એજ કે ભવાંતરમાં પણ એજ કહું.' તમારે એવું નિયાણું કરવું છે ? આવી ભાવના કરો તો ધર્મીનું વાતાવરણ બધું હમણાં ફરી જાય. ઉપાશ્રયમાં જે ચાલે છે તેવું ઘરમાં ચલાવો. વાતાવરણ ફેરવો. પ્રથમ એ પરંપરા હતી : ફેર શરૂ કરો. ઉપાશ્રયમાં સાંભળેલું ઘરમાં કહો, કુટુંબમાં

કહો. 'આ હિતકર અને એ હાનિકર, આ હેય અને એ ઉપાદેય'-એ સમજાવો, તો આ ઉત્તમ વસ્તુ હમણાં ફળે. ઉપાશ્રયની વાત શ્રાવકના ઘરમાં એવી ઘૂમે કે-શ્રાવકની ભીતોમાંથી પણ એ ત્યાગ અને વૈરાગ્યના જ ધ્વનિ નીકળે. શ્રી સિદ્ધગિરિરાજનું અણુએ અણુ પવિત્ર છે, શાથી ? એના કાંકરે કાંકરે અનંતા સિદ્ધ થાય છે એથી. એટલે ત્યાંનું વાતાવરણ જ એવું કે-તેને દેખતાં જ આત્મામાં પરિવર્તન થયા વિના રહેતું નથી. કોઈ તીવ્ર કર્મોદયવાળાની વાત જુદી છે. તેવી રીતિએ ઈતરને પણ શ્રાવકને ઘેર આવે તો થાય કે-કાંક છે. શ્રાવકનાં બાળકો પણ પ્રસંગે પ્રસંગે એજ બોલતાં હોય કે-'કોઈ પણ જીવને ન મરાય, કોઈનું પણ ભૂંડું ન કરાય, ક્યારે એવો સમય આવે કે-સર્વ પાપોથી છુટાય, પણ આજે તો પ્રાયઃ જન્મના જૈનને, વીતરાગનાં દર્શન કરનારને, વીતરાગની પૂજા કરનારને વીતરાગ પાસે રોજ 'શી ગતિ થાશે અમારી, ઓ દીનાનાથ ! શી ગતિ થાશે અમારી'-બોલનારને વૈરાગ્યની વાત સાંભળતાં, વરાળ પેદા થાય છે, ત્યાં શું થાય ? શાહુકાર ચોટ્ટાઈ કરે ત્યાં દેવાળીયાની શી હાલત ? સારા ગણાતા માણસને અનીતિ કરતાં કંપારી ન આવે, તો સામાન્યની શી વાત ? સામગ્રીપૂર્ણ આત્મા પૈસા માટે જુઠું બોલે, તો સામાન્યની શી વાત ? માટે હું કહું છું કે-સારા અને મોટા બન્યા હો તો જોખમદારી સમજો. સમજો તો તમારો સંસાર હમણાં લુખ્ખો બને. શ્રાવક જો પોતાના શાસ્ત્રવિહિત આચારમાં પ્રવીણ થાય, તો પરિવર્તન થયા વિના રહે જ નહિ. જો

સમજનાર વક્ર અને જડ ન હોય, તો આચારમાં પ્રવીણ થયેલો શ્રાવક સમજાવીને સારૂં પરિવર્તન કરી શકે. ઘરનું, કુટુંબનું વાતાવરણ તે સારામાં સારી રીતે ફેરવી શકે. પછી તો સ્ત્રી પણ જમાડતાં જમાડતાં ભાન કરાવે. પતિ પણ પત્નિને વિલાસભૂવનમાં વૈરાગ્યના છાંટા છાંટે. ભોજન કરતાં પણ સ્ત્રી ત્યાગનું ભાન કરાવે, ઉત્તમ વિચારો આપે, એટલે ભોજનનાં પરમાણુ પણ ઉત્તમ થાય. પછી બજારમાં જાય તો ત્યાં પણ અનીતિ ન થાય, અનીતિથી પાછો હઠે. વાતાવરણનો પ્રભાવ યોગ્ય આત્મા ઉપર જરૂર પડે. આ બધું બને ક્યારે ? અહિંથી લઈ જાઓ અને ઘરમાં પણ ઘાલો ત્યારેને ! બાઈઓ પણ પછી કુથલી કરવાનું ભૂલી જાય. બાઈઓ એવી વાતો કરે કે-ઘર દીપે. અને તમે બજારને દીપાવો. ચિંતાનો કંઈ ગુણો બોજો આપોઆપ ઓછો થઈ જાય અને આર્ત્તધ્યાન ઘટ્યું કે-જરૂર આત્મા ધર્માભિમુખ બને. તે પછી એને જોઈને ઈતર પણ ધર્મ તરફ વળે.

શ્રી જિનેશ્વરદેવના શાસનમાં શ્રાવકપણાના આચારો પણ એવા છે, કે જો તે આચારોનું પણ યથાસ્થિત પાલન થઈ જાય, તો પણ સભ્ય દુનિયા આશ્ચર્યચકિત બને, માટે જ કહું છું કે-તમે જો સંસારનું સર્વસ્વ તજી સાધુ થવા જોગું સત્ત્વ ન બતાવી શકો, તો શ્રાવકપણાના આચારોમાં પણ પ્રવીણ બનવા જોગું સત્ત્વ તો જરૂર જ બતાવો. **(અપૂર્ણ)**

❋❋❋